ગુનાભાઈનાં પહેડકાંઓ.

રચનાર—જહાંગીર બેહરામજી મર્ઝબાન.

સુનામાય વહુડકણી

અને

ચાંદન ચલકતી.

બે ઘડીનું રમુજ વાંચણ.

રચનાર

સેવક જાંહાંગીર બેહરામજી મરઝબાન

આ પુસ્તક તેના રચનારે પોતાને માટે
જામે જમશેદ પ્રેસમા છાપી
પ્રગટ કરયું છે

ઇ. ૧૯૨૪.

મુંબઈ મધે "જામે જમશેદ" પ્રીંટીંગ વર્કસ, પેલાડ
હાઉસ, મેગલીન સ્ટ્રીટ, કોટમાં માણેકજી
નવરોજી પ્રીંટરે છાપ્યું છે

પરસ્તાવના.

"એ કોણ? હજરત બેઠાછ કે? મારી એક અરજ છે તે કબુલ રાખશો? મારી નવી છપાતી વાર્તાનો દીબાચો તમારે લખવો પડશે."

એક દીવસે જામની ઓફીસમા ભાઈ 'પીજામના ઓરડામા દાખલ થતા સમેત શેઠ જેહાંગીરજી મરઝબાનના મ્હોડેથી ઉપલા શબ્દો સાભળી હું ચોંકી ઉઠયો! જીવ, ધીર ધર. પલમા મે માની લીધું કે જેહાંગીરજી બા આ ગરીબડા હજરતની એક ઘાતકી મશ્કેરી કરતા હશે લાઠીના કાઉસ મિસાલ જરા તરા હસી હું તો મુંગોમંતર બેસી રહ્યો. "કાય? એમ ડાયબાય શાને થઈ ગયા!" જેહાંગીરજી શેઠ પાછુ બોલ્યા, "એ મારા ૩ર) મા વોલ્યુમનો દીબાચો મારે તો તમારી પાસેજ લખાવવોછ".

અધધધધધ! પેલી કહેતી છે તેમ "સાંકડી શેરી ને વચ્ચે સાપ!" "વટેણા વાતવા"ની અણીપર હતો તેટલામા બાપ બેટાએ મારી હાજરીમાજ સાડુ ઠોકી દીધું અને ખીજેજ દીને "સુનામાય વાહડકણી" એક ટુંકી ચીઠ્ઠી સાથ નધારેલા મારી ઓફીસની ટેબલપર બીરાજ્યા! જેહાંગીરજી બા એ તો લખી વાળ્યું કે "Please understand that I do not desire any flattery as from a friend but I want a genuine expression from an independent literary critic.

પે? શેઠ જેહાંગીરજીએ આ શો અભાડો વાળ્યો! સાહિત્યમા હું એક અપક્ષપાત નુકતેચીન? ખબર! મરઝબાન

કુટુંબ સાથ મને ગોયા અતલગનું નાતું છે "જામે' સાથ અને ખસુસ કરીને તેના અધીપતી સાથ મારો સ્નેહ સંબંધ ઘાડો છે. એ વિચારો આવતા "મોટાબા" સાથ જાહેરમાં કાઇ કામ પાડવા હું બાખુશી તૈયાર થઇ ગયો.

અત્યાર સુધીમાં એકત્રીસ પુસ્તકો બહાર પાડીને પરવારી ચુકેલા જા. બે મ. ના નામ અને કામથી કોણ અંજાણ છે? લખલખ કરીને ઘરડા થઇ ગયલા આ બાહોશ અને અથાગ લેખકના ટચકાદાર લખાણોથી કયો વાચનાર બીન વાકેફ હોઇ શકે? યુરોપની મુસાફરીના રમુજી અને રસીલા દાસ્તાંનો વાચી ખુશ થયા વિના કોણ રહ્યું હશે! પારસી ગુજરાતી સાહિત્યમા સૌથી આગેવાન હરોળમાં બીરાજતા આવા એક લોકપ્રિય અને મશહુર લેખકની વાર્તાનો દીબાચો લખવાનું કામ મારા જેવા એક અદના ઇસમને ફાળે આવ્યું છે તે હું એક માન ગણું છું–ખુશનશીબી લેખું છું. ચાલો હવે જરા "સુનામાય વહુકણી"ને બોલાવ્યે. એવણ કયારના "ખભરી ઉડયા" છે.

પોણીબસેં સફાની આ નાની પારસી સ સારી વાર્તા ખરી રીતે જોતા તો કાજ વસતારાનો એક નાનો મનન કરવા જોગ, રસીલો અને ચટાકેદાર નાટક છે. તેનું વણું જેટલું સારૂં તેટલુંજ રસીલુ છે એકાદ જુલમગાર "હાથની ઘરવી"થી ઘરના માટીડાઓ કેટલા બધા બાયલા બની જાય છે તે તમને સુનામાય—આ વાર્તાની નાયકા—આ બાદ બતાવી આપે છે. એકવીસ વરસની બૈરી અને બાવન વરસનો માટી યાને કરમે કજોડું!! તેમા તમે શું કરશો? પૈસા! પૈસા! તેની ચલકતી ચાઇ ચાઇથી ભલ ભલા અંજાઇ જાય તો પછી આખી આલમને પોતાના અસૂડા

હેઠળ દાબી રાખવાનો અભખરો ધરાવનાર—આ વાર્તાની વઢકણી જુલમગાર સુનામાયના શા આશરા? જમાઇ ખુંપો હોય યા 'કોલાખું ગેપ' હોય પણ સાસુજીને તો બસ પૈસાજ જોઇએ છે! ચિત્રવિચિત્ર સંસારની ઉલગઅરડી બતાવવાની કર્તાએ ફ-તેહમંદ પેરવી કીધી છે.

મને લાગે છે કે બીચારા સુનામાયના ખુજતા ઘણી પાલણજીને જોઇએ તે કરતા જ્યાદા ખાધરા ચિતારવામા આવ્યા છે. એકાદ ઘરનો માલેક પોતાની જુલમગાર હાથની ધરતીની હાજરીમા ભુજી ઉઠે તે વ્યાજબી છે પરંતુ તેની ગેરહાજરીમા તે પોતાના પગારદાર નોકરો પાસે ખાવાનું માંગી નીરાતે ટેબલપર જમી કાય નહી શકે? બીજા પ્રકરણમા ડોસી અને ધનજીભાઇ ખુંધા પરણીને પરવારી ગયા. તે પ્રકરણની સેવટે કર્તા વાચકોને કહે છે કે "હાલને કાજતો ડોસી અને ધનજીભાઇ ખુંધા આપણી તવારીખમાથી થોડી મુદત સુધી ગેરહાજર રહેશે!" પણ પછી! પ્રકરણ ત્રીજા થી તે વાર્તાની આખરી સુધી આપણે તો આ બન્ને માટે કશુંજ વાચતાં નથી. પૈસાના લોભથી આધળી બની ગયલી પોતાની માવિતરને લીધેજ એકવીસ વરસની ઉમરની નવજવાન રાક બેટી ડોસી ખાસ્સા બાવન વરસના માટી ધનજીભાઇ ખુધા સાથ પરણીને મકાઉ ચાલી જાય છે. પછી એ કજોડા સંસારનું ગાડું શી રીતે આગળ ગબડે છે તે કેયે પણ વાચવાને હું તો કુદરતી રીતે ઇન્તેજાર રહયો બધી ઉલગઅરડી ખલાસ થયા પછી પણ આપણે આ બન્નેને બધાની સાથે કેયે પણ જોતા નથી.

બીજું, જેહાંગીરજી બા, આ સુધરેલા જમાનામાં "પોલકો."

હું તો એ શબ્દ હવે સાભળતો નથી. "જરૂપર" અથવા "પ્લાઉસ વધારે બધ બેસ્તુ થઇ પડને."

વાર્તાના વળામા કૈથે પણ અતિષ્યોક્તિ, અસાધારણ પણું યા અસંભવિતપણાનો જરા પણ અશ જણાતો નથી અને પારસી સસારી વાર્તાઓ તેવીજ રીતે લખાવી જોઇએ

કર્તાની રામબાણ રમુજી કલમના ટચકા ઠેકાણે ઠેકાણે માલમ પડી આવે છે અને કેટલાક પાત્રો ભારોભાર રમુજથી પુરતા પીલી રહ્યા છે જુવોની? લગનને દીવસેજ આખ્ખાણી કરતી પોતાની બેટીને પાલણજી બા ૧૫ મે પાને શુ કહે છે?

"ડોસી, તુ ના રર, મને કઇ થાયછ. ખોદા તારૂં ભલું કરે. બાપુજી હમણા કેહનો તો કે ધનજીભાઇ ઘણા ગરીબ છે. જરા ખુધ છે તો શું થયું. તેની ગમ જોઇએ નહીં એટલે બસ, તું સુખી થશે. જોની હું ને તારી માય કેવા હળીમળીને રહીયેએ છ કેની?"

પોતાના પાત્રોના દેખાવનુ વર્ણન બાહોશ કર્તા એવી તો ઉતમ રીતે આપે છે કે વાચનારની નજર સામે આબાદ જીવતા જાગતા ચિત્રો ઉભા રહે છે. એકાદ બે દાખલા આપવાની લાલચ હું થોભાવી શકનો નથી. ફકીરજી બુમલાનું વર્ણન આપતાં કર્તા ૧૯ મે પાને લખે છે કેઃ-

"સકાર બળે રે તારો, ફકીરજી. વાકી ડાકી સટે જેવા તુંને તે શુ ખોદાએ ઘડવા બેઠા હશે. ઉમર તો સુમારે પીસતાલી-

ગુની હતી પણ જાણે હમણાજ ઉના પાણીમાં બોલીને નીચવી કહાડયો હોય તેવો અચારો ચીમરાઇ ગયલો હતો. બળી ગયલા મહેસુરનો રંગ, મોટા કાળા મેલા દાંત અને જરા વાકા ખભાથી નરો ઓરાગ ગોટાંગને વધારે મળતો આવતો હતો."

વળી એજ નામચીન નર માટે કર્તા ૭૯ માં પાનાપર જણાવે છે કેઃ—

"આહાહા! ફકીરજી ઘુમલા, શું તારા દીદારને શું તારા કપડાનો લેહકો? સફેદ ગ ડેરી ફાસીન પાટલુન અને કમરમાંથી ટાઇટ પણ નીચે પેરાવામાથી જામા જેવો ડગલો, ગળામા સોનાની સાકળીમાંથી લટકાવેલા આઇ-ગ્લાસ, એક કાન ઉંચો ને એક કાન નીચો! "

બોલો, ત્યારે વાચકો! આવી કલમથી લખાયલી વાર્તામા "ફોટોઝ" યા એકાદ આરટીસ્ટની પીછીના ચિત્રોની કશી પણ જરૂર હોઇ શકે?

બેઅદબી માફ છે, શેઠ જેહાંગીરજી, પણ તમો જેવા એક કસાયલા, ઘડાયલા અને પંકાયલા કલમકસની અશુદ્ધ જોડણી જોઇ પારસી ગુજરાતી સાહિત્યના એક શુભેચ્છક અને અભ્યાસી તરીકે હું તો ખચિ-તજ દલગીર થયો છું ગાંડી ગુજરાતનો હું અસલ વતની પડયો એટલે એ ખામી માટે હું તો જરા વધારે સુગ ધરાવું છુ. ગુસ્તાખી માફ છે પણ જરા નીચલા શબ્દો ટાકી બતા-વવાની જરૂર છેઃ—

પ્રથમ તો વાર્તાનું નામજ ભુલ ભર્યું છે. "સુનામાય વહુડકણી" નહીં પણ "વઢકણી" જોઇએ. નીચેનો કોઠો તપાસજો:—

શું છે?	શું જોઇએ?
શીર.	શેર.
હાથયરસ.	હાસ્યરસ
મઘન.	મગ્ન.
ગીઆ	ગયા.
કાહાડી	કાઢી
જીણી જીણી.	ઝીણી ઝીણી
કાહાંથી.	કયાથી,
જારે.	જયારે.
ધરટ.	ધષ્ટ.

થોડાજ દાખલાઓ બસ થશે.

કર્તાની માગણી મુજબ કાંઇ અપક્ષપાત નુકતેચીની કરવાની મેં કોશિષ કીધી છે અને મારા મનને જે વ્યાજબી ગેરવ્યાજબી લાગ્યુ છે તે સ્પષ્ટ રીતે જણાવી દેવાની મેં હિમ્મત ચલાવી છે કશા પણ સરાહગાત વિના જણાવી દઉં છું કે થોડી ઘણી ખામીઓ બાદ કરતા આ નાની રસીલી વાર્તા વાંચતા વાચતા મને તો બે ઘડી જ્ઞાન તેમજ ગમ્મત મલી છે.

આવી જેફ વયે પણ શેઠ જેહાંગીરજીએ પોતાની કલમને ઓસ્તવારીથી હજી હાથમા પકડી રાખી છે. આ બત્રીસમું પુસ્તક પ્રગટ થાય છે. સાંભળવા મુજબ ૬૩ મી ચોપડી છપાય છે. પારસી ગુજરાતી સાહિત્યના એક પુંજારી તરીકે હું પરવરદેગાર પાસ ખાલેસ જીગરથી દુવા ગુજારૂં છુ કે શેઠ જેહાંગીરજી મરઝબાન પોતાની વય તેમજ વાર્તાઓ માટે સોનો સબકતો આંકડો પુરો કરવાને ભાગ્યશાળી નીવડે. આમીન.

૪ થી મે ૧૯૨૪, મુંબઈ.	લી૦ ફાવાગો સેવક, હયરત.

સુનામાય વહુડકણી!

પ્રકરણ—૧ લું.

નફ્ફટ સસરો,
ને નીર્લજ વહુ
આવરે સસરા,
કાહાની કહુ

મારૂં દુઃખ કોણુ આગળ રડવા જાઉં ! કાહાંની કાંહા પારસી છોડીઓને ઇંગ્રેજી શીખાડી. એણીમેર જાં. બે. મ. ની વાર્તા શીરૂ થાય કે બીજીમેર તેં કયાં પુસ્તકને આધારે લખાયલી છે તે શોધી કહાડવાની એઓભા ભરી ગડપ માટે હું અનેકવાર રમુજ પામી રહયો હતો. પણ આવડી ઉતાવળ વાચક વર્ગ શા સારૂં કરતાં હશે? શું અસલ સાથ મારી નકલ તપાસીને મારી લેખણ કળાની પરીક્ષા લેવા માગતાં હશેં? ના તેમ નથી. આઠ દહાડા થયા કોણુ. બે ચાર અંક વાચ્યા કે પછી ઓવીનું શું થાય છે અને પેલી કોણુ સાથ પરણી જાય છે તે જાણવાની ચટાપટી એટલી થાય છે કે આ પોતાની વળવળતા જીવની તલપ તર્સ કરવાને દોડા-દોડી કરવાનું સુજ પડે છે. પણ એણીમેર જાં. બે. મ. જુનો અભ્યાસી છે. જો અસલમાં કોઈ નાયકા સેવટે

મરી જતી હોય તો તેને પરણાવી દઈ ગાડી ઘોડે બેસાડતા કેટલીવાર. મારવું જીવાડવું કે ફાંસીએ લટકાવવું સઉ અમારા હાથમાં છે. પણ આ વાર આવી જાઓ. વાંચક શેઠીઆઓ અને શેઠાણીઓ, જોઇયે હવે તમે ક્યાંથી વાંચો છો. તમારે માથે એવી 'જુલમગાર' લાવી નાખું છું કે છેકના છેડા સુધી તમને વળગી રહેશે. આ કથા હાશયરસથી ભરપુર છે માટે સેવટ સુધી વાચવાની સુચનાં કરૂં છુ.

* * * *

"તરારા બુમ ડી એ—તારારા બુમ ડી એ—ધરર ધીમ ધરર ધીમ."

નેપીઅનસી રોડના કુશાદે બગલાના કમપાઉન્ડમા બેંડ ઠોકાઠોક કરીને પોતાની આઈબાઈના કાનના બેહર કાઢી નાંખે છે. દરવાજામાં ચોક ચાદન અને પુષ્પોની વૃષ્ટીથી કાંઈ ખુશાલીનો મહીમા જણાય છે. ચાલો આપણે માહે જઇને જોઈયે તો ખરા કે શું છે. બાંયતલીએ દીવાન ખાનાંમા મોટા શેઠ પાલણજી ચીનાઈ અને તેમનો એકપુરો બેટો બાપુજી એકલા ઘુસ ઘુસ કરતા બેઠા છે. પાલણજી સુમારે ત્રેંસઠેક વર્ષનાં હશે. પગે નજલો હોવાથી પાટા બાંધેલા અને ખાધેલા, લીધેલા બીધેલા જેવા પણ નરમ સ્વભાવના હતા તેમનો બેટો હશે બાવીસેકનો. મુછનાં તાવપર મીણ લગાડેલું, માથે મોગલ કેપ, પગે વારનીસના સાકડા 'ટો'નાં ચળચળતા બુટ અને મોહોડે વીહીસકી સોડાની બાહાકાટ.

"અંહહં—આપરે મકુજે બાપુ ડીકરા."

"કેમ, ઘરડાજી, હમણાં તો સાચીકાની ઉતા, એટલા વારમાં શું થઈ આયુ." તાબેદાર બેટાએ આવો સહુ-કાઇનો જવાબ અ.પયો.

"બાપુ, તારી માયની મને ઘણી ફીકર લાગેછ આશીરવાદ નાખતી વખતે રખે એનો જીવ ફરી આવે."–

"શુ ઉં હું ઉં? જીવ ફરી આવે તો તમે પકડી રાખજો. બાવાજી, એવા એવા હંબગના દાહાડા હવે ગીઆ માયજીએ તાણી તોડીને ડોસી બોહનનુ આખો એબલગામણા ચીમપાનજી સાથે જોડું સાધી આપ્યું ને હવે જીવ શાના ફરી આવતાતા. એક કકરાવી જો બખીઓ અમરાવ્યો કે પોતાની મેળે પાછા હુશીઆર થઈ જાય. તમારી જગાએ હું હોઉ તો એવણનાં ટેટામા ટાંચણી ભોકું."

"બાપુ—બાપુ—તુ તો હમેશનોજ એવો મશકેરો રેહી ગીઓ. એક દાહાડે તો સીધો પાધરો જવાબ આપ જોની તારી માય માથેરાનમા તોલાઈતી તારે એકસો ને બેઆશી રતલ ઉતી ને મારા પગે તો એવું તો જોર પકરીયુછ કે ભર મીજલસમા એનો જીવ બગરી આવશે તો હું એને કેમ ઉચકી રાખશ. તુ જરા આગળનો આગળ રેહુજે, મારો ડીકરો કરૂ."

"ઠીક છે. હું બે લાકડાના ડગરાબી તઈયાર રાખશ, કેમજે એવણને ઉંચકીને ઉભાં તો કરૂં પણ મારેથી ઘણો વાર એકસો ને બેઆશી પોડ ઝાલી કેમ રખા"

"હવે ઠઠા મશકેરી છોડી દે. જો બાપુ, તારી માય કેવી જુલમગાર છે. મારી કુટીને તારી બેહન ડાસીને તો સીચામાં ઉતારીને તે બચારીનું સત્યાનાશ વારીઉ ને હવે બીજી એકપુરી છોકરી મેહરી ઘેરમા રહીછ તેનુ બી માથું ઘોઈ નાખવાની દોરા દોરીમા પડીછ "

"પણ તારે તમે ઘેરના શેઠ શું કામના? ડાસીને પેલા અડગરા ધનજીભાઈ ખુંધાને માથે ઠોકી તારે તમે વચ્ચે પડયા કાય નહીં?"

"ઓ બાપરે—તું તારી માયને ઓળખતો નહી કે? જો વચમા જરા ચુંઉઉ કરીને બોલુ તો મને તો આખો ને આખો ખાઇ જાય. તારી બેહન ડાસી આવી હુશીઆર ને બોલકણી છે તેનું ચાલ્યું નહી ને આપારે હારી તો પછી હુ શું કરી શકવાનો ઉતો. બા મને તો તારી માયની ઘણી બીક લાગેછ બચારી મારી ગરીબ ગાય જેવી છોકરી ડાસી તો તારી જુલમ-ગાર માયથી હારી પણ જારે મેહરીની વારી આવશે તારે કોણ જાણે કેવા રન પડશે મેહરીને જો કાઈ મન ગમતો વર મળયો નથી તો એતો સઉના ચોટલા પીખશે."

"માયજી છે ને મેહરી છે એ લોક પોતાનો હીસાબ ગમે તેમ ચુકવી લેશે તમે તમારે મુગા બેશોની. વાત ઘણી વધશે તો હુ કેવો છેઉં. ડાસીની વખતે તો હું બોલ્યો નહીં પણ મારી મેહરીને એમ માયજી કસાઇને બાર ક પવા કાઢશે તો હું હવે મુગો ઉભો રહીને જોવાનો નથી. માયજી ઘણી ધર્થી માથે લઇને ફરેછ પણ હવે હદ થઇછ."

"સાબાશ બેટા સાબાશ, હવે આપરે તો ખખરી ડખરી ગીઆ, હવે તો બધો આધાર તારી ઉપર છે તારી માય ડોળા કકરાવેછ ને ગરાની નેસો તાણીને લાલ લાલ થઈ જાયછ તારે મારેથી તો ટકાતુ નહીં પણ તારી ઉપર મારો બધો વીશ્વાસ છે. તુ મારો ડાહાયો દીકરો છે. પણ જરા સમાલીને કામ લેજે. ઘરડીને છેક છેડશે તો પછી વાત બગડી જશે. મારી ગરીબ ગાય જેવી ડોસી બચારી એક તો ચીનાઇ વાદરા જેવા ખુંધા સાથ ફસી ને વરી ચાલી ચાલી છેક મકાઉ જવાની. એના વગર મને કેમ ચાલશે."

"ઓલડ મેન, હવે જે બની તે બની. ઘરડો ધનજીભાઈ બદસુરત છે પણ સ્વભાવનો સારો છે ને ખાડી બંધ કુટીઆ છે. માયજીને પઇસાદાર જમઈ જોઇતો'તો ને મળયો ડોસીએ પેહલા ધસીને સાફ ના કેહી મે પછી કબુલ થઇ એટલે આપરા બાપનું શુ ગીયુ. મીઆ છે ને માધેવ છે ગમે તેમ પોતાનું હાની લેશે."

"લાખ રૂપીઆની વાત કેહી બેટા. પણ હવે મેહરીનું કેમ? એ તો રાન વાલીઆ તુતી છે તે ઘેરમા ગોધીઆસં ઘાલશે."

"કોઈ ગોધીઆરાં ઘાલવાનું નથી. માયજીમાં કોણુ જાણે શુ સીફત છે કે બધાને ઠડાંગાર કરી નાખેછ. જુઓની તમુને કેવા મીણુ જેવા કરી નાખ્યા. પણુ આજે આએ એસકી સુનાંના બટન કાહાંથી લટકાવી આયા—આએ બોહેનુ તો નીકળી ગીયું છે તે પરી જશે—લાવો હું બરાબર ચોઉં."

"ઓ મારા ખોદાય, સારૂ થયું જે તે જોયું. પરી ગીયું હોતે તો તારી માય તો મારી ઉપર ગાર તોડી પારતે. મારૂં સાઠમું વરસ ઉગીયુ તારે તારી માયે મારી પાસેથી જબરીથી પૈસા લઇને આએ સુનાનાં બટન પંડોલને તાંહાં કરાવ્યાં ને બીજે દાહારે હું નાહાવા ગીઓ તારે જરા કોચપર નાખી ગીઓ કે લાગલા તેવણે લઇને કબાટમાં ઉંચા કરી હીધા તે આજે પાચ વરસે પાછા એક દાહારો પહેરવા આપીયાંછ સહવારના મને ધસોરા ધસોરાએ મારી નાખ્યો કે વરી બાવાજીના બુચાની કાની કેઠે નાખી ના આવતા. એવા બટન પેહરીઆ વગર ચાલે. પણ આએ ધનજી ખુંધો તું કહેછ કે સારો છોકરો છે એટલે મારા જીવને જરા કરાર થયોછ"

"સારો છોકરો! હજુરતો ગોચીમા હીચકા ખાયછ! નાખી હેતાં બાવન વરસ હોસે બચારી ડોશી તો સર-ગરદાન ફસી. એકવીસ વરસની બધરી ને બાવન વરસનો માટી, કરમે કજોડું, લાલ કેમ કીજીએરે બોલ."

"તારી માયનું તો ખોદા શું ભલુ કરશે. ચાલો બા, આપરે શું. એનું કીધેલું એ જાણે. આજે સહ-વારથી રન બેતી ઉઠીછ કે ડાસી પરણીને જવાની છે તેથી એવણનો જીવ અત્યારથી બગડવા માંડીઓછ. મારા પેટમાંબી કંઈ થાયછ પણ શું કરૂં."

"જરા ચમચી બરાંડી પાણી લેઓની."

"ખરેખર—પણ તારી માય જાણે તો—

"નાનસનસ-માયજીને કાહા ઘરીઘરી સેકો તાણીછ લાવો હું મ ગાઉં."

"હા જરા મંગાવ-મંગાવ, પણ શાપુરને કેહજે હ કે તારે સારૂં જોઇયેછ, મારૂં નામ ના લેતો."

"પણ કાય એમ કાય?"

"તો શું કરૂં દીકરા, ગીઆ બુધવારે નજલાએ ઘણું જોર પકરયું તારે ડાકટર આવી ગીઆ પછી તારી માએ મોટા ગોધીઆરા કીધાં ને બધા ચાકરોને હુકમ કીધોછ કે તેવણુને પુછીઆ પરછીઆ વગર મને કાંઈબી ખાવાનુ પીવાનું લાવી આપે નહી."

બાપુ ઉઠયો અને ડોળા ચહડાવીને બુમાબુમ કરી મુકી "શાપુર-શાપુર-બધા કાહાં મરી ગીઆ."

બાવાજી મનમા મઘન થવા લાગ્યા કે કેવો હીમત-વાન છોકરો. જો તેવણુ એમ બ ગલામાં બુમ બરાડા પાડે તો કોણુજાણે કેવા વીજોરાં લેવાય.

"બાવાજી-તમારી આય ચાલ મને પસદ નથી. તમે ઘેરનાં શેઠ છેવો કે ચાકર? તમારો ટેક રાખો, એમ માણુસો આગળ તમારે હલકા પરવુ નહી જોઇએ. માયજી જે કંઈ ઘટતુ કરે કારવે તેને માન આપવા હું તઇયાર છેઉં પણ મારા પોતાના પીતાની એમ નોકરો આગળ હસી કરાવે તે હું સાખવાનો નથી-શાપુર-શાપુર-શાપુર-

બાવાજી તો બીકને મારે ઠર ઠર ધ્રુજવા લાગા અને કુરતનીના કોચની પછવાડે ભરાઇ ગીઆ. એવામ ઘેરનો કારભારી શાપુર આવી ચઢયો. તે ખાસ્સો પેંડા જેવો, આડા બંધના વાસકુટવાળો અને પચાવનથી સાઠ વરસની ઉમરનો માતેલો મોટા ગુચ્છાવાલો માણસ હતો.

"કેમ શાપુર, કઇ કાનના પડદા બંધ થઈ ગીઆછ કે? આટલી હાંક મારૂંછ તોબી સંભળાતુ નથી તો કોઈ કાનના ડાક્ટર પાસે કાનના નખ કાઢ નહી લેવાડતો."

"જી, હું જાણું કે શેઠ હાક મારતા હોશે."

"એટલે? શેઠ, હાંક મારે તે સારૂં ગમે તારે આવે કે? વાહ, ઘેરમા તમે લોકોએ સારા ધણુક માડયાંછ.

જા, આવસ્તકી જઇને શેઠને સારૂ ને મારે સારૂં બે સોડાની બાટલી ને બરાન્ડી લઈ આવ—જલદી."

"વારૂં જી, પણ—

મોટા શેઠ પરદાની પછવાડેથી ભરાયલા બાહાર આવ્યા અને પટાવીને બોલ્યા, "બેની શાપુરબા-જરા એક ચમચી બરાંડી બસ થશે, હું તો માંગતે નહી પણ મારા પેટમાં જરા ચુંકની કાની થઈ આયુંછ તેથી—

"બાવાજી, તમે ચુપ રેહો. શાપુર. અબ ઘડી બે બાટલી સોદા ને બરાંડીની ડીકાનટર લાવ. પણ જાણુ હું કોઈ સમજતો નથી. જો બે મીનીટમાં નથી લાયો તે હું તારી કુંચીઓ તારી પાસેથી લઇ લેવસ—અબ ઘડી જા, સવાલ કરવાનું કામ નોકરોનું નથી."

આવો ધડાકો થતાંજ શાપુરબા ચેતી ગીઆ કે તક-રાર કરવામા સાર નથી. એટલે ત્યાંથી વટયા.

"બાવાજી તમે એમ બાયલાની કાની શું કરોછ-હમ રાખો. માણસોની શું મગદુર કે પણુ ને બણુ કરે. તમે જરા હીમત રાખશો તો હું તમારી તરફમા છઉં"

"અરે બા, મારી ઉપર શુ જુલમ છે તે તું નહી સમજે. તારી માય તારી આગળ તો કંઇ બોલશે નહી પણુ અમારા ઓરડામાં ગીઆ કે મને મીહીને મીહને ધોઇ નાખશે. બરીયું એવુ ખાવાનું ને બરીયું પીવાનું."

"બસ હું તમુને કેહુંછ તેમ કરો. માયજી શુ તમુને કરડવાના છે? ઘણું થશે તો બુમ બરાડા પારીને રેહશે. ડોસીને તો ફસાવી પણુ મેહરને સારૂં તમે આગળ પરીને બાપનો હક ચલાવવો જોઇએ. એ છોકરીને જો માયજી જબરદસતીથી કોઇ ઘરડા ખોખાને તેના પૈસા સારૂં મારવા કાહારશે તો હું સાફ કેહુ છ કે ઘેરમાં મોટી પંચાતી થશે. હું હવે તેમ થવા દેનાર નથી.'

આટલી વાત ચાલેછ એવામાં શાપુર એક ટ્રેમાં બ્રાંડીની બાટલી, સોડા, ટંબલરો વગેરે લઇને આવતો હતો તેને બાઇજીએ જોયો.

"એ કાંહાં લઇ જાયછ?" તેવણુ ખરબચડો જાડો સાદ કાહાડીને પુછ્યું.

"જી, નાહાના શેઠે મંગાવેલો."

ઠશાક હેતું બારણું ઉઘડયું અને બાપ દીકરાની હુજુ-રમાં શેઠાણી હાફતા હુફતા આવીને ઉભા તેવણુને આપરે સુનામાયને નામે ઓળખાવીશું તેવણ ગાંસડી જેવાં, લાલ લાલ અને સુમારે ઉડતાળીસ વરસના હુતા ઉપલા હોઠ ઉપર જીણી જીણી મુછ ઉગી હતી અને બકરા જેવો સાદ હતો તેવણુને જોઈને ધણી થતાજી તો સંકોચાઇજ ગયા પણ બાપુજી સામે ખડો ઉભો. શાપુરે જોયું કે જે ઘડી જાયછ તેવામાં તોપના ગોળા છુટશે એટલે બરાંડી સોડા ટેબલપર મુકીને વજો માપી ગયો

"કેમ માયજી, ડોસી આજે આપરા ઘેરમા છેલ્લીજ છે તેથી તમે તો ઘણાં દલગીર હાશો જરા ટીપુ બ્રાંડી પાણી તમેબી લેઓ."

"નહી રે માય,–ઓ મારી દીકરી–ઓ–ઓ–મારી ડોસી વગર મને કેમ ચાલશે–હું તો ઝુરીને મરી જવસ–જરા કોઇ મારી સુંઘવાની સીસી લાવો તો જરા કોલાવાટરબી નહી મળે—વાય, પાલણજી, બેસીને જોયા શું કરોછ. મારો જીવ જાયછ ને આવેછ ને તમે તો થાંભલાની કાની થઈ ગીઆછ તમારાં સોગ બરે. દાહારે દાહારે છેકજ કેમ એવા અકચ જેવા થઇ ગીઆછ."

"માયજી સબર કરો. થાભલા નહી થઈ જાય તો શું દીવાદાંડી થઇ જાય? તમુને તમારી દીકરીનું લાગેછ તો એવણુને નહી લાગે? લેવો બાવાજી આએ પી જાઓ."

આમ બોલી બાપુજીએ ઘરઘર કરતુ પા ટબલર બ્રાડીથી ભરયું અને માહે સોડા નાખી બાપની આગળ ધરયુ બાવાજીનો જીવ તો ભકભક થતો હતો પણ માયજીના લાલ ડોળા જોઇ તેવણ હબકી ગયા

"ઓ વાય, આએ ઘેરમા શુ નવા રગ ચાલી રહયાછ? મુકી દેઓ, પાલણજી, અબ ઘરી ટંબલર મુકી દેઓ. તમુને શરમ નહી આવતી? ચાર દાહારા થયા ડાકટર આટલુ બધુ કેહી ગીયા તે વખત કાને રૂના ડુચા મારીઆતા કે?"

"પી જાઓ—બાવાજી પી જાઓ–તમુને ફાયદો થશે."

"અરે નહી દીકરા, બ્રાડી ઘણી છે–તારી માય કેહછ ને ખરૂ છે" એમ પાલણજી તો સતા થવા લાગ્યા સુનામાયે રૂમાલ કાહાડયો અને ઢોગ કરી આખ લુછવા પડયા અને હમણા "ફેન્ટ" થઈ જશે એવા ચાળા કરવા મડયા પણ આ નાટક બાપુજીએ ઘણી વાર જોયો હતો એટલે પોતાના બદનનો ઓઠો કરી ટંબલર બાવાજીના હોઠ આગળ ધરયુ અને "પી જાઓ, ગટાવી જાઓ" કરી આગ્રહ કરતા બેટાના ઓઠાનો લાભ લઇને ચાર આગળ બ્રાડી પેટમા ટપકાવી દીધી એ તો સારૂ થયુ કે એવામા પરણતી દીકરી ડોસીબાઇ પોતાની બેહન મેહર સાથ પાખડી વળગીને ઓરડામાં આવી પુગી, નહી તો બચારા પાલણજીના પેટમાંનો બ્રાડી ખાટો મારીને ઉસટર સાસ થઈ જતે.

દીકરીને આવતા જોઈ માયજીના ચકકર ઉડી ગયા. "ઓ મારી દીકરી" કરી તેવણુ ઉઠયા ડોસી ખરેખર સોવામણી હતી સાજના પરણુવા બેસતી વખતે પહેરવાનો પોલકો માતાજીને દેખાડવા તે પોતની બેહન સાથ આસપાસુનાઓની બોહોસને શરણ થઇને લાવી હતી. તેણીની આંખ રડવાથી લાલ થઇ આવી હતી અને મોહ ઉતરી ગયું હતુ પછવાડે સુનામાયના ગુજરી ગયલા બેનની દીકરી ગુલા મુગી મુગી આવીને ઉભી હતી આએ છોકરીને સુનામાયે પોતાને તાહા રાખી હતી પણ તેને ખત્રાડવા બદલ ઘેરનુ વહીતરૂં કરાવીને તેનો દમ લેતા હતા અરો બગે ને નાહની વહુપર આવી પરો માયજીએ બધો ખોફ ગુલાપર કહાડયો

"ઓ મુઇરે તું, આજે સપરમો દાહારો આએ શુ ઢોંગ? છોકરીઓને રરાવીને કોલમી જેવી આખ કરાવી લાવી તું મરે એમની એમ ઘેરમા એક માણુસ પાધરૂં નહી મળે ઘેરના માટીડામાજ રામ નહી મળે તો પછી બીજાંનો શુ વાક કાહારીએ લે ચાલ, મેહરી–તુંને રરવું હોય તો તારા ઓરડામાં જઇને કુવો પુરની મારી હીરા જેવી છોકરીને કાંએ અમથી આખ પાણી કરાવેછ. તમે આવતા જતા મરો એમના એમ "

ડોસી ગમગીન સાદે બોલી, "માયજી તમે નકામુ કાય બીજાને બદનામ કરોછ? એ લોક શું મારી આંખમાં આસુ વેરવા આવેછ? તમે મને તાતેલી ઠીકરીપર બેસાડીને હસતું મોહોનું રાખવા કેહો તે હુ શું કાંઈ તાબાની ઘરેલી છેઉં – ઉ — ઉ — ઉ"

પોતાની બેહન ડોસીને આ પ્રમાણે ધસાધસ રડી પડતા જોઇ મેહરી તેણીને વળગી પડીને વ્હાલ કરવા લાગી. પણ વ્હાલ ગીઉં અહાનમમા માવજીનો બધો જીવ પરાણુ નવા ફુલ ટાકેલા પોલકામા ભરાયો હતો

" ઓ તારા હાત ભાગેરે મેહરી-ખીસતી રેહ—ખીસતી રેહ—આએ બધી પોલકાની માએ મરી ચાલી—અરરર— આએ પેલુ ખભાપરનુ ફુલ બધુ મરડાઇ મચડાઇ ગીયું. ઓ મરેરે તમે દુખના દેતાઆઆ—"

પણ આથીબી કરો કાયદો થયો નહી એટલે જુલમ-ગારજીનો મીજાજ ચસક્યો

" પણ મોટી હુસ્સા જેવી થઇને રડી શાની—મ—મ-વરી કાઈ વખત બે વખત બોલાઈ જશે. તુને શું કોઇએ કડડી ખાધી? સુન્ન જેવુ છલછલ કરતું સાસરૂ અપાવયુ ને કાઈ જેવી હોવ તે માયપરથી મરી ફીટે ને અહીં તો સવારના પોહોરમા શેર લોહી બારવા ઉભી રહીછ."

હવે મેહરીથી રેહવાયુ નહી.

" લે માયજી, ચાલો મુઆ બેશો તમુને શુ છે? તમારે મનથી પૈસાવાળો વર મળયો એટલે તેમા બધું આવી રહયુ એ તો બચારી ડોસી ગરીબ ઉતી તે ચાલયું પણ મારી બારી સાથે કાઈ ચાલશે નહી—હું સાફ કેહુ છ "

"હે ચાલ રાન ગુનેહગાર, બીજો એક બોલ બોલશે તો ખાસરૂં કહારીને મારસ આટલી સરખી દુકતીને આટલું આટલુ બોલવા કોણ કહેછ"

પણુ આખરે ગર'બ ડોસીજ વચ્ચે પડી

"હે માયજી, હવે માડી વાળો આવે દાહારે બાહાર વાજાં વાગે ને આપરે કાછીઆ માછીઆની કાની મરાઇએ તે કાંઈ સારૂ લાગે—ચાલ મેહરી—માયજીએ પોલકો જોયો એટલે તારા જીવને તાહારક વળી?"

"આએ ઓય કરતા જી ભરૂ ફકીરજી ભુમલા આવશે ને મેહરીની રરેલી આખ જોશે તો કોણુ જાણે મહઇ કેવા સુગાશે. માય, માય, માય, ખોદા કોઇને ઘેર એવી દીકરીઓ ના આપતો. લે બાલનજી તમે હવે શુ કરોછ? આએ છકેલી વાદરીએ અરધા પોલકાની ધુળધાણી કીધી ને તમે બાકી ઉતા કે? મરેરે મોટી ગોધા જેવી છોક રીઓ થઇ તે લોકને કોટાકોટી શાની? ઉહુહુહું બધા ફુલ ચપાઈ ગીઆ"

બાવાજી પોતાના જનમમા એકવાર હીમતી બન્યા ડોસીને પેટમા ચાંપીને બોલ્યા

"મારા વહાલા ફરજંદ, ખોદા તમુને સુખી રાખે મકાઉ જરા દુરતો છે. પણુ—પણુ—જરા મારે સારૂ સારી જેવી મકાઉની તપકીર મોકલજે—હસી ખુશીથી રહેજે—ને કાચની દાબરીમા મોકલજે, નહી તો સુકાઇ જશે"

પ્રકરણ—૨ જુ.

બચારા પાલણજી ચીનાઈ ગમે એવા જુલમગાર હાથ ધરતીના પ્રતાપથી બીહી ધુજી રહેલા હતા પણ પોતાની પેટની દીકરીના બળાપાથી તેવણનું કાળજુ સુકાઇને કાજુના બી જેવું થઇ ગયુ હતું. પચાસ રૂપીઆની કીમતના પોલકાપર ટાકેલા ફુલોની પરવાહ કરવા વગર તેવણે ડોસીને પેટમા ચાપી તે આપણે આગલાં પ્રકરણમા જોયુ છે.

"ડોસી, તું ના રર, મને કઇ થાયછ ખોદા તારૂ ભલુ કરે. બાપુજી હમણા કેહતો તો કે ધનજીભાઈ ઘણા ગરીબ છે. જરા ખુંધ છે તો શુ થયું. તેની ગમ જોઇયે નહી એટલે બસ તુ સુખી થશે જોની હું ને તારી માય કેવા હળીમળીને રહીએછ કેની?"

"બાવાજી, મારે થકી તમે આખ પાણી ભરોછ તેથી મારો જીવ બરી જાયછ. ચાલો જે થયું તે થયુ. ઉ—ઉ—ઉ" કરી ડોસી નવેસરથી રડવા લાગી

"અરે ફીટ, એ આએ શું ઢોગ મરેરે આઓ છોકરીને હવે કોણ સમજાવે લાલ બોટા જેવી આંખ લઇને પણવાબી કેમ બેસશે. પાલણજી, તમારી ઉપર તો મને એવી ચીર લાગેછ કે જો મારૂ ચાલતું હોય તો—

"લે ચાલો માયજી, તમેબી પોચી મટોરી કોપરીએ ખણોછ કે. તમારો પોલકો ગીઓ આહાનમમાં. શુ બાપ હોય તે દીકરીને પટાવે નહી કે?" બાપુજી પોતાના

બાપની તરફથી લડવા નીકળી પડયો અને માયજીની દરકાર કરવા વગર ડોસી બેહનને પાસાંમા ચાપીને બોલ્યો:—

"ડોસુ, ફકર ના કરતી. ખોદાનુ ચાહાવુ છે તો સઉ સારૂં થશે. કંઇ નહીં તો વહાણુ ભરીને પૈસા છે તે તો વાપરજે પછી બધું થઇ રહેશે"

"ભાઇ, તારી તો સદાની મારી ઉપર મેહેરબાનીજ છે. હું તો હવે મુઇ પણ મેહરને સંભાળજે. બાવા-જીને ખાતર એ મારી એક પુરી બેહનને ગોલામની બજા-રમા વેચવા દેતો ના."

મામાજીએ જોયું કે વાત વધશે એટલે ગરબડસરબડ કરીને ડોસીને તાંહાથી ઘસડી ગયા.

સાંજ પડી અને બંગલાની બહાર લકા લાગી. પાલ-ણજીના નામ પ્રમાણે ઠઠેરાની શી હદ હોય. મીલીટ્રી બેંડ ધમાધમ કરી રહયુ હતુ અને ઇગ્રેજો અને મડમોની ગાડીઓ હારની હાર આવતી રહી હતી. સુનાઆયનો જીવ હવે ઠરયો પૈસાદાર જમાઇનો તેવાણને અભખરો હતો તે પુરો પડયો મકાઉના એક ઓઝોર્ગા વેપારી ધનજીભાઇ ભુરીઆ, જેવણુ પાસે આગલે ઘરના સાત ચાહડઉતરના પોરીઆં તોરીઆં અને વીસ લાખની દોલત હતી તેવણુ સુનામાયે પાથરેલી જાલમા સપડાયા સારૂ મુંબઇ આ લગ્ન ખાવા અને સાહસની માછલીપર સપાટો મારવા ઉતરી પડયુ હતુ. માંહે દીવાનખાનામા મેજ ઉપર આજુબાજુથી આવેલી કીમતી બક્ષેશો ગોઠ-

વીને મુકી હતી બધા નોકરોએ બાઇની મેહેરબાનીથી નવાં ધોતીઆ અને કીરમજી બનાતની બદીઓનો સાજ સજયો હતો. વડા દસતુરજીએ આશીરવાદ નાખ્યા અને ડોસી તો સઘળોવાર એક લાકડાંના પુતળાની પેઠે ખુરશી ઉપર સાજડ થઈ મોહોડું મરડીને બેસી રહી હતી. તેની આખે બધુ અધારૂં હતુ સુનામાય બધાની વચમા જરા જીવ ફરી આવવાની વારેવાર જોતા હતા પણ પાલણજી કેંહે દીસ્યા નહી એટલે તુરત વેળા એ અખતરો માડી વાળ્યો હતો

પેસતન પાવરીએ આજે અવધી કરી હતી હલવાના ચોસલા, અને ખીમાના પાટીઆના ડુંગરો જોઇ કોઈ એમ ધારે કે આખાં મુંબઇને જમાડવાનું હશે આ બધી ધધુખરની વચ્ચે સુનામાય એકજ વસતારામાં ફરતા હતા તે એકે એકનુ તો માથુ ધોઈ નાખ્યુ, હવે બીજીને વરે શું કરવુ. હાજર રહેલા પરોણાઓમા તેવણ ફકત નવા જમાઇની શોધમાજ ગુટાયલા હતા

પાલણજી બચારા કમપાઉડમા એક ખુરશી ઉપર બેસી પોતાનો પગ ચાપતા હતા

"કેમ પાલણજી, આજે પગ કેમ છે? કાઈ અતેરૂ નાહી થાય હ—નહી તો બીજા આઠ દહાડા માખ મારવી પડશે." ડાક્ટરે ટકોર કીધી.

"અરે ડાકટર—બરીયુ બધુ—આજે મહીનો મહીનો હાહારો થયો ભુખે મરૂછ ને તોબી ગુંઠણુ એવું પકરીયુંછ કે જીવ આવેછ ને જાયછ."

પાલણજીના કુટુંબના પુરાણા ડાકટર એદલજી હસીને આટલી શીખામણ આપીને ચાલી ગયા કે પાલણજીનો બબરવાટો શીરૂ થયો.

"રાજા બોલીઆ ને ડાહારી હાલી અતેરૂં નહી થાય ! રાતના પેલી ઘોટાઇ જાયછ કે ઉઘારે પગે ચોટ્ટા બીલારાની કાની ઉઠીને કીલડર ઉઘારીને એ ગલાસ બરાડીન લેઉછ તારે જરા ઉઘ આવેછ નહી તો પેહરીઆ ગણવા પરે આજે મારી દીકરી જેવી દીકરી પરણે ને બધા ખાય પીએ ને હું શું બેસીને જાયા કરૂં કે ? પેલા અગ્રેજોના પેટપર ચંપીનની ધાર આવશે તારે ઘડકી કેથે પતેલી હોય તો સારૂં"

એણીમેર બઇરાઓની પાટ બેસાડવાની ધામધુમ ચાલે છે ત્યારે બીજીમેર ઇગ્રેજો સારૂ 'રીફ્રેશમેંટ'ની મેજ બીછાવેલી છે. ડાકટર એદલજી, બાપુજી, મેહરી, ગુલા, વગેરે ત્યા મેનીજમા છે ડાકટર સર્વેને માનીતા છે.

"કેમ મનચેરજી શેઠ, તમારી કેવી ખબર ?"

આ મનચેરજી બાટલીવાળા જુવાન ખુબસુરત અને લાયકીવાળો છવીસથી અઠ્ઠાવીસ વરસનો જવાન હતો, જેની ખબર હવે પછી આપણે લઇશું.

ડાકટર ત્યાથી વધ્યા તે મેહરીને પકડી "મેહર, તારી બેહનનો જનમ થયો તારેબી હું હાજર ઉતો ને આજે લગાન થયા તારેબી છેઉં હવે તારી વારી કાહારે આવેછ?"

"ડાકટર, જો મારી ડોસીના જેવી મારી હાલત થવાની હોય તો મારી વારી કોઇ દાહારે આવવાનીજ નથી. પણ ડાકટર, બચારા બાવાજી તો છેક અથા તથા થઈ ગીઆછ. એવણનું કંઈ કરોની. એવણને સારૂં મારો જીવ ઘણો ઉદાસ છે"

"કઇ કરૂં? શું કરૂ? જુવાનીનો અરક મારી પાસે નથી. ગયલી જીંદગી પાછી આવે એવુ ડાકટરો જાણતા હોય તો નેહાલ થઇ જાય જોની મેહેર, એ તો ખખડેલુ બારકસ તે જરા એમ ખીલી એમ ચાપરૂં મારીને જેમ તેમ ચલાવવાનુ"

પણ સબર, સુનામાય શુ વસતારામા ફરેછ? ઇ ગ્રેજોની રીફ્રેશમેટ ટેબલ ઉપર બધા બેસવાની તજવીજ કરેછ એવામા તેમની નજર દાખલ થતા ફકીરજી ઘુમલા ઉપર પડી સકાર બળેરે તારો ફકીરજી. વાકી ડોકી સટ્ટે જેવો તુંને તે શું ખોદાએ ઘડવા બેઠા હશે. ઉમર તો સુમારે પીસતાલીસની હતી પણ જાણે હમણાજ ઉના પાણીમા બોળીને નીચવી કહાડયો હોય તેવો બચારો ચીમરાઇ ગયલો હતો બળી ગયલા મેહસુરનો રંગ, મોટા કાળા મેલા દાંત અને જરા વાંકાં

ખભાથી નરી ઓરાગગોટાગને વધારે મળતો આવતો હતો. પણ પૈસા! અભાગ્યા પૈસા! ફકીરજી પાસ દોલત હતી એટલે સુનામાયનો ડોળો મેહરીને સારૂં તેની ઉપર ચોટયો હતો

“ઓ આવો ફકીરજી, આવો મરૂ, કયારના કાહા ઉતા? મારી મેહરી તમારી વારેવાર જોયછ ને તમે તો કંઈ અરેન્જ રાખતા નહી તમે બધા છોકરાઓ ('છોકાઓ' કેહશે નહીં તો જીવ રહશે!) એવાજ નખાલશ. લે ચાલો ટેબલપર મેહરીની આગળ બેશો”

પણ બેશે કાંહાંથી. ફકીરજીની દીવાસળીઓ હજુ તો બે ડગલાં આગળ ચાલે તે અગાઉ તો બાપુજીએ સીફત લગાવીને મેહરીને અને મંચી બાટલીવાળાને મેજપર ગોઠવી દીધાં હતાં અને પોતે ગુલાની પાસે બેસવાની તજવીજ રાખી હતી પણ પોતાના બેટાની આ ચતુરાઇ પામી જઇ ખભરેલાં સુનામાયે કરકટી ફકીરજીને ગુલાની પાસે બેસાડી દીધા.

વાચનારને આ સઘળી ઉલ ગબરડીની હવે જરા સમજ પડી હશે. મેહરી અને મંચી વચ્ચે તેમજ બાપુજી અને ગુલા વચ્ચે પ્રીતીનું મડાણુ થયુ હતુ પણ મંચી જો કે ભલો અને ગર્વો હતો તોયે પૈસે ગરીબ હતો એટલે સુનામાય લગાર વીચારમા હતા કે એને પડતો મુકીને માતબર ઓરાંગઉતાગને કબજે કીધો હોય તો કેમ. મંચીના બાપ બચારા પુનામા એક ઓફ઼ીસ બે બેમાં શરાફ હતા અને મધ્યમ રીતે પોતાનુ કુટુંબ ચલા-



ઍા આનો [illegible] આતા મરૂ

[સફો ૨૦]

વતા હતા પણ મંચીને સારી કેળવણી આપીને આરકીટેકટ બનાવ્યો હતો. ગામમા વાત ઉડી હતી કે મંચીનો એક મામો જે રંડાયલો અને બચ્ચા કચ્ચા વગરનો હતો તે જારે હશે તારે પોતાની બધી દોલત મંચીને આપી જનાર હતો

જયારે તે મેહરીની પાસે ગોઠવાઇ ગયો ત્યારે મેહરીના મોંહ ઉપર જે ખુશાલી પ્રગટ થઈ નીકળી હતી તે કોઈ આધળોબી જોઈ શકે એવી હતી પણ સુનામાયે સાત આધળાથી વધારે આધળા હતા એટલે તેવણુને કાઈ સારૂં સુજતુ જ ન હતુ આ બે બુલબુલોની મોજ એટલી દેખીતી હતી કે આખરે ફકીરજીથી રહેવાયુ નહીં પોતાની પાસે બેઠેલા સુનામાયના કાનપર પડી તેવણે પુછ્યુ.

"અહહ—મકુંજે, આપરે છે તે—સુનામાય, એ આય પોસાગીર જેવો પારસી કોણ? મેહરની સાથ હસી હસીને વાત કરેછ તે તમે કેમ ચાલવા દેઓછ, હં?"

"જોની બાવા, એ તો મારા દીકરાનો દોસદાર થાય. એ તો બાટલીવાળાના સગામા છે ને ઘણો હુશીઆર છે. આજે સપરમો દાહાડો એ તો જરા હશે બોલે તેમા શું. તમેબી ગુલા તમારી પાસે બેઠીછ તેને હસાવોની એ તો ઘેલા ચીનાની કાણી હમણા ખીખી કરીને દાત કાહાડશે."

બચારા ફકીરજી ગુલા સાથ કાંઇ વાત કરવા ગીઆ પણ તે રૂરી એવી પકકી હતી કે હા ને ના સીવાય એક બોલ બીજો મોહોમાથી કાહાડયો નહી

પેલી મેર બાપુજીની પાસેજ તેના બાપ પાલણજી બેઠા હતા તેવણ પોતાના છોકરાના કાનપર પડીને પુછેછ

"દીકરા બાપુ—તારો ઘડડી વરી શુ આજે કાજ વસતારાંમાં ફરેછ. પેલા મકાઈ બાહુને આવોજી જાવોજી કરેછ ને મસકા લગારેછ તે રખે બચારી ગુલાને ફસાવવાની કંઇ વાત હોય"

ગુલાંનું નામ સાંભળતાજ બાપુ ભડકી પડયો. "ગુલાંને સારૂ ? એમ કાંઈ જરાબી વાત ચાલે તો એનું ડોકું નહી ભચડી નાખુ કે"

"અરે નહી રે, હુ તો અમથા એજ કેહુછ પણ આએ તારો દાસદાર મચી કેવો મજાનો છે અના બાપ ને હુ સાથે ઇસકોલમા ઉતા. બાપુ, તુને શુ લાગેછ, આપરી મેહેરીને બરાબર લાયકનો—

સુનામાયને શું વાત ચાલેછ તેનો વહેમ પડયો કે શુ તે તેવણ ડોળા કકડાવીને વચ્ચે પડયા—

"હે પાલણજી, જરા આસેપાસે ધ્યાન રાખો. એ શું ત્યારના ટકટક કરી તમારી માય મમાઇના માથા ભેજાં ખાઇ જાઓછ કાંઈ આયા ગીઆને પુછશો. કંઈ સલામતી બલામતી લેવારશો કે બસ તમારૂંજ હાણીઆ કરશો ?"

બાપુ ઉઠયો અને પોતાની માતાની પછ્વાડે જઇ કાનમા કહ્યુ "માયજી, એ તમે શુ ડોસાજીનો ફ્રેસતો કરાવોછ. બચારા એવણુ શું સલામતી લેવારતાતા, કાઇ ઓરનુ ડોર બોલી પરશે તો જગ હસવાનુ થશે."

"ચાલ જા, તુને કોણ્ વચમા બોલાવેછ. શું કેહ-વાનું તે મે બધુ એવણુને શીખવી રાખેલુ છે ગામમાં બધી હુશીઆરી તમારા લોકમા આવી ગેઈછ."

બાપુજી ખબરીને પાછો આવીને બેઠો પણુ વીચાર કીધો કે ડોસાજી સલામતી લેવા ઉઠે તારે પછવાડે જઇને ઉભા રેહવુ અને તેવણુને મદદ કરવી.

આ નાટકનુ એક પાત્ર ચાલે છે તેવામા મેજ ઉપરના એક બીજા પાત્ર ઉપર નજર કરીએ. ગલાસ રકાબી અને ચમચ કાટાના છમછમાટનો લાભ લઈ મ ચી હલ-વેથી મેહરી સાભળે તેમ બોલ્યો –

"મેહર, ખરેખરૂ કેહ. પોતાની પવીત્ર પ્રીતીને દાબી દઇને હીરામોતીને ખાતર તારી બેહુન ડોસીએ જે પગલુ ભરયુ છ તેમ તુંને ચાન્સ આવે તો તુંબી કરે કે?"

"પણુ એવો કઢંગો સવાલ પુછવાનુ કઈ કારણુ?"

"હા, મારી પાસે ઘણુ અગતનું કારણ્ છે. જો આએ ગરબડમાં આપરી વાત કોઈ સાંભળતું નથી. તારી નજર તારી પ્લેટપરજ રાખજે. તુ જાણેછ તો ખરી કે તારા સબધમા મારા વીચાર કેવા છે. આજે

૭ મહીના થયા તારી સાથ ઓળખાણ પડી તારથી મારૂં લેજું ચકાશી ગીયું છ. હું તો હજુર મુગો મુગો તક જોતો બેશી રેહતે પણ આજના તારી માયના ઢગ મને ગમતા નથી. કાંઈ વાકું ટીકું થાય ને પછી તું કહેવા નીકળે કે મેં મારી ઈચ્છા જાહેર કાય નહી કીધી તેથી આજે બોલુ છ. તારૂ વચન મને બસ થશે હુ પૈસાદાર નથી, ઘણો ગરીબ છેઉં, પણ આગળ ચાલતા કાઇ કરી બતાવવાની આશા રાખુ છ મેહરી તુ તો સમજુ છે ને એટલુ તો જાણેછ કે પૈસામાજ બધુ સુખ સમાયલુ નથી ફક્ત એક બોલ કેહ—

"જરા ધ્યાન રાખો, માયજી આપરી ગમ જોયછ"

"જોવા દે મેહેર તુ દયાળુ છે, ઠાવકી છે, ફક્ત મને એકજ બોલથી ધીરજ આપ ને પછી તુ કેહશે તાહા સુધી બોટી થવાને હુ તઇયાર છેઉં"

મેહરીએ કશો જવાબ આપ્યો નહી, પણ ટેબલની તળે પોતાનો હાથ લઈ જઈ મંચીના પોહાચામા છુપી રીતે મુકયો, એટલે આ જવાનને તેનો જવાબ મલી ગયો.

બીજી મેર પાલણજીબા બારીકીથી સુનામાય ગમ નજર રાખી ચ પીનના ત્રણ ચાર ગલાસ ટપકાવી ગયા હતા અને આસપાસની વાતચીતથી બોટુ બોટું ઘાટો કહાડીને હસ્તા હતા એવામા સુનામાય તરફથી ધડાકો થયો.

"હે પાલણજી!"

"અહ! અહ! શુ?"

"ચાલો ઉઠો."

પાલણજી સલામતી લેવા ઉઠયા કે બાપુજી તેવણુની પાછળ જઇને ઉભો.

"બાનુઓ અને ગ્રહસ્થો-આહ-આહ-આપરે છે તે-આજના-છે તે સુભ-સુભ-મુદદતે-"

"પાલણજી!" સુનામાય તરફથી

"મકુંજે, છે તો-સુભ મુહુરતે હું મારી સલામતી-

"પાલણજી!"

"નહીરે, મકુંજે તમારી સલામતી લેવા બેઠો—ઉઠયો—થોભ્યો હું હુ-હું-મકુંજે-મને-મનેને—છે તે કરીને મને આવી સંજોગમા બોલવાનો મહાવરો નથી—પણ મારી માનીતી દીકરી—દીકરી—પછી શુ બોલ-વાનુ બાપુ?

"બોલોની કે આજે બાપીકુ ઘેર છોડી સાસરે જાયછ" બાપુજીએ પછવાડેથી ઈસિટીમ ચાલુ રાખ્યો.

"હા ખરી વાત, મકુજે મારી વહાલી છોકરી આજે આપને છોરી—

"પાલણજી!"

"મકુંજે બાપુનું ઘેર છોરીને સાસરે જાયછ તાંહા સુખી રેહ (તાલીઓ) ને-ને-એની માયના જેવીજ—આહ—આહ—ગરવી હાહી-ને બીજું શુ સુનાઇજી? પેલો તીજો બોલ ભુલી ગીયો-ગરવી ડાહીને, ને ને—આહ, હવે યાદ આવી, ઘેર રાખુ ધણીઆણી નીવડે (તાલીઓ)"

આહ! સુનામાયને હવે બરાબર લાગ ફાવ્યો. તેવણ બરાબર ગણત્રી કરીનેજ બેઠાં હતા કે આ નામાંકીત ભાણાની વેળાએ જીવ બગડી આવે તેવણ પહેલા જરા રડીશાં ને પછી ઢબ દેતા કરાકરી બીસકોટ ફકીરજીના આગપર ઢળી પડયા. એવણ રતલ એક્સોને બેઆસી ને ફકીરજી અમથા બેઆસી એટલે વજન સમેત બેઉ જણે ભોય માપી. મીજલસમા ગડબડાટ થઈ ગયો. અજાણ્યાઓ ઉઠીને આગળ દોડી ગયા ગરબડ સરબડમા પાલનજીએ અરધી બાટલી ચપીનનું માથું ભાજયું અને બાપુજી આ સઘળા ઢોગ જોઈ મોહોડામા રૂમાલનો ડુચો ડાબીને હસવા લાગ્યો ઠાવકા ડાકટર એદલજી બી બાઈ આગળ ગયા. જરા મોહોડાંપર પાણી છાંટયું. અને શેઠાણી હુશીયાર થયાં. સાડાઆઠ વાગ્યા હતા નવું પરણેલુ જોડું નવની મેલ ટેનમા "હનીમુન" એનજોય કરવા ખંડાળે જનાર હતુ એટલે મળી ભેટીને તેમની ગાડી બંગલા પરથી નીકળી ચાલી. ખોદા સઉનુ સારૂ કરે. હાલને કાજતો ડોસી અને ધનજીભાઈ ખુંધા આપણી તવારીખમાંથી થોડી મુદત સુધી ગેરહાજર રહેશે. હવે આપણને બીજાંઓ સાથ ઘણું કામ લેવું છે.

પ્રકરણ—૩.

આપણું સઘળુ સંસ્થાન હવે માથેરાનમા જમાવ કરીશું ડોસી તો પોતાનુ માથુ ધોઇ નાખીને મકાઉમાં નવી જુનીબી થઈ ગઈ છે. સુનામાય સેસ સોપારા કરીને ઠરયા છે અને હવે ફાશનેબલ લોકની રીત પ્રમાણે માસ મેમા હવા ખાવા સારૂં યાને ગરમીમા તેલ કહાડવા સારૂં માથેરાન આવ્યાં છે. અલબતાં સાથે અડખડ પાચમ પાલણજી, ગરીબ ગુલાં, બાપુજીબી સાથે આવેલા છે. બાપુજીએ પોતાના પરોણા દાખલ પોતાના ઇશ્ટ મીત્ર મનચેરજી બાટલીવાળાને પણ બંગલામાં રાખેલા છે

વાડીમા સુનામાય અને મનચેરજી ખુબ ગોફતેગુમાં ઉભેલા છે.

"બા, એ તમે શુ બોલોછ? એમ કરીને મારૂં મેજરૂં જુવોછ કે?"

"નહી સુનામાય, તમારા જવાબની હું ઘણી ઇંતેજારીથી રાહ જોઉંછ મારી માસીક આવક—

"અરે—અરે—અવાખશે પશેમાન—મચી બા—તમે કંઈ મને પેલાં હલકા કાછીઆં માછીઆં જેવી સમજોછ કે? જાંહાં જીવ સાથે મળે તાંહા પૈસા શું ને વાત શું? આજે તો બોલીઆછ પણ ફરીથી એવી હલકી વાત કરતા ના."

"વાહ, સુનામાય, સાબાશ છે. તમારે મોહોડેથી આવા સખુન–સાભળી હું ઘણોજ મઘન છેઉ."

"હે ચાલ, એટલી લાંબી ટુકી તુને કોણ કરાવેછ મારી છોકરી કાંઇ પૈસાને સારૂ આપવાની નથી એને મન ગમે તેવો વર શોધી લાવે હે ચાલોજી, જાઓજી, પેલા બધા ટેનીસ રમવા તમારે થકી ખોટી થઇ રહયાંછ. જાઓ, ખાઓ પીઓ ને મજાહ કરો. હમણા તમારા લોકનો હસવા બોલવાનો વખત છે. તમે લોક ખુશી તો મારો ખોદા ખુશી."

"આહ સુનામાય, આજે તમે મને કેવો ખુશી કીધોછ"

"મારી સાથે વસતા વાપરતા બધાને સુખી કરવા તો હું જીવુંછ. જોની મારી ડાસીને કેવી હસતી રમતી થર પારી ને હવે મેહેરીનેબી તેમજ કરશ તારે મને સખ્ખે ઉઘ આવશે. જા દીકરા મંચી, જા—તમે લોક સુખી રેહો."

આ પ્રમાણે બોલી ગરીબ ગાય જેવા સુનામાય રૂમાલ કહાડીને આખ લુછવા લાગ્યા ઉલટમા આવેલા મંચીની તો ઘણી મરજી કે જરા આગળ રહીને તેવણને લલોપચો કરે પણ પેલી ટેનીસ કોર્ટપરની ચંડાળ ચોકડી ઘુમાણુમ કરી રહી હતી.

"હે મંચી ચાલની, ત્યારનો કાહા જુવોછ. આવતો હોય તો આવ નહી તો ના કેહ" બાપુ તરફથી દુરથી તોપ પડી

"આયો-આયો-અબઘડી આયો."

સુનામાય બોલ્યા "જા સધાવ, તારા વગર કોઇને ચાલતું નહીં"

મચી "સધાવ્યા" પછી સુનામાય મનસે વીચાર કરેછ "ધનબાઈ શેઠના કહેતાંતા કે એનો પેલો કોઈ કાકો મામો મરશે તારે એને છકકા છે."

પેલીમેર જતાં જતા મંચી મન સાથ બરબડેછ.

"અહલો મંચી રાજા, આજે બીછાણામાંથી ઉઠયો તારે કીયો પગ પહેલો બહાર કહાડીયો તો. આજે તો આપરી ઉપર સવરા સુરજ ઉગ્યા લોકો સુનામાયને સારૂં કહેછ કે એવણ તો ઘણા લોભીઆં ને દાધાબજ્યાં છે. પણ આપરે તો કઈ એવું જોયું નહી. ઘરડી તો વાત કરતાં લટી ગઇ ને ડોસાજી તો બચારા ખાલી પુતળું છે. ધાણીઆણી જેમ નચાવશે તેમ નાચશે."

બાપુ ખલે ટેનીસનું બેટ મારી વહેલો વહેલો ધસી આવ્યો

"કેમ મચી, શુ છે? મારી ધાખરીને શું અટૃમ પટૃમ સમજાવતોતો? એણીગમ મારી માય છેજો. હઠેળીમાં ચાન તો એવો બતાવી દેશે કે-

"સબર—બાપુ--ધીરો થા—તારા માયે આજે તો મને હરખાવી નાખ્યોછ. મેહરીના હાથનુ માગુ કીધુ કે તેવણ તો લાગલાંજ રાજી થઈ ગીયા ને જાણે અગા-ઉથી એવી વકી રાખતાંજ હોય તેમ મને તો લાગુ"

"હુરરે—હુરરે-હીપ હીપ હુરરે-પણ બચ્ચા મચી સમાલજે. માયજી બરા ગણત્રીબાજ છે. જો કઇ જબરદસ્ત ઉલથાપ નહીં આપે."

"નાનસન્સ, બાપુ તું તો જબરો સકીલો છે. મને પોતે કહ્યુ કે જાઓ જઈને સુખી થાઓ"

"એમકે, તારે તો ઘડડીનુ અસલ પાણી ગીયુ. દોસ મંચી હું તુંને મુબારકબાદી આપુ છ મારી મેહેર તો એક હીરો છે. હું રાત દાહડારો ફકર કરતોતો કે રખેને માયજી કાંઈ મદારીપણું ચલાવીને એ બચારીને પેલા હાડપીંજર ફકીરજીને માથે ઠોકે તેમ થતે તો હું તો કોઇનું ખુન કરતે. ચાલો હવે બધું સમાધાન થઈ ગીયુ."

આ પછી આ બન્ને મીત્રે રમવા ચાલ્યા. મચી અને મેહરી તથા બાપુ અને ગુલા 'પાર્ટનર' હતા અલબત્તે ટેનીસની ગમત કરતા બીજી હસવા બોલવાની ગમતનું બજાર વધારે તેજી ઉપર હતુ. મેહરીનો ચેહરો ગુલાબની કળીની પેરે ખીલી ગયો હતો મચી ખુશાલ હતો અને ગુલાં, બાપુને દુરનો દુર રાખીને જાણીજોઇને તવલાવતી હતી

પણ આ બધો તમાશો ચાલે છે તેમા પાલણજી શેઠ પોતે શું કરેછ તે આપણે તપાસીએ તેવણ ડોલતા ડોલતા આસપાસ નજર ચમકાવતા, તપકીરના સહરકા

મારતા વાડીમા આવ્યા અને એક માહારીના ઝાડ તળે બાજઠ ઉપર બેસી પગ પસવારવા મંડયા.

"અહહ! મન જાણુશે કે હું ઘેરનો શેઠ અરે બાપરે બાપરે, હું ઘણોબી દમ રાખવા જાઉછ પણ આએ સુનાઇને જોઉંછ કે મારી બધી હીમત મારાં ઈસ્ટા-ફીનમા ઉતરી પડેછ. યા ખોદા, અમારા વખતમાં આવું નાચવા કુદવાનુ નહીં ઉતુ. જુઓની પેલા મચી કેવો લવગની લાકરી જેવો કેવો કુદાકુદ કરી રહયોછ ને મારો બાપુબી જાણે છલછલી રહયોછ તારે આપરેજ એવા વાકી ડોકી સટરે જેવા રેહી ગીયા, અંહં! બાપુ-જીબા તમે ગુલા ઉપર ખાટી મીઠી નજર રાખોછ ને અમે બઅઅબધુ સમજીએછ. મારી તો કઈ ના નથી પણ પેલી તારી માયને શીશામા ઉતારે તારે જાણુ. ને મંચીબા, એ તમે શુ કાજ વસતારામા ફરોછ. મને ગઉત થયોછ પણ તે સારૂં મારી આંખબી બંધ છે કે? તમે મેહરીની પુઠેપુઠ ઝીપલાવોછ તે શું હુ સમજતો નહીં કે જાઓ જાઓ, મારા સાહેબ, આધળાની આખે દેખાય તેવુ ઉધારૂં છે. બીચારી સુનાઈજી એમજ સમજેચ કે તું બાટલીવાળાના ખાનદાનનો છે પણ હું જાણુંછ કે તારો બપાવો બાટલીવાળાના ઘેરમાં ચાકરીએ ઉતો તેપ-રથી તમે લોક અટક ધાઈ પરીયાછ. હું તો સુનાઇની ભુલ ભાંજતે, પણ જવા દેની બા, ભુલ ભાજતા મારૂં માથું ભાંગી જાય. મને તો મચી ઘણો ગમેછ. પછવાડેથી

કંઈ વાધો પડશે તો આપરે તો કાને હાથ દઇશુ બીચારા બચ્ચાંઓની ગમતમાં હું શું કરવા આડો પડું ”

બીચારા પાલણજી શું કરવા આડા પડે. તેવણ આ ઝાડ તળે કંઈ બીજાજ મતલબથી આવ્યા હતા. તેવણે આસ-પાસ નજર ફેંકી અને પછી હળવેથી ગજવામાંથી એક બ ડલ કહાડયુ જેમાં ભજીયાં ચટની, ગાઠયા વગેરે ઘર-માથી નજર ચુકાવીને તેવણ બાધી લાવ્યા હતા. ગઉત ગીયા ઝાહાનમમાં તેવણ ભજીયા ઉપર ચટણીના બુગડા મુકી મુકીને ઘણા બટાકાથી ખાવા લાગ્યા અને પછી રૂમાલથી હાથ નુછીને એક સંતોશનો નીસાસો નાખીને બોલ્યા.

“ આહ ! હવે જરા પેટનો ખાડો પુરાયો. ગાઠીઆના બાક્ષમા આટલો બધો ખારો કેમ પરીઓ તેની ખેર શાપુર બુમ બરારા પારે. પણ આપરે શુ. ડાકટરના હુકમથી આપુને ભુખે મારે પછી એમજ તો આપરે જાણે જાણતા નહી. બાપુ–બાપુ–તુ જબરો પકકો છે હ. તુ ગુલાંની ઉપર તારી જાળ પાથરેછ પણ તારી માએ જોશે કુની તો કોણ જાણે કેવાં ઝાર તોડી પારશે. એણે તો ગુલાને સારૂ બીજુ કાંઈ ગોઠવી રાખયુછ ખોદા ખેર કરે મ ચીબી સુજમા રોજા ખોલેછ જાંહા સુધી હુ જાણુંછ તાહા સુધી તો મેહરીને કપાળે પેલો ફકીર બુમલો કુટાયલો છે. જોઇયે હવે ઉંઠરો કેઇ તર બેસેછ. ઓહોહો—એ કોણ ? ”



બચ્ચા તારૂં નામ જબર છે

[સફો ૩૩.]

પાલણુજી ચમકીને જોયછ તો મચીનો મોટો રાક્ષશી કુત્રો ટોબી છેક આગળ ઉભો રહીને પોતાનું ભીણું નાક પાલણુજીના હાથ સાથ ઘસતો હતો.

“ઓહો, મંચીનો કુત્રો! કેમ મીસતર, કાઈ મારી ખબર લેવા આયા? અંહ—હવે સમજીયો, મારા ગજામા તુને કઈ સારો સારો વાસ આવેછ? બચ્ચા તારૂ નાક જબરૂં. તે કેમ જાણ્યું કે અંદર બે ખીમાના પાટીસ ચાપેલાં છે, હં? તારૂં નાખ જબરૂં બા સારૂ છે કે મારી—મારી—સુનાબઇજીનુ નાખ તારા જેવુ નથી નહીં તો રોજ એમ સુંધારા લેતે તો હુ તો ભુખે મરી જતે. જરા ઉભો રેહ—જરા ઉભો રેહ—આપરે બેઉ જન સાથે કોમીસતા કરશું, પણ જરા આસપાસે નીઘેદારી કરવા તો દે.”

આ પ્રમાણે કુત્રા સાથ રમુજ કરી પાલણુજીએ ખીસા માથી એક પાકીટ ખેંચી કહાડયું. તે ઉપર પોતે બેઠાથી તે સઘળું ચંપાઈ છુંદાઇ ગયલુ હતું અને બહારના રૂમાલ ઉપર આવડા આવડા ઘીનાં પીળા ધબોતીયા પડયાં હતા

આ નાહાનુ પારસલ ઘણાં પ્યારથી સુઘીને પાલણુજી વળી બરબડવા લાગ્યા—“આપરે છે તે—તોબી—જરા આપરા ભારથી ચપાઇને અંદરની જામ ને ખીમો ને બધુ એકરસ થઈ ગીયુંછ હું—પણ પેટમાબી બધુ એકરસજ થઈ જવાનું કેની, કેમ બોલીયો નહીં રાજા.”

રાજાએ પોતાની પુછડી હલાવી ને પાલણુજીની દરખાસ્તને ટેકો આપ્યો અને બને જણુ આ છુદાયલા

પાટીઓ ચપાટી ગયા શેઠે ખરડાયલો રૂમાલ ડુચો કરીને ખીસામા દાબ્યો અને વાણોતરે હજમીયત ગોળી તરીકે ખરડેલુ કાગલબી ચાવીને હોજરીમા ઉતારી દીધુ

પાલણજી તેનો ખરડો ઠોકી બોલ્યા "ઠીક કીધું બચ્ચા ઠીક કીધુ હુ વીચારમાંજ ઉતો કે ખરડેલુ કાગલ કાંહા નાખું અરે પણ બાપરે--સામેથી કોણ આવેછ? સુનાઈજી ને ફકીરજી ઝુમલા મુવા છુટ આએ બધા નાચી કુદીને ર-તાતા તારેજ હુ મોહયો જો કે નચાય તેટલુ નાચી લેઓ કાય જે આએ વીહામા વહેલોરૂ આવી પહોચ્યું."

પ્રકરણ—૪ થું.

અત્રે માથેરાનમા ફકીરજી ઝુમલાનુ આવવું કેમ થયુ તેનો ખુલાસો આપવાની જરૂર છે. સુનામાયનો ડોળો આ ધરધર કરતા જમાઈજી ઉપર ખોડ્યો હતો અને તેવણે બધો ઘાટ ખુબ સભાળથી ઘડીને તૈયાર કીધો હતો. તેવણે મેહુરીનુ માથુ 'ાઈ નાખવાની પોતાની અણુગી ઘણા સફાઇથી કરી હતી અને તે વીશે પાલણજીને કે બાપુજીનેબી કાઇ ભેદ આપ્યો ન હતો. તેવણે માથેરાન આવવા સારૂં ફકીરજીનેબી ઇજન કીધુ હતુ અને ચોકસ કારણોને લીધે ફકીરજીએ આ ઇજન સ્વીકારયું હતું.

તેવણુ મંચીલમાથી ઉતરયા તેવીજ ખબર મળી કે નચેરજી બાલીવાળાબી પરોણા દાખલ આવેલો છે એટલે

બંગલામા દાખલ થવા અગાઉ સુનામાય સાથ પહેલાં મસલત કરવાનુ દરૂકત ધારી તેવણુને બોલાવ્યાં હતાં.

"અંહંહ" ફકીરજી પોતાના મન સાથ વમાસેછ "દરેસા સઉ છરેસા સારા—અરે નહીરે—જો હું શું બકુંછ. દરેસા ઘઉ—નહીં—નહીં - એ કહેવત શુ છેરે—મેં ભરૂચમા સાંભરીની—અહા—સરેથા ઘઉં દરેસા સારા—હા —હા—મકુજે કેમ બોલ્યા નહીં—બુઢી મને જમાઈ કરવા માગેછ ને પેલો મંચી અહીનો અહીં ડમકતો ફરેછ તે ઠીક નહી મકુજે કેમ બોલ્યા નહી ઘરડીની બધી ગત હુ સમજુછ એ ધાખરી બરી ઉસતાદ છે. જાણી જોઇને આએ મંચીને અહી રાખ્યોછ કે હુ અદેખાઈ કરીને વેહલો વેહલો કુવાના પરૂ મકુજે કેમ બોલીઆ નહી—અંહહ—અહીબી ઙંતાલીસ દીવાળી જોયલી છે—કેમ બોલીઆ નહી—છોકરીબી રમકરા જેવી છે ને મારી પાસે ખસીને ફઇટીન હાકશે તો કેવી શોભશે—હું—કેમ બોલીઆ નહી."

આ પ્રમાણે વીચાર કરીને તેવણે ખીસામાંથી એક નાની આરસી ખેંચી કહાડી અને જીણ્યા મધ જેટલા ગ્રાશે પોતાના કપાળના ગુચ્છા બરાબર વળગાડીઆ અને મુછ બુછ સરખી કરીને ખુખાર મારે એટલામા સાસુજી થતા વેહલા વેહલા આવી પહોચ્યાં.

"ઓ મરૂરે—ઓ જી આપુ રે—કેઆરે આયા - વાશ શાબાશ રે મને કેહવારીયુ કાય નહી—ચાહે બાહે મંગાઉ? થાકી ગીયા હોશો—બલા જાણેરે"

" ઓ—નો—નો—અમે માટીડા ભાઇને શુ છે ? મંકુજે, કેમ બોલીઆં નહી—અમે માટીડા—

" છે તો ભલે છે—પણ મારા સમ—જરા ચાહે ને તોસ્ટ મંગાઉ—"

" ફીકર નહીં—મકુજે—આપરે છે તે કરીને લઇને—સુનામાય—આપરે તો બે જાણની ગુછ સુજ એકજ છે, નહીં ?"

" હાસ તો—તમુને તો હંમેશ મારા દીકરાની કાની ગણુ છ.—"

" એમ કે ? અંહહ—અહહ—"

" શુ છે ? એમ મદદ કાસીઆ કાય કરોછ એવુ વખત બે વખત ચલાવ્યા નહીં કરીએ. ડાકટરને દેખાડો—વારૂ—મરીજાઉં—હવે શું કરૂ—મને આજે રાતે ઉંઘબી નહી આવશે."

" ચીંતા નહી-તમે સમજીઆ કેની—આપરે મકુંજે—સેવકે હવે શાદી કરીને ઠર પડવાનો વીચાર કીધોછ——અહહં—અહહ સમજીઆં કેની ?"

" ઓ જી આપુંરે—ખોદાય એવો દાહાડો કારે બતાવશે."

" ખરૂ કેહુ છ—મતલબ કે—ખોદા તમુને સારી તાકીવત બખશે ને—આપરે છે તે આજસુધી કોઇ મારાં મન પસંદની છોકરી નજર નહીં આવી પણ હમણાંજ એક છોકરી મારા ધ્યાનમા ઉતરીછ—તમે સમજીઆં કેની ?"

ડા૦ ફરામજી પટેલને તાહાના બનાવેલા હડીસો રૂપીઆના ખોટા દાંતના સટના લાલ ચટક જેવા પારા

દેખાય તેમ હસીને સુનામાયે ફકીરજીની પાસળીઓમા આગળીઓ ભચાભચ ભોકી

"હ – લુછા—કેથો ઉંડા પાણીમા ફરેછ —હ —હવે હું તમે નાહલા છોકરાઓની ગત સમજી ગેઇ—હું તારી માએ જેવી માએ લાગું ને મનેબી કહયુ નહી? ખાઓ પીઓ ને ચમન કરો બા આજે તમે બચ્ચાઓનો વખત છે."

બચ્ચાં! બચ્ચા નહી કેહેશે તો જીવ રડશે. સુનામાય કરતા ફકીરજી ફક્ત બે વરસ નાહાના હતા તોબી જાણે પોતે સોળ વરસના બુચા હોય તેમ નખરા કરવા લાગ્યા. સુનામાય તો ખાસ્સા બફેનાની બરણી જેવા ને ગોરા ગોરા હતા તે સામા જુવાન લાગતા હતા ને ફકીરજી તો ચીમરાયલા કામરીઆ જેવા જણાતા હતા હરખમા આવી જઇને સુનામાય પોતાના બટર બીસકોટ જેવા આગળા ભોકતા પણ ફકીરજીનો જીવ જતો હતો.

"હું લુચ્ચા-ઉંડા પાણીમાં ફરેછ-હં-હઇઓ રાસકલ-પણ ફકીર દીકરા-કેહની-એ નસીબવાન છોકરી કોણ છે?"

"હા—છે તે કરીને લઇને—આપરે છે તે—સમજીઆ કૂની—અહહ—મને કેહતા જરા શઅઅરમ લાગેછ."

"લે ચલરે—શરમ શાની? વરી દાહારે વાહારેના થાય તારે પરણવાનુ જ તો-કોણ છે-મને કેહ-કોઈ મારી ઓળખાણની છે?"

"હાસતો—મકુંજે—આપરે છે તે."

"કોણ? સાવકશા વકીલની સુનઈ? અહ! કેવો પકડાઈ ગીઓ!"

"નહી—છે તે કરીને લઇને—બીજુ જ છે. 'ત્રાઈ અગેન'"

"વકીલની સુનઈ નહી? તારે શુ પેસતનજી ધાભરની પીરોજા—હા તેની પાસ પાચ પૈસ. સારા છે."

"નહી—"ત્રાઈ અગેન"—મકુ જે, તમે સમજીયા કેની?"

"શું સમજી, મારૂ તોડકુ? અ.એ નહીં પેલી નહી તારે કોણ કાવસશાહ સુરતીની દીની? હા તેજ—તેજ"

"નહીં—નહીં—તમે એટલુંબી સમજતાં નહીં—મકુ જે—જરા વીચાર કરો—

"નહી આ હવે તો કઇ સુઝતુ નહીં—બોલી જાઓ—

"તમારી મેહર—તમે સમજીઆ કેની—મીઠી મેહર—સાકર જેવી મેહર— સુનામાય જો તમારી રજા હોય તો—તો—તો—મકુ જે—તમે સમજીઆ કેની.

સુનામાય તો, જાણે કેવાક અજબ થઇ ગીઆ હોય તેમ ધબ દેતાં બાજઠ ઉપર બેશી ગીઆ અને હાંફવા લાગ્યાં.

"શું છે? હમણા તો સારી કાની ઉતા મકુંજે જરા રાઇનું પલાસતર લાઉ?"

"અહહ—ઉ હ,—ઉ હ—ફકીરજી-એ તમે ખરેખર બોલ્યા કે હુ સપનુ જોઉ છ?"

પ્રકરણ—પ મું.

સુનામાય મરેરે પાછલી રાતના ! એવણુની નાડનો જોતોજ મરે. પોતે સારી પેઠે જાણુતા હતા કે ફકીરજી ખુમલા કોણુને માટે ઉમેદવાર છે, બલકે ડોસાએ પોતેજ આ સઘળો તાગડો ઘડયો હતો તોબી જયારે ફકીરજી મેહરનું નામ બોલ્યા ત્યારે ઘરડીએ એવા નાટક કર્યા કે તે જોવાને શાહરા બર્નહારડ્ટ હાજર હોવી જોઇયે.

"અરે પ્રીત ! હવે શું કરૂં ફકીરજી તમે વાકા વરેરે (ફકીરજીના ખભાપર પોતાનુ માથું ટેકવીને) તમે તો આજે મને જીવતા જીવત મારી નાખી"

"અંહહ—હીહીહી—પણુ કાંય, મકુજે, છે ને કરીને આપરે કેહુ જે—હુ જાણુ કે તમે જાણુતા હોશો—તમારી એક છોકરી હમણાજ પરણી ગેઇ ને આએ બીજીબી ચાલી જાય તે તમુને જરા દુખ તો લાગેછ તો—તમે સમજીઆં કેની—પણુ તે વગર મકુજે કઇ આરો છે."

સુનામાયનો જીવ તો ભક ભક થતો હતો કે ફકીરજી જણુસ કેટલાની કરશે તે કઇબી કરીને નકી જાણી લેવું. તેવણુ કાંઈ દાવપેચથી આ સવાલ નાખવાની કઈ ગણુત્રી કરતાજ હતા અવામાં અકકલના ઓઠમીર ફકીરજી પોતેજ બોલી ઉઠયા.

"છે તે, સાંભરોછ કે? આપરે કંઇ કોઈના જેવા ભીખારી નથી—તમે સમજીઆ કેની ખાતાપીતાબી હજુર

કંઈ આઠ દશ આગળમાંથી જઇયે નહી—હ તમે સમજીઆં કેની—મારી ધાણીઆણીને પચાસ હજારની જણસ ને મારી સાસુને ઓકની કસબી કોર સાથની સાડીનો વાગો ને હીરાની વીટી—હ—તમે સમજીઆ કેની—બા—આપરે કઈ કોઈના જેવા ભીખારી નથી —હ —"

"ભલે ભલે —પણ હુ ઘણી ગુચવણમા પરીછ. મનચેરજી બાટલીવારોબી છોકરીની પુઠ નહી મુકતો ને કાજ ઘણુંખરૂં નકકી છે"

"મનચેરજી બાટલીવારો? મકુજે તે કોણ ને હુ કોણ—ચાલો, નહીં તો તમારી ખુશી—આપરે કાહા ઘી વેચવા ગીઆતા ગામમા છોકરીઓના શુ ટોટા છે—સમજીઆ કેની—હા વરી, કેહશે કેહેછ ને વરાઈ કરેછ પણ મારા જેવા છોકરાઓ આજે કાહા મળેછ—હા વરી"

હવે આ[illegible] સુનામાય જેવણુ ફકીરજીને જાળમાં લપેટવાની વેતરણમાજ હતાં અને તે સારૂં તો મંચીને આગળ ઓઠું ઉભું કીધુ હતુ કે ફકીરજી જલદીથી કુવો પુરે, તેવણુ ગભરાયા કે રખે ફકીરજી છટકી જાય બીજી કોઇ અકકલમંદ માતા હતે તો ફકીરજીના આવા ખુબખ શબ્દોથી છીકીને તેવણુને બહારનો રસ્તો બતાવતે, પણ સુનામાયની આંખે સોનાનો ધુમાડો ફરી વળ્યો હતો તેવણુ લાગલી પોતાનો વલણ ફેરવી તોલી.

"પણ બાવા, ખરેખાત—આએ મંચુ કો ને તું કો. કાં ગાગા શાહ ને કો ગાગા તેલી. એતો ઘણાબી ફાંફાં

મારે પણ એમ કાંઈ અમારા જેવાં ખાનદાનની છોકરી અપાય? મે કંઇ હજુર ખરી ખખારીને કહ્યુ નથી બા. આપરે તો હજુર જોઇશું થઇશુ કરીયા કરીયેછ”

“પણ મકુંજે, સુનામાય, એ બાટલીવારો તો મે સાભરીયુ કે સરગારદાન ભીખારી છે ને એનો મામો એને કઈ આપી જવાનો ઉતો કેની, તે તો ચાર પાચ દહાડાની વાતપર ભરૂચમા ફરીથી નાતરૂ કરી ગીઓ–હું–હું–હુ–તમે સમજીઆ કેની?”

આ ધડાકો સાભળીને સુનામાય તો કાસવા લાગ્યા ને આસમાનગામ ડોળા ચહુડાવી દીધા

“ને મકુંજે સુનામાય, તમે એ છોકરાને બાટલીવારો બાટલીવારો કરોછ પણ એ કઈ પેલા મોટા બાટલીવારાની ફેમીલીનો નથી જો. એનો બપાવો તો બાટલીવારાને તાહા કારભારી ઉતો, તે પરથી એવણ બાટલીવાલા થઈ નીકલીઆછ–ચાલો–મકુ જે સાહેબજી.”

પણ સુનામાય શેકારને એમ જવા કેમ દે તેવણે ફકીરજી પેંગાજીને ઓવારણા લીધા

“ઓ મરી જાઉ રે ભુલના ભાજતાપરથી. અમે બાઈ મણુખ શુ જાણીએ બા. પણ જરા ઉભા રેહો તો ખરા. જરા ખરૂં નરૂં કરીએ પછી વાત.”

“નહીરે બા—તમે શુ આટો બાહોછ. અહીં મારૂ કામ નહીં.”

ફકીરજી મંચીની હડોડા જેવી કાડીથી ઘણુા ધબકેલા હતા અને પચાતી વધે તે અગાઉ ખરી જવાનો લાગ શોધતા હતા

"પણુ તમે શુ કામ બીયોછ. હું તમારૂ નામ નહીં દેઉં. જોનો. એ દોકરો મારે ઘેર આવીઆ કીધો. તે પરથી મેં પસ ગવત ખબર કાહારી ને પાલનજી ખબર લાયા કે એ તો મોટો ખાનદાની છોકરો છે. હુ બી તો ખરી કે પાલનજીની ફેંટ પકરૂ ઓ માય—માય—માય એવો નખાલસ પારસી તો મે મારા જનમમા જોયો તો નહીં."

આ વાર સુનામાય દાંત પીસીને બોલતા હતા અને જાણે પાલનજીને અને મચીને આખ્ખાને આખ્ખા ગળી જાય તેમ દમના સુસવાટા મારતા હતા

'મરી જાઉં ફકીરજી, તમે હમણુા કાઇ બોલતા ના ને મનમા લાવતા ના સારૂ થયુ જે તમે આયા ને મારી આખ ઉઘાડી, નહી તો મારી સુન્ના મોહોર જેવી છોકરીના બખમાથી હીરા દોર જેવો છોકરો જતો રહેતે. તમે તમારે અમોલા ફરયા કરો. હું કેવી છેઉં."

આ પ્રમાણે ઠીક ઠાક કરીને સુનામાય ફકીરજીની પાખડી વળગીને પેલાઓ ટનીસ રમતા હતાં ત્યાં ધસોરાબધ ચાલ્યા. પાલનજીબા જે ગભરાયા તે ઉઠીને બીજે રસતે વંજો માપી જતા હતા, તેવણુને સુનામાએ ડોળા કકડાવીને રોકયા.

આ નાટક દુરથી પામી જઇને બાપુ ગુનાને કેહેવ.

"ગુલા—મારીઆ ઠાર—કંઈ વરી નવું વાદળ ચહ-રીયુંછ હો."

ગુલાં રમતી રમતી બોલી "હા, હુ તો ત્યારની ચેતી ગોઇછ રખે બચારી મેહેરીના સબધમા કઈ ઘરો લાવરો ચાલતો હોય કેવી આજે ખુશીમા છે ને વરી કઇ નવી પચાતી ઉઠીછ તો સમમ બંકમ થઇ જશે."

"ગુલા—તેમજ દેખાયછ જોની માયજીએ ડોસાજીને છટકાંમાં પકરયાછ તે તુ જરા આગે વકટહેન ફકીર-જીને ટેનીસ રમાર તેટલાં હુ બાવાજીની મદદે જઇ લાગુ નહીં તો બચારાને ટુપી નાખશે જો તારી ચાલ પ્રમાણે વકટહેનજીને ઘણા બનાવતી નાં; ને ભુલેચુકે બચારાને આચકો બાચકો મારતીના, નહી તો ફરાકરી બીસકોટ જેવો છે તે ચોપ્પો ગરેજ પરશે જો."

આ પ્રમાણે ફકીરજી બુમલાને ગુલાના સ્વાધીનમા સોંપીને બાપુજી પોતાના પીતાની મદદમા દોડયો. સુના-માય આગળ, પાલનજી પાછળ અને તેમની પછવાડે બાપુજી અને મંચીનો મોટો કુત્રો ટોળી ચાલતા હતા. એક ખુણામા બાજઠ આગળ આવતા મોટો પહેરા જેવો સાદ કહાડીને સુનામાય બોલ્યા —

"પાલનજી—એ શુ એ?"

"શુ શુ એ? માઇ ડીઅર—શાનુ શુ ?"

"જાઓ—જાઓ—જરા ભેજુ ઠેકાણે રાખો. શું શું સાસા કરી જાણ્યુ આએ મચી બાટલીવારો કોણ છે?"

"કોણ હોય—માઇ ડીઅર—માણસ!"

"જો પાલનજી તમે ધરધર કરતે વખતે મારે મોહો-નેથી ગાર ખાવાના હોવ તો મને એમ ચીહડવજો હું—જો મારો મીજાસ જશે કેની તો—"

"હા માઈ ડીઅર, પણ શુ પુછેચ?"

"હુ જાણવા માંગુ છ કે એની પાસે શુ પૈસા છે?'

"કોણ જાણે—માઈ ડીઅર—હોસેજ તો પાનસો હજાર રૂપીઆ."

"પાનસો હજાર રૂપીઆ! તમે કંઇ ચરી ગીઆછ? તમે તો કેહતાતાની કે એને મોટો ફાળો મળવાનો છે?"

"નહી, હું તો કંઇ જાણતો નહી મને તો એમ યાદ છે કે તે કંઈ બાહારથી ખબર કાહારી તાહા જાણયું કે એના મામા પાસ પૈસા છે"

"હરવાયા તમે—ચીતલ પેહેરો ચીતલ"

"અઅઅ—ઓઓઓ—આજે અગુઠાએ ઘણું જોર પકરયું છ—અઅઅ—"

"બરી ગીઓ તમારો અંગોઠો. હુ કેહુંછ તે સાંભરો. કોહોલાના હીરાબાઈ પાસે હુ એ બાબદ વાત કરવા ગેઈતી તાહા—

"સા બાબદ માઈ ડીઅર? મારા અંગોઠા બાબદ?"

"તારે ચાલી જાઉં? તમારે નહી સાંભરવું તો ખરી ખખારીને ના કેહો."

"નહી—નહીં—બોલ બોલ—પછી પછી?"

"તારે હીરાબાઇએ મને કહ્યુ કે એ મુવા ફુકતાને તો સારો ફાળો મળવાનો છે ને હમણાજ મને ખબર પડીછ કે એની પાસે તો ઝેર ખાવાની અરધી નથી"

હવે બાપુજી આગળ આવ્યો.

"ને વારૂં—નથી તો શું થયુ? માયજી સવારના પોહોરમાં તમે નકામો કાય કજીઓ વેચતો લેઓછ?"

"ચુપ રેહ, તુંને કોણ વચમા તાપસી પુરવા કેહેછ. એ બધો વાક તારો ને તારા બાપનો છે. તું એનો પગ ઘેરમા ઘાલતે નહી તો આટલી પચાતી થતે નહી! પેલી ભઇઆ મુઈ હીરાનોબી હુ ચોટલો ધરીને રોરૂંછ, કોણ જાણે કીઆ ભવની દુશમન હોશે તે મને જાણી-જોઇને ઠગી કે એની પાસે તો ઘણા પૈસા છે. આપરે જાણીયું કે ચાલ છોકરી ગોઠવાઈ ગેઈ તેથી મુવાને આહીં આવતો જતો કીધો ને એને ખાતર તો કેવા ઘેર બેઠઠા જી ભરૂં ફકીરજી ઘેર પુછતા આયા તેનાનને ના કહ્યુ એ મરે મુવો આવતો ને જતો—મુવો ભીખારી"

"માયજી, વાહ વાહ—હવે તમારી આંખ ઉંઘરી. ફકીરજી મુવો—ભીખારી! વાહ વાહ! તમે તમારે મોહોનેજ બોલોછ તો ઠીક છે."

"અરે ઓવારી નાખુંરે એવા સો બાટલી કાટલીવારા ને ફકીરજીની ઉપરથી હું તો મુવા પેલા મચીને વરે કેહુ છ.'

"માયજી સાભરી લેઓ આએ મચી નારો દોસ્ત છે ને તમારી ખાસ પરવાનગીથી તમે પોતે છજન કીધુછ તારે તમારે ઘેર આયોછ. હુ તમુને સાફ કેહુંછ કે જો તમે એને કોઈબી રીતે અપમાન આપશો નો હું બધા લોકની વચમા આએ વાહરીઆ ફકીરજીને લાત મારીને બગલામાથી બાહાર કહારશ જો તમરી ખુશીઆરીમા રેહજો"

અહી કાહા પાલનજીની કમબખ્તી લાગી કે વચમા બોલ્યાઃ—'મારો દીકરો બાપુ તે બાપુજ છે હ —કેવી વરતર—

'પાલનજી —મારો જીવ ફરેછ—અહહહ—હ—હ—મને અહર લઇ જાએ મયો દીકરા જગો તે એવાજ જાણુંજો એ ખોદાય, ગાહેંતમ અન ... '

પાલનજી જોયછ કે કાલનો દુકાળ આજે પડશે એટલે સુનામાયને ટેકો આપીને ઉઠાડયાં અને બાપુને છુપી આખ મારીને બોલ્યા—

"કેમરે, છેક ફાસ ચાલ્યો કે? જોતો નહી કે તારી માયના જીવને સારૂ નથી?"

ધણી ધણીઆણી અહ—અહ-કરતા બંગલામા ચાલ્યાં કે બાપુ બાજઠ ઉપર બેસી હસવા લાગ્યો. એવામાં તળે ભરાયલો ટોબી બાહાર નીકળી આવ્યો અને બાપુના હાથમાં પોતાનું ડાચું મુકયુ

હલ્લો ટોબી કાકા, તમે અહી ભરાયાછ કે? બચ્ચા તારા શેઠની તરફથી બધુ સાંભરેછ કે? ટોબી તું જઇને પેલા કરકટી ફકીરજીના ટેટાંમા એક ડાપું ભરે—પણ મારા વાહાલાના ટેટાજ કાઇ બચીઆંછ -પગમાં તણ દાંતની નીશાની મુકી આવે તો તુને મારો દીકરો કરૂ."

આ પળથી બંગલામા બધુ સુમસામ થઇ ગીઉ બાપુએ જેલાબ જે આપ્યો હતો તેથી સુનામાય બાહા-રથી તો કાઇ બોલી શકયા નહીં પણ એવા લચકાઇ જાય તેવા ડાચાં કીધા કે ચતુર મંચી ચેતી ગીઓ. સાંજના ફરવા જવાની મેડરીએ રજા માગી તો ના. ગાવાની ના, વજાડવાની ના. આખરે મચીથી રહેવાણુ નહી એટલે બાપુથી ખોલાસો ચાહયો

"એ છે શું? મને કઈ સમજ નહી પડતી. ચાર પાચ દાહાડાપર તો મારી ઉપરથી ઘરૂ પરૂ થતાતાં ને હમણા તો મને જોયછ તાહાથી પીઠ ફેરવીને બેસેછ. મેં શુ કીધુ?"

"તે એ કીધું કે તું ગરીબ છે" બાપુ ઘણો ખફા થઇને બોલ્યો.

"પણ મેં કે દાહાડે કહયુ તુ કે હું પૈસાદાર છેઉં?"

"તેં નહી કહયું પણ કોઇ બીજાએ એવી ખબર આપી હોશે."

"પણ કોણ?"

"તે હું નહીં જાણુનો—પણ મચી તારી ખુબ હુશીઆરીમા રહેજે, નહીં તો ડોસી તુંને હાથ તાલી આપશે."

"નહીં આપે જો કે અમારી વચ્ચે કાઇ ક્રિયા થઇ નથી પણ તારી બેહને પોતાનું વચન મને આપેલું છે ને જાંહા સુધી હુ જાણુંછ તાહા સુધી તે પોતાનો જીવ જાય તોબી વચન તોડે તેવી નથી."

રાતના મચીએ ટેબલપર જાહેર કીધું કે પુનામા તેના બાપ સીક હોવાથી તે સવારના પોહોરમા ઉપડી જશે.

સુનામાય તો ખુશ થઇ ગીયા કે ચાલો ટાઢા પાણીએ કાસર પતી તેવાણ જુઠો જુઠો કાંગલો સાદ કાહાડીને બોલ્યાં:—

"ખદાય સઉનું સારૂ કરે. જાઓ બા—વહેલા જાઓ—બચારા તેવાણુ કોણુ જાણે કેમ હેરાન હોશે. માય, મેહરા ચાલો હવે પોહોરી જાઓ આજે બપોરથી તારૂ દીલ ઉનું ઉનુ લાગેછ. ચાલો."

એમ કરીને સીફતથી ડોસાએ મેહરાંને સુવા મોકલી દીધી અને સવારના પોહોરમાં રખે મચી અને મેહરાં વચ્ચે મેળાપ થાય તે અટકાવવા સારૂં ચાર વાગામાથી ઉઠીને મેહરાના ઓરડામાં આવીને બેઠાં ને તેને ઓરડાની બહાર જવા દીવી નહીં બચારો મચી, છેલ્લી શેકહેન્ડ કરવાની આશામા ને આશામા વાર જોઈ જોઇને

ટટુપર સવાર થઇને બંગલામાંથી નીકળી ચાલ્યો તે સારી પેઠે જાણુતો હતો કે જયા સુધી આ ફકીરજી ત્યાં ભરાયલો છે ત્યાં સુધી આ બંગલામાં પાછા પગ મુકવાની તેની આશા ખોટી.

પ્રકરણ—૬ ઠુ.

આપણુ આખ્ખુ હાઉસન ગાઉસન પાછું મુબઈ આવેલું સમજવુ. માથેરાનની સેલઘા તો તમામ થઈ અને સુનામાયનું સઘળુ ધક ધ્યાન મેહરાનું માથુ કાપી નાખવામા—લખતા ચુકયો—માથું ધોઇ નાખવામા ગુતાયુ હતું.

એક જુવાન બાનુના ખાનગી સુવાના ઓરડામાં દાખલ થવાનો કોઇને હક નથી પણુ કથાનો લખનાર નકકર દેવાલમાંથી પણુ આરપાર જોવાની શકતી ધરાવે છે. ત્યારે આપણે મેહરાના ઓરડામા નજર કરીએ. સાંજના ચાર વાગાનો અમલ હતો અને મેહરાં મોટી આખાં કદની આરસી આગળ બેસી પોતાના બાલ કરાવતી હતી. આહાહા! શું તે બાલનો ભાથરો હુ ઘણી વાર અચરત થયો છું કે પારસી નાઝનીનો પોતાના ગજ ગજ લાંબા બાલને જયારે વીંટાળી ગુંટાળીને ચાર બીલ્લસના માથુબાનામાં છુપાવવાની આટલી તસ્દી લે છે ત્યારે મોટા બાલ રાખવાની કાળજી કાયે કરતાં હશે? અંબોડો મોટો અને ભરાવ-

હાર દેખાડવો હોય તો માંહે કુચો ઘાલવાથીબી તે મતલબ સરે. આ પ્રમાણે છે તે છતા બાલ હોરતા એમની એમ જટની જટ નીખીઆ બ્રશ ઉપર નીકળી આવે તારે લોહી કાં જળાવતા હુશે તે 'પ્રાબલમ' હજુ કુ સમજી શકયો નથી.

અરે યારો, મેહરચંના બાલનુ શું વર્ણન કરૂ ? આ વાળ અજબ ઘેરા સોનેરી રંગના હતા અને કુદરતીજ એટલી કરચલી વળેલી હતી કે બ્રશને મચક આપવાની સાફ ના પાડતા. જયારે આ બાલ છોડીને ઝુલતા ત્યારે છેક લોંયે લાગતા હતા અને વીખેરાઇને ખાસ્સો પોણા ગજનો પોહોળો પસારો થતો હતો કુદરતે ગોયા તેણીના ગોળ ગોરાં રૂખસાર અને બરફ સરખી ગરદન ઉપર જાણે આ સોનેરી છાયો કીધો હતો.

વાંચનાર તું મારી સાથે આવ અને આ ઉભી આરસીમાં જો કે તુંને શું દેખાય છે. કીરમજી સાડી પહેરેલી, સોડ નાખી દીધેલી, છુટા બાલવાળી, ઉઘાડા પગે બેઠેલી, માંજરી આખવાળી એક અતી મનમોહવન કન્યા તું તેમા જોશે પણ અફસોસ, આ માજરી આંખમાં ચીતા અને દલગીરીએ ઘર કીધેલું જોઈ તારો જીવ જળશે.

અલબતે પાલણજીના પૈસા પ્રમાણે અને મેહેરીના તેસ્ટ પ્રમાણે આ નાનકડા ઓરડાની શોભામાં મના ન હતી જગેજગ ફુલાવર વાઝોમા ફુલો ખોસેલાં હતા

અને ઓરડાને તેમની લપટથી ભરી નાખતા હતા પણ આ સવળા પીકચરનુ ખરૂ જીવતુ ફુલ ગમગીનીમા કરમાઈ ગયુ હતુ. એક જુવાન જમાન સ્ત્રી આરસી સામે બેસીને પોતાની આયા હાથા પાસે બાલ હોરાવે તેમા નવુ શુ છે પણ આ વાર નવાઈ એ હતી કે મેહેરાંની નજર આરસીના કાચ તરફ છતા તે પોતાને જોઈ શકતી ન હતી તે આરસીના કાચમા તેને મનચેરજી બાટલીવાળો દેખાતો હતો. તે ડોકુ નીચુ રાખીને પોતાના બાલ હોરાવતી પણ નીખ્યાનું ખેંચાણુ તાણુનુ તેણીને ભાન ન હતુ. હવે બાઇ ઉપરથી આયા ઉપર નજર કરીએ ફરાંસીસ જયારે નાહાની ૭ વરસની હતી ત્યારથી પાલનજીના ઘેરમાં આવી રહી હતી. તેની મા અસલ ગોઆની પણ બાપ લીસબનનો હતો એટલે ફરાંસીસ નરી પારસણુ જેવી ઘઉંલા વાર્ણની, મજેની ઘટમદાર અને ફક્ત અઢાર વર્ષની હતી. મેહરા ઉપર તેનો અત્યંત પ્યાર હતો અને મેહરા તેનેબી પોતાના એક બચ્ચા દાખલ પાળતી હતી ફરાંસીસ વીશ્વાસુ, હસતી, દેખાવડી, જવાન અને અંગે ઘણીજ સુઘડ હતી મેહરાની મેહેરબાનીથી તે હમેશ પગમા સલીપર વગર ફરતી નહી આ બાઇઆઇનું જોડું જોવાજોગ હતુ.

પણ શુ છે? ફરાંસીસ બાલ હોરતી જાય છે અને પોતાની આખમાથી આસુનાં ટીપાં શેઠાણીના બાલ ઉપર અવારનવાર નાખ્તી જાય છે તેનુ કારણુ

શુ ? ફ્રરાસીસનું નાક લાલ થઈ આવેલું છે અને તે અવારનવાર ડચકા ખાય છે. પણ મેહેરાંનું ધ્યાંન તેપર નથી. તે ફક્ત એક પથરનાં 'સ્ટાચ્યુ 'ની પેઠે ખુરસી ઉપર સજજડ થઇને બેસી રહી છે. આ સઘળા નાટકનો ભેદ સમજાવવાની જરૂર ન હશે. ફ્કીરજીને પોતાનાં જમાઈ કરવાનો ઠરાવ સુનામાયે બાહાર પાડયો છે અને તેની ગમગીનીમાં મેહરાં ગીરફ્તાર છે અને તેનીજ ગમગીનીમાં ફરાસીસ પોતાની વાહાલી બાઇ તરફથી જીવ બાળે છે.

પણ ગમે એટલો જીવ બાળો કે ભવ બાળો, માથું હોરવાનુ કાઇ સદા ચાલવાનું નથી.

"બાઇજી," ફરાસીસ હળવેથી બોલી "ઘણુ અવારૂ થઈ ગીયું તમે ફરવા જવા તૈયાર નહી થશો તો મોટા બાઈ વરી ગુસ્સો કરશે."

મોટા બાઈનું નામ સાભરતાંજ મેહરી ઉઠી અને ઝપાટામાં સાડી સજીને પાંચ મીનીટમાં નીચે ઉતરી પડી. માયજી ઘરણુના ખાધણીઆની કાની વરડા ઉપર બેઠેલા હતાં."

"મેહરાં, એ નવે હાહારે તે શું નવા હોગ માંડીઆછ? હું કયારની ખોટી થાઉંછ ને તુ શું ઓરડામાં ગોતા ખાયા કરતીતી?"

"પણ માયજી હજુર આરી કાંહાં આવીછ ?"

"તેનું શું થયું. જલદીથી કપડાં પહેરીને ઉતરી આવ્યે કેની? વારૂં જુઓ—ફરવા જઇએ તાંહાં પેલો મુવો મળે કેની, ને ડાકું કરે તો પાછું ડાકુ ના કરતી. કાલે બેનઈસિતાનપર એ ગારી આગરથી પાસ થઇ ગીઓ તારે તે ડાકું કીધું તે મે જોયું ને પછી પછ-વારેથીજ જીમરૂ ફકીરજી ચાલી ગીઆ તારે તું પીઠ ફેરવીને બેઠી"

"પણ માયજી—"

"બસ–બસ–તમે બચ્ચા એ વાતમા નહીં સમજો જેમ હું કેહું તેમ કરવાનુ."

આટલી તાકીદ પુરી થઇ એવામાં ગાડી આવી અને મા દીકરી ફરવા સીધારયાં પાલવા બંદર ઉપર તેમની ગાડી જઇ ઉભી કે દુરથી મચી આવતો જણાયો. તેની નજર સુનામાય સાથ એક થતા તેણે નમીને સલામ કીધી પણ સુનામાય તો છણકો કરીને ફરી બેઠાં. તેણે બીજીવાર મેહરાંને ડાકું કીધુ પણ મેહરાએ તેનો ઉતર ફકત આંખોથી આપ્યો. આહા! શુ આ આખની ગમગીની શુ આ નજરની નાસીપાસી. મેહરીએ જરાબી ડાકુ હલવ્યું નહી, જરાબી હોઠ ફડકાવ્યા નહી પણ તેની આંખોએ પ્યારા મચીને ટેલીગ્રાફ્ સોગનલ પહોચાડી દીધી કે "હુ નાચાર છેઉ—કેદી છેઉં-પણ બેવફા નથી."

પ્રકરણ—૭ મુ.

પાલવા બંદર ઉપર મળેલી શીકસતથી બાહાદુર મંચીનો જીવ ખફા થયો પણ તે હીંમત હાર્યો નહી. તે લાગલો વારડન રોડ ઉપરના પાલનજીના બંગલા તરફ ધસ્યો જોઇએ તો ખરા કે મેહરા પોતાની માયના ધાકથી બેવફા થાયછ કે પોતાના હક માટે ઓસ્તવારી-થી ખડી રહેછ

તે સહવારના અગીયાર વાગે બંગલા આગળ આવી પુગો અને બાહારજ વીકટોરીયા ઉભી રાખીને પાઉપેયા હો ઓટલા ભણી ગયો તો શાપુરજી કારભારી તૈયારજ આડા ઉભેલા

મંચીને આવતાં જોઇ વગર પુછવે પરછવે તેવણ બોલી ઉઠયા

"શેઠ ઘેરમા કોઇ નથી."

"એમ કે? શાપુરજી, મેહેરબાની કરી એ પાછા ફરે તારે જરા કેહજોની કે હું આવી ગીઓ."

"વારૂં સાહેબ"

મંચી ખપો હતો. તે લાગ જોઈને બપોરના ત્રણ વાગે પાછો ગીઓ તો વળી પાછા શાપુરજી બારણામ તૈયારજ ઉભેલા.

"કોઇ ઘેરમાં નથીજી."

થીંતા નહી બે દહાડા વચમા ગાળો નાખીને તે ચોથે દાહાડે રાતના આઠ વાગે અચણુચ જઈ ઉભો તો પાછો તેનો તેજ જવાબ અલબતે શુ જવાબ મળશે તે મચી તો જાણુતોજ હતો પણ હવે તેનો મીજાજ ચસકવા માંડયો. બચ્ચા મંચી—ખુબ હુશીયારીથી કામ લેવું છે. એણીમેર ચાર આંખનાં સુનામાથ છે

બીજે દીને સહવારના મંચીએ વળી પાછું વારડન રોડ તરફ ચાલુ મુકયું. આ વાર તે ચાલતોજ ગયો. પછવાડે પછવાડે ટોળી આવતો હતો. અલબતે શાપુરજી વરંડા ઉપર તૈયારજ હતા.

"હજી ઘેરમાં કોઈ નથી."

"તે હું સારીકાની જાણુ છ." એમ બોલી મંચીએ કોરબારીના હાથમાં રૂપીઆ દસની નોટ સેરવી દીધી. શાપુરજીઆએ આસમાન ગમ ડોળા કીધા, છીંકીઆ, ડાંસીઆ, કાસીઆ ને નોટ ગપ દેતી ખીસામાં સેરવી દીધી.

"શાપુરજી" મચી બોલ્યો "હુ જાણું છ કે એમાં તમારો કશો કસુર નથી પણ એમ કરવાનું કારણ શું?"

શાપુરજીએ આસપાસ નજર કીધી અને પછી નાક ઉપર આગળું મુકીને હળવેથી બોલ્યા:—"મોટાંબાઇએ બધાને હુકમ કહાડયોછ કે તમુને ઘરમાં આવવા દેવા નહી ને કોઇએ રસતામાં વાત કરવી નહી."

"એમ છે કે? ઠીક છે. જોઇશું ચાલો સાહેબજી." આમ બોલાસો મેળવી મંચીએ ચાલવા માડયું. પણ

તેનો જબરો કુત્રો ટોબી કાંહાં છે? તે તો પોતાના શેઠની અને શાપુરની નજર ચુકાવીને બંગલામાં ઘુસી ગયો હતો. નાસતો તુરતનોજ ખલાસ થયલો એટલે ટેબલ તરેહવાર મીશટાનોથી છલછલ હજુ ભરેલીજ હતી. વધેલુ સઘળુ બધું સાઈડ બોર્ડ ઉપર મુકી છાણેલું હતુ. ટોબી ટેબલની તળે ભરાયો એવામાં પાલનજી શેઠ હીહી કરતા હળવેથી દાખલ થયા અને આસપાસ નજર ફેંકીને બે ચાર કાત્રી 'હેમ,' બે ત્રણ કટલેસ ઉપાડીને એક કાગલમાં લપેટીને ખીસામાં મારયું અને ઝડપમા વાઈનની ડીકાનડર ઉપાડીને ટાંસ મારવા જાય છે એવામાં ટોબીએ પોતાનું નાક તેવણુના હાથને લગાડયું એટલે ઘેરના શેઠ તીર વાગે તેમ ચમકયા.

"અહં—અહ—શાપુર—હું તો જરા—એ કોણ? ટોબી? ઓ તારો ધરતો મરેરે—મને કેવો બીહીવારીઓ—હું તો જાણું કે શાપુર આવી લાગો."

પાલનજી ખીસામા ગજખ છુપાવીને બહાર જતા હતા તેટલા વીચાર આવ્યો કે બચારા કુતરાનેબી એવાજ વાખા પડતા હશે એટલે બે કટલેસ પ્લેટમાંથી લઈને ઉરાડયા. હવામાં અધ્ધર નવાલા ઝીલી લઈને પેટમા ઉતારી દેતા કેટલો વાર. જાણે કુહનાનની ગોળી ગળીએ તેમ ગપ દેતી મોહમા મુકી કે ટપ દેતી નળીમાં ઉતરી ગેઈ ને મોહોડું તો બધનું બંધ. એજ પ્રમાણે ટોબીએ કટલેસ અંધારી કોઠડીમાં કોમાવી

હીધો અને જીભ હલાવતો બીજાની વાટ જોતો ઉભો. પાલનજી બોલ્યાઃ—

"નહી—ટોબી, હવે બસ—તન મેં લીધા ને બે તું ચપાટી ગીઓ. હવે બીજા લઈએ તો પકરાઈ જઇયે ચાલ હવે બસ."

આટલું બોલી પાલનજી ત્યાથી સટ્ટી ગયા કે ટોબી લાગલો 'હાલ'માં ગયો જયા મેહરાં એકલી પોતાના હાથપર માથું ટેકવીને ગમગીન બેઠી હતી.

ટોબીએ હળવેથી પોતાનુ મોહ તેના હાથ ઉપર મુકયુ એટલે તે ચમકીને જોયછ તો મંચીનો કુત્રો! મેહરીએ તુરત તેને પાસે લીધો અને ઘણું વહાલ કરીને બોલી "ઓ ટોબી ટોબી, તુ અહીં કાંહાંથી આયો? તારો શેઠ કાંહાં છે? ઓ ટોબી, હું ઘણી દુ.ખી છઉં."

ટોબી જાણે આ બધું સમજતો હોય અને મેહરાંના દુઃખમા ભાગ લેતો હોય તેમ આંખ ચુંચી કરીને ઉભો રહયો. એકાએક મેહરાના મનમા એક નવો ખ્યાલ ઉભો થયો. તે પહેલા તો અચકી પણ પછી તુરત ટેબલ આગળ જઇ એક કાગલની કાપલી ઉપર લખવા બેઠી. લખુ કે નહીં લખુ—લખું કે નહી લખું—રખે કોઈના હાથમા જાય ને ફ્રેસ્તો થાય. રખે મચી નાખુશ થાય. એ મને બેવફા સમજતો તો નહીં હોય! તેની ખાત્રી કરવા એક લાઈન તેના હાથમાં જાય તો બસ છે.

મેહરાએ પેલી લખેલી ચીઠીની ઝીણી બી ડરી વાળા અને તેને ટોબીના કાલર સાથ બાંધવા સારૂં કાંઇ સુતળીનો ટુકડો શોધતી હતી એવામા કાસતા કરાગતા સુનામાય દાદરપર ચહડતા સંભળાયા

મેહરી મન સાથ ઘભરાઈ "ઓ માયરે, હવે કેમ કરૂં. કુત્રાને જોશે તો એવણ તો કોણ જાણે કેવા રન પાડશે."

પણ ટોબી એવો પક્કો હતો કે સુનામાયનાં પગલાં સાંભળતાંજ સોફા કોચની તળે ચી ગો થઇને ભરાઈ રહયો.

"મેહરાં—મેહરાં—"

"કાંય માયજી, હુ અહી છેઉં."

"ત્યારની શું કરેછ?"

"કંઇબી નહી—અમથી બેઠીછ"

"મે તુંને કાલ ખરી ખખારીને કહયુ તુ કે ફકીરજી સાથ બરાબર મન મુકીને વાત કરજે પણ તેં કાલે એવણને પાલવા બદરપર બરાબર કોઠુંબી આપીયું નહીં તે શું તું મરવાની થઈછ કે?"

"માયજી—"

"ચુપ રેહ—એમ બરાપા બરાપાએ સુના જેવુ મોહોનુંબી કજરાવી નાખશે ને આએ જરા આળપર બેઠું છે તેબી જતુ રેહશે. હું હમણાં તો બાહાર જાઉંછ ને જો ફકીરજી આવે તો તેવણને બેસારજે ને

બરાબર વાત વગત કરજો પેલા મુવા મંચીનું તો નામનીશાન આપરા ઘેરમાંથી બારી મુકયુંછ એટલે હવે આપરે બધું નકકી કરવુ જોઇયે."

"શુ માયજી—"

"હુ કેહુછ કે બસ—એવી વાતમા તમે લોક નહી સમજો-આપરા કરતા વરા નરા જે કરે તેજ આપુને કામનું—'

શેઠાણી આટલી શીખામણ દઇને પલ્યા કે મેહરા લાલ લાલ ચેહેરે પાછી સુતળો શોધવા ઉઠી એણી-મેર ટોબીબી સોફા તળેથી બહાર આવી જાણે પોસ્ટ લઈ જવા તેયાર હોય તેમ તતણખાર ઉભો.

સંભાળથી ચીઠીને નાહાની મઇ જેટલી વાળીને મેહરાંએ સુતળીથી ટોબીના કાલર સાથે બાધી અને તેનું માથુ પસવારીને બોલીઃ-

"મારા મચીના નીમકહલાલ સેવક, જા ને તારા શેઠને મારો આ તે દુઃખી પેગામ પહોંચાડ."

ટોબી જાણે સમજીઓ હોય તેમ ઉભી પુછડીએ તાહાથી નાઠો. બનાવ એવો બન્યો કે આ વાર સુના-માય ગાડીમા બેસતાંજ હતા પણ તેવણ એટલા પોતાના વીચારમાં ગુતાયલા હતા કે કુત્રાને બહાર નીકળતા જોયો નહીં.

ટોબી સરલોગ ચાલ્યો અને પોતાના શેઠના ઓર-ડામાં દાખલ થઇ ઘણી ઇંતેજારીથી પુછડી હલાવવા લાગ્યો.

"કેમ ટોબી કાકા, આજે ઘણાજ ખુશ મીજાજમાં છો? શું છે? ડારબીની સોરતી બીરતી લાગી કે?"

પણ ટોબી ધરીઓ ધરાય નહીં. તે આસપાસ નાચ કુદ કરીને વળી પાછો ઉ-ઉ-ઉ કરી પોતાનું બદન મંચીનાં હાથ સાથ ઘસે.

"પણ શું છે શુ? આજે એમ કેમ કરેછ—ઓહો-એ—આઓ શું? કાગળની કાપલી! વારે બચ્ચા ટોબી, તુંબી ઘણાં ઉંડાં પાણીમાં ફરેછ. એ કાંહાંથી લાયો?"

ધ્રુજતે હાથે મંચીએ સુતળી છોડી અને નીચે પ્રમાણે વાંચી:—

"હું ઘણી પશેમાન છેઉ પણ આએ પ્રમાણે કીધા સીવાય મારો ચારો રહયો નહી મને ચીઠી લખવાનો-બી હોકમ નથી. મને બેવફા સમજતો ના. હું સાચ્ચી છેઉં. પણ ઘણીજ નાચાર ને લાઈલાજ છેઉં"

મંચીએ ચીઠી ચાર પાંચ વાર વાચી જોઈ અને દશ બાર વાર આખમા ચાંપીને, પોતાની છાતી આગળના ખીસામાં મુકી.

"વાહરે મારા ટોબી, તુને દશ વરસની વાતપર પચીસ રૂપીએ એક નાના પપ તરીકે લીધો હતો પણ તેં તો આએ રકમ ચકરવૃધી વ્યાજ સાથે વાળી આપી, શાબાશ મારા દીકરા-મેહેરાં, મારા જાન-હુ તને બેવફા સમજું? કધુ નહીં. તું મારી સાચ્ચી દેવી-હજાર વાર સાચ્ચી. શેઠાણી સુનામાય, સભાલો. તમે છેડતી શોધી

છે તો પછી હુંબી દાવપેચ રમુ તો તમુને ફર્યાદ કરવાનું કારણ રહેશે નહીં. તમે મારી સાથ દગો રમીને વળી ઉપરથી મને હરધુત કીધાછ તો હવે આવી જાઓ લડાઈના મેદાનમાં. મારી મેહરાને જો સીધે સીધી નહીં આપશો તો પછી વાંકી રીતેબી હું લેવાનો ને ફર લેવાનો "

આ પ્રમાણે વીચાર કરતો મંચી બહુજ ઉશકેરાયલી હાલતમા ઓરડામાં આમથી તેમ ફરયો.

"બસ હવે મારૂ માથુ ફરી ગીયુંછ મેહેરી જો મારી થવા નહીં પામે તો હું જીવ કહાડી નાખું. પેલા પેંગા ફકીરજીનો જીવ લેઉ એ દાહાડે વાહારેની છે. એનો બાપ તો બચારો ઓદાની છે ને કાંઇ ચાલતું નથી. બાપુ મારી તરફનો છે પણ પેલી એની જુલમગાર માય! આહાહા! હુંબી તો ખરો કે એ રાડ ડાકણુને લોહોડાના ચણા ચવાડુ. હું હવે ધરીઓ ધરાવાનો નથી. લાજ શરમ ગેઇ લંકે. ઈનસાફ ગીયો જાહાનમમા હવે તો સુનામાય અને મારા વચ્ચે જંગ જાગયુંછ. કેમ પોરેઆ ટોબી, તું મારી અરાસે ઉભો રહેશે કેની? અરે હારે મારા દોસ્ત, તું પુછડું હીલવીને મને હીંમત આપેછ તે હુ બધું સમજીઓ. જરા થોભ—ટોબી–તારૂં તો ઘણુ કામ છે."

પ્રકરણ—૮ મુ.

મંચી બાટલીવાળો ગમે એવો મેહરાં ઉપર જીપલાં નાખતો હતો, ગમે એવો ઉદાસ હતો, કહો એટલો મક્કમ ઠરાવનો હતો પણ જાતે સાચ્ચો હતો. કોઇબી રીતના કાવાદાવા તેને પસંદ નહી હતા તેણે ઘણીવાર આબરૂ ઈજ્જતથી પાલનજીના બંગલામા મુલાકાત લેવાની તજવીજ કીધી પણ તેને દાખલ કરવામા આવ્યો નહીં. બેંડસ્ટાંડ ઉપર અવારનવાર ચીનાઇવાળાઓની ગાડી મળે ત્યારે તેણે ડોકું નમાવીને સલામ કરવાની તજવીજ કીધી પણ જ્યારેબી તે સાંપથી આવતો જણાય ત્યારે અભાગ્યાં સુનામાય પીઠ ફેરવી નાખે અને મેહરા આંખે રૂમાલ ઢાંકે. ગાડી આગળ ફકીરજી ઘુમલા જ્યારે હોય ત્યારે ડમકતા ફરે એવો મામલો જોઈ મંચીની ધીરજ ખુટી. તેણે હવે ઠરાવ કીધો કે વાકી આગળી વગર ઘી નીકળવાનુ નથી

પણ બીજીમેર મેહરાની હાલહવાલીનુ વર્ણન કરવું મુશકેલ છે. એક દહાડે સવારના પોહોરમા મારતી ગાડીએ નોકર ડાકટર એદલજીને બોલાવવા આવ્યો કે મેહેરબાઇની તબીયત ઘણી બગડેલી ચાલેછ તેથી બાઈએ કહેવાડીઉંછ કે જેમ બને તેમ જલદીથી આવવુ. આપરે આગળ જોઈ ગયા છીયે કે ડાકટર એદલજી બડા ચતુર હતા. તેવણ સુનામાયની ધાંધલ અને મેહરાંની બીમારી સારી પેઠે સમજતા હતા તેથી ધીરે રહીને પોતાનુ

બધું કામ ખલાસ કરીને બપોરના હોઢ વાગતે નેપી-અનસી રોડ ઉપર જઇ પહોચ્યા. કોણ જાણે કેવીએક આફત આવી હોય તેમ સુનામાએ એક ગજ ડાચું લાંબું કીધું હતુ. મેહરા બેગાર જીવે હોલમા બેઠી હતી. ડાક્ટરે હસીને તેનો હાથ પકડી પુછ્યું.

"કેમ દીકરી, શું છે? એમ કાય?"

મેહરાં બચારી શું જવાબ આપે. ડાક્ટરે નાડ જોઇ, જીભ તપાસી અને પછી લાટીન ભાશામાં નીચલું પ્રીસ-ક્રીપશન લખી આપ્યું:—

સાદુ પાણી ૭ ઔસ
ગોલાબનુ પાણી ૦૫ ઔસ.
આદુનો અરક બે ટીપાં.

હર ત્રણુ ત્રણુ કલાકે અરધું ગલાસ પીવું

સુનામાયનું મન મનાવા આ ઓમદુ ગોમદું લખી આપી ડાક્ટર વાતે બેઠા.

"બેન સુનામાય, આએ દવા હુમણા તો આપજો. પણુ એનાં મનને જરા આસાએશ મળશે તો એ પાછી ટટાર થઈ જશે."

કોણ જાણે કેવીએક મહાભારત બીમારી હોય અને દવાને જો આવતાં વાર લાગે તો કોણુ જાણે શુંની શું ખાનેખરાબી થઈ જવાની હોય તેમ સુનામાએ લાગલી ગાડી જોડાવી અને દવા લાવવા બબે માણુસ દોડાવ્યાં.

અલબતે વાંચનારે તો જોયુ હશે કે ચમચી ભરીને ગોલાબનું સરબત અને પાણી સીવાય આ દવામાં બીજું કાંઈ હતું નહી. પણ ઘણીક સુનામાયો એવી આવે છે કે જેઓને આ પ્રમાણે હંબગ નહીં કરે તો ડાકટરનો ટાંટીયો ઘરમાથી જાય. પરવરદેગાર લાટીન ભાશાને સલામત રાખે કારણ કે અણુઘડો આગળ "પાણી" ને બદલે "એકવા પ્યુરા" લખ્યાથી હજાર દુધના ઘડા ધોળાતા બચી જાય છે.

"ડાકટર, તમે તો એમજ તમારી મમાઈ બપાઇના નરીજન ગારી નાંખશો. મનની આસાએશ? તો મેહરીને શું છે? ખાયછ, પીએછ, ફરવા જાયછ? જાહાં છે તાંહા એને વાઇનું જોર છે. ડાકટર એને પીપરીમુરના ગાંઠનો કાહવો પાઉં?"

"અરે નહીં નહીં—તમે એને છેડ છેડ ના કરો. એ તો જરા ફરશે હરશે એટલે હુશીઆર થઈ જશે."

"પણ એમ આંખ પાણી ભરીને અમારા શીના સોરવેછ તેનું કંઈ નહીં કે? જીભરૂ ફકીરજી મહર્દ જેવા ઉજરા વાખ જેવા થઈ ગીઆછ."

"ફકીરજી? તેવાણુને એ વાતમાં શું લાગેવળગે?" ડાકટરે ભવાં ચહડાવી પુછ્યુ.

"ઓ વાય, તમેબી ડોરા ના બારો. તમેબી જાણતાજ નહીં કે."

આ વખતે મેહરા છણકો કરીને ઉઠી અને પોતાની માતા ઉપર આવડા આવડા ડોળા કકડાવીને ઓરડા-માંથી ચાલી ગઈ.

સુનામાય બોલ્યા "જોયુ કેની ડાકટર, આજની છોકરીઓના ઢંગ. જોજો, એને જાંહાં છે તાંહાં કરમનું જોર છે બે તોલા હીમજી હરડે ને ચમટી ભરીને સંગજીરૂ ને—

"બસ સુનામાય, તમે એમ બધાં ડાકટર થશો તો અમારા પેટપર લાત પરશે. તમારો તો જમવાનો વખત થયો હશે. આપરેબી કરકા છેએ."

"તારે તો અહીજ બેસી જાઓની"

ચોકસ મતલબને ખાતર ડાકટરનેબી તેવુજ જોઇતુ હતું એટલે હા પાડી. એવામા ખોડંગતા ખોડગતા પાલનજીબા આવી લાગ્યા.

"ઓહો, ડાકટર, વરી મારા પગને સારૂં આયા કે?"

"નહીં, આજે તો વરી કઇ બીજીજ વાત છે"

અત્રે સુનામાયે તાપશી પુરી. "ડાકટર, વરી એવણુનો બે બોલ ખરી ખંખારીને કેહો. રાતના ઘણુ બી ના કેહુ છ તોબી બે તણુ રોટલી ખાયછ. મે કેટલી વખત કહયું કે સારી જેવી સાણુચોખાની કાજી કરાવી મંગાઉ તો બચાંની કાની રૂસાઇ જાયછ. કાજી કેવી મજાની, પેટમાં તાહારક પરે ને પગપરનું જોરબી ઓછુ થાય."

"અરે ડાકટર, તમે કાંહાં ભુતના મોહોનામાં હારકું આપ્યું. તમે જરા પહરેજી કરવા કેહી તો આએ ઘેરમાં હુ તો ભુખે મરી ચાલીઓ હું તો જાણું કે પહરેજી એટલે જરા તરેલા પપેટા ને જરા તરેલાં કરાંપર ઇઇાં ને બે તાણ બાફેલા ભીડા ને એકુ પીલાંનો પગ હોશે તો જેમ તેમ ચલાવી લઇશું, પણ આંહી તો કાંજી કાજી ને કાંજીનો રોદરો રરાયછ તારે મારો જીવ સુગાયછ. મને કઇ નથી પણ ખાધા પીધા વગાર બધુ લોહી પાતળુ થઈ ગીઉંછ"

"હા તમારા ગાલના રંગપરથી એમજ લાગેછ પાલણજી શેઠ, ચાલો હમણા મારી સાથે ખાણાપર આવો ને મારી દેખરેખ તળે જરા ખાશો તો હરકત નથી."

ડાકટરની આ રજા મળવાથી પાલનજી મગાન થતા જમવાની ટેબલ ઉપર બીરાજ્યા. બાપુ અને ગુલાંબી કોઇ પછવાડેના ઓરડામાથી નીકળી આવ્યા અને મેહેરાંબી ઠીકઠાક થઇને આવી બેઠી.

પાલનજીએ વાત છેડી. "હુ નાહાનો ઉતો કેની, તે એક વખતે—

"પાલનજી, હે ચાલો બસ આએ વાત તમે એક હજાર વખત કીધી હોશે." સુનામાએ શરૂઆતમાંજ ડામ દીધો

"એમ કે? માઇ ડીઅર મને તો યાદ નથી. ડાકટર એક ચમચી બરાડીન લેવુ તો કઇ અડચણ છે?"

"નહીં—જરા લેશો તો કંઈ નહીં. લાવો હું મારે હાથેજ નામી આપું. કોણુ છે? શાપુર જરા બરાડીની ડીકાનડર, સોડા ને આઈસ લાવ."

ડાક્ટરે ડીકાનડર લાવીને ખાસ્સો બે ગલાસ જેટલો બરાંડી ભરયો અને સોડાથી તબલર ભરી કહાડયું. સુનામાયના તો ડોળા ઉપર ચહડી ગયા અને પાલનજીથી હસાઇ હસાઈ જવાય એટલે મેહરાંને ટેબલની તળે ગીલી ઘાલવા લાગ્યા. પણુ સુનામાયથી રહેવાયુ નહી.

"ડાક્ટર શું કરોછ? બરાંડીન ઘણો છે."

"છટ, શાનો ઘણો. કોઇ કોઈ વખત એવી બીમારીમાં બરાંડીન ફાયદો કરેછ. લેઓ પાલનજી, આખ મીચીને પી જાઓ. જો એક ટીપુ બાકી રહયુંછ તો નેતર લાવશ."

પાલનજીબાને બે વખત કહેવું શુ કરવા પડે. તેવણે ટંબલર ખાલી કરયુ અને હોઠ મટમટાવતા બેઠા એટલે બાપુ હસીને બોલ્યો

"માયજી, કેટલો બરાંડી બાવાને આપવાનો તે મેં આજે બરાબર જોઈ લીધુ છ. હવેથી હુંજ એવણુને રોજ બરાબર ભરી આપશ."

સુનામાય હોઠીનો ગોટ ગળીને બેસી રહયા. પાલનજીને બરાડીની નીશા ચહડવા માંડી હતી એટલે તેવણુ ખુબ મોજમાં હતા.

"આપરે છે તે ડાકટર, તમે પેલા જર્મન પાદરી, છે તે પેલા દાદાભાઇ મેહેતાના બંગલાની પાસે રહેછ તેની વાત સાભળી કે? હી–હી–હી–એનુ સત્યાનાશ થાય એનું, ઘણી મજાહ પડી."

"નહીં—તે શું?"

"એની છોકરીને કોઇ સાથે પરણાવા કાહારી તે પોરીને ગમયું નહીં ને બીજા સાથ જઇને અચણુચ પણુણી બેઠી. હી–હી–હી"

"પાલનજી—બસ–જોયું ડાકટર—આપો હજુર બીજો બરાંડીન."

"હી—હી—હી—પણ અરાર જો. મારો રૂમાલ હાલમાં વીસરી આયો."

સુનામાયે નોકરને હાક મારી પણ પાલનજી પોતેજ ઉઠયા.

"નહી નહીં—એ લોકને પાસે નહીં હુંજ જઇને લેઇ આઉં."

પાલનજી શું કામ આ પ્રમાણે ઉઠી ગયા હતા તે આપણે જોઇયે. નોકરોએ વધેલી ડીસો બહાર સાઇડ બોર્ડ ઉપર મુકી હતી. તેમા બે ચાર કટલેસ, અરધીક ડજન સમુસા વગેરે હતુ. કાન ધરીને પહેલા સાભળીને પાલનજીએ પોતાનો રૂમાલ કહાડયો અને બે કટલેસ અને બે સમુસા વીટાળી લીધા, એવામાં શાપુરનો સાદ

હાહર ઉપર સભળાયો કે લાગલો સઘળો ખજાનો શેઠે પોતાના ખીસામા હાબી દીધો એવામાં શાપુર આવી લાગ્યો. તે મન સાથ વમાસવા લાગ્યો કે "આએ કાકો વરી અહીં હુ કાકાં મારે એનુ નખોદ જાય એનું. એના ગજવામાથી હારકા ને છીછરાં કહારતો કહારતો ઐજાર થઈ ગીઓ."

"હી—હી—હી—શાપુર—એતો છે તે કેની—મારો રોમાલ વીસરી ગીઓતો તે લેવા આયોતો."

શાપુર બધુ જાણુતો હતો એટલે તયાથી મુગો મુગો ચાલી ગયો. બધાઓ ઉઠીને વરંડાપર ગયા તારે પાલનજી એકલા વીચાર કરેછ :—

"બધુ તો જેમ તેમ ચાલેછ, પણ પૈસા વગર કેમ કરૂં. સુનાઇ તો એક દોહોરીઆંને હાથ લગારવા દેતી નહીં. આપરે શું કરીયે ગુલા પાસેથી વરી પાછા ઉછીના લઇશું તારેજ તો. એ બચારી મારી કેવી કહર ખાયછ."

પાલનજી લથડતા પથડતા ગુલા આગળ ગયાં.

"ગુલાં—મને એક બીજા પાચ રૂપીઆ ઉછીના આપેછ, કાલે પાછા આપશ."

"હા માસાજી લેઓની, ડાકટર જાયને હું તમારા પોહોરવાના તકીઆની તરે મુકશ."

"મારી દીકરી કરૂં, હું તો માંગતે નહી પણ આએ તારી જુલમગાર માસી મને અરધી અરધી સારૂં ટવલાવેછ."

"કંઈ નહી માસાજી, મારી પાસે છે તે બધું તમારૂંજ છે કેની. લે ચાલો, ડાક્ટરબી જવા ઉઠયા"

બધા જણા વરંડાપર ભેગાં મળયા. ડાક્ટરે પોતાનો બનાતનો ડગલો ખુંટીપરથી કહાડયો અને બોંહ પેહરીને ખીસામાંથી રૂમાલ કહાડવા ગયા તો—ઓ આએ શું—રૂમાલમાં બે કટલેસ ને બે સમુસા વીટાળેલા!

"મરીઆ ઠાર" એમ મનસે બોલીને પાલનજી તો અગાસીના ખુણામા નાઠા ડાક્ટર હાથમા પેલું બોચકું પકડીને આઇગલાસ ચહડાવીને જોવા લાગ્યા. "જો આય શુ—બાપુ, આએ તારા કારેસતાન કે?"

"અરે નહીંરે ડાક્ટર" કરી હસવાનું નહીં થોભાવાથી બાપુબી ખસી ગયો

સુનામાયનો સ્ટીમ જબરો ચહડયો હતો. તેવણે શાપુરને બોલાવ્યો અને ડાક્ટરનું ખીસું સાફ કરાવયું. તેવણુના જવા પછી બધો મેળાવડો હાલમાં ભેગો થયો ત્યારે શેઠાણી ઉખડયા.

"પાલનજી, તમારી સુધ જાય. એ શુ ઢોંગ માંડીઆછ. તમે કઈ ભુખે મરતા છેઓ? બરીયું તમારૂં જીવતર."

"માયજી, તમે હવે ઘણું અતેરૂં કરોછ. જો બાવાજી એમ કરતા હોય તો તે બધો વાંક તમારો છે."

"એટલે! તુ કોણ આટલું આટલું બોલનારો?"

"હું બોલશ, ને ફર બોલશ–તમે જરા જરામા જીવ ફરી આવવાના ઢોંગ કરોછ, પણ જોઇએ તો આખો દહાડો સુઈ રેહો–કોઈ વચમાં આવવાનું નથી."

પાલનજી (મનમા) "મારો દીકરો–મારો બાપુ".

"પાલનજી – આએ બધી શીખવણી તમારી છે. તમે આગળ રહીને દુકતાને મોહોને આવું આવુ બોલાવોછ પણ-"

"માયજી, પાડાને દુખે ને પખાળીને ડામ. તમે મારી સાથે વાત કરોની પોચી મટોડી કોપરીએ કાંય ખણવા જાઓછ. તમે ઘડી ઘડી એવણને ડપકાવયા કરોછ ને ઘેરમાં માણુસોના દેખતાં ફજેત કરોછ તે હું સાખવાનો નથી."

"મારો દીકરો–મારો સીંહ જેવો બાપુ" પાલનજી બબડવા લાગ્યા

"હુ જાણુંછ કે એમ નજીસ ખાવાનું ચોરી છુપીથી લઇને ગજાંમા રાખવામા બાવાજીની મોટી ભુલ છે—"

"પણ દીકરા—"

"ચુપ રેહો બાવાજી, તમે એક વાંક કરીને તેનો બચાવ કરવાની જરૂર નથી. માયજી, હુ ફરીથી કેહુંછ કે આ પ્રમાણે વર્તવામા આવાની ચાલ ઘણીજ નાલાયક અને હલકી છે પણ આએ ઘેરમાં બીજા જે કેટલાક હલકા ભવાડા ચાલેછ તે એ કરતા હજાર ગણે નપેતર છે."

સુનામાય ગભરાયાં. "પણ શું—તે શું?"

"તે એજ કે તમે ડોસીને જબરદસ્તીથી પેલા ખુંધા વાંદરા સાથ પરણાવીને, આએ ગુલાને પેલા લુચા ફરામરોઝને ગળે ઠોકવા માગોછ પણ યાદ રાખજો કે તેમ કરતાં ઘેરમાં ખુનામરકી થશે. તમે બચારા સુના જેવા મંચીને રખડાવીને આએ હાડપીંજર ફકીરજીને સઘરયોછ પણ મેહરીની જુતીબી ઉંચકવાને તે લાયક નથી."

"છેક ચકાસીયો કે? હાડપીંજર?"

"હા હાડપીંજર એના માથામા ભુસ પોઇને કાચની કબાટમાં ટાગી રાખવા લાયકનો છે"

"પણ તેની તુંને શું પચાત. તું કોણ થાયછ હું છેઉં ને મારૂં ઘેર છે? ગુલાંની બાબદમા તું જો વચમાં આવશે તો તારે મારે પંચાત થશે, ફરામરોઝને શું છે તારા કરતા તો તેનામાં હજાર ભલાઈ છે."

"ઠીક છે, ભલાઇ છે તો કાજ કરો પછી જોઇશું. જો લગનને દહાડેજ સવારનાં પોહોરમા તેને છરી ભોકું નહીં તો હું મારા બાપનો બેટો નહીં."

"પાલનજી, તમે આએ ફેસતા બેસીને જોયા કરોછ? આએ છોકરાને ઘેરમાથી કહારવો પરશે. એને જોઇએ તાહાં રહે."

"ને તમુને મન ચાહે તેમ જુલમ કરવા દે. નહીં માયજી તેમ બનનાર નથી, તમારૂં ચાલતું હોય તો ખાવાનું ના આપતાં પણ આએ ઘેરમાંથી મને ખસેડવાની તમારી તાકાત નથી."

"તેં પેલા મુવા તારા દોસદારને આએ ઘેરમાં ઘાલીને આએ બધી પચાત કીધીછ પણ તેનું બધું જુઠું પકડાઈ આયું તારે હવે આએ નવા ઢોંગ ચલાવીઆછ. એ મુવાને તો બધી દોલન મળવાની ઉતી તે બધું પકરાઈ ગીઉ —"

"તદન જુઠું—કોણે કહયુ કે એ પેસાદાર ઉતા ? એ પોતે તો હમેશ કેહતો ના કે મારી પાસે કઈ નથી."

"પણ એવાને ઘેરમા ઘાલ્યો શુ કામ, એ ઠગારો છે એટલુજ નહીં પણ મે સાંભળીયું કે મોટા જુગારી છે."

"એમ કોણે કહયુ ? અતર ઘડી તેનુ નામ દેઓ."

"ગમે તેણે કહયું. -"

"પણ મને તેનુ નામ જોઈએછ. જો નામ નહીં દેશો તો હું કેહવશ કે એ વાત તમે જોડી કહાડેલી છે બોલો કોણે કહયુ ?"

"નહીં કહેવાય, જા તું શુ કેહેછ" આટલુ બોલી સેહેતાન ડાભો કરવા સુનામાય ત્યાથી ચાલી ગયા

ફફડેલો ચટકેલો બાપુ વાડીમા ઉતરી પડયો અને જોયછ તો ઝાડનાં ઓઠા પછવાડે પાલનજી ભરાઇને કંઈ ડણુસા મારતા હતા.

"બાવાજી, આએ શું ?"

"દીકરા આગમાંથી નીકળેલો વનમા આયો તાહાંબી આગ. જરા સખે રેહવા દેઓ."

"નહીં બાવાજી હુ તમુને હેરાન કરવા આયો નથી, પણ તમે તમારો હક સાચવતા નથી તે જોઇ હું દલગીર છેઉં—આએ ડાકટરના ગળાંમાંથી કટલેસ —

"હું કબુલ કરૂછ કે મારી ચુક થઈ. મને હમણા હમણા ભુખ એવી લાગેછ કે આતરડા ચીઠવાઈ જાયછ ને તારી માય કઈ ખાવા દેતી નહીં તારે શુ કરૂ."

"પણ તમે ઘેરના શેઠ છેઓ, એટલે જે ચાહે તે મંગાવતા કાય નહીં?"

"એ બાપરે, તારી માય મને જીવવાબી નહીં દે. ચાકરો પાસ મંગાઉ ને મારાં મોહોણાપર ના કહે કે બાઇનો હુકમ નથી તો મને કેવું ખશબ લાગે."

"એમ છે તો કલબમા જાઓ-ગ્રીન એંડ રીડને તાહા જાઓ તાહાં પેટ ભરીને ખાવાના શા ટોટા છે?"

"પણ પૈસા કાહાથી લાઉ તારી માય મને મહીને દાહારે પાકીટ ખરચના પાંચ રૂપીઆબી આપતી નથી"

આ પ્રમાણે બોલી આખ લુછવા પાલનજીએ રૂમાલ ઘસડી કહાડયો તે સમેત ખીસામાથી એક મોટી કેરવાઈ છુપાવેલી નીકળી પડી.

"જોયા બાવાજી આએ તમારા ઠગ?"

"પણ તારે હુ શું કરૂ? ભુખે મરૂ? રોજ કાજીના ધીચારા આપે તે કઇ ગરે ઉતરે?"

" બાવાજી, એ બધુ તો સમજીયા પણ તમારે હીમ્મત પકરવી જોઇશે. નહીં તો આપરે બધા ખરાબી પામશુ. તમે મેહરી ઉપર નીધાહ નહી રાખશો તો એ મરી જશે."

"એમ ના બોલ બા. તું કેહે તે કરવા હુ તૈયાર છેઉં."

"તમે મેહરાંને ધીરજ આપો. હું મંચી આગળ જાઉ છ ને તેનેબી સમજાવી લેઉછ ને મુગા મુગા જઈને ડગલો બદલી નાખો ગજવામાથી બધા જેમના ટીપાં પરેછ.

હા જાંહાં છે તાહાં તમે 'જેમ પેટીસ' છુપાવીને તેપર બેસી ગીયા હોશો "

" હુ કબુલ કરૂ છ કે મારેથી તેમ થઈ ગીઉં પણ હું શું કરૂં——મને ઘણી ભુખ લાગેછ "

" ભુંક લાગેછ તો ઉકરડાપર જઇને ભુંકો. છેક નાદાન થાઓછ તે સારૂં નહીં. આજેજ મે સાંભરીયું કે તમે શાપુર પાસેથી કાંઈ ઉછીના પૈસા છુપી રીતે લીધાછ. ખરી વાત કે? તમારે શરમાવુ જોઇયે. જો ફરીથી એવી વાત સાંભળશ તો હું માયજીને કહીને —

" નહી —નહીં—દીકરા— હવે એમ નહી કરૂ પણ શું કરૂં. મને કકરીને ભુખ લાગેછ તે? પણ જા દીકરા જા મચીને શોધી કહાર ને કેહેજે કે હુંબી છુપી રીતે એની તરફેણમાં છેઉ."

પ્રકરણ—૯ મું.

બાપુ જેવો મકાનમાંથી બહાર પડયો કે પાલનજી ભારે વમાસનમાં પાછા બગલામા દાખલ થતા હતા એટલામાં સામેથીજ શાપુર મળયો. અત્યાર લગણુમાં આપણે જોઈ ગયા છીયે કે આ ઘરના ધણી પોતાની વીંછણુ ધણી-આણીથી તો બીહતા હતાજ પણ કારભારી શાપુરનો ત્રાસબી ભારી હતો. ઘણા મોટાં ઘરોમા આપણે જાણુયે છીયે તેમ શાપુરને કોઈથી "તુ" કરી કહેવાતુ ન હતુ. ખરી વાત એ છે કે શેઠાણી પોતેબી આ પુરાણા કાર-ભારીથી જરા ડબકેલા ચાલતાં હતા.

પાલનજી આ કવાબમાં હાડકાંને મનાવી લેવાની મતલબથી બોલ્યા:—

"આપરે છે તે, શાપુર, પેલો મારો બનાતનો ડગલો છે કેની તે હવે ઘણો ઘસઈ જવા આયોછ તે તું જોજે પણ—પણ—જરા બાધ જાણે નહીં, નહીં તો કહેશે રફુ કરાવી લાવ ચાલશે"

"વારૂં જી" શાપુરે ઠંડે પેટે જવાબ દીધો

"ને છે તે શાપુર સાંજના તો કાજી પીવશ પણ ફુરસદ મળે તારે ત્રણ કાતરી પાઉ પર જરા ચાર ઈંડા ચારવેલાં કરાવી મોકલશે? અંદર ઘણો મસાલો ના નખાવતો. બે લાલ મરચા હોશે તો બસ થશે. ડાકટર કહેતાતા કે ગાઉટપર મરચા તો સારા."

શાપુરને રૂપ્યા અઢારએકનો ડગલો મળયો હતો; એટલે જરા ઠંડામીઠા હતા મુડદા બેહેસ્ત જાયો કે દોજખ. ઘેરને ખરચે આ ખખડી ગયેલા શેઠ એ મરચાં ખાય કે બસો, તેની એને આ દરખાનેથી ભલ ફકર હતી

શેઠે જોયું કે શાપુરજીબા લાહટમાં છે, સેટએ તેના ખભાં ઉપર હાથ મુકી વળી પાછું શરૂ કીધું.

"ને મકુંજે શાપુર એક બીજા પચાસ રૂપ્યા ઉછીના આપેછ. કાલે સાહવારનાં પાછા આપશ. જો બાઈ જાણે નહીં હું."

"તે ખરૂ, શેઠ પણ અત્યાર લગણુમાં તમે.—

"અરે હારે હા, હું જાણુંછ. બધા મળીને સારીછસો થયા. બધા બાર ટકાનાં વ્યાજ સાથે લેનેની હું કાંઈ નાહસી જાઉંછ? મને પોતાને તો કાંઈ જોઈતા નથી, પણ બાપુ ઘરી ઘરી કટાળો આપેછ તેથી એમ હાથ ઓરવા પડેછ."

"હાજી, લેઓની, પણ હું ગારીબ માણુસ ફેકટનો મારયો જાઉં તેથી બધી મળીને એક હજારની ચીઠી લખી આપો. હુ કાંઈ પૈસા માગવા જવાનો છઉં? પણ લખાણું તે વંચાણુ."

"હા લેની એમાં શું છે લાલા લાખ તો કહે સવા લાખ."

આ પ્રમાણે શેઠે હજાર રૂપ્યાની ચીઠી લખી આપી અને પચાસ રૂપ્યાની નોટ ગજવામાં મારી ઘરમા દાખલ

થયા. શાપુર મનસે બોલતો ચાલ્યો, "ગરીબ બચારો ડોસો, એ હજુર પરવડે, પણ પેલી જુલમગાર? હારૂં છે કે મારે માથે નથી પરી."

સાંહજ પડી અને સુનામાયને ફરવા જવા વગર, નહીં ચાલે. તેવણ તૈયાર થયાં પણ મેહરાંનું મ ગું દુખવાનું બાહનું કાઢી ઘરમાંજ રહી. જેવી ગાડી નજર આગળથી ગઈ કે ડોસાજી બેસવાનાં ઓરડામા પોતાની બેટી આગળ આવ્યા બાપનુ દીકરી ઉપર ખરેખરૂં સાચ્ચું હેત હતું પણ એવણ બચારા શું કરે. એક કમીનાં નોકર જેટલુ બી તેમનું ઘરમાં ચલણ ન હતું. તેવણ વાડીમાં ત્રણ ચાર કાતરી પાંઉ ને તફડાવેલાં અરધી ડજન કટલેસનુ નખોદ ઘાલીને આવ્યા હતા. એટલે ઈઝીચેરપર પડીને ઘુરવા લાગ્યા.

જરા વારે મેહરા ચમકીને ખડી બેઠી. જાણે અલગ બંધ કરેલાં બારણાંની બાહેર કોઈ ધુપાઇને ઉભુ હોય એવો સેહેજ ખડખડાટ સભળાતો હતો. તે ઝટ ઉઠીને બારણાં આગળ ગઈ અને સેહેજ બારણું ઉઘાડ્યું કે લાગલો ટોબી પુછડી હલાવતો માહે ધુસી આવ્યો. તે જાણે ઘણા અગતના કામ સારૂં આવ્યો હોય એમ ગંભીર જણાતો હતો. પણ આખર કરે ને કુતરોજ કેની ખરો- ખર ધોરતા પાલનજીનાં ખીસાંમાંથી નસકોરા ફાડી નાખે એવી લપટ આ જુગા પૈગામચીનાં નાકમાં ઉડી આવી કે તે લાગલો શેઠનું ખીસું સુંઘવામાં રોકાઈ ગયો.

મેહરાંનો જીવ આ વાર ઉપર તળે થતો હતો, અને રખે બાવાજી જાગી ઉઠે તેની તે ચીતામાં હતી, પણ તેવણ તો એવા ઉંઘમાં હતા કે બ્રાંડીની ડીકાનડરનાં પેટમાંથી કાંઈક તેવણે ખાડો પાડયો હોય એવો વહેમ રાખવાનું કારણ હતું.

ટોબીએ જયારે જોયુ કે શેઠ તો ઉઠતાજ નથી અને ખીસાંમાં ચાપેલો તગ નવાલો કાઢતાજ નથી એટલે નીરાશ થઇને મેહરાં આગળ ગયો અને જાણે કાંઇ કહેવા માગતો હોય તેમ પુછડી હીલવવા લાગ્યો વાચા વગરનાં આ પ્રાણીની શી મતલબ છે. તે સમજી જઇ મેહરાએ તેનો કાલર તપાસ્યો તો ઝીણી ચીઠી રેશમનાં દોરાથી અંદરની બાજુથી બાંધેલી હતી. ઘણાં હરખમાં આવી તે આ વહાલી ચીઠી વાંચવા જતી હતી એટલામા બારણું ઉઘાડીને ઘરશોભત ફકીરજી ઘુમલા ગધેડાની માફક હીહી કરતા માંહે આવી સામે ઉભા. એક આંખનાં પલકારામાં ચીઠી કોણ જાણે કયાં છુપાઈ બેઠી મેહરાનાં ચેહેરાનો રગ લાલ પરથી સફેદ ને સફેદ પરથી પીળો થવા લાગ્યો. ટોબી કાકા ગુરૂપ દેતા સોફા કોચની નીચે ભરાઈ ગયા. આહાહા ! ફકીરજી ઘુમલા શું તારા દીદાર ને શું તારા કપડાંનો ભેહકો ! સકકરગડેરી ફાસીન પાટલુન અને કમ્મરમાંથી ટાઇટ પણ નીચે ઘેરાવામાંથી જામા જેવો ડગલો, ગળાંમાં સોનાની સાંકળીમાંથી લટકાવેલો આઇગ્લાસ, એક કાન ઉચો ને એક કાન નીચો ! વાહ ! શું પરવરદેગારનીબી ખુબ બનાવટ હતી, તેવણે બગ-

હમાં એક નાહનુ—ઘણુંજ નાહનુ, એ મુઠીમા માઇ જાયે એટલુ સ્પેનીશ જાતનું, લાબા કાનવાળું કુતર્યું ઘરેલું હતું, આ નામાંકીત પ્રાણી તેવણુનાં જેવુ જ શોભાયમાન હતુ કારણુ કે તેની એક આંખ ઉતર ગામ ને બીજી દક્ષીણુગામ તે શરૂષ્ટીનાં કર્તાએ મુકી હતી બચારાનાં ભેજામાં પાણીનું જોર હોય તેવું તે સ્ટુપીડ દેખાવનું અગલીહેલ જેવું હતુ, પણુ તમે જાણો છો તો ખરા કે કુતરાનાં બાબમાં જેમ વધારે બદસુરત તેમ વધારે દામ. એક ઈટાલીયન મડમ પાસેથી ફકીરજીએ આ ઉમદા બક્ષીશ રૂપ્યા બસો માટે વેચાતી લીધી હતી

"આહ! મકુંજે મેહરબાઇ, તમે બેઠાંછ કે? આજે આપરે છે તે, તમે એખલા કેમ?"

મેહરા ફફડીને બોલી "હુ એખલી નથી, ખુરસીપર બાવાજી સુતાછ તે દેખાતુ નહી કે?"

"અરે હા, પણ મકુજે સારી પખેતો છેઓ કેની?"

"ઠીક છે, જરા માથું દુખેછ"

"અ, ઘણું ખરાબ, અમે માટીડાઓ ભેજાનાં કામ કર્યે તેથી લઇ કરીને અમારા માથા દુખે પણુ તમે બઇરાંઓને એમ કેમ? જરા એડીયાંનો જોલાબ લેઓ, એડીયાનો જોલાબ. અમે માટીડાઓ માથુ દુખે કેની તારે બ્રાંડીન પાણી પીજયે કે તરત ઉતરી જાય."

મેહરાને તો એવું દુ:ખ લાગતુ હતુ કે જાણે આ ચીમપાનજીને ધર કઇને એક ધખ્ખો મારે, પણુ શું કરે,



મહુજે આય એ નાની જેવા બે? તમારે સારૂ
લાયોછ તે કબુલ રખશો?

સફો ૮૧.

બીચારી કડવુ મોહ કરીને બેસી રહી. પછી ફકીરજીએ મોટી ઉકમાઇ સાથ પહું એબલગામણું કુતરયુ પોતાની પ્રીયાના પગ આગળ મુકયું

"હી, હી, હી, અહ-અહ-આપરે છે તે સાંભરોછ કે મેહેરબાનું, ઓ નેકબખ્ત બાનુ, દીલપઝીર ઓરત, અરેરે છે તે નહીરે, બીબી-બાનું, મકુંજે આએ એક નાની જેવી ભેટ હુ તમારે સારૂ લાયોછ, તે કબુલ રાખશો?"

"ઠેંકયુ, નહીં. મને કાંઇ પ્રેઝંટો જોઈતી નથી."

"એહે! એમ કાંઇ હોય. ગેઇ કાલેજ મેં માયજીને પુછયું તુ તે કહેજે લાવજો ને તમે એમ શુ કરોછ? મકુજે લેવો, લેવો, મારા સમ જો મને રડે એટલાં નાના પપ કાંઇ ગામમા મળેછ કે."

મેહરા ફફડી ચટકી રહેલી હતી એટલે કાંઈ જવાબ વાલ્યો નહીં જે જોઇ ફકીરજીએ આ બસો રૂપીયાનો દાગીનો સોથ ઉપર મુકયો કે તે કુંચી આપેલા ઉંદરની પેઠે આમ તેમ દોડવા મંડયો જેવી તેની નજર સોફા કોચની તળે બીરાજેલા હાથી જેવા ટોબી ઉપર પડી કે તેણે ભુકવા અને કયાઉં કયાઉં કરવા માંડયું. ઠુંઠાની રાંડને ઠમકો ભારી. ટોબીનો એક પંજેજ પડે તો આ કયાઉં કયાઉંનો રસ્તો આવી જાય, પણ તેવણુ એવા બીહલા હતા કે પોતાની મતલબ આવી ત્યારે ચુ કે ચા કરવા વગર મુગા મુગા કોચ તળે ગગડી રહયા. આ બધો ફારસ મેહરા બરાબર સમજતી હતી. પણ

બીચારા ફકીરજી એ લપાગપાટ કાંઇ સમજ્યા નહી.

"જોની, મકુંજે મેહરા કુંવર, મેહરાં, મારી ડાર્લીંગ, મારી પાસેથી કાંઈબી પરજેટ લેવાની કાંઈ અડચણ નથી. તું જોજેની; હરરોજ કાંઇ કાંઇ તારે સારૂ મજેનુ મજેનું લાવશ."

"બેઅદબી માફ છે, મી૦ જુમલા, મને કાંઇ જોઇતું નથી. તમારી મારી સાથની આવી રીતની વાતચીત મને ઘણીજ અણગમતી છે તે હજુર સુધી તમે જોઈ શકયા નથી એ ઘણુ અજાયબ જેવું છે."

"લે વરી, એ વરી અજબ શાનું થવનું. તુ ને હું કાંઇ જુદાં છેયે? માયજીએ મને અહી આવવાની રજા આપીછ એટલે હવે બાપેદાદે અ પરે એકનાંએક લે વરી એમ શું કરેછ, જાબા. તારા બાવા કેવા ખાસ્સા ઉંચાય તેટલાં આપરે લઈ કરીને આપણી પરણેલી જીંદગીની વાત કરીયે. આપરે કેવાં મજાહ કરશું, હેં હે!!

"પરણેલી જીંદગી? કેણની જીંદગી? એ તમે શુ બકોછ?" મેહરાં ભવાનો ચીલ્લો ચઢાવી બોલી.

"લે હવે છેક ડાહી ના થાનીતો. તારી માયે બધું નક્કી કીધુછ ને ચંદરોજમાં તુ મારાં ઘરની રાણી થશે."

હવે મેહરાં ઉઠી અને ડીફરા ચઢાવી બોલી "મી૦ ફકીરજી જુમલા મારાં માયે તમને શું શું કબુલાતો અથવા આશા આપી હોય તે સાથે મને કશુ લાગતું વળગતું નથી, પણ મારૂં બોલવું એક ગ્રહસ્થ તરીકે

તમે માનવું જોઇયે કે તમારા અત્રે આવવા જવાથી હુ ઘણી નાખુશ છુ અને તમારૂં મોહડુ જોવાને હુ રાજી નથી મારી સાથે શાદીના ગાઠથી જોડાવાની તમે જો આશા રાખતા હો તો તે ફ્રોકટ છે.”

“અરે ચલરે છોકરી, એમ નખરા કોણ આગળ કરેછ? તારી માયે તારૂં પાખડુ મારા હાથમાં અપ્યું એટલે તું મારી મતા મારી ગાય, મારી કબાટ, મારો ગોધો. તમે બચ્ચાની જાત એવી વાતમા શું સમજો. પણ બચારા મંચી બાટલીવારાના બાર વાગી ગીયા હો.”

મંચીનુ નામ સાભળતાજ મેહરાને ચમક વા થઈ આવ્યો.

“શુ! મચી બાટલીવાળાનું શુ થયુ?”

“અરે મકુજે એને હું તો અગાઉ ઘણુ સારૂ માણસ જાણુતોતો પણ કેથા ચાન નીકળ્યા.”

“મી૦ બુમલા, જે ગ્રહસ્થ વીશે તમે બોલોછ તે મારા અંગત મીત્ર છે.”

“છે નહીં, અગાઉ ઉતા મેહલ્લી ડીયર. બચારો હવે તો છેક અથાતથા થઇ રહયોછ.”

“જુઠું તદન જુઠું, એક માણસની પીઠ પાછળ એવી રીતે બોલવું હીચકારનું કામ છે.”

‘માણસ, મણુ કોણુ? મચી તે કાંઈ માણુસ કહેવાય? બચારા પાસે ઝેર ખાવાની અરવી નહી મળે. આમનાં લોક તો કહેછ કે.—”

"ગામનુ લોક ગમે તે કહે પણ તપારે મોહાડેથી એક માણુસની નીંદા હું i.ળવની નથી."

"મેહ: j ડારલીંગ, એ પોશાગીરે તારૂ મગજ ફેરવી નાંખ્યુંછ ને મારા જેવા સુન્નાં જેવા છોકરાને તુ એમ તરછોડી નાખેછ પણ વીચાર કર, એ મારવાડીનો બાલે બાલ કરજદાર છે"

"તમારા જેવા બેવકુફ આદમી મેં મારા જનમમા જેયા નથી. અત્યાર સુધી મે તમારી ઘણી અમન્યા રાખી પણ હુ હવે તમુને સાફ કેહુંછ કે તમે મોટા ગધે—ઉજબખ છેઓ."

"ઓહોહો" કરી મોટે સાદે હસીને જમાઈ થવા ઇચ્છનાર ફકીરજીએ રૂખસદ લીધી અને મેહરાંએ માથું કુટયું પાલનજી હજુરથી ઘોરતા હતા. તે જોઈ તેણીએ એક કાગલની ઝીણી કાપલી ઉપર જવાબ લખી કુતરાના કોલર સાથે બાધી અને જેવું બારણુ ઉઘડયુ કે ટોબી ત્યાંથી પસાર થઇ ગયો. જેવું મેહાન ખલાસ થયું કે બાવાજીએ આખ ઉંઘાડી.

"ઓહો મેહરી, હું તો ત્યારનો જાગુંછ નો. તું ત્યારની શું કરેછ?"

"ઓ બાવાજી, આએ ફકીરજી ભુમલા શું બોલ્યા તે તમે સાંભળ્યું?"

"ફકીરજી ભુમલા! અહીં આયો તો શું?"

"હ બાવાજી, તમે ઘણુા ઉંઘમા પડેલ' ઉતા. હવે મારૂ શું થશે? તમારી આગળથી કાઇમી વાત છુપી રાખવાને હુ રાજી નથી"

"શું કરવા, તારા મનમાં જે કાઈ હોય તે કહી દે. મારેથી શુ બીહેછ."

"નહી બાવાજી, મને કહેતા ઘણી ઓશક લાગેછ પણ મને કહેવા વગર ચાલતું નહી કે આએ ફકીરજી બુમલાને જોઇને મને તાપ આવેછ ને મારો જીવજાન બધો મચીમા ભરાયલો છે"

"તેમાં શુ મોટી વાત, મચી ઘણો સારો છોકરો છે ને મનેબી ઘણો ગમેછ. એનો બાપ ને હુ સાથે ઈસ-કોલમાં ઉતા. પૈસા નથી તો શું થયુ પણુ રળતો કમાનો ને ખાનદાની છે."

મેહેરાનો ચેહરો ખુલી ગયો પણુ એવામા કોચ તરેથી યાઉ, યાઉં, સાહ સમજી પાલનજી બોલ્યા.

"એ શુ?"

"એ તો ધનધન ધોરી ફકીરજી મારે સારૂં પપ બક્ષીશ લાયાછ."

"પપ, તારો સકાર બરેરે, નરો જાણે બીજો ફકીરજી. છટ, છોકરી એને હાથ લગારતીના તારી માયને તો ઘેલું લાગુછ ને એવા ખલીર કાગડા જેવાને ઘેરમાં બોલાવ્યા કરેછ. કાલે ઉઠીને તો એને જમાઈબી કરવા માગશે."

"અરે વહાલા બાવાજી, તારે તમે જાગુતા નહી કે?"

"શું જાણું, કાંઇબી નહીં."

"અરે માયજીએ તો એને જમાઉ કરવાની કબુલાતબી આપીછ."

"શું, એને જમાઇ કરે? કબુ નહી. મારો જાન જાય તો નહીં હું તારી માયને ખખરાવીને—"

હજુરતો પાલનજીમા એવી ડીંગ મારેછ તેટલામા ઘરઘર કરતી ગાડી આવી અને ચળકતાં ઝગકતાં સુનામાય જેવા સામા આવીને ઉભા કે પાલનજી લાગલા પોતાના ઓરડામા સટકી ગયા.

પ્રકરણ—૧૦ મું.

પાલનજી કાકા એક બારણે સટૃી ગયા કે બીજે બારણે ધસારાબંધ સુનામાએ દાખલ થયાં.

"ઓ મેહેરા! આએ કુતરૂ કોણ લાવ્યું? વાહ, નરૂ જાણે કોરીનું પુતળુ અહ! લુચ્ચી, ફકીરજીને પટાવી સટાવીને એમ ચીરેછ કે? ફકીરજી પરથી તો મરી જાઉં કેવા છુટે હાથનાં છે. અહીં આવ, તુ, તુ, તુ."

પણ તુ તુ તુ ને તો આ નવાં શેઠાણી ગમીઆં નહી અને કીઆંઉં કીઆઉં કરી મેહેરાં આગાળ ભરાવા

ગીઓ તો મેહેરાંએ પેટમાં લાટ મારીને હાંકી કહાડયો એટલે લાચારે મોટાગાઇનો આશરો લેવાની ફરજ પડી. ધુનામાએ મેહેરાને ઘણુંએ સમજાવ્યું કે ફકીરજીની આ બક્ષીશને પાસાંમાં લેવી પણ મેહેરાએ આ કુતરીઆંની ગળચી દાબી દેવાની ધમકી આપી એટલે શેઠાણીએ તેને પાળક કરી લીધો અને બગલમા મારીને પોતાના ઓરડામાં લઈ ચાલ્યાં.

એણીમેર આ ઢંગ ચાલી રહ્યા છે ત્યરે રાંધણીમાં હાઉસ ઓફ લૉર્ડસ અને હાઉસ ઓફ કામનસની બે પાર્ટીઓ કેમ ચાલી રહી છે તે જોઇએ. અવારનવાર ટોબી લેરમા આવે તે ઉપરથી શાપુર કાકાને કાંઈક વહેમ પડયો હતો એટલે તેવણ બડબડવા લાગ્યા —

"આ તે કંઈ જાતના ઢંગ ! મને લાગે છે કે મેહેરબાઇ તો ગાંડી થઇ ગઇછે. પેલા હાથી જેવા કુત્તાને માહે લે ને ચાંપે ને વાત કરે ને ફકીરજી કેવો મજાનો ડાબી દારમાં માઈ જાય તેવો નમુનો લાયા તેની ગમ આંખીને જુએબી નહીં."

આ સાંભળી મેહેરાંની માનીતી ફરાસીસનુ પાકી આવ્યુ. તે કઇ શાપુર કારભારીથી બીહીતી ન હતી.

"તારે શું તમેબી કુત્તાનાં સમજદારમાં ખપવા ઇગોછ કે?"

"લે ચાલ ગધેરી, તુને કોણ વચમા બોલાવેછ" શાપુર કકા ફફડી પડયા. "હું બધુ જાણુ છ કે તુબી શું કાજ વસતારામા ફરછ."

"કોણુનાં? તમારા કાજ વસતારામાં શાપુર કાકા? ઘરડે ઘડપણ તમુને એ શું મદદને વાઇગોરો થઇ આવ્યો?"

શાપુર ઉઠીને ફ્રરાંસીસને મારવા જતો હતો એવામા બાઇજીનાં આવવાનો સાદ સંભળાયો અને સઘળાં વગેસગે થઇ ગયાં.

ગાડી તૈયાર હતી અને શેઠાણી ફરવા જવા સારૂં કપડા સજીને તૈયાર હતા. આજેબી મેહરાએ સાથે જવા ના પાડી હતી. શેઠાણી મનમાં મલકાવા લાગ્યા કે ફકીરજી મળવા આવવાના હશે તેથી ખાસુખા મેહરી ઘરમા રહેતી હશે. તેવણુ કુત્રાને ઉપાડવા માંડયો પણ કોણુ જાણે શા કારણુથી તેને સુનામાય અકારા ઝેર જેવા હતાં. આ ખરે એક 'બાલીસુકર'ની લાલચ આપી બાઇજીએ તેને બગલમાં લીધો અને દાદાર પરથી ઉતરવા માડયુ. ગુલા સાથે જવાની હતી તેબી ઉતરી

ગાડીમા બેસતા યાદ આવ્યુ કે તેવણુ પોતાનો રેશમી રૂમાલ વીસરી ગયાં હતાં. તે લેવા પાછા માળપર ગયા અને આખરે રૂમાલ એક ખાનામાથી ખેંચી કહાડતા તેમાંથી ધબ દેતો એક ધડાંનો પોરો બાઈની સાડી ઉપર પડયો.

"એ મરેરે આય શું? તોબા તોબા."

પણુ બાઇની તોબા અને નાના કુતરાની તીલ્લરી. તે લાગલો કુદી પડયો અને ચપાચપ પોતાના ડણુસા મારવા લાગયો.

"ઓ છોકરાઓ—આએ ફ્રેસતા તમે જોયા ? હવે પાલનજી તો દહાડે દહાડે છેકજ હીણુ થતા જાયછ મને તો લાગેછ કે એવણુનુ લેજુ પોચ્યુ થતું જાયછ. ડાકટરને એ બાબદ હવે પુછવું પડશે."

બાઈજીનુ પાકી આવે તેમા નવાઇ નથી કારણુ કે પાલનજીએ પોતાની ભુખનાં આવેશમાં હવે તો અતેરૂં કરવા માંડયું હતુ. પોતાની ધણીઆણીનો રેશમી રમાલ ખરાબ કીધો તો કીધો પણ સાથે લાગી કીમતી સાડીનો ઘાન કહાડયો. તેવણુ બીચારા ઠરઠર ધ્રુજતા બારણાની ચીરનમાંથી બધું જોતા હતા ને મન સાથે બમે હાથ જોડી પરવરદેગાર પાસ માગતા હતા કે આ પાપ કયારે અત્રેથી ફરવા જાય. તેવણે નવી સાડી મંગાવી નવા કોરા રૂમાલથી નાના કુતરાનું મોં નુછયું ને હેહેકા કરતાં નીચે ઉતરયા.

પણુ આ સઘળો વખત મેહેરાનો જીવ સીકે ઓર-વાઇ રહયો હતો. તેનું કારણુ એ કે હર બુધવારને દાહાડે તેમનો કુતરા હસતકનો ટપાલ આવતો હતો અને આજે બુધવાર હોવાથી હરપળે ટોબીનાં આવી પહોંચ-વાની વકી હતી. આ પેગામચ સાધારણુ રીતે સુમારે ૯ વાગતે બરાબર મોટાં બાઈજી બાહાર જવાનું ટાકણું સાંધી આવતો હતો પણુ આજે પાલનજીનાં અટકચા-ળાંએ ગણુત્રીમાં જરા કચરો નાખેલો આપણે જોયો છે.

જેવી શેઠાણીની ગાડી અગળ વધી કે નીમકહલાલ ટોબી હાંફતો હાંફતો માંહે ઓરડામાં આવ્યો. સરેસતાની રીત પ્રમાણે બેસાગીરી કરીને મેહરાંએ તેને પસવારયો. પણ એટલામાં સબર, આજે માયજીની ગાડી પાછી કેમ ફરી. દાદર ઉપર ચહડવાના તેમનાંજ પગલાંનો સાદ. યા! બોહા! તેવન પોતેજ હાંફતાં હાંફતાં ઓરડામાં દાખલ થયાં. મેહરી ગભરાઇને એક દરીચેર ઉપર બેસી ગઈ અને ચતુર ટોબી લાગલો દપકેતો સેફા કોચ તરે ભરાઇ ગયો. સુનામાય ઓરડામાં દાખલ થતાંજ મોટા ડોળા કહાડી આસપાસ જોવા લાગયાં.

"મેહરી એ શું છે? બોલ સાચું. જા છે તાં આય કેરમાં કાંઇ દગો રમાયછ; બોલ અતરધરી નહીં તો મારી નાખશ."

મેહરા તો કંઇ બોલી નહી પણ બે હાથમા બધુ છુપાવી રાખી બેસી રહી. ગુલાંબી લાકરાં જેવી થઇ ગઈ પણ પોતાની સગી બેન કરતાં જયાદા માનતી પીરાઇને દીલાસાનો સખુન કહેવાની તેનામાં હીમત ન હતી. તે હરપળે મન સાથ ઇચ્છતી કે બાપુ આ ટાંકણે આવી પહોંચે તો કેવું સારૂં.

શેઠાણી તો દમપર દમ બોલયાજ કરે કે બોલ અતર ધરી ને મેહરાં કઇ જવાબ આપે નહીં.

"બોલ પેલો, કુતરો કા છે સાચું કહે. હું આજે બધુ જાણ્યા વગર જવાની નથી."

આ સઘળી ગડબડમા સુનામાયે બે ધ્યાનપણે પોતાનાં હાથમાનું નાનું કુતરૂ ભોય ઉપર મુકી દીધુ કે લાગલું તે સોફા કોચ આગળ જઇ નીચે ભરાયલા ટોબીને જોઇને ભસવા તથા ધાંધલ કરવા લાગયું.

સુનામાયે બહુ ગુસાથી બોલ્યાં "જોયું પાપ બોલે નહી પણ બોરે. તેં આએ મુજીનાં કુતરાંને આહી છુપાવી-ઓચ તેની બધી મતલબ હું સમજુંચ. જાં છે તાં તેની મારફતે તમે એકમેકને ચીઠી લખોચ. મેં ચોપા-નીયાઓમાં વાતમાં ઘણી વખત એમ બનેલું વાંચેલું છે. એ બધાનો હું રસતો લાવી મુકુચ. જો તારી આંખો ફેરીને જો કે ખોદાયને બારબી કેવો ઈનસાફ છે જે અખઈ રહયો તારો ધાણી થવાનો હે તેનેજ પરજાત આપેલાં આય નાહાન કુતરાંએ તારૂં પાપ ફોડ્યું. શાબાશ. છુ, છુ, કાહાર સુવાને બહાર કાહાર."

આ પ્રમાણે સુનામાયે બીલ્લાસ જેટલાં કુતરાંને ઉશ્કે-રવાની નાહાની કરી. બાઈની હીમત મળી એટલે કુતરૂં વધારે રસપર ચહડ્યું અને અત્યાર લગણુ જે દુરથીજ ભસીને સેતાન ડાવો કરતું હતું તેને બદલે છેક સોફા કોચ આગળ જઈ પોતાની ચાલાકી બતાવવા માંડી.

હવે ટોબીનો મીજાજ ચસકવા માંડયો હતો. કુતરાની જાત તે આખર કરેને કેટલું ખમે. જેવુ નાનું કુતરૂં નજીક આવયું કે ટોબીએ તેને એકજ પંજો મારી નકી કરી મેલયું અને દાંત વડે ગરદનમાંથી ઝુલતું પકડી

કોચની તળેથી બહાર આવયો. તેના ડોળા ચકચક થતા હતા અને ગુસ્સાથી બાલ ખરા રાખી તથા પેલા કુતરંયાંને મોંહમાં પકડી રાખી તે સુનામાય ગમ ઘુરકવા લાગયો. સારાંશ કે શેઠ ફકીરજી ભુમલાની બસો રૂપીઆની બક્ષીશનો આ ગમખાર અંત આવી ગયો હતો.

શેઠાણી તો હાથ ને પગ પછાડવા લાગયાં અને નાંનાં કુતરાંને છોડવવા માટે મેહેરા આગળ ગયાં પણ આપણે જાણીએ છીએ કે :—

કુત્રાની ભાઇબંધીમાં બે પાસેનું દુ:ખ, બીજે કાટે પાય ને ત્રીજે ચાટે મુખ.

આ પ્રમાણે ટોબી હવે સગા બાપનો થાય તેમ ન હતું. તે ચોકસ જાતનો ગળામાંથી અવાજ કહાડી સરવેને ચેતવણી આપતો હતો કે મારો મીજાજ હમણાં બરખેલાફ છે કોઇએ આગળ આવવું નહી.

આ ગભરાટ ચાલી રહયો છે એવામા બાપુ દાખલ થયો.

“શું છે? શું છે? ઓહ, ઓહ, ઓહ, આય તો બરી ગમત જણાય છે.”

“બાપુ, મારા પપ ને છોરવ. જો તુને પગે લાગું” સુનામાય કાલાવાલા કરવા લાગયાં.

“માયજી ખુબ યાદ રાખજો કે આય મોટા કુતરાએ આય ચીછરાંનાં જે હાલ કીધા છે તેવાજ આબાદ હાલ મંચી પેલા તમારા માનીતા ફકીરજીનાં કરશે. આય કુતરાને છોરવીને તમે કરવા શું માગોછ? અચાર ભરશો?’



શાપુર બસો રૂપીઆનો ખજાનો ઉપાડી બાહાર ગયો.

[સફે ૯૨

“ અરે બાપુ, જો વધારે વખત લાગશે તો મારૂં કુતરૂં મરી જશે.”

“ હજી તો મરી જશે કેવોછ પણ એ તો કેવારનું કબ્રસતાનમાં જઈની પહોંચયું.”

ટોબી આખરે નરમ પડયો હતો. દીવાનખાનાંમાં જઇ તેણે મુવેલું કુતરૂ જમીન ઉપર મુકી દીધું અને મુગો મુગો ઓરડામાથી ચાલી ગયો.

સુનામાયે ગોધીયારાં કરી મુકયા અને આ મુવેલા જાનવરને ઉચકીને બહાર નાખી દેવાનો હુકમ કરયો પણ કોઈ તેને હાથ લગાડે નહી આખરે શાપુર કાકા નાકે તુવાલ દાબીને હાથમા મોટી ચમચ લઇને તે વડે ફ્રકીરજીનો રૂપીઆ બસોનો કીમતી ખજાનો ઉપાડી બહાર ચાલયા. ટોબી જાણે પોતાના ભાઈમધની પાછદસ્તે જતો હોય તેમ પુઠે પુઠ ગુપચુપ રવાના થયો

સુનામાય સોફા કોચ ઉપર બેસી માહેતમ કરતા હતાં એવામાં તેમની નજર એક નાની જમીન ઉપર પડેલી બીંડરી ઉપર પડી.

સુનામાય તે ઉંચકીને જોવા જતાં હતાં તેટલાં ભુભું કરતો તોબી દોડી આવ્યો અને ઉપલી ચીઠી દાંતમાં ઉપાડીને વાને વેગે નાહાઠો. આ બનાવ જોઇને સાસુજી તો લાલ ને પીલા થઈ ગયાં અને હાથ પગ પછાડવા લાગ્યાં

“ બાપુ બોલ્યો શું છે—શુ છે ? ડોસાંજી આવે બધી ગરબડ શાનીછે.”

"જો, તારી આંખ ઉઘાડીને જો, આયે ઘેરમાં શું ફેસતા ચાલી રહયાછ. આયે એબલગામણો કુત્રો અહીં કેમ આયો? હે, એ મુત્રો તમારા લોકનાં કાજ વસતારામાં ફરેછે. આયે ચીઠીનું ચીથડું કોણે લખ્યુ? પાવણુજી, તમારા સોજ બાપેરે, ડુકતીનું તો માથું ગીયુંછ. પણ બધાંજ એવા સુના સાવજ સાને થઈ ગીયાં. અનરઘડી આએ છોકરીનું માથું ઘોઈ નાખું. આએ સુના મોહોર જેવો થતો જમાઈ બચારો દુસમન જીવ બાળી નાંખેછ ને આએ ફેસતા બધાં બેસીને જોયા કરેછ—ઉહુ—ઉંહુ—" કરી સુનામાય ધસાધસ રડવા લાગ્યાં.

હવે આપણે ભાઇ મનચેરજીની ખબર લઇએ. તોબી જીવ નાખતો પોતાનાં શેઠ આગળ જઈ પેંહોચ્યો. ચાને હાંતમાં પકડેલી ચીંહરી તેનાં પગ આગળ મુકી. મંચીએ તેને પસવારયો અને ઘણું વાહાલ દેખાડી પોતાનાં પાસાંમાં લીધો પછી પેલી નાકાની ચીઠી ઉખેડીને વાંચી:—

તદન ખાનગી.

મારા વાહાલા મંચી—તારી ધીરજ આપનારી ચીઠી પુગી છે, પણ ધીરજ તે કાંહા સુધી રાખું. હું ઘણી દુખી છેઉં. રોજ રોજ પેલો કરકટી આવી ને મારૂ શેર લોહી સુકવેછ ને માયજી રોજનાં રન પાડેછ. તુને પળવાને મરો જીવ ટીંગાઇ રહેલો છે. તું માટીડા જેવો માટીડો છે ને કંઇબી ઉપાય નહીં કરી શકે? તું જાંહ મળવાની

કાંઈમી તદબીર રચે નાંહાં આવવાને હું ઉભે પગે તૈયાર છુ. વીચાર કરીને જવાબ લખજે પણ હવે તોબીને મેકલવામા ફાયદો નથી. બધું પકડાઈ જવાનો સોદો છે.

લા૦ તારી નીમક હલાલ,

મ.

મચીએ કાગલ વાંચીને પેતાની આખમા આખ્યો અને ઝટ ઉઠીને પેતાના જુના મ્યુઝીક માસટર મી૦ લોને આગાળ કે ડયો. મી૦ લોનેની મારફતે પોતાની પ્રાયાનો મેલાપ નહી થઈ શકે?

એવી રીતે કારસાજી કરવાને તેનો ઉમરાવ જીવ અંદર-ખાનેથી ના પાડતો હતો, પણ કરેબી શું? તે આજે ઉપલા મયુઝીક માસતર સાથ કાંઇ ચોકસ બ દોબસ કરવાને આવયો હતો. તે બ દોબસત શું છે તે હમણાં કહેવાનો વખત નથી, વખત આવશે તયારે જાણીશું.

પ્રકરણ—૧૧ મું.

કહેવાને ઘણી દલગીરી ઉપજે છે કે સુનામાયનો જીવ હમણાં બહુ ઉદાસીમાં હતો. સારી જગા તેમનાં સામે રૂઠી હતી, અને સરો દીસ "ડાઇગ રૂમ"માં કોક-નનાટર પાણીનું અને સુવાના ઓરડામા છુપી રાતે ગ્રાંડી પાણીનું નફોહ ચાલતુ હતુ. ફકીરજી ઘુમતા અને

મેહેરાંનુ જોડુ સાવી આપી માથું ધોઈ નાખવાની તેમની કારસાજી જેવી જોઈયે તેવી ઝડપથી ફળીભુત થઈ ન હતી. મેહેરાં આ વકટલેન તરફ જોવાને અથવા તેનાં સાથ એક શબ્દબી વાત કરવાને સાફ ના પાડતી અને બીજી મેર ફકીરજીને પોતાનેબી કાંઇ "લીવર"નું દરદ શરૂ થતું જણાતું હતુ. સુનામાયની બીજી ગત ફરામરોઝ નામનાં એક ઉઠાવગીર સાથે ગુલાંને ગોઠવી દેવાની હતી તેમાં પણ સખત કચરો પડયો હતો. બાપુ આ પુરૂષને જોતા એવા ડોળા કકડાવતો અને ઘરમા રણ પાડતો કે રોજનાં બાધ્યા છુટતાં ન હતા. એ સઘળુ છતા ફકીરજી બુમલા દેવાનાની પેઠે મેહેરાંની પુઠેપુઠ ફરયા કરતા હતા અને સારા ગામને કહેતા હતા, કે તેણીની સાથે તેમની શાદી જલદીથી થનાર છે મંચીનું નામ સાભળતા ફકીરજીને ધ્રધરીને તાવ આવતી હતી, એટલુંજ નહીં પણ મેહેરાં ફરવા જાય ત્યારે અવારનવાર મંચીનો કુતરો ટોબી તેણીની આગળ જઇ માથુ પસવારાવે તેબી તેવણને ગમતુ નહતું. તેવણ દરરોજ સાજનાં ટોબીની મુલાકાતની ખબર સુનામાયને પહોંચાડતા હતા.

હવે આપણે વાચનારને વારતાના બીજાં વળાંમા ઉતારવાનો સમય આવ્યો છે મેહરા જે અત્યાર લગણુ રડતી હતી અને કશામી અભ્યાસ, રમુજ અથવા કામ કાજમાં ધક ઘાલવા ના પાડતી હતી તણીએ બચબુચ ફરયાદ કરી કે માહ મેહનતે તેણીએ સંપાદન કીધેલું મ્યુઝીકનું જ્ઞાન બધું હવામાં ઉડી જતું હતું. સુનામાય તો



આયાએ બેગમબાહને ખુબ વાતો પટાવીને
શીશામાં ઉતાર્યા

[પેજ ૯૭]

મન સાથ ખુશી થયાં કે આખરે છોકરીનો ધુંધવાટો નરમ પડયો અને ઠેકાણે આવી. તેવણે ખુશી થઇને તુરત મેહરાના પુરાણા પીયાનો શીક્ષક મો. હોનેને બોલાવી મંગાવ્યો અને વધતી ફી આપવા કહીને રોજ લેસન આપવા આવવુ એવી માગણી કરી, પણ એ હાવકા ઇટાલ્યન કાંઈ બીજીજ ગણત્રીમા લોટતા હતા. એટલે પાલનજીને બંગલે આવવા સાફ ના પાડી, અને સુચના કીધી કે છોટી બાઈ સાહેબને તેમની આયા સાથે પોતાને મકાને જો મોકલવામા આવે તોજ બની શકે

રખે મેહરાને હાથનો પીયાનાનો ટચકો ઉતરી જાય અને જીભરૂં ફકીરજીનો જીવ સુગાય એવા ખ્યાલથી ઘણી આનાકાંની સાથે સુનામાયે આ ગોઠવણ અંગીકાર કરી, તેવણે ફ્રાસીસ આયાની સલાહ પુછી અને તેબી આ કાજ વસતારાના નાટકમાં સામેલ હોવાથી મોટાબાઇને ખુબ વાર્તા પટાવીને શીશામા ઉતારયા

"બાઈ, તમે ફીકર શુ કરવા કરોછ? હુ રોજ સાથે જવશ અને સાથેજ પાછી આવશ, હજારો રૂપ્યા ખરચીને કેવું મજાહનું ગાતા વજાડતા શીખવેલું તે હવે કઈ નાખી દેવાય?"

"નહીંજતો, ફ્રાંસીસ, ફ્રાસીસ, કોઈ માયને પેટે એવી દીકરી ના આવતી! એ દુક્તીને ઠેકાણે પાડવા: સારૂં હુ મારા લોહીનું પાણી કરૂંછ ને તે એની ખાતરમાંતો આવતુંજ નથી!"

ફ્રાંસીસ ગાલમા જીભ પકડી ઘણુ જ દલગીરીનુ મોહ કરી બોલી.

"ખરી વાત છે બાઈજી, છોકરીની જાત જરા નાદાન તો ખરીજતો! તમે કાંઈ બોલો ના, એતો પોતાની મેરે ઠેકાણે આવી જશે નકામુ આંખ પાણી શું કામ કરોછ? લેઓ, આએ જરા "સ્મેલીંગ સોલ્ટ સુઘો!"

"ફ્રાંસીસ, તું ઘણી ડાહી છે, પેલો મારો કારી મખમલનો પોલકો લીલા દાણા ટાકેલો છે તે હવે મને કાંઇ કામનો નથી તે તું લેજે, ને સાચું કહે, ગુલા કોઈ વખત ફરામરોઝ સારૂં તારી સાથે વાત કરેછ કે?"

"હાજી, એક વખત એમ બોલતાતા ખરા કે તેવણ ઘણાં ખુબસુરત છે."

"તે વરી એ કહેશે તારે કે? એનુ ખાનદાન શુ ને વાત શું? લોક કહેછ કે જરા "વાઈલ" છે પણ મોટા માણસ હોય તે જરા હોયજ તો!"

"ખરી વાત છે, બાઇ જરા ચમચી બ્રાંડી પાણી લાઉ?"

બાઇનેબી તેવુ જ જોઇતું હતું એટલે પોણુ ગલાસ બ્રાડી અને એક ચમચી પાણી ભેળીને લીધા બાદ ઘણો નીસાસો નાંખીને વળી પાછું ફ્રાંસીસનેજ શીશામા ઉતારવાનું ચાલુ કીધું

"અરે ખરી વાતજો ફ્રાસીસ, હું તુંને પુછતા ભુલી ગેઈ કે પેલો મંચી કોઇ દહાડે મેહરાને રસતામાં મળેછ કે?"

"અરે નહીંરેજી, એક દહાડો સામે થયો ત્યારે મેહ-શંમાથે આસમાન ગમ ફટકા મોરયા! મારા સમ!"

"અં! ને પેલો એનો એબલગામનો કુતરો કોઈ વખતે હવે આવેછ કે?"

"નહીંજી, આજે એક મહીનો દહાડો થયો મેં તેને જોયોબી નથી!"

"ઓછી પીરા! ચાલ જા હવે ફ્રાસીસ, હું થાકી ગઈછિ ને મને જરા ઉંઘ આવેછ જો બધી ગુજસુજ મને કહેતી રહેજે, જે દહાડે મેહરા ફકીરજી સાથે પણશે તાહરે તુંને એક મજેનું રૂપાનું ઘડીઆળ અપાવસ!"

"વારૂંજી" કરીને ઠાવકી ફ્રાંસીસ ઓરડાની બાહેર પડી અને લાગલી મેહરાના ઓરડામા ગઇ માહેથી બાર-ણાને સાંકળ લગાવીને ફ્રાસીસ ખરા હરખથી બોલી "ચાલો! મેહરૂમાય જો મેં તમારૂ કામ કેવુ દોર બંધ નકી કરી આપ્યું."

"પણ હું જવાની નથી, ફ્રાસીસ મને તો એવી ઠગાઈના ખ્યાલથીજ ધ્રુજરાં છુટેછ."

"છટ, છટ, છટ, એમ શુ બોલોછ? એતો "આરે લાકરે આરો વેહ" તમેતો તમારેથી બને તેટલી સાચવટ રાખવાની તજવીજ કીધી પણ જયારે જુલમજ પરે તાહરે પછી આપરે પોતાનો રસ્તો શોધી કહાડવો જોઈએ. જો આએ તક જતી મુકશો તો પછી પેલા અભાગ્યા ફકી-રજી બુમલાના હાથમાં એક વખત સપડાયા તો જીંદગી સુધી માથે હાથ દઈને રડવાનું થશે."

પણ આ સઘળી તકરારથી મેહરાના મન ઉપર જોઈતી અસર થઈ નહી. તે બચગીથીજ ઉમદા ખવાસની અને સાચી હતી. અને કાંઈબી કાવાદાવા તેણીને પસદ ન હતા, પણ જ્યારે આણીપર ધીક આવી ત્યારે ને લાચાર થઇ અને આખરે ગાડી જોડાવીને ફ્રાંસીસ સાથે મો૦ લોનેનાં બગલામાં ગયા.

આ ઠેકાણે મ્યુઝીયમનાં શીક્ષણ માટે ગુમાયલા બે કલાક ઉપર ભેદનો પડદો નાંખવાની જરૂર છે. મ્યુઝીક કઈ જાતનું હતું અને તે શીખવનાર કોણ હતો અને તે શીખવનાર સાથે કયાં "નોટેશન"મા વાતચીત થઈ તે વીસ્તારીને લખવાનું કામબી નથી ને ગરજબી નથી

પ્રકરણ—૧૨ મું.

આ પ્રમાણે સઘળી કચુંબર થોડાક દીવસ ચાલ્યા પછી એક દીવસે સવારના ઘરમા મા દીકરી વચ્ચે જબરી ઝુમબેસ ચાલી. ફકીરજીનુ નામ નીકળતાજ મેહરા એકદમ છછણી પડી અને મોટો ઘાટો પાડી બોલી ઉઠી. "માએજી તમે અમે તો મને કહાડી મુકો, મારી નાખો પણ આ ફકીરજી સાથે હું પરણુનાર નથી."

"એ વરી તુંને કોણે છગાવી મુકી? છોકરી, તારૂં માથું હમણા ઠેકાણે નથી તુ જગ લોકમા મારી હસી કરાવવા બેઠીછ! બાપુ, આએ બધાં તારાં કારસ્તાન છે! પેલાં ગુનેહગારને તું ઘરમાં નહી લાવતે તો આએ બધું રમખાણ નહીં થતે."

બાપુ ટકોરમા બોલ્યો "કયો ગુનેહગાર? પેલો ફકીરજી?"

પાલનજી પગ ચાંપતા ચાંપતા બોલ્યા "અરે નહીં રે નહીં! તારી માએ તો મંચીને સારૂં બોલેછ! કોણ જાણે તેને શું કુતરાંએ કડયોછ કે—"

"પાલનજી, મુગા રેહો! જેટલી અકકલ ઉતી તેટલી ખરચી દીધી! તમે બાપ દીકરા બધા એકેકની સાથે મળી ગીયાછ તે હું બધું સમજુછ, પણ એની ગમ હું છેવું! એ લુચ્ચાની બધી વાત બાપુ જાણેછ પણ જાણી જોઇને છુપાવેછ ને આએ દુકતીબી જાણી જોઇને આંખે આંધળી થઈછ"

"માયજી, હું આંધળી થઈ હોવશ તો તે મને ભારી, પણ એ મનચેરજી બાટલીવાળાની નીંદા હું માનવાની નથી, એ પોતે પૈસાદાર છે એમ એણે કોઈ કહાડે કહેવુંજ નથી ને એ જુગાર રમેછ અથવા દારૂ પીયેછ તે બધી વાત જુઠી છે."

"જુઠી હોય કે સાચી હોય પણ મેં ને તારા બાપે ફકીરજીને અમારો બોલ આપેલો છે તેથી તુ ને એવાણુની સાથે જવું તો પડશેજ, બસ, હું બીજું કાંઇ સાંભળવાની નથી!"

ગરીબ બીચારી મેહરી! તે ઉજળી ચપ થઇ ગઇ અને બાપુગામ જોવા લાગી, બાપુબી ગભરાઇને બારી આગળ જઇ ઉભો અને પાલનજી પણ મુગા મુગા બેસી

રહયા. મેહરા એકલી પડી ગઈ અને વીચારવા લાગી કે આએ ઓગનીસમી સદીમાં પણ બધા કેવા કેવા સુધારા સાથે માબાપની જબરજસ્તી આગળ છોકરીની જાતનું કશું ચાલતું ન હતુ

જુલમગાર સુનામાય! મેહરાંની નીરાશી જોઇ વધારે ખીલ્યા "જો સાભળ છોકરી, તું સીધી પાધરી ચાલી હોતે તો હુ તારે ખાતર બેચાર મહીના એમબી ને એમબી કહાડી નાખતે પણ હવે અમે ઠરાવ કીધોછ કે જેમ બને તેમ લગનનો દહાડો જલદી નકકી કરી નાખવો અમે આએ મચ્ચુની બાબદમા ખાનગી ખબર કહડાવીછ જે જ્યારે તુ સાભળશે તાહરે તારે પોતાને ખાતર નહી પણ આપરા ખાનદાનની નોકને ખાતર આ બચ્ચા સહી મમત છોડી દેશે."

મેહરા વીચારવા લાગી કે મંચીની બાબદમા વળી નવુ શુ માયજી સંભળાવવા માગતા હશે. સુનામાયે તુરત હોકમ કહાડયો અને તુરત એક ખવીસ જેવો મુસલમાન આવીને ઓરડામા ઉભો. તે ગ્રહસ્થ હતો કે કચરાપતી સીપાઇ હતો, કે જાસુસ ભીખારી હતો કે તવંગર તે કશું કહેવાઇ શકાતુ ન હતુ. તેને જોઇને બાપુ દાંત કચકચાવા લાગ્યો

શેઠાણીએ ખખાર મારી પુછયું "કરીમખાન કે!"

"હા બાઇ સાહેબ, હુ છુપા જાસુસનુ કામ કરનાર નામીતો "ડીટેકટીવ" કરીમખાન છું."

"ઠીક છે ખાનસાહેબ તમે શુ બાતમી લાયાછ તે વગર અચકવે અમારા બન્નેના દેખતા કહી જાઓ."

"ઠીક છે, મંગળવાર તારીખ બારમી બાઇ સાહેબે બોલાવ્યો, શેઠ કોઇ દીસ્યા નહી, એક ગ્રહસ્થની ખબર કહાડવાનુ સોપ્યુ રૂપ્યા સો બાઇએ આપવા કબુલ્યા."

"એ બધુ વાચવાની કશી જરૂર નથી, આગળ ચાલો."

"તારીખ તેર, જુમેરાત, મંછરજી બાટલીવાળા નંબર ૧૫૦, ગીરાડરોડ, રાતના અગીઆર કલાકે પોતાના કુતરા સાથ બાહેર પડયા. હુ પછવારે ગયો, નાટકશાળા-માથી પાછા ત્રણ વાગે ફરયા બસ તે દીવસનુ એટલુ જ."

"ઠીક છે કરીમખાન આગળ ચલાવો."

"બોહુત અચ્છુ બાઇ, શનીશચર તારીખ ચોદ, સહુવારસી મંછરજી શેઠની પુઠે લાગ્યો હતો. રાતના કલબમાથી નીકલ્યા એટલે સી ડી બજારમા બીલીયરડ રૂમમા ગયા અને ત્યાથી રાતકુ સાડ બાર બજે ઘર ગયા."

આ સઘળા રીપોરટથી બાઈ ખુશ ખુશ થવા લાગ્યા પણ બાપુથી રહેવાયુ નહી.

"સીડી બજારમા બમનજીનો બીલીયરડ રૂમ છે તે ઘણો આબરૂદાર છે. કદાચ ઘડી બે ઘડી એકુ "ગેમ" રમવા કોઈ માણુસ ત્યા જાય તેમા શુ થયુ?"

"બાપુજી, તમારે વચ્ચે માથુ ઘાલવુ નહી. આએ બધા મોહોકાણુના સમાચાર તમારે સાભળવા નહી હોય તો અહીથી ચાલ્યા જાઓ. કરીમખાન, આગળ ચલાવો બીજું કાઈ?"

બાઈનાં આ પ્રમાણેનાં પુછવાથી કંગાળ કરીમખાને એવીજ બીજી કેટલીક વીગતો આપી તેમાં તેનાથી ભોળાઈમાં કહેવાઈ જવાયું કે ગઇ કાલે મજકુર મનચેરજી બાટલીવાળા અને આએ કોચપર બેઠેલા પાલનજી શેઠ રાતનાં આઠ કલાકે એકેકની બગલમા હાથ ઘાલીને પાલવા બંદર ઉપર "ગ્રોન એન્ડ રીડ"ને ત્યાં ખાણું લેવા ગયા હતા. આ ખબર સાંભળતાંજ શેઠાણી તો તીર વાગ્યો હોય તેમ ઝબકીને ઉઠયાં અને જાણે માથે લોહી ચહડી જવાનું હોય તેમ ચાળા કરવા લાગ્યા. પાલનજીબાતો ફગલાઇને ત્યાથી સટકી જવાની તજવીજ કરતા હતા પણ શેઠાણીએ તેમનું બદીયાન પકડી રાખયુ અને કરીમખાનને વાત આગળ ચલાવવાની ઇશારત કરી.

કરીમખાન બોલ્યો "શેઠે બે ગલાસ વીહસ્કી સોડા, બે પેટ ચમપીન ને બે ગલાસ મીઠો "લીકુર" પીધો, પછી એઓ બેઉ સાહેબ "વીકટોરીયા" ગાડીમા બેસી ભીડીબજાર બીલીયરડ રૂમમાં ગયા અને ત્યાંસી રાતનાં બાર બજે બગલે આવ્યા મનચેરજી બાટલીવાળા શેઠને આહીં સુધી મુકવા આવ્યા હતા."

આખરે સુનામાયથી વધારે વાર શંખાયું નાહી. તેવણુ મહલ્લાજો ભુલી જઈ પાલનજીને આચકો મારી બોલ્યાં. "કાંઈ ગઇ કાલે તમારૂં તો માથું દુખતુંતુની! ને આઠ વાગામાંથી જઇને પહેલા માલપર ખાલી ઓરડામાં સુઇ ગીયા તે આવું કરવા કે? બરયું તમારૂં જીવતર!"

પણ હવે જુલમની હદ થઇ હતી! જાણીતી વાત છે કે હરેક ચીજની સીમા હોય છે. રબરની દોરી ચોકકસ હદ સુધી તણાય પણ વધુ હદ સુધી તાણે તો તુટી જાય તેમજ હમણાબી બન્યું. હવે પાલનજી છેડાયા તેવણ ગુસ્સામાં આવીને બોલ્યા.

“બસ, બસ, આએ મુસલમાનને મેં કોઇબી દહાડે અહીં બોલાવ્યો નથી. આએ ઘેર મારૂ છે, ને મારી રજા વગર કોઇનેબી એવા ફેસ્તા કરાવવાનો હક નથી. બાપુ, એને લાત મારીને અહીંથી બહાર કહાર! હું મારા જીવનો ધણી છેવુ, હું ગમસે તે કરશ ને ગમસે તે ખાવસ પીવસ, મને પુછનાર કોણ છે? જો વરી, જરા અખારા કીધા તો ઘરથીજ માથે લઇને ફેરેછ! ખબરદાર, જો ફરીથી કોઇ મારાં કામની વચ્ચે આવુંછ તો? બૈરાંની જાત ટચાક કહેવાયછ તે ખરૂં છે. જરા લાહરો આપ્યો કે નાકપર માખ બેસવા દેતા નથી, ચાલ નીકળ અહીંથી, જો ફરીથી અહીં આયોછ તો કનસ્ટેબલને તેડીને પોલીસમા મોકલસ!”

“બાપરે! ઘણું વરસે આ ન ધારેલો ધડાકો જોઇ સુનાબાય તો ચાઇ પડી ગયાં અને જીવ ફરી આવવાનો ચવાઇને ફુચો થયલો અખતરો અજમાવી જોયો પણ પાલનજીબાના મીજાજનો તીર હવે કમાનથી છટકયો હતો તે પાછો વળ્યો નહીં. તેવણ મોટો ઘાંટો પાડી બોલ્યા. “ચાલ, ચાલ, એ બધા ઢોંગ હું સમજુછ, મોટી પોહચી પાતરાં જેવી છે ને જરા જરામાં જીવ

શાનો ફરી આવેછ! એ બધુ હંબગ છે જીવ ફરી આવતો હોય તો ઓરડામા જઇને સુઇ જાઓ અહી કોઇ તમારા બાપના ચાકર નથી કે દહાડામા સો વખત તેમ ઉઠવેઠ કરે. પોતે ઓરડામા ભરાઈને દશ વખત બ્રાંડી પાણીના ધીચારા ધીચેછ તે કાંઇ નહી ને હું જરા ખાઉ પીઉં તો તે સારૂ મારી પછવાડે ભાડેના ડીટેકટીવો ફેરવે! વાહ! રાન શુ ખાન ખાયછ!"

સુનામાએ જોયું કે ધસોરાના ઢોગ અને જીવ ફરી આવવાના સોગ હવે કાઈ ચાલવાના નથી એટલે રડવા માડયું.

"અરે ખદાય! મારૂં મોહોત કહારે આવશે? આએ જુગારી છોકરાએ સુના જેવા માટીડાનેબી લખ લગાડયો!"

પાલનજી બાપુ ગમ ફરીને બોલ્યા. "છોકરા તું મોટો મુછવારો માટીડો થયો ને તુંબી બાવાજીના બુચાની કાની આટલુ આટલું સાભળેછ, તો જવાબ આપવાનીબી તારી સુધ નથી! ચાલો ઉઠો બધા અહીથી મને કોઇનુ કામ નથી."

સુનામાએ કરગરીને બોલ્યા "જોયું મેહરાં. આએ તમારા માનીતા મનચેરજીએ શુ મોહકાણુ વારીછ તે! તારા ભાઇને તો કોરીનો કરી મુકયો ને હવે આએ ચરેલા ઘરડાને જહાનમની ખારમા લઇ જાયછ! ઠીક છે, તમારે ગમે તે કરો. હું મારૂં સુજયુ કરી લેવસ! તમે છેઓ ને તમારૂં ઘેર છે, આપરે કાઈ જાણુતા નહી."

એમ બોલી બાઈએ આયાને બોલાવી અને બે બાજુથી બે આયા અને પછવાડેથી ટેકો આપવા સારૂ ગુલાં એમ "ટાબલો વીવા"ના આકારમાં કાસતા ફુસતાં ઓરડામાંથી નીકળી ચાલ્યા

પ્રકરણ—૧૩ મું.

પાલનજી ચીનાઈના ન ધારેલા ધડાકાથી એટલી તો અસર થઇ કે ડીટેકટીવની મારફતે ચાવાચીવી કરવાની સુનામાએ ફરીથી હીમત કીધી નહી. મનચેરજી બાટલીવાળાની હીલચાલ ઉપર ન છાજતી દેખરેખ રાખવાનું બેહુડાપણુ હાલ તુરત તો દબાઇ ગયું. અલબતે મેહરૂમાય દોર બાબ્યાં મોં૰ લોનેને ત્યા નવી જાતનું મ્યુઝીક લેસન શીખવા જતા હતા પણ આજે રાતે ધનધન ધોરી ફકીરજી ઝુમલા જમવા આવનાર હતા એટલે સુનામાયના કકડતા ડોળાને શરણ થઇને મેહરા ઘરમાજ રહી જમવાની ટેબલનુ બ્યાન કરવુ મુશકેલ છે, પાલનજી અને સુનામાય વચ્ચે ઘુરકાઘુરકી, ફકીરજી અને મેહરાં વચ્ચે દેખાતા અણગમાનો આતશ, બાપુ અને ગુલા વચ્ચેની છુપી "ટેલીગ્રાફી" એ બધાનો પંચમેળ સમાગમ એવો રમણીય હતો કે તે વારનુ "ગ્રૂપ" વાંચક વર્ગ હજુર રજુ કરવાને આ અહના લખનાર પાસે "કોડીયાક" કેમેરા નહીં હતો એ અફસોસ કરવા જોગ છે.

ફકીરજી એવા મેવકુફ હતા કે કેવી વખતે કેવી વાત કરવી તેનુ શ્યાણુપણુ તેવણુનામાં હતુંજ નહી. જમતાં જમતાં ત્રણેક ગલાસ શેરી પોતાનાં ચીમરાયલાં હોજરામા હોમાવવા પછી તેવણુ પાછી મંચી બાટલી- વાળાની વાત કહાડી બેઠા ને ગામમા એમ બોલાય છે ને તેમ બોલાય છે વગેરે નીંદા કરવા માડી. પાલનજીનું ધક ધ્યાન સઘળુ ખાધામાં હતુ, બાપુ ફેફડી ચટકી રહેલો હતો, મેહરાં તીરસ્કારથી કશુંબી ન સાંભળવાનુ ડાળ ઘાલતી હતી પણુ એકલાં સુનામાય એક સુકી રેતીના ઢગ ઉપર પાણી પડતાંનેવાર ચુસાઇ જાય તેમ સઘળી નીંદા મોટી ઉલટથી ડાચુ વકાસેલું રાખીને સાંભળતાં હતા. તેવણુ એટલાં ઉશ્કેરાયલાં હતા કે પાલનજીબા ઉપરાસાપરી બ્રાંડીનો ઘાણુ કહાડતા તેબી તેમના જોવામા આવ્યુ નહી આખરે નવ વાગતે સઘળા મેજ ઉપરથી ઉઠયા. બાપુ, ગુલાં, મેહરાં તથા પાલનજી વગેસગે થઇ ગયા પણુ સુનામાય અને જમાઇજી શાદીનો દીવસ નકકી કરવા તથા બીજી વીગતોની ગોઠવણુ કરવામાં રોકાયા.

રાતના દશ વાગ્યા હશે. મેહરાંના સુવાના ઓરડામાં મોટી આરસી આગળ આ રૂપસુંદરી બેસી ક્રાસીસ પાસે પોતાના બાલ હોરાવતી હતી એવામાં ફડાક દેતું બારણું ઉઘાડી સુનામાય દાખલ થયાં.

"મેહરાં કેમ હમણુાં તારૂં મ્યુઝીક કેમ ચાલેછ? હુ તુંને કહેવા આવીછ કે હવે થોડી મુદત સુધી માસ્તરને

તાંહ જવાની તુને જરૂર નથી મે અ જેજ તેવણુનો એક મહીનાનો ચેક મોકલાવી આપ્યો છે ને હવે ઘર ઘર કરતાં લગ્ન આવી પહોંચ્યાં તેથી ઘેરમા તારૂં કામ ઘણુ છે "

મેહરાનું મોહ લાલચોળ થઇ આવ્યું હતુ પણ સારાં નસીબે તેણીના સોનેરી બાલનો ઝુખડો તેણીના ચેહરા તથા ગરદન ઉપર પથરાયલો હોવાથી તેણીનો ગભરાટ માતા જોઇ શક્યા નહી.

"માયજી, જેબી બનવાનુ હોય તે સાથે મ્યુઝીકને શું અડચણ છે? આખા દહાડામા એક કલાક તમુને શું ભારી પડવાનો છે?"

"નહીં, હવે બે તણ મહીના સુધી મ્યુઝીક ફ્યુઝીક બધુ અભરાઇપર નાખવું પડશે.'

"પણ સભ્યતાને ખાતર માસ્તરને કાલે જઇને "ઠેંક" બી કરી આવુ કે નહી?"

"નહીં કાંઇ જરૂર નથી. તમારાં લગણ ઉપર ખાંડી-બંધ ખરચ કરવાનો છે, એટલે હવે જરા હાથ ખાચવો જોઇયે."

"ઓ માઓજી, તમે વરી એ વાત કહાડી?"

"બસ, બસ, એક વાતની સો વાત. જે વાત નકકી થઇ ચુકી તેમાં હવે એકનું એક પીંજન હાણ્યામા નકામું તારૂ ભેંજુ પાકવવામાં કાંઈ વલવાનું નથી, તુ તો ડાહી છે ને માએબાપે કહ્યુ તે ખોદાએ કહ્યું એમ સમજે

તેવી છે. તમે બચ્ચાઓ અમારા શોકની ફકર શું સમજો? જોની આજેજ વાઇન બ્રાંડીનો સીમસન કંપનીનો સાતસો રૂપ્યાનો આંકડો આયો પણ હવે તું પરણીને સાસરે સીધારશે તાહરે એ બધું હું બંધ કરવાની છેવું. ચાલો હવે પોહરી જાઓ!”

આ પ્રમાણે મેહરાંના મુખનો કચહઘાણુ કહાડી સુનામાય વીદાય થયાં. ફ્રાંસીસે બાલ હોરવાનું ચાલુ રાખ્યું, પણ મેહરાંની આખમાથી મોતીની કીમતના આસું ટપકતા હતાં તે જોઇ આ ભલી નોકર છોકરીનુ દીલ બહુ આઝોરદે થયુ.

આહ! આખરે બંદીવાન થઇ નીરદોશ મેહરાને ફુલના ગજરા પહેરાવી કસાઇખાનામાં કાપવા મોકલે એવો સઘળો મામલો હતો, ફ્રાંસીસે પ્યારથી રૂમાલ કહાડી પોતાની દુખી શેઠાણીની આખો લુછી.

“ઓ બાઇ, શુ કરવા એ પ્રમાણે આંખપાણી ભરોછ? ખોદા ઉપર એતબાર રાખો, એમાંથીબી હજી સારૂ થશે.”

“હું મુઈ, મારૂ સત્યાનાશ વળ્યુ! જા, ફ્રાંસીસ મારા દુ:ખમા તુંને સામેલ કરી તારૂં જુવાન જીગર શા વાસ્તે ચીરી નાખું? નસીબ મારી સાંથે રૂઠયુ છે.”

તેજ દહાડે સાંજના મો૦ હોનેના મ્યુઝીક રૂમમાં મચી બાટલીવાળો પોતાના કુતરા ટોબી સાથે ઝડપમાં દાખલ થયો.

"કેમ સીનોર, તમારી ચેલી હજી આવી નથી કે?"

"નહીં, આવીબી નથી ને હવેથી આવશેબી નહી."

"એ ક્યાય?"

"મોટાંબાઈ સાહેબ તરફથી આજેજ ચીઠી મળી તેમાં લખેછ કે છોટી બાઇસાહેબને હવે વધારે લેસનોની જરૂર નથી ને આએ મહીનાનો મારો એકસો રૂપ્યાનો ચેક મોકલાવી આપ્યો છ"

"એ તારી! રખેને ડોસીને વહેમ પડયો હોય?"

"નહી નહી ફીકર ના કરો, તમે મારી જગાએ આએ ચેલીને એટલું બધુ સરસ મ્યુઝીક શીખવી દીધું કે ઉલટી મારા પેટ ઉપર લાત પડી, પણ ચીતા નહીં આપરે કાઈ બીજો તોર શોધી કહાડશુ"

મચી પોતાની લાકડીની મુઠ કરડતો બહુજ અંદેશામ બાહેર પડયો. તેનો જીવ ગભરાઈ આવ્યો હતો. તે વીચારમા ને વીચારમા પાલનજી ચીનાઇના બંગલા તરફ ચાલ્યો, કે કાઇબી અકસમાતથી મેહેરા નજરે પડે. તે મન સાથ વીચાર કરેછ કે "આટલી બધી નાસીપાસી થવા જેવુ મે શું બુરૂ કામ કરયું હશે? મારો ખ્યાલ છોડી દઉ કે કેમ કરૂ? મેં એને ઘણી સમજાવી કે છુપાછુપ શાદી કરી દઇએ પણ એ માનતી નથી, બાપુ મને મળતો નથી, ને હુ આએ ઘરમા જઇ શકતો નથી તાહરે કરવું કેમ? રખે ગભરાટ સમેત મારેથી કાઇ એવું થઈ જાય કે જે માટે મને પછ્વાડેથી શરમાવું પડે."

ગામનુ લોક હવે વાત કરવા લાગ્યુ - કે હીરા જેવો મંચી બાટલીવાળો આસ્તે આસ્તે બગડતો જતો હતો, તે જુગાર રમતો ને દારૂ પીતો અને છેક રદ બાતલ થઇ ગયો હતો એવી અફવા ચોમેર ઉડી રહી હતી. મેહરાંબી સુકાઇને નરી છોડાં જેવી થઈ ગઈ હતી. પાલનજી દારૂમા ચકચુર રહેતા, સુનામાય ધામધુમમાં હતાં, માત્ર ફકીરજી ઘણુાજ ખુશમાં હતા, તે એટલા સુધી કે કોઇ વખતે પોરટ વાઇનની ઝુમમાં એકલા એકલા અકજ જેવા ગીતબી ગાતા. તેવણુ દહાડામાં બે ત્રણુવાર સાસરે આવતા અને પોતાની એ'મલગામની હાજરીથી મેહરાનું શેર લોહી સુકવતા હતા.

આ સઘળાંની વચ્ચે બીચારા મુગા ટોબીનો મરો થઈ જતો હતો. મનચેરજી પોતાના કારભારમાં એટલો મશગુલ હતો કે તેણુ કાંઈ મુદ્દત થઈ પોતાના આ વીશ્વાસુ મદદગારને વીસારી મેલ્યો હતો.

* * * *

હવે બાપુ અને તેના બાપ આપણુ ધારયે છીયે એટલા બેદરકાર ન હતા. પાલનજી જેટલા ઉશકેરાયા હતા તેટલાજ જલદી પાછા ઠંડા પડી ગયા હતા પણુ પોતાની માનીતી બેટીની અકળામણુનું ખરૂ કારણુ શું છે તે સમજી જઇ બહુ જળતા હતા.

બાપ બેટા વચ્ચે એકવાર શું વાત થઈ તે સાંભળજો.

"દીકરા, બાપુ, આએ બધો મામલો મને જરા ગમતો નથી. મેહરાંને ખાતર બળાપાથી મારૂં ગળું એવું સુકાઈ જાયછ કે જાણે એક આખી બાટલી બ્રાંડીનો કાચો પી જાવું!"

"બાવાજી, એમાં બધી કસુર તમારી છે, તમે ઘેરના માલેક તરીકે તમારો હક જાળવો નહીં, તારે હું એકલો શું કરૂં?"

"હા બા તેમ છે તો ખરૂ, આજ કાલ મંચી મલ્યો તો કે?"

"હા જાણે ફાંસી જવાનો હોય તેવો નાચાર થઇને ફરેછ, મેં તો એને કહ્યું કે તું મુખ છે."

"પણ રખે એ મારો વાંક કહાડતો હોય? તું કહેતો હોય તો હું એને જઇને મળું. તારી માય જાણે તો મારાં પીછ વેરી નાખે!"

"હું કેહુંછ કે મંચી બેવકુફ છે મે તો એને ઘણું સમજાવ્યું કે મુગો મુગો જઇને બે ચોખા છંટાવી નાંખ, પણ એ સમજતો નથી."

પ્રકરણ—૧૪ મું.

મેહરાં, ફકીરજી અને મંચીની ગડબડમાં આપણે બાપુ અને ગુલાંને ઘણાં વીસારી મેલ્યાં છે. ગરીબ બીચારી ગોરયાણી ગુલાંની ઘરમાં અવસ્થા દયા આણવા

જોગ હતી. જો કે સુનામાય તેના સગા માસી હતા તોબી તેની પરઆધીન હાલતનુ મીહણું તેને વારવાર મારીને તેને ગાળોથી ધોઇ નાખતા હવે તો વાત જરા આગળ વધી હતી. સુનામાય કોઇ કોઇવાર આ ગરીબ છોકરીને તમાચા અને ધમોલાથી સરપાવ આપતા હતાં. બાપુ તેના ઉપર મરી ફીટતો હતો પણ એ વાત જો માસી જાણે તો સારા ઘરને આગ લગાડે એવી બીકે તે ફરતી હતી ફરામરોઝને તેણીના ધણી દાખલ સુનામાયે પસંદ કરયો હતો તે વાતથી ગુલાં રાત દીવસ ધુજતી હતી પણ આવી ગડબડની વચમાં એ નીરદોશ જોડું શુ કરે તે એક મોટો સવાલ હતો

લંબાણ કરવાની જરૂર નથી. બાપુએ ઘણીજ મીનતજારીથી ગુલાં પાસ શાદીની કબુલાત માગી પણ ગુલાએ એકજ સરત કરી કે મેહરાં સુખી થાય એવી રીતે બાપુ બધુ પાર પાડી આપે તોજ ગુલા તેની ધણીઆણી થવાનું કબુલ કરે. બાપુનો જીવ આથી ખુશાલ થઈ ગયો અને તેઓ આ કંત્રાક્ટ નક્કી કરીને છુટાં પડયાં પણ આ વાર તેઓને થોડીજ ખબર હતી કે આ સઘળી ગુફતેગો પાલનજી એક પડદા પાછળ બેસીને સાંભળતા હતા।

* * * *

બાપુ લાગલો મચીને મળવા ગયો પણ તે ઘરમાં હતો નહી. કલબમા ગયો પણ ત્યાબી મેળાપ થયો નહીં. દહાડાના દહાડા નીકળી ચાલ્યા. ફકીરજી સાથની

શાદીનો દીવસ આગળ આવતો ચાલ્યો પણ કાંઈ ઠેકાણુ મળે નહીં. ગુલાં રીસાઇને બાપુ સાથ વાત કરવાનેબી ના પાડે, મેહરા સારો દહાડો રડીને પોતાનુ જીવતર બાળે અને શાદી કરતા મૈયતનો આકાર વધારે દીસે.

પણ આખરે આ ભલા જીગરોને વધારે આઝારદે કરતા કુદરત થાકી. એક દીવસે મંચી અને બાપુ મળી ગયા. બાપુ તાણુમાં આવી ગયો હતો.

"અરે પણ ગધેડા તું માટીડો થઇને આએ એબ લગામણુ મકાઈબાહુને તારી સુન્ના જેવી મેહરાને ઉચકી જવા દેશે?"

"પણ હું શું કરૂં?" મંચી કરગરીને બોલ્યો. "મેં બધા ઉપાય અજમાવી જોયા પણ મારો ને મેહરાંનો મેલાપજ થવા નહીં દે તાહાં હું નાચાર થઇ ગયોછ."

"પણ મેલાપ થવા નહી દે એટલે શું? શું મારી બેનને ચબની તીજોરીમાં બંધ રાખેછ?"

"લગભગ તેવુંજ છે બાપુ. મે તરેહવાર સીફત કીધી પણ હું હવે આજેજ થઇ ગયો. તારા માય તારી બેનને નજર આગળથી ખસાડતાંજ નથી."

"હરવાયો તું. મારો જુનો મચી બાટલીવાળો દોસ્ત તે તુ કે? શરમની વાત છે હું નહીં જાણુતો હતો કે તું આવો બાયલો છે."

"પણુ તુ કરાવેછ શુ ? મારૂં જો ચાલતુ હોય તો આએ ચીમપાનજી ફકીરને છરી મારૂં પણુ તેથી કાંઇ મેહરાં મારા હાથમા આવવાની છે ?"

"મુઓ તું, હીચકારો છે, જા આજથી તુ મારો દોસ્ત નહી તારી ઉપર તો મે કેટલી કેટલી આશા બાંધી હતી અને તુ તો રરકડો નીવડયો. ચાલો સાહેબજી, ફકીરજીના ને મેહરાના લગ્નમા મળશું"

"બાપુ જરા ઉભો રહે. જરા મારી વાત તો સાભળ"

"નહીં, મારે કઈ સાભળવુ નથી આજથી તુ અને હુ જુદા. જો મારી બેનને કશુ કાઈ થશે તો હુ તારો ટોટો ધરશ"

આ પ્રમાણે ખુબ ગુસ્સામા આવીને બાપુ ત્યાથી ચાલ્યો ગયો તે પાધરો ગુલાની આગળ આવીને ઉભો

"કેમ મંચી મળ્યો કે?" પહેલોજ સવાલ પુછયો.

"હા."

"ને પછી ?"

"પછી ? પછી મુઓ એ. એ કાઈ માણુસ નથી પણુ હીચકારો કુત્રો છે-ગુલા જરા ઉભી રહે-મારૂં સાંભળ તો ખરી"

પણુ ગુલા એક પળ ઉભી રહી નહી અને છણુકો કરીને ઓરડામાથી ચાલી ગઈ કે પાલનજી દાખલ થયા.

"ઓહો બાપુ, શું છે? ગુલા અહીથી સરભોગ ચાલી ગઇ ને તારૂં રડવા જેવુ મોહોડુ કેમ? શું સમાચાર?"

"સમાચારબી બળ્યા ને બધું બળી ગયું હું તો બસ અહીથી સાઉથ આફ્રીકા જાઉંછ મને હવે જીંદગી અકારી છે"

"તે ખરૂ પણ બેટા, તેમ કીધાથી મેહગની શાદી અટકવાની છે? આપરે જરા ધીરા પડીને વીચાર કરીએ જોઇયે શુ થાયછ આ માઈ, મારૂ ગળુ કેવું સુકાઇ જાયછ"

"એમ છ કે તારે આવો મારા ઓરડામા"

આ પ્રમાણે બોલી બાપુ બાવાજીને પોતાના ઓરડામાં લઇ ગયો અને માહેથી બારણું બધ કરીને ચમપીનની બાટલી કહાડી.

"ઓ બાપુ-શાબાશ-વાહ-એ તુ કાહાંથી લાયો?"

"વળી કાહાંથી, આપરા દારૂવાળા સીમસનને તાહાંથી તમારે નામે લખાવીને-મુગા મુગા પીઓની બીલ ચુકવતી વખતે બધુ થઈ રેહશે"

"અરે નહી દીકરા-મકુજે એ સારૂ નહી-મારા ગાઉતને લીધે—

"હવે મ ડી વાળો ને આએ ગલાસ લગાવી જાઓની. એક બે ગલાસ ચ પીનથી કાંઇ માણુસ મરી જાયછ કે!"

"અરે પણ નહીં—

"અરે પણ હા—તમેબી નાકે જીભ..ના—

* * *

"શાપુર—એ વાતની તલાસ કરવી પડશે—ઉઘાર બાપુ બાપુ, બાણુણું અતર ઘડી ઉઘાડ."

આમ બોલી બહારથી મુનામાય બારણું ખખડાવવા લાગ્યા. મારીઆ ઠાર.

બાપુ બોલી ઉઠયો "અંદર આવતાં ના, હુ કપડાં બદલુંછ."

"જુઠું—બધું જુઠું—" આમ બોલી બારણું અફાળી ઝીકીને સુનામાય અંદર આવીને ઉભાં. બાપ દીકરાના હાથમાં ગલાસો—સુનામાય કમ્મરે હાથ ટેકવીને ઉભેલા, શાપુર મુછમાં હુસે તોબાહ તોબાહ.

"આહ! હું ધારતીતી તેમજ દેખુ. શાબાશ, શાપુર આએ દારૂ અહીંથી ઉચકીને બહાર લઈ જા—"

બાપુ ઉઠયો. "શાપુરની મગદુર હોય તો આએ બાટલીને હાથ લગાડે. હું એનું માથુ ભાજી નાખુ."

"શાપુર, આએ બાટલીઓ આપરે ઘેરને ખરચે અહીં ઓરડામા આવેછ તે તેં મને કહ્યુ કેમ નહીં?'

"બાઇ હું શુ જાણુ. અવાર નવાર પેટીઓ આવતી તેહરે મસાલ કેહજે એમાં તો મધ છે."

"હા માયજી કેવુ મજાનુ મધ છે જરા પી તે. જુઓ, તમારો જીવ ખુશ થઇ જશે."

"એ બધી ઠઠા મશકરીનો હું રસ્તો લાઉં છ. વારૂ શું સન્તા કે ઘેર ખરચે લખાવીને તુ—

"ને તમારી શુ સતા કે મારા બાપને પૈસે હું કંઈબી લાઉ તેમાં તમે વચમાં આવો. તમારે જોઇયે તો તમે ના પીઓ. બાવાજીને ગમશે એટલો પીશે. પણ તમારો પેલો માનીતો કુત્રો કહાં છે? જાઓની તેને કોઈ ચોરી બોરી જશે."

"મારો કુત્રો? તે કોણ?"

"પેલો હેડચમ ફકીરો."

સુનામાય ઘણુંજ ખફા થઇને બોલ્યા "તમે બાપ દીકરા ગુસ સુજ કરીને આએ કારજ તોરવા નીકળ-યાછ પણ જરા થોબો. મેહરાંને સાસરે કહરાવા દેઓ ને પછી જુઓ હું તમારી શું વલે કરૂં છ તે."

આમ બોલી શેઠાણી ત્યાથી નીકળી ચાલ્યાં. પાલ-ણજી ઠરઠર કાંપતા હતા.

"બચ્ચા બાપુ—તેં તો મને સરગારહાન ફસાવ્યો."

"પણ ફસે શાનુ ને વાત શાની. લે ચાલો આએ ચંપીન લગાવી જાઓ. આજથી આપરે લાલ વાવટો ચગાવીશું. આજેજ રાતે આપરે ગ્રીન અને રીડને તાંહાં શંપીન સાથે ડીનર લઈ આવશે."

"દીકરા મારા, મોહોડામાં અત્યારથી પાણી છુટેછ પણ તારી માયનું કેમ?"

"અરે તમે જોયા કરોની, કેવાં તેવણુને છપનમે પાને ઉડાઉંછ તે. પણુ મારી પાસે પૈસા—

"મારી પાસે દશ રૂપીઆની નોટ છે."

"હું કે? કાંહાંથી લાયા?"

"અમે તાંહાંથી—હાલ તુરત આપરૂં કામ સરવ' સાથે વાત."

પ્રકરણુ—૧૫ મું.

શાદી! ખુશબખ્ત શાદી કે બદબખ્ત જોડું! મેહરાંની કુંવારી હાલતનો આજે છેલ્લો દીવસ હતો. આવતી કાલે સાંજના પાચ વાગામા તો તે શાદીના ગુલામી બન્દરમાં વેચવાની હતી. છેલ્લા પંદર દીવસ થયા બંગલામાં ચીકનદોરો અને કાપડીયાઓની એવી ધણુખર વસી રહી હતી કે ચાલવાની જગ્યા રહી ન હતી. આ પરણેલું કજોડુ કીયા થવા પછી રાતની ટ્રેનમાં ખંડાળે જનાર હતુ અને તે માટે સુનામાય એટલાં દોડાદોડીમાં પડયાં હતા કે પદર દીવસ આગમજથી ત્રંકો અને "પોરટમેન્ટો" પેક કરવા પડયા હતાં આ પંદર દીવસના અરસામાં મેહરાંએ ઘણીબી જીકર ઉઠાવી, ઘણીબી તકરાર કીધી પણુ સુનામાય ગોયા બેહરાં થઈ ગયાં હતાં અને કાંઈબી સાંભળવાની ના પાડતાં હતાં. એબ લગામણા ફકીરજી સહુવાર સાંજ અને બપોર આગળનો આગળ ભમી કોઇને

ઝંપીને બેસવા દેતો ન હતો. સાસુ જમાઈ એક એસ્કી વીક્ટોરયા ખરીદવાને માટે મુંબઈના સઘળા ગાડીનાં કારખાનાઓમા આખો આખો દહાડો રખડતાં હતાં. આ સુખી જોડાને રહેવા માટે વચલે કોલાબે એક બંગલોબી ત્રણ વરસની મુદતે ભાડે લેવાયો હતો અને તેને શણગારવા માટે સુનામાય ફકીરજીની દોલતમાંથી ખાંડીબંધ ખરચ કરતાં હતાં.

બીજીમેર પાલનજી લાચાર થઇ ચોંટાની પેઠે ઘરમાં ફરયા કરતા હતા. દલગીરીને મારે તેવણુ ઉપર ભુખે એટલો જબરો ગલબો કરયો હતો ને ફરતાં કે હરતાં જ્યારે લાગ ફાવે ત્યારે બીસ્કોટો તફડાવી તે ઉપર માખણના લપેડા લગાડી ફબુસા મારતા અને નીસાસા નાખ્યા જતા હતા. બાપુએબી સુનામાયની ગોઠવણમાં પોતાથી બનતી હરકત નાખી પણ બાપ બેટાનુ કાઇ ચાલ્યું નહીં.

એક દહાડે મેહરાં ભાઈ આગળ ઘણીજ રડી જળી ત્યારે તે દલગીર થઇને બોલ્યો.

"હું શું કરૂં? મારાથી બન્યું એટલું મે કીધું પણ તું જાણેછ તો ખરી કે મારૂં આએ ઘરમા કાઇ ચાલતુ નથી. બાવાજીને ઘણુંબી સમજાવ્યા પણ તેઓ ઉપર માયજીનો પહેરા જેવો વજન એવો મોટો છે કે તેવણુ બીચારા દબાઈ ગીયાછ તુ રડે છે શું કામ? જમાનોજ એવો છે, ફકીરો એવો ગધેરો છે કે તુ તેને પણ્યા પછી હથેળીપર નચાવશે."

મેહરા તેના ખભા ઉપર માથુ નાખી રડીને બોલી "બસ બાપુ બસ, હું એટલુંજ માગું છ કે હું જાઉં પછી બીચારા બાવાજીની સભાળમાં રહેજે તેવણુ મારા વગર તદન ઝુરી જશે."

બાપુ નાદાન હતો, ઉછાછળો હતો પણ પોતાની બેન ઉપર તેનો જીવ પ્રાણ હતો, મેહરાની લાચારી જોઇ તેના દીલમા અજબ તરાહનુ દરદ થતું હતું અનેકવાર તેને વીચાર આવ્યા કે કાંઇ ગરબડ સરબડ કરી આ શાદીમા ખલલ પાડવી, પણ આપણે જોઈ ગયા છીયે કે સુનામાયના દોર આગળ તે બચ્ચા જેવો હતો

શાદીની આગલી સાંજે મા બેટા વચ્ચે જબરી ઝુંબેસ લાગી, બાપુ એટલો સામે થયો કે સુનામાયે ગુસ્સામા આવી તેને ઘરમાથી બાહેર કહાડી મુકવાની ધમકી આપી

આ ઠેકાણે આવી ગરબડ ચાલી રહી છે તેટલાં બાપ બેટી વચ્ચે થયલી છેલ્લી મુલાકાતનું જરા વર્ણન કરીયે લખવાના ઓરડામા પાલણજી એખલા બેસી કાંઈ બચર બચર ચાવતા હતા એવામા મેહરાં ત્યા ગુપચુપ દાખલ થઈ

"બાવાજી, હુ તમને "લ્લીવાર મુલાકાત કરવા આવી છ."

"આહુ! બેટા, તમે લોક આ પ્રમાણે ઘરડા બાપને છોડી જાઓછ તેથી મારા પેટમા અગન બરે છ! કાલે તુબી જશે તે વાત હજુ મારા ધ્યાનમા ઉતરતી નથી."

"બાવાજી, તેનો હવે કાઇ ઉપાય નથી હું ગમે તાહ જવશ પણ તમુને વીસરશ નહી તે વીશે ખાતરી રાખજો."

"બેટા, હીંમત રાખ, લગન બાહેરથી કેવું ચળકતુ રમકડુ દેખાયછ પણ બાતેનમા તે એક કાતેલ ઝેર છે, આપરે તો હવે બુઢા થયા, તમે સુખી રહો એટલે મારા જીવને સંતોષ થશે."

મેહરાંએ કશો જવાબ દીધો નહી પણ ડોસાજીના ખભા ઉપર માથુ નાખી ગુપચુપ રડવા લાગી.

આ બધું ચાલે છે એવામા સુનામાય ત્યા દાખલ થયા અને બધુ સમાધાન ઉતરી જવાની નીશાનો જોઇ મગન દીસ્વા લાગ્યા. તેવણે સગનના સમાચાર આપયા કે નરતાકે ફકીરજી આવી પુગશે ને રાતે જમીનેજ સીધ્રારશે. જેમ જેમ અધારૂં થતુ ગયુ તેમ તેમ મેહરાનો જીવબી કજળાતો ચાલ્યો. બતીઓ સળગાવવાને વખત હતો તેટલા ઝઝકળાંમાં મેહરાંની આખ્યોમાંથી આંસુની ધારા ચાલતી હતી તે સુનામાય જોઈ શક્યાં નહીં.

તેવણુ છોકરીને પટાવીને બોલ્યાં “બેટા, “એસ્કીવથ એન્ડ લોર્ડ”ને ત્યાંથી હમણાંજ તારો પોલકો સીવાઈ આયોછ તે જોવા ઉપર આવ.”

“નહી માયજી”

“પણ કાંય નહીં ? જરા દીલમાં ઉલટ રાખ, બચારા ફકીરજી તારે ખાતર કેટલી મેહેનત કરેછ.”

આ વખતે ફકીરજીને વીશે મેહરાંના મનમા શું થતું હશે તે લખવા કરતા વીચારવુ સહેલ છે.

“જો નાદાન છોકરી, તારે વાસ્તે કેવુ હીરા મોતીથી ભરેનું ઘેર મેં શોધી કહાડયું ને તું મને છેલ્લે દહાડેબી અપજસ આપેછ ! એક વખત પરણીને સાસરે સધાવશે પછી મને યાદ કરશે.”

“માયજી હવે બસ કરો, મને એ વાત કરવા ગમતી નથી. તમે જે કહયું તે મે મુગે મોહડે કબુલ રાખ્યું. હવે જો તમે વધારે પજવશો તો મારૂ માથુ ખસી જશે.”

આટલી વાતચીત ચાલે છે એવામા જમાઇજી દાખલ થયા

“ઓહો ! બધા બેઠાછ કે ? મકુંજે જરા જલદી આયો. છું તે કરીને કલબમાં ગીયા તો તાંહ સોહાવાયું નહીં.”

રખે કાંઇ ભાંગરો વટાઈ જાય, તે બીકે સુનામાય બોલી ઉઠયાં. "આવો મરી જાઉ, આયા તો ભલે આયા! મેહરાંનેબી જરા સોહોવાઈ જશે! બચપણથી અમારી આખ આગળ ઉધરેલી એટલે જરા ઘેર છોડી જતાં જીવ અકુરાયજ તો!"

મેહરા તો ખલીર કાગડાને જોતાંજ છણકો કરીને ઉઠીને ઓરડામાથી ચાલી ગઈ.

પ્રકરણ—૧૬ મું.

સવારના દશ વાગ્યા છે. બાપુ તો આઠ વાગ્યાનો કોણ જાણે કયા ચાલી ગયો હતો સુનામાય ચોક ચાંદન તોરણ અને સેસ વગેરેની ગોઠવણમાં રોકાયાં હતા અગ્યાર વાગે તે પાછો ફરયો ત્યારે જરા છાંટો-પાણી લીધેલાની નીશાન તેનાં મોંહ ઉપર પ્રગટી રહી હતી. વરંડા ઉપર શાપુર કારભારી તેની વાર જોતોજ ઉભો હતો.

"ઓહો! શાપુર, શું છે? ઘરને આગ તો નથી લાગી!"

"નહીજી, પણ—પણ—"

"પણ, પણ શુ કરેછ, ભસની? ફકીરજીને-સને-પાત થયો!"

"નહીંજી, પણ મેહેરબાઇ—"

"મેહેરબાઈ! શુ છે? સીક છે?"

"નહીંજી, પણ--"

"તારૂં સત્યાનાશ જાય તારૂં! બોલતો નથી ને પણુ પણુ કરયા કરેછ! છે શું?"

"કલાક થયો મેહેરબાઇ બંગલામા નથી, બાઇ સાહેબને હીસ્તીરીયા થઈ આયોછ ને શેઠજી તો ઘેલા જેવા થઇ ગીયાછ।"

"ઓહ! છટકી!" આમ બોલી નાદાન બાપુ બાજટ ઉપર બેસી જઈ પેટ પકડીને હસવા લાગ્યો. "જબરી પકકી! કેઠી એવાં ઉડા પાણીમા ફરવાની એટલેજ કાલે ડાહી ડાહી વાતો કરતીતી! મોટા શેઠાણીને કહીયે હવે માથુ કુટો! શાપુર, બાઇ કાહે છે?"

"માળપર પોતાના ઓરડામા છેજી"

"ને ફકીરજી કાહે છે?"

"તેવણુ તો પેલા મુસલમાન ડીટેકટીવને શોધવા ગીયાછ."

બાપુ છલાગ મારતો માળપર ગયો, અને જોયછ તો માયજી કોચ ઉપર લાબા થઇને સુતેલા હતાં. હાથમા કોલનવોટરથી લચલચ થતો રૂમાલ પકડેલો હતો અને ગુલા પંખો નાખતી હતી, દીકરાને દાખલ થતા જોઇ સુનામાયે ચીસપર ચીસ પાડી, "જોયું બાપુ જોયુ! આએ શુ મારીપર આફત, હવે શુ કરૂં?"

"માયજી તમુને ઘણી સારી મજા થઇછ, એ છોકરીને જે ધણીને નામે ધધરીન તાપ આવે તેની સાથે તમે જબરજસ્તીથી પરણાવવા નીકળ્યા ત્યારે તમુને વીચાર નહી આયો ? એ જઇને કોઈ સારે ઠેકાણે રહી હોય તો હુ મારા જીગરથી ખુશી છેઉ, પણ રખે અકરાટ ગભરાટમાં કાઇ ઓરનું દોર કરે ! ગુલા, તુ તો જાણતી હોશે એ કાહ ગઈછ તે !"

"લે, વરી તમે મારી ઉપર કાહ આડ તોડી પગાવોછ, બાપુજી ? હુ કપડા બદલવા જાઉ છ એમ કહી પોતાના ઓરડામા ગઈ ને એક કલાક સુધી બાહાર આવી નહી તે હુ તો સાબી તડવા ગઈ ને જોઉ છ તો ઓરડામા કોઇ નહીં મળે માસીજીને ગભરાવ્યાની અગાઉ મેં પહેલા ફ્રાનસીસની સાથે જગોજગ શોધ કીધી ને પછી નહીજ પાઇ તાહરે આવીને ખબર આપી"

હવે બાપુ ઉસકેરાયો તેણે અકળાઇને પુછયું "એ બધુ તો ખરૂં પણ તમે કરવા શુ માગોછ ?"

સુનામાય રૂમાલ સુંઘતા સુઘતા કાસીને બોલ્યા "મને કાંઇ સમજ પડતી નહી. હુ તો અહી ખાટલે પરીછ ને બીચારા ફકીરજી કોણ જાણે કેમ આખ પાણી કરતા હોશે તેવણ પેલા મુસલમાન પોલીસવાળાને શોધવા ગીયાછ.'

આહાનમ ફકીરજી ને આહાનમમાં ગયો પોલીસવાળો." એમ બોલી બાપુ દોડતો પોતાના બાપના ઓરડામાં ગયો, જયાં પાલનજી એક મોટી છરી પથરી ઉપર ઘસતા હતા.

"બાવાજી! એ શું કરોછ? જીવથી અતયારથી ધરાઈ ગીયાછ કે?"

"ચુપ બેટા. જો પેલો મારી છોકરીને નસાડી લઈ જનાર મારા હાથમાં આવે તો તેને મારવા સારૂં આય છરી તઈયાર કરૂંછ."

"હૈ ચાલો, હવે ઘેલાં ગાંડા કહારવાનો વખત નથી. જે કોઇ છરી મારવાનો હોસે તે છેક છેહલી ઘડીએ છરી ઘસવા બેસતા હોસે ખસીયામાં જોર નથી ને એવી મોટી મોટી ડીંગ મારવામા કઇ સાર નહી. ત્યારે આખરે મેહરા છટકી કે? એ બધો વાક તમારો છે."

"દીકરા તુંબી એમ કરેછ? બધી ગમથી મને એમ હારમાર કરશો તે હું કેમ સાખશ. હું જાણુછ કે એ છોકરીને બચાવા થકી મારે વધારે હીંમત પકડવી જોઇતી હતી, પણ હુજ મરી ચરી રહેલો એટલે એકલો હાથે શું કરૂ?"

"હું તમારી મુશકેલીઓ સારી પેઠે સમજુછ. પણ હવે કરવું કેમ? પેલો ફકીર શું કહેછ

"ખોદા જાણે સહુવારનો કંઇ એમથી તેમ દોરતો તો ફરેછ ?"

આટલી વાત ચાલેછ એવામા ગુલાંના ખભા ઉપર હાથ ટેકવી સુનામાય કાસતા કરાંઝતાં ઓરડામા દાખલ થયાં અને ચીસાચીસ પાડીને કોચ ઉપર બેસી ગયાં.

"ઓ! હવે શુ કરૂં! દુકતી મરી જાય તેની મને જરાબી દરકાર નથી, પણ ઘેરનો આય ફજેતો!"

બાપુ બોલ્યો "તમે એમ બુમબરાડા પારશો તો ઉલટું કંઇ સુજ નહીં પરશે. જરા સુબર કરો, જાણ છે તાણ એ મંચી સાથે ગીએલી હોવી જોઈયે."

મચીનુ નામ સાભળતા તીર વાગ્યો હોય તેમ સુનામાય ઉઠયા "નહી, નહી, એક હજાર વખત નહી. મુવો એ પારસી, કોઈ ભીખારી સાથે આપું પણ એ મંચીનું નામ સાંભળીને મને કઈ થઇ આવેછ, હવે શુ કરૂ કોઇ બોલોરે? કોઇ કંઇ કરોરે! રખે એ પેલાં "મ્યુઝીક" માસતરને ત્યાં જઈ ભરાઇ હોય!"

બાપુ ચીત ઠેકાણે રાખી બોલ્યો "તમે બધા ધારોછ એટલી મેહરા બેવકુફ નથી. તમે જો ગુપચુપ બેસશોને હું કહુ તેમ કરશો તો એ વાતની બાતમી મેળવી આપવાનું હુ માથે લેઉંછ ને જો ખોટી ખોટી ધીંધલ કીવી તો આય આપરે 'કલબ'મા ચાલ્યા."

સુનામાય બે હાથે પગે લાગીને બોલ્યા "નહીં દીકરા નહીં એમ કઈ હોય. એ કામ તારૂ જ છે તારા બાવા તો અથાતથા થઇ રહયાછ ને હું તો ઢગલા જેવી થઈ રહીછ. વાસ્તે જા કઇબી કર તારીપરથી બધી મરી જાઉં"

ગુલાં પટાવીને સુનામાયને પાછાં તેવણુના સુવાનાં ઓરડામાં લઈ ગઈ, અને તરત પાછી બહાર આવી

"બાપુ, હવે કેમ કરવું ? તું શુ કરવા માગેછ?"

"પહેલાં તો એ વાત નકી થવી જોઇયે કે એ ખરેખર નાશી ગેઇછ"

ગુલાં બોલી "તે વાતમા કશો શક નથી કારણકે એનો નાહાવો 'હેડ બેગ' સાથે લેઇ ગેઇછ, ને થોડા જુના વાપરવાનાં કપડાબી કબાટમા દેખાતાં નથી તારી અટકળ મને ખરી ખરી લાગેછ કે એ બધુ કામ મંચી સાથે સમજુતીથી થયલુ છે."

આ પછી બાપુએ સઘળા માણસોને ભેગા કર્યા ને પુછપરછ કરવા માંડી, અને સઘળાને દમ આપ્યો કે આ બનાવનો કંઈબી સસારો ઘરની બહાર ગયોછ તો બધાનાં ચામરા ઉખેડી નાખવામાં આવશે હજી તો માણસો વગેસગે થાય એવાંમાં ફકીરજી પેલા મુસલમાન પોલીસવાળાને લેઇને દાખલ થયા

પુજીએ ચીંતાથી પુછયું. "કેમ કંઇ જણાયું?"

ફકીરજીનુ મોહ ઉતરી ગયું હતું. તેવણે પોલીસ-વાળા તરફ આંગળી બતાવી. પોલીસવાળાએ ખુલાસો કર્યો કે ફકીરજીની ફરમાસથી તેણે આ બાબતની જુસતેજો કરી હતી ને તેને ખબર મળી હતી કે આજે સહવારના સાત વાગતે એક ભાડેની "લેન્ડો" માં એક પારસી ગ્રહસ્થ એક ગલીને નાકે વાટ જોતો બેસી રહયો હતો. સુમારે સાડાસાત વાગે એક બાઇ મોટો ઓવરકોટ દીલપર નાખીને પાલનજીનાં બંગ-લામાથી બહાર નીકળ્યા, અને "લેનડો"માં બેસીને તેઓ બેઉ જણા ત્યાથી હંકારી ગયાં.

પ્રકરણ—૧૭ મું.

સઘળા સમાચાર સાભળી બાપુ બહુ મુંઝાયો. શું કરવું તે સુજે નહી. ફકીરજી તો અફુખાઉની પેઠે લાકડીની મુઠ મોહોમાં ઘાલી ચુસીઆ કરતા હતા. આખરે બાપુએ ખીજાઇને પુછયું.

"કેમ જમાઇજી હવે શુ કરવા માંગોછો? આએ લાકડીની મુઠ બાલીસુકરની છે કે એમ કુત્રાની કાની ચુસીઆ કરોછો?"

"હે-હે-મકુંજે-એતો ચાલી ગઇ હવે મકુંજે હું શું કરૂં-તમે કેગો તેમ કરૂં. ચાલો, આપરે જઇ જમી લઇજીએ મકુજે—

"અરે આાહાનમમા ગીઉ તારૂં મકુજે ને મુઓ તું. સ્ટુપીડ, મારી બેહનને આવો રસ્તો લેવાની તેં ફુરજ પાડી ને હવે મકુંજે ધકુંજે કરવા શાનો ઉભોછ હું અબઘડી એની શોધમાં જાઉંછ. તું સાથે આવેછ કે નહીં?"

"અરે હારૈં પણ—નાહીંરે પણ—હું કાંહા ના કેહુંછ. હું આાવીને શું કરવાનો છેઉં, પેલો સાથે પોસાગીરછે તે મને મારેબારે તો? નારેબા—ગેધતો ઓછી પીરા-આાપણું એમાં કામ નહીં. અરે મારીજ ચુક થઇ રે. તમે સમજીઆ કેની? તારી ધડડીએ મને ફસાવયો બાકી હું કાંહાં પાણુવા બેસી રહયો તો. સમજીઆ કેની? ચાલ બા આાપરે ઝરા ઘેર જઈને સુઇ જઇયેછ ઓ. માયરે, માથુ દુખી આાયું."

આ પ્રમાણે પોતાના કંગાળ ભેજામા જેટલી અકલ હતી એટલી ખરચી દઇને ફકીરજી ભુમલા પોતાની શાદીને દીવસે જેવા આવયા હતા તેવાજ પાછા ઘરે જઇને પોઢી ગયા.

બાપુ તો એટલો ઉલટમા આવી ગયો હતો કે ધરયો ધરાય નહીં. ઘરની સઘળી જોખમદારી હમણા તેના શીરપર હતી. તે ચચાર ફાંડીએ માળપર ગયો અને બાંવાજીના સુવાના ઓરડામાં ધસયો. બાવાજી હાજરાંનુ સારીપેઠે ટાઢું કરીને વીચારમાં બેઠા હતા.

"બાવાજી—ચાલો વેહેલા થાઓ."

"કાંય દીકરા, શુ છે ? કાંહાં ? કેમ ? કોણુ "?

"હો ચાલો હુશીયારી પકડો—કંઈ કાહા કરવાનો વખત નથી. એક હેંડબેગમાં ચાર સદરા, ચાર પાચ ઈસટાકીન ને એકુ બે ટુવાલ નાખી લેઓ. આપરે અબ ઘડી પાછળ જવું છે."

"પણુ બા, કોણુની પછવાડે ને કીએ ગામ ? હું આવીને શું કરવાનો છેઉ ?"

"બાવાજી તમારા વગર નહી ચાલે. વખતે એ લોક પકડાઈ ગીઆં ને હું ધાંધલ કરૂં તો કેહેશે તું કોણુ ?"

"તે ખરૂં બા, પણુ તારી માએને લઇ જાય તો કેમ ?"

"નહીં, એમા બહરાં માણુસનુ કામ નથી, હમે ચાલો."

"પણુ—પણુ બેટા બાપુ, એ બધું શું છે ? એની સાથે કોણુ છે તેની કંઇ ખબર ?"

"તે તો નકકી કેમ કેહું. સાથે રાંડ પેલી બીલાસી ફરાંસીસણી જતી રહેલી છે તેથી મને ગુમાન જાયછ કે રખે પેલા મયુઝીક માસતર સાથ કંઇ કાવતરૂં રચયુ હોય, બચારી ગરીબ ગાય જેવી છોકરીપર માયજીએ આવી જફા પારી એટલે તે બીચારી છેલ્લે

પાટલે આવી—તે શું કરે તે હું કેહી શકતો નથી. પણ—મારી મેહરાં તો ડાહી હતી ને કુદ મને એમ લાગે એવુ કામ કરે એ હુ માનુ નહી."

"પણ મારી છોકરીને કઈ થયુંછ તો હું મારો જીવ કાહુરી નાખશ. મારૂ ખાધા પીધાનું મુંકી દેવશઃ—

"તે તમારે ગમે તે કરજો, પણ હમણા તો ઉઠો. આજની શીખામણુ છાતીએ કોરી રાખજો. ઘેરનો બધો ખટલો બહરા છોકરા માણસને માથે નાંખીને પોતે પોહાળા ચોળા થઇ ફરયા કીધામા કઈ દહાડો વળયો નહીં. આએ જોયા બધા ફેસતા ?"

"ખરી વાત છે ડીકરા, હવે કધુ તારી માયના કેહયા પરમાણુ નહીં કરૂં. હવે મારે ગમે એટલું ખાવસ પીવસ, બસ હવે આપરેબી પાંચ નવી વાત શીખ્યા."

"હવે શીખશો નવે જનમે આવશો તારે. પણ હમણા તો મારી સાથે ચાલો. શાપુર, શાપુર."

આ કલાહોલ સાભળી શાપુર કારભારી ઝડપમાં આવી ચહડયો.

[જાઓ, બાઇને પુછો કે કાઈ અગતનાં કામ સારૂ નીચે આવશો ? ને અબ ઘડી મારે સારૂં ને મોટા શેઠને સારૂં બે દહાડા ચાલે એટલું ભાતીયુ તૈયાર કરો."

"વારૂંજી" કરી શાપુરજી સીધારયા અને શેઠાણી કાસતા કરાગ્રતા આવી પોચ્યા તેવણ ખરેખર કાહેલી દીસતા હતા સાથે ગુલા તો હતીજ. આખર કરે પણ માય એટલે બાપનું જીગર જળયું પણ એ લાગણી અભાગ્યા સુનામાયે એક શબ્દમાં ઉરાડી નાખી.

તેવણ પવન ખાતાં બોલ્યાં "ઓ બાપુ, હવે લોક આસનામા મારૂં મોહોડુ કેમ દેખારશ કેવુ હીરા જેવુ ઘેર શોધી કાહારીઉતુ રે. મારી છાતી ફાટી જાયછ."

બાપુનું તો પાકીને પલેકાર થઇ ગીયું કે માએબી કોઈ જાતની ઓરત છે કે પોતાની સુના જેવી છોકરીનું શુ થતું હશે તેનુ રડતી નથી. સુના જેવા સાસરાને રડેછ. પણ લોહીનો ગોટ ગળી જઇને બોલ્યો "લે માયજી, એ બધી વાત પછી પણ એ લોકની શોધમા જવા સારૂ અમુને થોડા ઘણા રૂપીઆ જોઇશે."

"રૂપીઆ ? એ લોકોને શોધી લાવવા ? એક પૈ નહીં, મારો જીવ જાય તો નહી. એ નાપાક દુક્લીએ મારી બધી ઉમેદ તોડી નાખી કેવો હીરા જેવો માટીડો જવા દીધો. કણુ નહી !"

"તારે તો ઠીક છે મ યજી, એક જશે ને બીજો આવશે. પારસી જમાઇને બદલે મ્યુઝીક માસતર ઈટાલીયન જમાઈ આવશે."

"બાપુ—બાપુ—"

"બાપુજી નહીં ને કાપુજી નહી. જો તમે આ જોડાંને પરણતાં અટકાવવાને પઇસા નહી આપશો તો મારે શું. ઇટાલીયન જમાઈ આવશે ને કેવી ખાસ્સી વાયોલીન વજાડશે ને આપરાં ઘેરમાં ધમચકરી ચાલી રહેશે"

"બાપુ—બાપુ—તુ તો મારો જીવ લેવા બેઠોછ. એ। મું ધરે માયની થતી—હવે શુ કરૂં"

"પઇસા તોલો નહી તો ઇટાલીયન જમાઈની સાસુ થવા તઇયાર થાઓ. બીજું શું."

"લે બા લે. તારે ગમે એટલા પૈસા લે ને એ ગુનેહગારને ચોટલો રોરીને અહી લઇ આવ."

બાપુએ કરારને જીવે કબાટ ઉઘાડી અને તેમાં સુમારે એક હજાર રૂપીઆની નોટો હતી તે ખીસામાં નાખી આખરે સુનામાયે પુછયુ

"પણ તમે લોક જાઓછ કાહા ?"

"ચીન, વેલાત, અમેરીકા, જાપાન, ગોરગામ, વાદરા, ગોઆ, કામસચાટકા, ગમે તાંહાંથીબી મેહરૂંને પકરી લાવવાની."

આ પ્રમાણે મઈ જેવો વાયદો આપી બાપ બેટા ભોયતળીયે ઉતરીઆ.

"શાપુર —શાપુર."

"જી સાહેબ "

"કેટલા વાગા ?"

"બારા એક સાહેબ "

"જો પેલા મુસલમાન ડીટેકટીવ આવે તો કહેજે કે અમે ચીન વેલાત ગીઆછ."

"વારૂં સાહેબ."

'ને કોઈ માણુસને એક વીકટોરીઆ લેવા મોકલીને ગુલબાઇને કહીએ મને જરા મળી જાય."

"વારૂ જી" કરી શાપુર દોડયો કારણ કે તે સમજી ગયો હતો કે કાઈ ઘણો મહાભારત બનાવ બનવાનો છે. જરા વારે ગુલા દોડતી દોડતી આવી.

"હું જાઉં છ ગુલા."

"પણ શું કરશે તે તો જરા કહે"

"હુ પતાળમાથી મેહરાંને શોધી લાવશ ને પછી—"

"ને પછી-બાપુ-હું તુને એમ કોટી કરશ" એમ બોલી ગુલા પોતાની રાજીખુશીથી બાપુને ભેટી પડી. બાપુની આંખમાં પાણી આવી ગયાં અને તે પોતાના પીતાને લઇને ઘરમાથી નીકળી પડયો

તે લોક પહેલા લાગલા પોલીસ કમીશનરની આફીસમાં ગયા જયા ચોકસ અમલદારો સાથ કેટલીક

મસલત થવા પછી ગામેગામ તારો ઉડી રહયા જયારે કોઈબી ટ્રેન પેહેલી પકડવાની વાત આવી ત્યારે ખખડી રહેલા પાલનજી ઘણા બીધા અને સાથે જવાની આનાકાની કરવા માડી. એણી મેર બાપુ છેડાઈ પડયો.

"જુઓ બાવાજી, તમે એમ છણ પુત્રાંના નાચ નચાવશો ને તમે બે છોકરીઓ તો ખોઇ બેઠાછ પણ સાથે એનેબી ખોશો પોતાની માતાની ધાતકી ચાલથી આ બીચારી છોકરી ભેજુ ખોઇ બેઠી તેમા તેનો વાંક નથી તમે ભુલી જાઓછ કે એ છોકરી જો પેલા મ્યુઝીક માસ્તર સાથ નાસી ગઈ હશે તો તેની એબમા તમારીબી જોખમદારી છે. આપરે આ બીનામા બધાએએ હેવાનીયત બતાવીછ તેનો પાર નથી મંચી તરફની આપણી રીતભાત સરફ લુચ્ચાઈથી ભરપુર હતી તેની પાસે દલ્લો છે એમ ધારીને તેને એકવાર આપરે ઘેર મોટો વરો કીધો ને પછી તે ગરીબ જણાયો એટલે આપરે તેને બેહોરમત કરીને હાકી કહાડયો. મેહરાની લાગણીની, તેની પસંદગીની અથવા તેના આસુની આપરે લેસભારબી દરકાર કીધી નહીં. ને હવે જયારે એ બધાનો ઉપાય કરવાનો વખત આયોછ તારે તમે એમ બાયલાની કાની કરોછ એ શરમભરેલું છે."

પાલનજી હવે ગભરાયા 'અરે, અરે બાપુ, જરા સમાલીને બોલ. હું કાંહા આવવા ના કેહુંછ. તારી

એનનુ તુને લાગે તો મને મારી છોકરીનુ નહીં લાગે? તું જવા કાહા માગેછ તે તો પહેલા કેહ."

"હમણા બધુ જણાશે વખને પહેલા પુના થઇને સધર્ન મરાઠા રેલવેની લાઈન ઉપર જવું પડશે પણ સબર જે ખબર મને જોઇએ છે તે લઇને પેલો કાન સટેબલ આવેછ."

વાત કરતા કનસટેબલ આવી પહોચ્યો.

"કેમ મી૦ વીનટર" બાપુએ પુછ્યુ "એ લોક જે લેનડોમા ગયા તે લેનડોની નીશાન મળી કે?'

"હા, બેટાકી આગળના એક તબેલામાથી મળી."

ને એ લોક કીઆ સ્ટેશનપર ગીઆ?

"દાદરના સ્ટેશન સુધી ગાડીમા ગીઆ ને પછી વડોદરા રેલવેના સ્ટેશન આગળ ઉતરયાં."

"તે ખરૂ પણ આ વાર વડોદરાની ત્રેન છેજ નહી એટલે તે લોક જરૂર ચાલતા જી. આઇ પી. લાઇનપર ગીઆ હશે ને તાહાથી આગળ ગયલા. કારણ કે બરાબર સવાનવ વાગતે એક ત્રેન પુને જતી તાહા ઉભી રહેછ. ચાલો બાવાજી આપરે પુને જઇએ પછી બીજી વાત."

બાપ બેટા સ્ટેશનપર ધસ્યા અને પુને ગયા.

અરજંટ તાર.

મોકલનાર પાલનજી ચીનાઇ—ઠો. મીસીસ પાલનજી ચીનાઇને પોંચે

"કાંઈબી સમાચાર હજુ મળયા નથી."

"આ પછી દર ચચાર કલાકે તારો આવતા ગયા પણુ સઘળાનો એકજ મજમુન હતો કે મેહરાની કશી ઘનનસલ જણાતી ન હતી"

ખોળ કરતાં જણાયું કે તે લોક પુને આવ્યાં હતાં ખરાં પણુ ત્યાંથી કયાં ગયા તેનો કશો પતો મળયો નહી. તે લોક બહાર નીકળી ગયાંછ કે પુનામાંજ છુપાયલાં છે તેબી નકી કહેવાઈ શકાય એમ ન હતું. તે લોકોએ પોલીસની મદદથી ગોઆ, બેલગામ, બેંગલોર, ધારવાડ, વગેરે ઠેકાણે મેહરાંની નીશાની સાથે તારો મોકલ્યા પણુ કશો જવાબ ફરી વળ્યો નહીં. બાપુનો મીજાજ ચસકતો ચાલ્યો અને પાલનજી તો પાછા ઘર ફરવાની વાટેવાટ જોવા લાગ્યા. પણુ બાપુ પાછો હઠે તેવું ન હતુ.

આખરે બીજે દહાડે તે વીચારમાં બેઠો હતો એવામાં ટપાલનો સીપાઈ મુંબઈ તરફનાં કાગલ લઇને આવ્યો તેને જોઇને બાપુને એકાએક કાઇ વીચાર સુજયો. તેણે મેહરાંનો ફોટોગ્રાફ પોતાના ખીસામાંથી ખેંચી કહાડયો અને સીપાઇના હાથમાં મુકીને કહયું કે—

"એ બાઇચી શોધ અમી કરીતો. તુમી માલા કાંયશી બાતમી આનુન દીસીલ તર પનાસ રૂપીયા તુમાલા બક્ષીશ દેઉ."

જરા વાર વીચાર કરી ટપાલવાળાએ જવાબ દીધો. "ઠીક હય શેઠજી પરંતુ માલા હે તસવીર કલાક દોન કલાક ભર પાયજે."

બાપુએ આનવીલોપમા મુકી તસવીર પોસ્ટવાળાને સોંપી.

"આહ! કાઇ નવા સમાચાર મળે ખરા એ ફોટો-ગ્રાફ લઇને પોસ્ટવાળો બધા પોતાના ભાઈબંધ સીપા-ઈઓને બતાવશે અને કાંઈબી બાતમી લાવશે."

અને તેમજ બનયું. રાતના દશ વાગતે સીપાઇ પાછો આવ્યો

"શેઠ સાહેબ, બાઈ સાહેબાચી શોધ ઝાલી. અતાજ માઝે બરાબર ચલા."

ભુસકો મારી બાપુ ઉઠયો અને બાપ બેટા તુરત એક ભાડેની ગાડીમાં ચહડી બેઠા પોસ્ટમેનના ફરમાન મુજબ ખાન રોડ તરફ હાંકયુ. બાપુનો જીવ રહયો નહીં એટલે તે ટપાલવાળા સાથ વાત કરવા લાગ્યો.

"પોસ્ટમેન, તુમી બાઈલા બરાબર પાહીલા?"

"હોય, સંગાથી એક સાહેબા દેખીલ હોતા."

"હુરરે તારે આખરે પકડાઈ ખરી—સાહેબા કસા હોતા, મોઠા ચોળા, દાહારીવાળા હોતા, નહીં?"

"મોઠા ચોળા તો હય પરંતુ દાહારી તો મી નાય પાહેલી સાહેબ. માલા તો ફારસી સરખે વાટતો."

આ વાત ચાલે છે એટલામા બગલો આવી પહોંચ્યો. તે લોક ઉતરયા અને સામોજ એક બુટલેર આડો પડયો.

"કયુ શેઠ સાહેબ, કીસીકો પુછતા હય ?"

"એક બાઈ ઓર ઉસકા સાથ એક સાહેબ ઇહા આયે ઉસકો મીલને ચાહાતા."

બટલરે તો કાને હાથ મુકયા. "બાઈ કોણ ઓર સાબ કોણ—ઇહાં તો બંગલેમે કોઈ નહી."

બાપુએ જોયુ કે સઘળા ભેદની ચાવી રૂપીઆ છે એટલે રૂપીઆ પાંચની નોટ કહાડીને આ બુટલેરના હાથમા મુકી એટલે બંગલાના દરવાજા ખુલી ગયા અને તેઓ દાખલ થયા

"બેટા બાપુ, જરા સભાળીને કામ લેજે ઉતાવળો ના થતો" પાલનજીએ ધ્રુજતે સાદે શીખામણ દીધી.

"ફીકર નહીં બાવાજી, તમે દાખલ થતાને વાર કઇબી કરીને મેહરાંને તમારી સાથ આપરાં હોટલમાં લઇ જજો હુ પોલીસને બોલાવીને પેલા રાસકલ લોનેના મુસકા તાટ બંધાઉછ ને તમારી પુઠે આવી લાગુંછ."

"પણ બચ્ચા સભાલજે હ -- એ ઇટાલીયન લોક જરા જરામાં છરી ખેચી કહાડવામાં ભુલતા નથી."

"પ્રીકર—નહી-યા ખોદા" એમ બોલી બાપ બેટા બંગલામા પેઠા જોયછ તો તાહ્યા કાળું કુતરૂ બી મળે નહી બટલરને પુછતા તેણે બોચી ખબ્જવારી જવાબ દીધો.

"સચ હય શેઠ એક બાઇ ઓર શેઠ દો દીન ઇઆ રેહ કર આજ રાતકુ નવ બજેકી ટ્રેનમે હૈદરાબાદકુ ગયે"

ચાટ નબર વન !

હવે કરવું કેમ રાતો રત થોભી જવા સીવાય ઉપાય ન હતો સવારના પાસીનજર ટ્રેનમા બાપ બેટા સવાર થઇ—હૈદરાબાદ ભણી ઉપડી ચાલ્યા. ત્યાં શું થયુ તે આવતામાં.

પ્રકરણ—૧૮ મું.

જેઓએ હૈદરાબાદ જોયુ નથી તેઓ આગળ આ નીઝામી મુલકનું વરણુન કરવું ફોકટ છે ઇગ્રેજ સુધારો ને મોગલાઈ પાદશાહીની આ મીગરભેળ જગા જોવા જોગ છે. કમરે સોનેરી પટા અને પગે ઇગ્રેજી 'હરેસ શુઝ'' હીદુસ્તાની મીઠાશદાર જબાનની છટા અને ઇગ્રેજી તાઆમતવાઓની ઘટા ત્યાં ન્યારી છે.

ચદરઘાટના મોહોલાને નાકે આવેલા "ટરાવેલરસ" બંગલામાં આપાણી પુરાણી મીત્ર મેહેરાં ચીનાઈ એકલી

બેઠી હતી. તેણીના હાથમાં કાંઈ સીવવાનું હતું જે ખોળા ઉપર બેઅ'મન્યાર પડયું હતું પણ તેણીની નજર બારણા તરફ ચોંટી રહી હતી તે એકલીજ મન સાથ બડબડવા લાગી "કયારનો ગીયોછ, કોણ જાણે કયારે આવશે, હવે ફરીથી હુ એને એકલો જવા નહી દેઉ, અ હ ! ઘેરમાં બધાં શુ' કરતાં હોશે ? મારી વહાલી ગુલાં નેપપા ને ડીયર બાપુ કોણ જાણે કેમ હોશે ? ખોદા જાણે બાપુ ને ગુલાંની મનની મુરાદ પુરી પડશે કે ? એ પકકા મનનો છે ને સહેજમા હટી જાય તેવો નથી યા ખુદા ! બધુ માફ થઇ જાય ને હું પાછી મારે ઘેરેબારે જાઉ એવો દહાડો કયારે આવશે ? બાવાજી તો બચારા ભોળા છે, પણ રખે બાપુ છેડાઇ બેશે, એની સાથે મારા વરને દોસ્તી થઈ જાય તો પછી મને કોઈની દરકાર નથી, અમે આવીને અહી એકલા પડીયાછ પણ બીજો ઉપાય નહીં હતો મારો વહાલો ધણી કેવો મારીપર જીવ આપેછ ! ગરીબ છે તો શું થયુ ? ગરીબીમા તે એટલુ બધું ભયકર શું જોતા હશે ? લોક લાજને ખાલી ભપકા-સપકાને હુ ધીકકારૂં છુ, ગરીબી તો ગરીબી પણ મીઠી મહોબતની હુ મોહતાજદાર છેઉં"

આ પ્રમાણે વીચ ર કરતા મેહરા એકલી એકલી મન સાથ મલકાતી હતી તે રૂપવતી તો હતીજ પણ આ વાર પોત ની મનની મુરાદને પહોચ્યાથી તે બેવડી ખુબસુરત લાગતી હતી. વળી તે શુ મન સાથ બોલેછ તે સાંભળયે.

"ઓ માય ! આએ મુસાફરખાનામા કોઇબી નવું આવવાની ગડબડ થાયછ ત્યારે મારી છાતી કેવી ફુદ'ફુદ કરેછ ! રખે પેલો ફકીરજી બુમલા મારી શોધમાં નીકળી પડયો હોઃ તેવા વીચારથી મારૂ દીલ કેવું કરકર કાપેછ ! પણ ભલેને આવે હવે હુ તો બીજાની પરણેતર છુ એટલે તે શું કરી શકવાનો છે ? એ બધું તો ખરૂ પણ અમારી પાસે પૈસા થઈ ચુકશે ત્યારે શું કરશું ? શું કરશુ ? હું શુ કાઈ છેકજ નકામી છેવુ ? ઘણુ થશે તો હું એક સ્કુલ કહારસ તેમા મારો વર મને મદદ કરશે, ચપ જીઃ ! અકળા ના ? પૈસા થઈ રહે ત્યારની વાત ! આટલુ સુધી જીવ મારી મારીને જયારે હવે સુખનું સાધન જડયુ ત્યારે હવે જે દહાડા મોજના મળે તે ભોગવી લે. બસ બસ, ઘેર કાગજ લખવાનો દશ વખત વીચાર કીવો પણુ હાથ ઉપડતા નહીં, એવણુ આવે તે અગાઉ બે આકડા લખી લેઉં"

આવો ઠરાવ કરી મેહરા ઉઠી, પણ ચપ દેતી કોચ ઉપર બેસી ગઇ કારણુ કે તે વાર એક બુઝોરગ વયના પારસીને હાંફતા અને ફાંસતા બગલાના કમપાઉંડમા દાખલ થતા તેણીએ જોયા. તેઓ શું બોલતા હતા તે આપણે હવે સાંભળયે.

"ઓ ખોદા ! ઓ દાદાર ! આગલા જમાનામા મેં એટલાં તે શું પાપ કીધા હોશે કે ઘડડે ઘડપણુ આય પરમાણુ ધકેલા ખાઉંછ ! હવે તો મારાથી ચલાતું નથી,

બાપુનુ બી ખોદા શુ ભલુ કરશે કે મને નકામો શેહેરે શેહેર રખડાવીને મારી નાખ્યો, આહા ! મારી મેહરા કાહાં હોશે ! સારૂં શેહેર ઢુંડાવી મારયુ પણ કઇ ધન નસલ મળતી નથી. હવે તો બાપુ બહારથી આવે ને બસ હું મુંબઇ જવાની વાત કરૂં ”

મેહરાં વીચારવા લાગી કે હવે કેમ કરૂં ! બાવાજી આવી પહોચ્યા તો સાથે બાપુ તો જરૂર હોશે ! રખે મારો વર આવી પહોચે ને એ બે જણા હાથો હાથ થઇ જાય !”

પાલનજી બોલેછ “પણ બાપુ કાહા કહરાયો. હુ ભુખે મરી ચાલ્યો ! તોબાહ ! તોબાહ ! મુંબઇથી પુને, પુનેથી બેલગામ ને બેલગામથી બેંગલોર ને બેગલોરથી અહીં. મને લાગેછ કે બાપુ ઘેલો થઇ ગયોછ ? જેમ જેમ તે નીશફ્ળ થાયછ તેમ તેમ વધારે ને વધારે ખુની થતો જાયછ, જહાનમમા ગઈ દુકતી !”

મેહરા બોલેછ “હવે કેમ કરૂ ? એ લોક મને લઇ જવા આયાછ, રખે મને જબરીથી લઈ જાય ?”

પાલનજી બોલેછ, “નહી નહીં ઘરડા ને ઘેલા સરખા ! મારી દીકરીને વરે હુ શુ બોલ્યો ? જહાનમમા જાય એનો દુશમન ! મને ભુખ લાગી એટલે ગમે તે બોલાઇ જવાયછ ! મારી છોકરીને લાવો, ગમે તે એણે કીધુ, પણ મારા ઉપર તો એનો જીવ જાન ઉતો.”

હવે મેહરાથી વધુવાર રહેવાયુ નહી ને મોટે સાદે રડી પડી જેનો સાદ સાભળતાજ પાલનજી ચમક્યા. તેવણે ચશમો ચહડાવ્યો અને હબતીને બોલ્યા "ઓહો એ કોણ છે? કોઇ બીચારી પારસી બઇરી એકલી રડેછ? બાઈ, શુ છે—જો—ર્એ કોણ, મારી મેહરા?— આખરે મળી ખરી ?"

"ઓ બાવાજી, બાવાજી !"

અત્રે આસુની ભેળાભેળ અને કોટીનુ કૌતક વર્ણવવુ, મહાલ છે. પાલનજી ખુરસી ઉપર બેસી ગયા અને મેહરા તેમના ખોળા ઉપર માથુ મુકી ભોંય ઉપર ફુસ-કાઈ પડી

"ઓ મારી જાન ! આખરે મળી ખરી ! મારા બચ્ચા તુ મને એમ મુકીને ચાલી ગઇ"

"બાવાજી મારૂં સાભળો, હુ તમારા પગની ખાક છેઉ પણ મારો જાન જતે તોબી હું પેલા ફકીરજી સાથે પરણુતે નહી."

"હાસે, હાસે, હુબી જાણુંછ કે તે છોકરો તારે લાયકનો નહી ઉતો, પણ છોકરી એમાથી ખુના મરકી થશે બાપુ રણુપર ચહડયોછ ને સાથે પીસ્તોલ લઈને ફરેછ"

"ઓ બાવાજી એ બેનો મેળાપ નહી થાય એવું કઇબી કરો. તમારા વાસ્તે મારા દીલમા શુ થાયછ તે તમે જાણુતા નથી."

"બધું જાણુ છ, પણ આવી રીતે એક બે બદામના માણુસ સાથે નીકળી જઈને પરણુવામાં તેં આપણા કુટુંબની ધુળધાણી કીધી તેનુ કેમ ?"

"એમ ના બોલો બાવાજી, અમને માફ કરો અમે ઘણા સુખી છેયે ને થોડી મુદત વહી ગયા પછી તમે પોતેજ અમારી સાથે આવીને રહેશો"

"અરે મારૂ તો રહયુ પણ બાપુનું કેમ કરૂ ? એ બેને મળતાં કેમ અટકાઉં ? તમારા લગન થયા કે ?"

"હા પપાજી, જે દહાડે અમે મુબઇથી નીકળયા તેજ દહાડે આશીરવાદ નખાવીને નીકળયા."

"ઓ ખોદાય ! હવે એનો રસતો શુ ? નરતો કે બાપુ આવી પુગશે ને તુને જોશે ને તારાવાળાનો આટો લસન કરીને તુને જીવતી કે મુવેલી ઘસરી જવા માંગાશે તહારે હું એકલો શું કરી શકવાનો છેઉં ?"

"ફીકર ના કરો. હું હમણા છુપાઈ જાઉં છ ને કામ પડશે તો મારા વરની સાથે સીકંદરાબાદ કે ત્રીમલગરી, કે બોલારામ એવી કોઈ જગાએ ભરાઇ બેસશુ, બાપુ ઠંડો પડે ને પછી શું કરવુ તેનો વીચાર કરશુ."

આટલા શબ્દો બોલી મેહરા તયાથી બીજા ઓરડામાં નાઠી.

પાલનજી વીચારમા પડયા કે આએ છોકરીનું માથું ગયું છ કે શું ? એક કમજાત પરસાતના એક મ્યુઝીક માસ્તરને સારૂં એટલો જીવ આપેછ એવુ તો કોઇ

દહાડો સાંભળયુ તુ નહીં, માથુ ગીયુંછ બસ માથું ગીયુ છ !"

સારૂં થયુ કે એટલામા બાપુ આવી પુગ્યો. "હલ્લો ! ડોસાજી શુ છે ? ગભરાયલા કેમ દીસોછ ?"

"કાંઈ નહી બેટા, તદન ઠાકી ગીયોછ."

"તેમા નવાઇ નથી, તમારી ઉપર ઘણી હાડમારી પડીછ તે હુ જાણુ છ, પણ આપરે પેટ ભરીને જમી લઇયે ને ચમપીનની બાટલીનુ માથું ભાજયે એટલે તમારો જીવ હુશીયાર થઇ જશે. પણ ખરી વાત જો, હું કહેતાં ભુલી ગયો. હમણાજ મુબઇથી તાર આયોછ કે માયજી અહીં આવવા નીકળી ચુકાછ."

"એહ ! મારયા ઠાર ! એ પીરા વરી અહીં કાંહુ આવેછ ! બધો ઘાન બગારશે. ચાલ આપરે અહીથી નીકળી જઇએ."

"બાવાજી સાથે ગુલાં ને આયાબી છે."

"ચાલ, ચાલ, કાલનો દુકાળ આજે પડશે, એ લોક આયા તો મેહરાને મળવાની આશા ખોટી"

"જરા થોભો, આટલી બધી મહેનત કીધા પછી હવે એમ કુવો તળાવ કીધામા કાંઇ ફાયદો નહીં. માયજીને આવવા દેઓ પછી આપરે બધા સાથે મસલત કરીને વીચાર કરીયે. અહીથી જો કાઇ સાર નહીં મળયો તો આપરે બધા સાથે પાછાં મુબઈ જશું. મેહરાંએ હાથે જાતે વસાવ્યુંછ તે એ ભોગવે. ગમે તે થાએ

પણ એ બીચારી જયારે ઠાકીને પાછી ઘેર આવશે, ત્યારે હુ એને મારી આખમા ઘાલીને રાખશ."

"અલબત, અલબત."

"બાવાજી ખરૂ પુછો તો એ બધો વાક આપરો છે, જો તમે ને મેં જરા હીમત રાખી હતે ને માયજીને પોતાની કચુબર કરવા દીધી નહી હતે તો આજે તો એ મનચી સાથે પરણી હતે."

"ખરી વાત છે બેટા, લાખ રૂપીઆની વાત કહી લે ચાલ હવે, જરા જમી લઇયે, પેલી આવી પહોચશે તો પેટ ભરીને ખાધાનોબી કરાર નહી મળશે '

પાલનજી આ પ્રમાણે ચાલ ચાલ કરતા હતા તેની કાઇ મતલબ હતી. રખે બાપુ અને મેહરાનો વર એકેકને સામાસામી થઇ જાય ને માથા ફુટે તેની બીકથી તેવણુ મન સાથ ખરેખર ઇચ્છતા હતા કે બંનાનો મેલાપ થાય તે અગાઉ મેહરા હૈદરાબાદમાથી નીકળી જાય તો સારૂં.

તેઓ નાસતા ઉપર બેઠા ને પાલનજીએ પાછી વાત છેરી, "દીકરા, તારી માયને અહીયાં આવવાનો શું ફાટો થઈ આયો ?"

"તમારી સભાળ લેવા, તમે બાવાજીના બુચા છેઓ એટલે તમને વીહીલા મુકાય નહી, એવણુના મનમાં એવોજ ધકારો છે કે બધી દુનીયા ચાલેછ તે એવણુથીજ"

હજી તો આ વાત ચાલે છે એવામા ઠરાક દેતું કે બારણું ઉઘડયુ ને સુનામાય અને ગુલા ઓરડામા દાખલ થયા, શેઠાણી કોચ ઉપર બેસી ગયા અને જીવ ફરી આવવાના ચાળા કરવા લાગ્યા, પાલનજી જેઓએ ચરેક ગલાસ પોર્ટવાઇનના હોજરામા ટપકાવ્યા હતા તેવણુ કાસવા અને પરસેવો લુછવા પડયા, બાપુ ગુલાને આખની ઇશારતથી રમુજ કરવા મડયો અને ગુલાં દાતમા જીભ પકડી રાખીને માશીજીને પખો નાંખીને હુશીઆર કરવાનો નાટક કરવા પડી, બારણામા પછવાડે શાપુરજી કારભારીબી ઉભા હતા.

અરધોએક રતલ સ્મેલીગ સાલ્ટ સુઘયા પછી અને પચાસ હજાર દજન પખા ખાધા પછી સુનામાયે હુશીયાર થવાનું વાજબી વીચારયુ અને પોતેજ વાત છેડી.

"ઉ, તમે બાપ દીકરા અહીઆ આવીને ભરાયાછ કે! મન જાણુશે કે દુકતીની શોધમા નીકળયાછ, ને અહી તો તરનવાલા ચાલેછ શાપુર! પેલા ગારીવાલાને છ આના આપ ને એને કેહ કે તારૂ માથુ ઝીખીને લોહી કાહાડશે તોબી છના સવાછ મળવાના નથી, ગુલા, બધો સામાન બરાબ્બર આયો કે! પેલી મેલા કપડાની ગાસડી હતી તે તો દીસતી નહી ને ભાતીઆનો કડીઓ કાહા છે?"

વાચનારે અહીઆ જોયું હશે કે સરેસતાની રીત પ્રમાણે સુનામાયના નાના ભેજામા મેહરાની સલામતી અથવા પોતાના ધણી દીકરાની તપાસના પરીણામ

કરતા કચરા જેવા ભાતીઆના કડીઆની કાળજી વધારે હતી, પણ જયારે આ નજીવી પુછપરછ ખલાસ થઈ ત્યારે આખરે તેવણને પુછવાનું સુઝ પડયુ

"કેમ બાપું શું સમાચાર."

"બધા સારા રૂરા, ખાઇજીએછ પીજીએછ ને મજાહ કરીએછ."

"તે તો હું અગાઉથીજ જાણતી હતી કે તમે લોક મારે ખરચે અહી નાંચવા કુદવા આયાછ, મારી ચુક થઇરે, પહેલાથીજ મારે અહી આવવુ હતુ, તમે માટીડાઓ થઇને, ચીતલ પેહરો. જો જો, હુ બે ચાર દહાડામા કેવી દુનીયા ઉથલ પાથલ કરી નાખુંછ તે, એ છોકરીને મારા હાથમા આવવા દેઓ અને પછી જુઓ કે એનો ચોટલો રોરીને એને મેટહાઉસમાં નહી નખાઉ તો મારૂં નામ સુનામાય નહીં.

"ઠીક છે માયજી, જયારે તમે એમ કમર કસીને ખામખા લરવાજ આયાછ ત્યારે તો મારૂંબી સાંભળી લેઓ, છોકરીને શોધી કહાડવા તમારે ગમે તે કરો પણ હું તમોને સાફ કેહુંછ કે તમારે હાથે તેના એક બાલને હું ઇજા થવા દેનાર નથી."

"હીયર, હીયર, શાબાશ" પાલનજી બોલી ઉઠયા આપણને વીસરવું જોઇતું નથી કે તેવણના પેટમા અરધી બાટલી પોર્ટવાઇન પડેલો હતો.

સુનામાયના તો ડોળા ચઢી ગયા. “પાલનજી છેક સાવરે સુઘળો થઈ ગીયા.”

“માયજી આએ મુસાફરખાનું છે કાઇ આપણુ ઘર નથી, તમારા નાટક અહીં કાઇ ચાલવાના નથી.”

દીકરા ઉપર ડોળા કકરાવીને સુનામાય ત્યાથી રોસા-ભેર પોતાના ઓરડામા આવ્યા કે તુરતજ બારણું ઉઘાડીને મનચી બાટલીવાળો સામો આવી ઉભો

“ઓ મનચી તુ અહી કાહાથી, દોસ્ત અમારી મુશ્કેલીમાં તુને અહીં જોવાની વકી રાખી નહીં હતી.”

“કાય નહી? તું શું મને મરી ગયલો સમજતો હતો કે!”

“અરે નહીં રે યાર, અમેજ મરી ગયલા છીયે. તુને ખબર તો પડી હશે કે મેહરાએ તદન કાચું કાપ્યુ”

“હુ તે બધું જાણુ છ”

“તુ જાણુછ મચી, ત્યારે તુંબી શું અમારી કાની એની શોધમા નીકળ્યો તો કે?”

“હા, તેવું કંઇ છે ખરૂં, પણુ તે જો તમારા હાથમાં આવી તો તમે કરવા શું માંગોછ” મંચીએ ડઘાઇને પુછ્યું.

“શું કરે, આવશે તો એનું ઘેર છે, માયજી ઘણી લાંબી ટુંકી કરશે તો હું કેવો છું.”

"ને એના વરનું કેમ થશે?" મનચીએ વળી પાછુ પુછયું.

"તે તો જે થાવ તે ખરૂં, એના જે નસીબમા હશે તે થશે પણ ને સારૂ શું કઇ છોકરીને મારી નાખવાની છે। મંચી મનચી, એમા તારોબી વાક છ, તુ જો હીમતથી એની અરાસે ખરો રહયો હતે તો આએ બધું બનવા નહી પામતે"

આ વાત ચાલે છે એવામા નોકરે આવી બાપુને કાઇ ઇશારત કરી બાજુમા જઇ પાચેક મીનીટ વાત કીધા પછી બાપુ હરખાતો આવી મચીના બરડાપર હાથ ઠોકી બોલ્યો.

"આહાહા। આખરે પતો મળયો ખરો, મને પહેલાથીજ લાગતુ હતું કે જયારે હશે ત્યારે હુ એ લોકને પકડી કહાડશ પેલા કગાળ મ્યુઝીક માસ્તરને કહીએ બચ્ચા અમાલ, તારો ટોટો જો નહી પીસુ તો હુ મારા બાપનો બેટો નહી."

"સબર, બાપુ સબર–તારે આએ બાબદમા વચમા પડવુ નહી હુજ જઇને જોઇ આવુ કે શું સામલો છે."

"નહી દોસ્ત તારૂ કામ નથી હુ મેહુરાનુ પાબરૂં પકરીને માયજીને સોપી આવુ પછી આએ કગાળ પુરૂશને સો બસો રૂપીઆ આપીને કેથે તરીપાર મોકલી દઇશુ. પછી જે થાય તે ખરૂં"

મંચીએ ઘણીબી સમજાવવાની તજવીજ કરી પણ બાપુ એકથી બે થયો નહી. ખબર મળવા પ્રમાણે નંબર ૧૮ વાળા ઓરડામા મેહરાએ ઉતારો લી઼ો હતો એટલે ત્યાં ધસારો લઇ જઈ મેહરાને પકડવી અને તેની સાથ વાળાને માર મારીને આટો લસન કરી નાખવો એવો ઠરાવ કરીને બાપુ ઉઠયો એટલે મચી ત્યાથી ચાલી ગયો. જરા વારમાં ધધુખર કરતા સુનામાય આવી પહોંચ્યા.

"સબર, સબર હુબી આઉછ, પોલીસને બોલાવો, એ કામ મારૂ છે ગુલા, પાલનજી તમેબી આવો, નબર ૧૮ વાળો ઓરડો કહયે.? નહી ! ખબરદાર છોકરી છટકે નહી, તમે માટીડાઓ પેલાને પકડજો, દુક્તીને હું તપાસશ."

આ પ્રમાણે ગોઠવણ કરીને આ સઘલુ હાઉસન ઝાઉસન ઘણી ઉશ્કેરાયલી હાલતમા નબર ૧૮ વાળ ઓરડામા ધસ્યુ

પ્રકરણ—૧૯ મુ.

સલામ છેલ્લી સલામ.

બાપ બેટો મેહરાને પકડવા ઓરડામાં ધસ્યા પાલનજીનો જીવ તલબ તલબ થતો હતો કે છાકરીને જોતાં વાર પેટમા ચાપવી અને બાપુનો જીવ સીક્ક ઓળવાયલો હતો કે ઓરડામા દાખલ થતાજ પેલા નાપેકાર માસ્તરને ગળચીમાથી પકડવો. જેવા તેઓ દાખલ થયાં

કે પાલનજીને ટોટે દીકરી વળગી પડી અને પેલા બીજા ધણીને ટોટે બાપુ બાઝી પડયો. બધા જાણે નચા આંધળા શીત.

"બાવાજી, બાવાજી, તમે મેહરાંને અહીંથી લઇ જાવો. આએ ચંડાળને બરાબર ઠેકાણે પાડી હું આઉ છ વહેલા થાઓ નહીં તો વાત બગડી જશે—ઓહો—આહ—આહ ફેસતો—ફેસતો નંબર વન."

"શું છે, બેટા બાપુ શુ છે? એ નાપાકે તુંને બાચકુ ભરયું કે?" પાલનજીએ અકળાઇને પુછયુ. મેહ-રાએ તેવણને એવા સજજડ પકડી રાખ્યા હતા કે તેવણ ડોકુ બી ફેરવી શકયા નહીં.

બાપુ પેટ પકડીને હસવા લાગ્યો "આહાહા—ઓ માયરે પેટ દુખી આયું—બન્યા—સજજડ બન્યા."

"અરે પણ છે શુ, જરા કહેતો ખરો."

"શુ કેહુ? મારૂ ને તમારૂ કલેજું આએ રાસકલ મંચીએ આપુને બધાને ગધેડા બનાવ્યા મંચી દીકરા, તુ જબરો. ખોદા તુંને સલામત રાખે."

મુસાફરખાનાના ખીદમતગારો આ બધો તમાશો જોઈ રહયા હતા એટલે મંચીએ હળવેથી બારણું બંધ કરી માહેથી સાકળ લગાવી અને પછી મેહરાનું પાખરૂ પકડી પાલનજી આગળ ઉભો.

"મારા મુરબી, આએ મારી નેક કેરદાર ધણીઆણી અને તમારી બેટી, તેમજ હું તમારો જમાઇ અને ગોલામ

હમારી પાસેથી માફી ઈચ્છયે છીયે અને અમારી શાદી ઉપર તમ રી દુવાના તલબગાર છીયે"

"બાવાજી, માયજી આવી પહોચે તે અગાઉ હા કહી દેવો–બોલો કે હા–"

"અરે હ.રે હા–પેલા કાકરીયા કુમાર ફકીરજી કરતાં તુને હજાર ભલાઈ છે. પણ ભલા આદમી જરા બે બોલ લખીએ કેની?"

"હા મુરબ્બી અમે તેમ કરવાનાજ હતા પણુ આજે લખીએ, કાલે લખીએ કરતાં દાહાડા નીકળી ગયા. અમે ગઈ કાલે તો જરૂર તમુને તાર કરવાનો વીચાર કરતા હતા તેટલા તમારીજ સવારી આવી પુગી. અમુને એટલી કસુર માફ કરો."

"બાવાજી" મેહરા બોલી. "જોઇએ તો મને બે ખાસડા મારો પણ હવે અમુને તમારી પનાહમા લેઓ. અમારા સુખમા કાઈ કચરો પડવા દેઓ ના"

અત્રે બાપુ વચમા પડયો "બાવાજી, વળી તમે નાકે જીભ શાની લગારોછ, આપરે હજાર વખત તો વાત કરી ચુકયા કે મેહરા ગમે તેની સાથ પરણી હોય પણ આપરી પોતાની હજુ તો માયજી સાથ બાધીઆં છોરવાના છે તેટલા તમે કાય બચારીને બીધરાવીને મારી નાખોછ."

"અરે નહી રે બેટા–તું જાણેછ તો ખરો કે મંચી તો મને અગાઉથીજ ગમતો તો. ઓ બાપરે, મારૂં

ગર કેવું સુકાઈ જાયછ પણ મંચી દીકરા એ બધો તાગડો તે કેમ ગોઠવયો ? હુ તો જાણુ કે તુ આર્સ્રાનીઆ ગીબા"

"શુ કરૂ બાવાજી, મે મન ન મરવાનું તો ઘણુ કીધુ પણુ મુબઇમાથી મારા પગ ઉપડયાજ નહી મને તમારે તાંહાં આવતો અટકાવવામા આવ્યો ને મેહેરાં ઉપર ચોકી પોહોરા મુકાયા ત્યારે હુ છેલ્લે પાટલે બેઠો. એવામા ફકીરજી સાથના લગનની વાત ઉડી કે મારૂં માથું ફરી ગીયુ. હું મો લોને સાથ મળી ગીઓ ને મેહેરા તાહાં મને મળવા રોજ આવવા લાગી."

પાલનજી હવે પસરયા "સાબાસ બેટા, હુ બી તાર જેવો ઉતો તારે એમજ—

"બસ બાવાજી, તમે નાહાલા ઉતા તારે ઉતર ધ્રુવથી ગેલાટ ખાતા તે હાગ્માન ગલીમા જઈ પડતા તે બધી મને ખબર છે હવે ડોસાને કેમ ઠંડા પાડવા તેની વાત કરોની"

"એહ! તેમાં શુ મોટી વાત-સેવક—

"ખામોસ—બાવાજી જરા ધીરે—જુઓ માયજીજ બારણું ઠોકેછ"

અને ખરેખાત તેમજ હતુ, મ્યુઝીક માસ્તરને બાપ દીકરાએ મળીને બાધીને તાટ કીધો હશે એવી ગણુત્રી કરીને સુનામાય ગુલાંની સાથે ઠસ્સાબંધ આવી ચહ-

ડ્યા અને નંબર ૧૮ વાળુ બારણું ખખડાવા માડ્યુ. "ઉઘાડો, ઉઘાડો, અતર ઘડી બારણુ ઉઘાડો!"

બધા મુગા મતર થઇ ગયા, પણ મેહેરાં હળવેથી કરગરીને બોલી, "બાવાજી, હુ હવે તમારે આસરે છુ."

"અરે હારે હા" એમ પાલનજી બોલી માથુ ખજ-વાડતા હતા ખરા પણ તેવણુ ત્યાંથી વટી જવા માગતા હતા અને આણીમેર પેલીમેર બારણુ શોધતા હતા.

બાપુ બોલ્યો "મચી બચ્ચા, હવે હોશ્યાર થા, એકવારની નફટાઈ અને જનમનુ સુખ! બીહતો ના, માયજી તુને થોડા કરડવાના છે"

"ઉઘાડો બારણુ ઉઘાડો" બાહેરથી કળાહોલ ચાલુ રહી. આખરે બાપુએ બારણુ ઉઘાડ્યું અને ડોળા કકડાવતા સુનામાય દાખલ થયા.

મચી અને મેહેરાને અકેકની બગલમા હાથ ઘાલીને ઉભેલા જોઇ તથા બાપુનો હસતો ચેહેરો નેહાળીને સુનામાયનો તો દમજ બધાઇ ગીયો

"એ આએ શુ ફેસ્તા?"

"માયજી ફ્રેસ્તા નહી પણ હસ્તા! તમે જોતા નહીં કે દીકરીજીને જમાઇજી આખરે પાયા!"

વળી પાછુ સુનામાયે પુછ્યુ "પણ મચેરજી તમે અહીં શું કરોછ?"

"જી, મારી તરફથી અને મારી આએ ધણીયાણી તરફથી તમારી પાસે માફ માંગવા હું અતરે હાજર થયોછ."

"ધણીયાણી! ઓ તું હરવાઈ જાયરે મેહેરી?"

પાલનજી અત્રે વચ્ચે પડયા "આપરે છે તે —સુનાઇ મધુજે—"

"ચુપ રહો! વળી મોટા અક્કલમદ આવા તે વચમાં બોલવા નીકળ્યાછ! મેહરા તેં આએ શુ કીધુ? મારૂં બધુ દીલ તોડી નાખ્યુ!"

બાપુ બોલ્યો "નવ્વાનું ટકા બાદ! આખાં ઢોર જેવાં છેઓ ને સાત માણસનાં જેટલું બોલોછ ને વરી દીલ શાનું તુટી ગીયું? લે ચાલ મંચી, સસુજીને પગે લાગ, એ તો હવે બધું થઇ રહયું! માયજીના પેટમા તો ગીલી ગીલી આવેછ પણ જરાક અમથી ભાર ચપામણી કરેછ."

"બાપુ."

"હા બા, આપરે તો જે ખરૂં હોય તે બોલવાના! તમે મારા વીચાર પ્રમાણે તમારી ફરજ બજાવી પણ એના દાણા પાણી મારા દોસ્ત મંચી સાથેજ હોસે તો તેમાં તમારી કારસાજી કાઇ કામ લાગી નહી"

અત્રે મેહરા કાકલુદી કરીને બોલી "માયજી, માયજી, હું તમુને સોગદ ખાઇને કહુછ કે પેલા ફકીરજી સાથે પરણવાના કરતાં હું મરવાનું વધારે પસંદ કરતે."



બાપજી, તમારો એક દીકરો હતો તેને
બદલે બે થયા

(પાને ૧૬૧)

માયજી હવે આંખે રૂમાલ પકડીને એક હાથ મેહ-રાનાં ખભાં ઉપર મુકયો જે જોઇ ચવીતરો બાપુ મંચીનાં પાંસરાંમાં આગળા ભોકી હળવેથી બોલ્યો "ચામ્માઆહા! કીહલો જીતાયો. હવે જઇને જરા પગે લાગની! તુને નહીં કરડે! માયજી, જો તમારો એક દીકરો ઉતો તેને બદલે બે થયા! હવે તમારી તબીયત બગડી આવશે તાહરે મંચી તમુને આખાંને આખાં ઉંચકીને પોલયાપર સુવાડશે, ચીમરાયલો ફકીરજી હોતે તો કરાકરી બીસ-કોટની કાની કરાક દેતો ભાગી જતે!"

કોચ ઉપર એક બાજુ મંચી અને બીજી બાજુ મેહરાંની વચમાં સુનામાએ બેઠાં ને હળવે હળવે પગ-લવા લાંગ્યાં.

"ગુલા મારી સુંઘવાની શીશી લાવ! મને ફેર આવેછ!"

પણ બાપુ હાલ રંગમા હતો, તે બોલી ઉઠયો "હમ્બગ! સુંઘવાની શીશી ગઇ જહાનમાં. ચમપીન લાવ! ચમપીન!"

"નહીં બાપુ નહી" માએજીએ હજી આનાકાની કીધી.

"અરે હા-માએજી હા! આજે ચમપીનમાં મેહરાં અને મંચીની, બાવાજીની અને તમારી અને ગુલાં અને મારાં જોડાંની સલામતી લઇશું!"

"હેં? તે વળી શું?" માએજી હવે પાછાં ટટાર થયાં.

"એ વરી એ કે તમે હા કેહો કે ના કેહો પણ હું ગુલાંનો ને ગુલાં મારી! એક વખત છકકર લાગી

એટલે તમે હવે ફકીરજી ખુમલાનો બીજો અખતરે તપાસશો નહીં એવી આશા રાખુછ! માયજી વીચાર કરો કે આખર કરે ને ગુલાં તમારી બેહેસ્તન બેનની દીકરી, એટલે તમારીજ દીકરી? બચગીથી એ તમારી નોકરી બજાવતી આવીછ. મેહરાં તો હવે પોતાના વરને તાંહ જશે ને ગુલાંનેબી જવા દેશો તો પછી તમારી ચાકરી કોણ કરશે. શું ફક્ત તમારી વગર અરથની મમતને ખાતર અમે બેઉના દીલ તોડી નાખવા માંગોછ? આજે ખુશીનો દહાડો છે તો ખુશીથી તમે અમારી શાદીની રજા આપી એ દહાડો હસી ખુશીમાં પુરો કરો."

સુનામાય હવે પોતાની ભુલ સમજયા. તેવણે ગુલાને પેટમાં ચાંપી અને બાપુને ઓવરણા લઈ બોલ્યાં "વારૂ! તમારી મરજી એમ છે તો એમ! જીવતા રેહો ને સુખી થાઓ!"

"હુરરે! હરેરે!" કરતા પાલનજી ઉઠયા, "અરે પેલે ચમપીન કહા છે? મારૂં ગળું કયારનું સુકઈ ગીયુ ની! ચમપીન લાવ! ચમપીન લાવ! આ ખુશાલીને મારે મારો ગઉતબી સારો થઇ ગીઓ મારા છોકરાંઓ, ખાવો પીવો ને ખુશી થાવો હવે જીંદગીની મોજ ભોગવવાનો તમારો વખત છે!"

સમાપ્ત.

ચાંદન ચલકતી.

પ્રકરણ—૧ લું.

પીળું એટલું સોનુ નહીં-અદર પોટા, બાહેર તમારા.

"કેમ સાવીઆ, આજે એમ ઘરણના ખાધાણીઆં જેવો શાને થઈ ગીઓ? ચાલની જરા દરીએ કીનારે લટાર મારી આવ્યે?"

સામાએ અવાચી ખાતા જવાબ દીધો "ચાલો, જરા વાર રહીને જઇએ. કોણ જાણે શું છે, વીકા, કે મને હમણા બાહાર નીકળવાનો ઘણોજ કંટાળો આવેછ કપડાં પહેરવાને નામેજ જાણે હુપી આવેછ તું કહતો એમનો એમ લેગા ને બદીઆનપર આઉ. અહી જંગલ ઝાહા-નમા કોણ તારા નેકટાઇ ને કાલર જોવા આવવાનું છે?"

"જેમ તારી મરજી, પણ સાવીઆ, તું તો એક બે દહાડામા તારા ફેંડો પેલા ઈરાનીવાળાઓને તાંહાં પરાણા દાખલ જવાનો હતો તેનું શુ થયુ?"

'વીચાર તો છે પણ તે લોકના કાગજની વાટ જોઉંછ. કોણ જાણે હમણા કાંહાં હોશે છેલ્લુ કાગજ માલેગામથી આવ્યું હતું તેમાં લખતાં હતા કે બે ચાર દાહાડામાં કાનપોર જઇશું."

વીકાજી થોડોવાર કાંઈ બોલ્યો નહી પણ જરા વાર બારીએ ડોકુ ક્હાડી વીચાર કરીને પોતાના મીત્રની આગળ આવ્યો અને તેના ખભાં ઉપર હાથ મુકીને કહ્યું.

"દોસ્ત સાવીઆ, હું કાંઈ કેહું તેનો ગુસ્સો તો નહીં કરે?"

"જરાબી નહી, બોલની શું છે?"

"તો જરા મારૂબી સાભળી લે. આએ ઇરાનીવાળાઓની છોકરી ચાંદન બાબે તું કાંઇબી પગલાં ભરે તે અગાઉ બે વાર વીચાર કરે તો સારૂં."

"ઓહો, બે વાર? બસો વાર કેહની. રાતના ઉંઘમાં કાંઇ બે હજાર વાર તેનું પીકચર મારી આખ આગળથી પસાર થઈ જતું હશે. ભલાં માણુસ, બે વાર શું?"

વીકાજી દેશાઇએ મોહ કુમળાવ્યુ "દોસ્ત, તું આ બીનાને મજાક મશકેરીમા કાહાડી નાખેછ તે મને પસંદ નથી. જયારથી તું આએ ઇરાનીવાળાઓને ત્યા આવતો જતો થયોછ ત્યારથી તારા ચેન ચાળા મને પસંદ નથી. જો મારૂ માને તો આએ ચાંદન બાહારથી શોભતી પણ અંદરથી ખોટ્ટી છે, જો સારાં માણુસને ઘેરને લાયકની નથી. મે અસેમસે એ લોક ઉપર ખુબ નીઘાહ રાખીછ ને મારી ખાત્રી થઇછ કે એ દુકતીની મોટી મતલબ કોઈ સદ્દર બીલ્લુ શોધી કાહાડીને ગોઠવાઈ જવાની છે. તું જાણેછ તો ખરો દોસ્ત, કે હુ કાંઇ બીજા લોકની કની ઘેર ભાજું, કે નીંદાકરૂં નથી પણ તું મારા ભાઈ જેવો

છે એટલે જરા બોલવા વગર ચાલતું નહી કે પરણવામાં શોભન શાભનના લેખા કરતાં કાંઇ વધારે નક્કર ગુણા ધ્યાનમાં રાખવા જોઇયે છે ”

આ પથ્થરમાર બોલવાનું સાવીઆ અથવા જેનું આખ્ખું નામ લઇયે તો શાવકશા સોરાબજી પટેલને રૂચ્યુ નહીં. તે નાખુશીથી પોતાના મીત્રની સામા ખડો થયો. વીકાજી ઠીંગણા અને નબળો હતો, પણ શાવક ‘સોજર’ જેવો કદાવર અને મજબુત હતો. એકાદ માણુસને લપડાક મારે તો મોટે કોલાબે ફેકી દીએ એવો જોરેમંદ છતાં સ્વભાવે મીઠો અને દીલે પોચો હતો. શાવક પટેલ અને વીકાજી દેશાઇ વચ્ચે કોલેજની દોસ્તી બાઝી હતી અને તે લોક એક બીજાને ભાઇની કાની ચાહાતા તથા હંમેશ સાથેના સાથે ફરતા હતા.

વીકાજી દેખાવે સાદો હતો પણ તેનુ દીલ સોનાનું હતું. તે ખાલેસ સાચ્ચો અને હેતવાળો હતો. એલ. એલ. બી. ની પરીક્ષા પસાર કરવા પછી તેણે વકીલાત ચલાવવા માંડી હતી અને તેમા ટટુ ઠીક ચાલતુ હતું. શાવક પટેલબી કોલેજમાંથી નીકળવા પછી સેફ્જ મહેનને ‘એડવોકેટ’ થવા પામયો હતો પણ તેને પૈસા કમાવાની દલદેસરીની ગરજ શાની હોય, તેના કાકા ધનજી પટેલ મોટા જાગીરદાર હતા અને તેમનો એ વારેસ હતો એટલે પૈસાની રેલછેલ હતી.

વીકાજીના ટીકકા સાભળી શાવક નાખુશીથી બોલ્યે “વીકા, હું જાણુ છ કે તું તારી ભોળાઈમા આટો બાફે

પણ યાદ રાખજે કે જે બાનુ સારૂં તે આવા અણઘટત ટીકા કીધા તે કોઈ દહાડે મારી ધણીઆણી થનાર છે વાસ્તે હું માંગી લેઉછ કે એ બાનુ વીશે તારે મારી આગળ ફરીથી કાંઇબી વાત કરવી નહી ”

વીકાજી ગભરાઇને બોલ્યો ‘મેં તુને પહેલાથીજ ચેતાવ્યો હતો કે તારે ગુસ્સો કરવો નહીં ને તેં કબુલાત આપી તારે હું મારા મનની વાત બોલ્યો અલબત તુંને મારી સલાહ નહી ગમતી હોય તો હું ફરીથી બોલુ તો મને ખાસડું કાહારીને મારજે પણ જો નહી બોલતે તો પાછળથી તુ કેહતે કે મને ચેતાવ્યો કાય નહી તેથી મે એક વાર મારી ફરજ બજાવી ”

સાવક જેટલો આકળો હતો તેટલોજ ભોળો હતો. તેનો ગુસ્સો ઝટ ઉતરી ગયો અને પોતાના જાની મીત્રને ભેટી પડીને બોલ્યો:-“નહી નહી વીકા, હું તારી ઉપર ગુસ્સે નથી હું જાણુ છ કે તું જે કાંઈ બોલેછ તે મારા ભલાને થકી છે પણ મારી માહાતાબ ચાંદનને થકી તું કાઇબી વાકું બોલે તે મારેથી સાખી શકાતુ નથી. વીકા દોસ્ત, લાવની પારસી કોમમા મારી ચાંદનથી ચલકતી અથવા તેની જેટલીબી ખુબસુરત છોકરી બતાવની. એ એક પરી નથી? જ્યારે મારા કાકાની જાગીરમા હું રાજ કરશ તારે એ કેવી તાહા શોભશે તેનો તો વીચાર કર.”

"શેખચલ્લી," વીકાજી ગંભીરાઈથી બોલ્યો બાપ મરે બમણા ઉપર કોઈ દહાડે ગણત્રી કરીએ નહી. તારા કાકા શ્રેનજી પટેલ હજુ તો લવંગની લાકડી જેવા છે ને કાંઈ બીજાં આઠ દશ વરસ વીમો ઉતારવો પડે તેવા નથી વળી તું ભુલી જાયછ, દોસ્ત, કે આજે ઘરડા જાણી ભુલવું નહીં ને માદા જાણી મરવું નહુ. કકાજીના માથામાં કાંઈ કીડો ચવડી આવ્યો કેની તો સુજમાં રહી જશે."

"એટલે? તુ કહેવા શુ માંગેછ? શુ કાકાજી મને વારેસ નહીં ગણશે? મને નહી આપશે તે શું સાથે ગાંસડો બાધીને લઈ જવાના છે? એવણના બીજાં કીઆ અતલગનાં સગાં છે જે દોલતમા ભાગ પડશે? જારે હું મંગાઉછ તારે રૂપીઆ મોકલી આપેછ ને બધા આગળ મને પોતાનો દીકરો દીકરો કરેછ તે તુ જાણતો નથી શુ ? છટ, છટ, એ બધી તારી બીક નકામી છે એ તારૂં સત્યાનાશ થાયછ સાભલેછ કે? વળી પેલી પાસેની છાપરીમા કોઈ દળતી જાયછ ને ભેગું ખાવાનું શરૂ કીધું. કાલે તો આપરે ભુમા ભુમ કરી મુકી તારે ચુપ રહી ગઇ ને વળી પાછું આજે આઠ વાગાથી શરૂ કીધુ છ તે કોણ જાણે રાતના બાર વજાડશે. કાંઈબી કરીને એ માથાંદુખાણ બંધ પાડવુ જોઇયે. ઉભો રહે વીકા, હુ કંઈ તાલ લગાડું."

હવે વાંચનાર આગળ થોડાક ખોલાસો કરવાની જરૂર છે કે આ બધો બનાવ તારાપોર આગળ કીનારા તરફ

બનતો હતો. વીકાજી અને સાવક બેઉ જણ પોતાની સાઈકલો ઉપર સ્વાર થઇને મુંબઇથી નીકળ્યા હતા અને સાઈકલ ઉપરજ છેક સુરત સુધી જનાર હતા. તેઓ થાક લેવા બે દહાડા તારાપોરમાં એક ખાલી ઘરમાં ઉતરયા હતા. આ ઘર દરીયાના કીનારા ઉપર એકાંત હતું. પણ પાસે એક નાહાની ઝુપડીમાથી દળવાનો અને ગાવાનો સાદ આવ્યા કીધાથી આ બન્ને મીત્રો કાયર થઈ ગયા હતા. સાવક ઉઠયો અને હળવે હળવે છાપરી આગળ ગયો અને પાચ મીનીટમા છાપરીમાથી એક ઝીણી ચીસ સંભળાઇ અને ઘંટી બંધ પડી ગઈ.

વીકાજી તુરત ત્યા દોડયો અને ફગલાઇને પુછ્યું:— "સાવીઆ, એ તે શું કીધુ. આએ તો કંઈ બચ્ચાનો સાદ જેવો લાગો, તેં શું કીધું?"

"કંઇ નહી, મેં મારી ગુપ્તી કહાડીને હલ્લુથી છાપરીની દેવાલમા પોઈ. રખે કોઈ બચારાને અણી લાગી હોય. વીકા, મારી અકક્લ એમ કેમ જતી રહી. હું આજે છક એમ હેરાન કેમ બની ગયો? મને લાગેછ કે મેં મુર્ખાઇથી બચારી કોઇ છોકરીને ઈજા કીધીછ હવે હું શું કરૂં. બળ્યું મારૂં જીવતર, હુ તો જાણું કે કોઈ ડુબળો કે ખરવસતર ઢેરીઓ હશે."

"સાવીઆ, આવાં કામની મેં તારેથી વકી રાખી નહતી. તું હમેશ કેવો દયાળુ ને આએ વખત એમ બદલાઇ શાને ગીઓ. પણુ આપરે અહી વાત કર્યાં કરીએછ તેટલાં બચારૂં કોઇ ઝુપડીમાં હેરાન થતું હશે. ચાલ અંદર જઇને જોઇએ."

“ચાલ–ચાલ–તોબાહ, એ મેં શું કીધુ. તુ કહેછ તે ખરી વાત વીકા. હમણા હમણા મારૂં માથું ચકાસતું જાયછ.”

બેઉ મીત્રો ઝડપમાં ઝુપડીમાં ઘુસ્યા, વીકાજી મનમાં બહુજ મુઝાયો કે તેનો દોસ્ત જે હમેશ કેવો ગરવો કેવો માયાળુ તે હમણા આ પ્રમાણે ઓંઝી શા વડે ગયો હશે. સાવક પોતેબી એવો શરમાઇ ગયો હતો કે તેનાં મોહમાથી અવાજબી નીકળતો ન હતો તેઓ ઝુપડીમા જઇને જોયછ તો ખાલી. સાવક તો અકળાઇ ગયો હવે કરવુ કેમ ઘંટી આગળ થોડો આટો અને થોડા ઘઉં પડેલા હતા અને આટા ઉપર લોહીના એકાદ બે ટીપાં પડેલા હતાં પણ બીજું કોઇ મળે નહીં.

સાવક તો સોગંદપર સોગંદ ખાવા લાગો કે પોતાની હેવાનીઅતથી જેને જખમ કીધો તેને શોધી કાહાડીને તેની પાસ માફ માગીને કાંઈ ઈનામમા આપે નહી ત્યા સુધી ખાવુ હરામ છે. દારૂની દુકાન તેમના મકાનથી અડધોક મેલ હતી. ત્યાં તે દોડયો અને દારૂવાળાથી ખબર કાહાડી કે આ ઝુપડી કોણની છે અને તેમા કોણ રહે છે. દારૂવાળાએ કશી નવી ખબર આપી નહીં. આ ઝુપડી તો ગોલવડના એક ખેડુતની હતી અને ઘણું કરીને પડત પડી રહેતી હતી.

વીકાજી મન સાથ વસામણુ કરેછ કે આ બધી મોહોકાણુ ચલકતી ચાંદનની. કોઈ દહાડે એ મરતાને

મર કરીને કહે નહી તે આવી રીતે એક નીર્દોષ માણસને ગુપ્તી ભોંક! ખોદા ખેર કરે, આ ઈરાની છોકરી જો બચારા ભોળા સાવીઆને કપાળે ચોટી તો આગળ ચાલતા કોણ જાણે એને કેમ રૂમ રૂમ બોલાવશે

જ્યારે તેઓ પોતાના ઉતારા ઉપર પાછા વળ્યા ત્યારે તેમના જીવ ઘણા ખાટા હતા. સાવક તો ભુખોને ભુખો સુઈ ગયો. તેનું ધક ધ્યાન બધુ આ ઈજા પામેલા પુરૂશને શોધી કાહાડવામા ભરાયુ હતું.

"વીકા, જો એમાં હું નીષ્ફળ થવશ તો મારી જીંદગીના છેડા સુધી મારે માથે કાળી ટીલી ચોંટી રહેશે.'

બીજે દહાડે તેઓએ ઘણીબી શોધ કીધી પણ કોઇ હાથ લાગું નહીં એટલે થાકીને તેઓ પોતાની સાઈકલો ઉપર સ્વાર થઇને બીજી મજલે જવા નીકળી પડયા.

પ્રકરણ–૨ જું.

ભલા કર ભલા હોગા.

આપણી જ્યારે કથા ચાલે છે ત્યારે હાઈકોર્ટની 'વેકેશન' નો ટાઈમ હતો એટલે બન્ને મીત્રાને મહીના રખાડવાનું ઠીક હતું, તેઓ મુંબઇથી સાઇકલ ઉપર નીકળ્યા હતા ત્યારે એવી સમજુત હતી કે બન્નેએ સાથે સુરત સુધી જવું અને પછી ત્યાથી વીકાએ ટ્રેનમા પાછું આવવું અને સાવકે સાઈકલ છોડી દઈને

આડે રસ્તે કાનાનોર કલીકોટ ભણી ઉતરી પડવુ આપણે આગળ જણાવી ગયા છીએ કે ચાંદન ઈરાની અને તેની મા પીરોજબાઈ તે તરફ રહેતા હતા

આ લોકની થોડીક ઓળખ કરાવવાની આ જગા ઠીક છે પીરોજ ઈરાનીનો વર શેહરીઆરજી કોમેસેરીએટ ખાતામા હેડ કલાર્ક હતો અને તેમને પેટે ચાંદન એકપુરી છોકરી હતી શેહરીઆરજી આડો અવળો હાથ મારીને સારી રીતે પુને રહેતા હતા પણ એકવાર ડયુટી ઉપર તેમને કોલેરા થઈ આવ્યો અને મરણ પામ્યા તેમના નાહાના પેનશન ઉપર આ મા દીકરી જેમ તેમ રહેતા હતા પીરોજબાઈ અને ચાંદન મોટાં લોકમા માથા મારવાની ઘણી તજવીજ કરતા અને બાહારથી ટીપટાપણ ખુબ રાખતા પણ સારૂં ગામ જાણતું હતુ કે ઘરમા બધો મામલો આટા તોલ ઠીકરી જળતીને મળતો હતો. તે લોકની મોટામા મોટી આશા એ હતી કે ચાંદન કોઈ ચીચોડાવાળા સાથ ગોઠવાઈ જાય તો બધો નીકાળ થઈ જાય.

સાવકની ઓળખાણ આ ઈરાનીવાળાઓ સાથ એમ પડી કે સાવક એકવાર મેચ જોવા પુને ગયો હતો તે વેળાએ સોલજર્સ ગારડનસમા બેંડ સાભળવા આ મા દીકરી આવ્યા હતાં. સાવકની નજર આ મનમોહવન છોડી ઉપર પડી અને એક મીત્રની મારફતે તેઓ સાથે ઓળખાણ કરાવીને તે લોકને ત્યાં જતો આવતો થયો. સાવક તો આવો ને આવો ભોળોજ કેની એટલે

બસ મનમા લઈ ઉઠયો કે ચાંદનના જેવી ખુબસુરત છોકરી આખી પારસી કોમમા નથી અને નાબી કેમ કહેવાય ચાદન ખુબસુરત તો ખરી, કાળી બીલારા જેવી આંખ ને પરવાળા જેવા હોઠ, ગોરૂં બદન ને નાટકી નખરા આગળ સાવક ભોળાઈ જાય તેમાં અજબ થવા જેવુ કાંઈ નથી.

ત્યારે હવે આપણે આગળ ચાલ્યે. બેઉ મીત્રો સહુ-વારના નવ વાગે નાસ્તો કરીને સાઈકલ ઉપર સ્વાર થયા અને એક બીજામા વાત કરતા ચાલ્યા જા. છે સાવક સુમારે બસેં વાર આગળ હતો અને વીકાજી પાછળ આવતો હતો. તારાપોરથી આશરે વીસેક મૈલનું છેટું કપાયુ હશે એટલે નાળીએરીનું એક ખુશનુમા વન આવ્યુ તે જોતા જોતા બન્ને જાણુ જાય છે એવામા સાવકના જોવામા એક દેખાવ આવ્યો જેથી તે જબરો ચમકયો અને પોતાની સાઈકલ ધીમી પાડી આંખે હાથ ચહડાવીને જોવા લાગ્યો, તેણે શું જોયું ?

એક સાડીવાળી છોકરી જગલમાથી મુગી મુગી ચાલી જતી હતી સાવકે ઝડપ કરીને તેની આગળ જઈ લાગ્યો. તે એટલો ઉતાવળમા હતો અને એટલો ઉશ્કેરાયલો હતો કે રસ્તાની બાજુએથી એક નાહાનો છોકરો બે હાથ ઉચા કરી હરખભેર દોડી આવ્યો તે તેના જોવામા આવ્યો નહી આ વાર તેની સાઇકલ એક ઢળાન ઉપરથી ઉતરતી હતી જેવી સાવકની નજર આ ઉપર પડી કે તેણે પોતાની સાઇકલને બ્રેક

બાંધવાની અને બાજુએ થઈ જવાની ઘણી તજવીજ કરી પણ ટાઇમ મળ્યો નહીં સાઈકલ જઈને છોકરાંને અથડી અને તેને એક બાજુએ ફેંકી દીધો એટલુંજ નહી પણ સાઈકલ જઈને એક ઝાડ સાથ અફળાયાથી પોતેબી જમીન ઉપર ઉંધે મસતક પટકાયો આ સઘળું એક આંખના પળકારામાં બન્યું સાવકને એટલી સુધ હતી કે તેણે પેલી છોકરીની ચીસ સાંભળી પણ તેનાથી ઉઠાઈ શકાયું નહી, કોણ જાણે કયાં તેને જબરો દુખાવો થવા લાગ્યો તે એટલો સખ્ત હતો કે કાંસવા સીવાય તે બીજુ કાંઈ કરી શકયો નહીં. જરા વારે કળ નરમ પડી કે તે જેમ તેમ લથડતો પથડતો ઉઠયો કારણ કે તેની ઇંતેજારી ભારી હતી. તેને એમજ લાગું કે મેં કોઇને મારી નાખ્યો છે દુરથી એક સફેદ કપડામાં સજેલુ કોઇ ઢગલો થઇને પડયું હતું અને તેની આગળ પેલી છોકરી ગુઠણપર પડેલી હતી. વીકાજીની તો કાઇ ધન નસલ ન મળે

સાવકની આંખે તમ્મર આવતા હતા તોબી તે આ જોડાં આગળ ગયો અને છોકરીની પાસે ફસડાઈ પડીને જોવા લાગ્યો

છોકરો બોલી ઉઠયો "દીના, બીહી ના, મને વાગુ નથી. હુ તો નરતો ઉઠીને ઉભો થાવા."

દીનાનો બધો જીવ પ્રાણ આ પોતાના નાહના સાથીમાં ભરાયલો હતો એટલે તેણીએ સાવકને તો જોયે બી નહીં, તે છોકરાને કોટી કરીને બોલી.

"ઓ માય! હુ તો જાણું કે માએરો ગીઓ હે ચાલ વાગું નહી તો ઘરા વહી ગીઆ, મારા બાપ, ચાલ વહેલો થા નરીમાન, આપરે ઈઆંથી વેહેલાં નીકરી જઇયે"

નાહનો નરીમાન વાઘની પેઠે ઉઠીને ઉભો થયો. તે ઘણું તો સાત વરસનો હશે તેના પગમા જોડા ફાટેલા હતા, કપડા ટેભા ટાંકા મારેલા હતા પણ સ્વચ્છ હતા અને છોકરો તો નરો પુનમના ચાદ જેવો ઘટમારો હતો.

આ વાર દીનાની નજર પેહેલીજ વાર સાવક ઉપર પડી. તેના હાથની બાયમાંથી લોહીની ધારા નીકળતી હતી તે જોઈ આ ગરીબ છોકરી બોલી "જી ભરૂ રે, બહું વાગું કે, એમ હું થઈ ગીયુ?"

દીના હાથ પકડીને જોવા લાગી પણ સાવકથી હવે ટકાતું ન હતું તેને ફેર આવવા લાગ્યા અને મોહોડુ જરદ મારી ગયું તે મોટો ગરાર જેવો હતો પણ આ વાર એક નાહાન છોકરીએ તેને બકરાની પેઠે ચલાવીને ઝાડ નીચે બેસાડયો જંગલ અને ઝાડ સાવકની આખ આગળ ગેરીઆ રમતા હતા ચતુર છોકરી તુરત પામી ગઈ અને બોલી—

"ફૂકર ના કરો—અકરાઓ ના—હું અબ ઘરી જઈને ઠંડું પાણી લાવું નરીમાન, તું ધંફા ઉભો રહેજે હો બાપા, હું નરતી આવી"

આમ બોલી હીના દોડી અને એક કરસલી પોતાની કનેથી કહાડીને ઝટ એક નાળામાથી ઠંડુ પાણી લઈ આવી

"લીઓ જરા પીઓ તો મારા બાપ કરૂં એતો જરા ફેર આવતા છે તે ઓય જતા રેહે"

ઠંડું પાણી પીતા સાવક હુશીઆર થયો

"હવે લાવો જોઉ, તમારા હાતને હુ થીયું મોચ-વાયો ઓહે તો હુ લીમના પાત્રા લાવીને બાધા તો કર નરમ પરી જાહે"

આમ બોલી પુછયા પરછયા વગર હીનાએ સાવકની બોયના બટન કહાડી નાખ્યા અને બોહે ઉપર ચઢ-ડાવીને હાથ ચાંપવા અને તપાસવા લાગી સાવકનો દરદથી જીવ જતો હતો પણ દાત પીસીને બેસી રહયો તેના ડોળા સઘળા હીના ઉપર હતા.

પ્રકરણ—૩ જું.

હું તો ગામડેની ગોરીરે—

આ ગામડીઅન છોડી હીના જે વારે પોતાના રૂમા-લથી સાવકપરના હાથપરનું લોહી નુછીને પાટો બાંધતી હતી ત્યારે સાવક તેણીના તરફ ચીતભમ થઈને જોયા કરતો હતો તેમા નવાઈ નથી. શું રૂપાળી છોડી, કેવા કુરચલીવાળા બાલ, કેવા દુધાળા ગાલ અને મોતીઆળા દાત. તે જ્યારે હસ્તી ત્યારે તેણીના ગાલમા ખાડા પડતા અને એક નાનકડી પરી સરખી લાગતી.

તે જ્યારે પાટો બાંધે છે ત્યારે સાવકની નજર અચ-ણુચ તેણીના નાના હાથ પર પડી અને તે જોતાજ તે પીસતોલ લાગી હોય તેમ ઉછળીને બેઠો આ વાર તે પોતાને એક હેવાન કરતાબી નપેતર માનતો હતો. આ છોડીને તેણે પેલી ઝુપડીમાં વીના કારણે ગુપતી ખોસીને હેરાન કીધી હતી અને તેજ છોડી હમણા તેના રાક્ષસી હાથને પાટો બાંધતી હતી

તે હજુ તો બોલવા જાયછ એવામા વીકાજી મારતી સાઈકલે આવી પહોંચ્યો

"શું થયું, શું થયુ ? સાવીઆ, તુને નહી જોઇને મારા હોશકોસ ઉડી ગયા. શુ છે શું ? પાટા શાના બંધાવેછ ને આય છોકરી કોણ ? હું તો કયારનો આવી પહોંચ્યો હતે પણ રસ્તો ચુકયો—લાવની મારૂ કાંઇ કામ છે કે ?"

સાવકનો પશેમાન ચહેરો, અને છોકરીનું રંગ રૂપ જોઈને વીકાજી થંભ ઉભો થઈ રહયો

"દોસ્ત વીકા, બોલ—ના, હુ ઢાળ પરથી ઉતરતો હતો તેટલાં આએ છોકરો વચમા આવી ગીઆથી બચા-રાને ઉરાડી નાખ્યો પણ સારા નસીબે એને કશી ઈજા આવી નથી. મારા હાથમાં પથર ભોંકાઈ જવાથી મારો જીવ બગડી આવ્યો ને આએ બચારી છોકરીએ મારી સારવાર કીધી. વોકા જરા જઈને જોની, સાઈકલને કાઈ નુકશાન થયું નહીં હોય તો આપણે પાછા ચાલુ મુકીએ."

વીકાજી સાઈકલ તપાસવા ગુટાયા એટલે હીનાનો હાથ પકડી સાવક બોલ્યો:—

"ભલી છોકરી, કેવા શબ્દોમાં હુ તારો ઉપકાર માનુ તે મને સમજાતુ નથી તે મારી આજે એવી ખાતરદારી કીધીછ કે મારી જીંદગીના છેડા સુધી હું તે વીસરનાર નથી. પણ મારે એક ગુનાહની તોજેશ કરવાની છે. આજે ચાર દહાડા થયા હું તારી શોધમાં હતો."

"શોધમાં?" આ શબ્દો બોલતાંજ છોકરી ધ્રુજવા લાગી. તેણીએ નાના નરીમાનને પોતાના પાસાંમાં લીધો અને બીકથી ગભરાયલી જણાઈ.

"બીહ ના—તારી કાંઈબી ગુપ્ત વાત હોય તે હું જાણુતો નથી ને જાણવા માગતોબી નથી હું તુને તારી મરજી ઉપ્રાત કાઇબી પુછવાનો નથી, હુ તુને મળવા માંગતો હતો તેમાં મારી પોતાની કાંઈ મતલબ હતી ગયા બુધવારે તારાપોર આગળ દરીએ કીનારે અમે રહેલા હતા ત્યારે રાતના એક ઘંટીના દળવાથી અમે ઘણાજ કંટાલ્યા અને હુ મારી માણુસાઇ ભુલી જઈને હેવાન બન્યો. અંદરની ગડબડ બંધ કરવાની મતલબથી હુ દળનારને બીવાડવા થકી આગળ ગયો અને મારી ગુપતી છાપરીની દેવાલમા ભોકી મેં કોઈની ચીસ સાભળી અને પછી હુ ઘણોજ પસતાયો મે કોણને ઈજા કરી તે શોધી કહાડવાને મે અનેક ફાફા મારયા પણ અત્યાર લગણ કોઈ જડયુ નહી. ને હમણા હું જોઉંછ કે મેં કોણને ઈજા કરી. મારી નાની

દોસત, મારી મદદગારને. તોબાહ, તોબાહ, કોણ જાણે ક્યા દોજખમાં મારો હાર થશે હુ બીજું તો શું કરૂ પણ મને કહે કે તારે ખાતર મારો જીવ આપવાની જરૂર હશે તો તેબી આપવા હું તૈયાર છું ”

સાવકના આ ખાલેસ સખુન સાંભળી દીનાના મનમા શુ થતું હશે તે કહેવાનુ મુશકેલ છે તે પોતાના રૂમાલથી પોતાની આંખો લુછતી બોલી .—

“ ભાઈ મારા, એમાં એટલું બધું અકરાવાનુ શુ છે તે વાર તુ શું જાણે કે હું ઝુપડીમા મુએલી છેઉં તે અજાણપણે કરયુ ને પછી પશેમાન થયો એટલે બધુ ફીટી ગયુ હવે બની તે બની એમાં શું મોટી વાત તે વાર મને જરા કોઇતાની અણી ભોકાઇ પણ પછી લીમના પાદડા બાએધા કે કલાક બે કલાકમા તે કળ નરમ પડી ગેઈ ”

“ છોકરી તું શું બોલેછ તારૂં મોહોડુ જોઇને શરમથી મારે બરડે પાણી ઉતરેછ ને સારી રાત ઉંઘ આવતી નથી. તારી ખાતરમા તો એ વાતજ નથી, પણ મારા જીવને કળ વળતી નથી તારે ખાતર કાઈબી કરૂં એમ મારો જીવ તલપી રહયોછ મારી બેવકુફાઈના બદલામાં હુ તુંને કાઈબી કમનો થઈ પડુ એવી મારી દીલની ઉમેદ છે હું પહેલા બોલી ઉડયો કે તારી આગલી પાછલી વાત હુ પુછનાર નથી પણ મને કહેવા વગર ચાલતુ નહીં કે તુ બચગીથીજ આવી રખડતી જીદગી માટે સરજેલી હોય એમ મને લાગતુ નથી. ગમે એમ હોય પણ મારી મદદ તો તુંને લેવીજ જોઈશે.”

"ભાઈ માગ, તુ ફોકટનો શુ કામ તારા જીવને સતાવેછ. હુ ને મારો ભાઈ નરીમાન કકડા રોટીથી સુખી છાયે ને અમને તો કાઇએ જોઇયે નહી. અમે તો સુકો રોટલો ખાઇપીને મજાહ કરયે તારાપોરની આસેપાસે અમારા એ ળમીતા છે તાહા બે દહાડા અહીં, બે દહાડા તહી રહીને ખોદાના શુક્ર કરીયે તારી તો ભલાઈ છે બાપા પણ અમને કાઈ જોઈતુ નથી"

"પણ તમે લોક આટલા નાનાં થઇને ચાલત નીકલ્યા છ તે થાકી જશોની?"

"કાઈ થાકતા નથી દશ કોશ ચાલી જવાનું તેમાં શુ મોટી વાત અહીથી ચાર કોશપર રામલા વૈદની છાપરી છે તાહા રાતોવાઇ સુઈ રહીશુ. ને સવાર પડતામા દાતણપાણી કરી ચાલુ મુકીશુ તે બપોરના બાર સારાબારે તો જાંહાંમોરડી પહોચી જવાના."

પણ આ ખુશનુમા જવાબથી શાવકની જીજ્ઞાસા તરૂપ્ત થઈ નહી. વધુ જાણુવાને તેનો જીવ તલપી રહયો હતો.

"પણ તમે આટલા બચ્ચા એકલા અતુલા કેમ? તમારે માથેવાસે કોઈ નથી?"

છોકરી જરા અચકાઈ પણ હીંમત રાખી બોલી. "નથી કેમ—દાદાર હોરમઝદ કેવો છે અમારાં બીજાંબી સગા છે. અમને કોઈ છેડે નહીં. અમે ગરીબ માણસ, અમને છેડીને શું લુટી લેવાના? લે ચાલો ભાઈ, હવે તો જવાની રજા આપો?"

આટલુ બોલતામાં વીકાજી આવી પહોંચ્યો. કેમ સાવયા તારી વાત હજુ પુરી થતીજ નથી કે? તારી સાઈકલનો હેંડબાર જરા મરડાયો હતો તે મેં સીધો કીધોછ લે ચાલ હવે."

"જરા—સબર દોસત બુચી, બધી વાત તો નહી પણ જરા તારૂં નામ તો મને કહે? તુ કોણના ઘેરમા ને કીયે ગામ રહેવાની તે તો કહે. કદાચ હુ તુને કામનો થઈ પડશ.'

"ભાઇ મારૂં નામ દીના શાપુરજી સુબેદાર. મારા ભાઈનું નામ નરીમાન. હવાંરે તો અમે જાંહાંબોરડી જઇએછ પણ ચોમાસું બેસતા વલસાડ જઇને રહીશુ. ચાલો ભાઈ, હવે તો ઘણુ પુછયું."

"વારૂ ચાલ ચાલ, તારી મરજી નથી તો નહી પુછુ. મારી નોંધ બુકમાં મેં તારૂં નામ નીશાન લખી લીધુ છ જો, આએ મારો કારડ છે તે તારી પાસે રહેવા દેજે કોઈ દહાડેબી કાંઈ કામ પડે કોઈબી મુશકેલી નડે તો જરૂર મને તેડાવજે હું તેજ ઘડીએ આવીને ઉભો રહેવશ "

"વારૂં બાપા—વારૂં—જરૂર—જરૂર—તેમ કરા. પણ બાપા પેલુ કોઈતું લાગી ગીએલું તેનો કાંઈ મુઝાબો કરતો રખે એમા કાંઈ તારી નીશટા બુરી નહીં એટલે તારો શું વાક. એ તો બધું ભુલાઈ ગયલું."

"હું તે કધુ ભુલનાર નથી આયો વીકા ચબ ઘડી આયો—જો દીના (તેનો પ્યારથી હાથ પકડીને) તેં માથી મદદ માગવાની કબુલાત આપીછ તે યાદ રાખજે. ખોદા તમારો નીઘેબાન થાઓ"

આટલુ બોલી એક નીસાસો નાખી સાવક પોતાની માઈક ઉપર સ્વાર થયો અને બેઉ મીત્રો ત્યાથી ચાલ્યા ગયા.

પ્રકરણ—૪ થું.

ચાંદન ચળકતી.

ઉપલા બનાવને ત્રણ દહાડા પછી માહેગામના દરીયા કીનારા આગળ એક જુવાન બાનુ બારીએ ઉભી રહીને ઘણાજ વમાસણમાં હાથના નખ કરડતી હતી

"શું થયું ? આજે કોણ જાણે કીઆ કાનવસતારામા ફરેછ મને કહેજે સાજના ત્રણ વાગામા આવશ ને સારાતણ થઈ ગીઆ તોબી ઠેકાણું નહી મળે એ શુ એના મનમા ખાન ખાતો હશે એના મનમા તો એમ કે એના જેવા મોટા માણસને વરે એક બોલ બોલાય નહી એવણ જે કરે તે હાજી હાજી કરવાનું. મોહોડું ધોઇને આવજો"

ચાદન ચળકતી અથવા તેના ખરા નામે બોલાવીએ તો ચાદનબાઈ ઇરાનીએ ડોકાનો ટણકો કીધો, ડોકુંબી કઈ જેવું તેવું નહી હતું ખાસ્સું હાસની ગરદન

જેવુ લાબું, સીધું, ને સફેદ હતુ. કોણ જાણે તુરત નીજ માથુ ચોળી આવી હતી કે શુ તે કરચલીદાર કાળા બાલબી સુપરાની પેઠે વીખરાઈ પડયા હતા ગળે કાળી મખમલનો પટો લગાવ્યો હતો અને કમરે રૂપેરી ચાંપનો પોહોળો પટો બાધીને સુનામોહોર જેવી, આખે ઉડી આવે તેવી લાગતી હતી હા ભાઇ રૂપેરી તો ખરી સાત પાણીએ ધોયલી તે જયારે ઉશકેરાઈ જાય ત્યારે મોહોમા આગળા ઘાલી કરડવાની ટેવ ધરાવતી હતી તેણીએ પચાશેકવાર બારીએ ડોકાવીને જોયુ હશે આખરે આઘેથી ધુળનો વટોળયો દેખાયો અને ધરધર કરતો સાવક પટેલ સાઈકિલ ઉપર આવી છલગ મારીને દરવાજાપર ઉતરયો.

"ચાંદન તુ તો છેરાઇ પડી હોશે પણ મારો કસુર નથી હવડાબી મને થોભવાને ઘણો ટાઈમ નથી. હમણાજ કલીકટથી ખેમરાજ વકીલનો અરજંટ તાર આવ્યોછ કે કાકાજી છેક ઘડીપળ છે ને મારે તાબરતોબ નીકળી આવવું"

"ઓહ" કરી ચાદન મુગી રહી ગઇ આ વાર તેણીના મનમાંથી ચોકસ વીચાર વીજળીને વેગે પસાર થઇ ગયા

"ઓહ-હું આએ ખબર સાંભળીને દલગીર છુ પણ માણુસ કાઈ હમેશ જીવતું નથી, તુ કહારે સીધાવશે?"

"આએ ચાલ્યો બ્રીટીશ ઈંડયાની આગબોટ ભામ-બુડા આવીબી પહોચી ને સાજના ૭ વાગે ઉપડી જશે. તુને મળયા વગર કેમ જાઉ, બોલ હવે ચાદન, આજ સુધી મારી કાકલુદી ભરી માગણીનો તે સીધો જવાબ આપ્યો નહી પણ હવે જતી વખત મને ખુશ કરેછ કે ની? બોલની ડારલીંગ તું જાણેછ તો ખરી કે તારા વગર મારૂં જીવતર નકામું છે હવે મારી ઉપર રહેમ કર ને મને હસતો રમતો જવા દે"

ચાંદન જરા હસી આ વાર તેણીની આ.ખ ચમકી રહી હતી. સાવકે પોતાના બે હાથ લાબા કરયા અને ચળકતી બાઈ જઇને અલબત તેમા ગોઠવાયા

આ ફારસ થોડીક પળ ચાલ્યો જાણવુ કે સાવકે ઘણીવાર ચળકતી પાસે 'પ્રામીસ' માગી હતી પણ ચાદન મચકાયા કરતી હતી ગરીબ બચારો ભોળો સાવક, તેને થોડીજ ખબર હતી કે માતબર કાકા તાકો ઘડી કરવાની આણી ઉપર આવવાની ખબરે ચાદન બાઈના-આજના ઠરાવ ઉપર અસર કરી હતી એ પોતે ભરભરીઓ અને ખાલેસ મનનો હતો એટલે સર્વેને એમજ સમજતો હતો એના મનમા તો એવું કે ચાંદન ચળકતી તેના ઉપરથી મોહોબતના દરીયાવમા ઉભાઈ છલકાઇ જતી હતી

જરા વારે ચાદનને સુધ આવી. "પ્યારા હવે જા. આગબોટ ચુકવી નહીં જોઇયે તારા કાકાજી તરફની તારી ફરજ પહેલી બજાવવી જોઈયે."

"કાંઈ નહીં, હજી અરધા કલાકનો વાર છે મારો સામાન તો ગીયોબી, ડારલીંગ—ત્યારે હવે તારી પ્રામીસ છે હવે એમા ફેર નહી પડે?"

"સાવીઆ, હું જે કહુછ તે સાચુજ માનજે હું તો તને કંઈ મુદત અગાઉનીજ જવાબ આપતે પણ તેમ બની શકયુ નહી તું જાણેછ કે હુ ને માએજી શા પર જીવીએછ? માએજીને ફકત એકસો રૂપીઆનું પેનશન મળેછ તે ઉપર આએ બધી ધધુખર છે હવે માનતો હોય તો માન ખોદા જાણે માએજી કેમ બધો ખરચ સાચવેછ મને તો કઈ સમજ પડતી નથી જો પ્યારા, અમે હમણા તો પૈસા પૈસાને સારૂ ટવળીએછ હું જો કોઈ ગરીબ માણસ સાથ પરણુ તો ભુખે મરવાનો સોદો થાય એ લીધે પરણવુ તો કોઈ એવા સાથ પરણવુ કે માયજીનેબી ટેકો થાય એવો મારો પકકો ઠરાવ હતો આએ બધું ખરેખરૂં મે તુને કહી દીધુ, કારણ કે તું પછવાડેથી મનમા બુરાઈ લાવે તે ઠીક નહીં, તારે ખાતર તો મેં સારે સારે ઘરના માગા પાછા વાળ્યા તું પુછશે કે કાય? તો હુ આશા રાખતી હતીજ કે કોઈ દહાડે તારો પાસો સવળો પડશે ને તું મારી આગળ દોડી આવશે. સાવીઆ મારી એ ઉમેદ પાર પડીછ ને આજથી હુ તારીજ છેઉ"

સાવીઆજી આ ભાશણ સાભળી ગંગ ટેટે થઇ ગયા તેવણ ચળકતી આગળ રડયા, બળીઆ, નાચ્યા કુદયા પણ એવામા તેની છાતીમા એકાએક કાઈ બુક

ભરાઇ આવ્યો કાકાજી દાધા બળ્યા હતા, સાવક સાથ પુરી પાધરી વાતબી નહી કરતા હતા, કલીકટમા તેવ-ણને નામે લોક સેસ ભરતા હતા પણ ત્યારે એ ચમ-કયો કાય? ગમે એમ હોય પણ તેનુ દિલ કમકમયુ કે કાકાના મરણથી તે પોતે ખુશી થાય તેવણના ગુજરવાથી દોલત મળે તો તે ઉપર શાદીની રામ-સની રચે!

ચાદન શેહારી હુતી તે સાવકના મનમાથી શું વીચાર પસાર થઈ જાયછ તે તુરત સમજી ગઈ. સાવકનો હાથ આખમા ચાપી ખોટા ખોટા લાડ કરી તે બોલી.—

"વ્હાલા મારા બોલવાથી તું દલગીર થયો! ખરી વાત છે આજે સાચુ બોલનાર હમેશ ગુહનેગારમા ખપે છે પણ મારી ખરી મતલબ તું બરાબર સમજીયો હોય એમ મને લાગતું નથી. હુ કહેવા શુ માગત હતી અને બોલાઈ શુ ગીયું, તારા કાકાને બધા મારા છ, તેવણ જીવતા રહેશે તો તારે સારૂં પાચ પૈસા વધારે પેદા કરશે મેં તો ઘણાબી અખાડા કીધા કે જે હોશે તે પછવાડેથી થઇ રહેશે પણ તારા પ્યારે મને મીણની માફક તાવી નાખીછ ને પૈસા હોય કે નહીં હોય પણ હું તારીજ છેઉ આપરે ઝુપરીમા રહીશુ, સુકકો ભુંજેલો બુમલો ને રોટલી ખાઈશું તેમા શુ છે?"

નવવાનું ટકા બાદ' પણ સાવકશા તો લાધી ગીએ "ઓ મારા જાન, મારા કલેજાં તુ કોઈ દહાડેબી ચુકે નહીં ચાદન જ્યારે હું તુને મારી પાસે જોઉ છ ત્યારે બધી દુનીયા વીસરી જાઉં છ બસ તુ મને મળે તો પછી બાકી બધું ઝાહાનમમા જાએ. કેમ વ્હાલી ખરૂ કેની?"

હાસતો–પ્યારા આવજે હો–વેહેલો આવજે"

પ્રકરણ—૫ મું.

કાકાજીની છેલ્લી ઘડી–બે ફોટોગ્રાફોની કાહાણી.

"કેમ ગંઆરામ, ગાડી કોણની આવી? જોતો, શેઠના વારેસ આવવાના છે તેવણ તો નહી હોય।"

"જી હા, ડાકટર સાહેબ, તે સાહેબજ અબ ઘડી આવ્યા અને નીચે "હાલ" મા બેઠા છે" શાવકના કાકા ધનજી પટેલના ખાસ નોકરે જવાબ દીધો

આ સાભળી ડાકટર મોટગોમરી તુરત નીચે ઉતરી પડયા. દીવાનખાનામા શાવક સોરાબશાહ પટેલ બારી આગળ મુગો મુગો ઉભો હતો તે નખાઈ ગયલો અને અંદેશામા જણાતો હતો તે ચાદન આગળથી નીકળેલો વગર થોભવે કલીકટ આવી પહોચ્યો હતો, સાઈકલ ઉપરથી પડી જવાથી તેના હાથને ઈજા થઈ હતી તેની કળ હજી નરમ પડેલી ન હતી

ડાકટર મોટગોમરી સાથ તેની આગાળની ઓળખ હતી. તેઓ એક બીજાને ભેટયા પછી ડાક્ટરે વાત શરૂ કરી.

મી૦ શાવક, તમો વખતસર આવી પહોચ્યા તેથી હુ બહુ ખુશી છુ તમારા કાકાની હાલત મને દહાડે દહાડે બગડતી જણાયછ મને નહી લાગતુ કે આજની રાતબી સલામત પસાર થાય હમણા તો તેવણ બેભાન જેવા પડેલા છે, પણ એવા બીમારીમા હમેશ છેલ્લી ઘડીએ હુશીઆરી આવેછ તમુને મળવાને એવણ ઘણાજ ઇતેજાર દીસતા હતા તે ઉપરથી મે તાર કીધો. મારી ધાસતી એટલીજ છે કે રખે હુશીઆરીમા આવવા વગર અને તમારી આગાળ પોતાના મનની ઈચ્છા જાહેર કીધા વગર એવણ એમના એમ ઉંઘમાજ પસાર થઈ જાય. કેમ હમણા ઉપર આવશો?"

તેઓ બન્ને જણ બીમારના સુવાના ઓરડામા ગયા જ્યા પડદા ઢાકીને સઘળુ અધારૂ કીધેલુ હતુ અને ત્યા એક મોટા છતર પલગ ઉપર શેઠ ધનજી પટેલ મરવા સુતેલા હતા

શાવક મુગો મુગો આગાળ ઉભો રહયો કાકા સુમારે પાસેઠેક વર્ષના હતા અને કદાવર છતે હમણા બીમારીથી નખાઈ ગયલા હોવાને લીધે હાડકા નીકળી આવ્યા હતા તેવણની દાઢીના બાલ આઠ દીવસના ઉગી ગયલા હોવાથી તેવણ ખાઉં કરડુ જેવા વીકાળ લાગતા હતા.

ડાકટર મોટગોમરીએ હળવેથી કહ્યુ "તમે એવણની આગળ બેસો હું આયાને અદર મોકલુ છ."

"મને હમણા કાઈ કામ નથી એટલે હુજ બે ત્રણ કલાક અહીં બેસીશ આયાનું કઈ કામ નથી"

"ઠીક છે તારે તો હું હમણા જાઉંછ ને બાર વાગા અગાઉ પાછો આવી જવશ, સાહેબજી"

આ વાર રાતના આઠ વાગેલા હતા ડાકટરના જવા પછી શાવક મુગો મુગો વમાસનમા બેસી રહયો હતો અરધો કલાક એમ જવા પછી તેને ચેન પડયું નહીં એટલે બારી આગળ જઈ ઉભો રહી જોયછ તો બહાર ખુબસુરત બગીચો અને લીલા મેદાન તથા સુદર તળાવડીઓ પથારો નાખીને પડેલા હતા કલીકટમા ધનજી કાકાની મોટી મસ મોટી મીલકતો હતી અન બે આખા ગામ તેઓની પોતાની માલેકીના હતા. શાવક ગમે એટલો ભલો હતો તોયે તેના મનમાથી વીચાર પસાર થવા વના રહયા નહી કે જે ઘડી જાયછ તેમા આ સવળુ તેનુ પોતાનુ થશે

તે હજી તો આવા ક્યાસમા છે એવામા ઓરડામા કાઈ હીલચાલના અવાજથી તે ચમકયો તુરત તેના કાને અવાજ પડયો

"કોણ? શાવક કે?"

તે તુરત કાકાજીના પલગ આગળ દોડયો જોયછ તો કાકાજીની આખો ખુલ્લી હતી અને તેવણ ટગર

ટગાર તેના ગામ જોયા કરતા હતા પહેલા તો તે ફગ-ળાઈ ગયો પણ પછી જરા ધક ઠેકાણે રાખી પુછ્યુ:-

"કાકાજી, હુ શાવક છેઉ, તમે કાઈ મને કહેવા માગતા હતા બોલોની તમારી શુ ઈચ્છા છે?"

થોડોવાર સુધી તો મરવા સુતેલા માણુસથી બોલાયુ નહી મોત અને જીવત વચ્ચેની આ ખેચાખેચી ભયકર હતી કોઈને બોલાવીને ડાકટરને તેડાવવા કે નહી તેના વીચારમા સાવક હતો એટલામા કાકાજીએ એક નીસાસો નાખીને આગળીની ઈસારત કરી પોતાની લખવાની ટેબલ બતાવી

"ઉઘાડ, બેટા ઉઘાડ ડાબા હાથના ખાણામા-કુચી વેહેલો" શાવકે તુરત ખાણુ ઉઘાડયુ તો ઉપરજ એક છુટી કુચી મુકેલી હતી

"વહેલો-જલદી" વળી કાકાજી બોલ્યા દેખઈતુ હતુ કે તેવણ છેક ઘડી પળ હતા અને પોતાના મનમાની વાત જાહેર કરી દેવાને ઈતેજાર હતા શાવકે કુચી આમ તેમ ફરવીને ટેબલના વચમાના ખંગામા ફેરવા જોઈ તો તુરત તે ઉઘડી ગયુ અને ઉપરજ એક કાગલનુ પાકીટ મુકેલુ હતુ તે ઉપાડી વાંચ્યુ તો ઉપર નીચે પ્રમાણેના અક્ષર લખેલા હતા

મારા મરણુ પછી મારા ભત્રીજા શાવકને માટે.

આ પાકીટ ઉપાડીને શાવક પલગ આગળ લઈ ગયો કાકાજીએ ધ્રુજતે હાથે તે તેના હાથમાથી લઈ

લીધુ અને ઉખેડીને બે નાના ફ્રોટોગ્રાફ ખેચી કહા-ડયા. કાકાજીની જીદગીને હવે થોડી પળ બાકી હતી તોયે આ ફ્રોટાગ્રાફે ધારી ધારીને જોઈને તેવણ મુછમ હસ્યા અને થાકને મારે આખો વાચી દીધી તેમના હાથમાથી એક ફ્રોટોગ્રાફ સરીને ભોય ઉપર પડયો શાવક વાકો વળીને તે ઉપાડતા જોયછ તો–આએ શુ? એક નાહાની બુચીની તસવીર અને તેબી પોતાની થોડા દહાડાની સહી દીના શાપુરજી સુબેદારનો આબાદ ચેહેરો!

શાવકના ગભરાતનુ પુછવુ શુ તેણે ચપટીમા ફ્રોટોગ્રાફ પકડી રાખ્યો પણ તેના હાથ ધ્રુજતા હતા આ મળતા-પણુ કાહાથી આ ફ્રોટોગ્રાફ ઉપર લગભગ સોળ વરસ અગાઉની તારીખ માડેલી હતી અને દીના ઘણુ નો પદર સોળ વર્ષની હશે પણ શાવકને વધુ વીચાર કરવાનો વખત મળ્યો નહીં

"બેટા, એ હુ તુને સોપુ છ--તારી પાસે રાખ–વખતે એની મદદથી—

પણ એટલુ બોલતામા કાકાજીનો જીવ બગડી આવ્યો અને તેવણ મુગા મુગા પડી રહ્યા શાવક બચારે। શુ કરે. તેણે મરવા સુતેલા પોતાના ખેશીની છાતી ઉપર હાથ મુકી જોયો, નાડી તપાસી જોઈ પણ જાણે જીવ ઉડી ગયો હતો જરા વારે કાકાજીએ પાછી આખ ઉગાડી.

"શાવક એ તારી પાસે રાખ—કોઇ દહાડે કામ લાગશે "

આ વાર પેલો બીજો ફોટોગ્રાફ તો તેવણના હાથમા મજબુત પકડી રાખ્યો હતો તેવણ કાઇ વધુ બોલવા જતા હતા પણ અવાજ નીકળ્યો નહી અને એક સરદ હાય મારીને તેવણે પોતાનો પ્રાણ મુકી દીધો

પ્રકરણ—૬.

મોહોતનો પહેલો ગભરાટ ડપટ પડયો કે સઘળું ઉચુ નીચુ કરતા વીલની શોધા શોધ ચાલી પણ કોઇબી વીલ હાથ લાગ્યુ નહી દીવાનખાનામા શાવક અને ખેમરાજ વકીલ બેસીને મસલહત કરતા હતા ખેમરાજ બોલ્યા:—

"વીલ નહીં મળે? ઘણુ જ અજબ જેવુ મારી પુરી ખાત્રી છે કે ચાર પાંચ વરસપર એવણ મુંબઈ ગયા હતા ત્યારે પોતાનું વીલ કરીને ગયા હતા મે બી બધા ખાના પેટી તપાસી જોયા, રજીસ્ટર આફીસમા ખબર કહાડી પણ હાથ લાગુ નથી "

"તારે હવે શુ કરવુ?" શાવકે વીશમય થઈને પુછ્યું.

"થાય શું? વીલ નાહીબી હોય તો બી તેથી તમારા હક ઈલાકામા કશો ફેર પડવાનો નથી મરનારના કાયદાસર વારેસ તમારા સીવાય બીજુ કોઈ નથી. મરનાર

વીસ વરસ થયા કલીકટમા વસવાટ કરી રહ્યાછ પણ કોઈ દહાડેબી એવણ પરણ્યા હોય કે કોઇ સગુ વ્હાલુ હોય એવુ કોઈ જાણતું નથી એવણના એકપુરા ભાઈ હતા તેના તમે બેટા થાઓ એટલે વીલ હોય કે નહીં, તોબી બધું તમનેજ પુગે."

વકીલની આ સલાહ ખુલાસાવાર હતી તોબી શાવક ગુચવાયા કર્યો ખેમરાજે જોયુ કે તેના મનમા કાઇ વ્હેમ બેસી ગયો હતો, અને તેનો ચેહેરો ફીકકો અને ઉદાસ દીસ્તો હતો જરા વારે શાવક બોલ્યો

"મી૰ ખેમરાજ તમારૂ બોલવુ વાજબી છે અને તેનો અર્થ હુ સમજુંછ પણ તોબી હુ ઇચ્છુંછ એવણનુ વીલ હોતે તો ઘણું ઠીક થતે તેથી મારા જીવને ઘણી રાહત મળતે"

"ખરી વાત છે મારૂ બી તેવુજ મત છે પણ જ્યારે વીલ નથી ત્યારે ફોકટમા અદેશો કરવામા ફાયદો શો? આજ સુધી મરનાર તમુને પોતાનો વારસ ગાણતા આવ્યા હતા તે સારૂ ગામ જાણેછ તમને દર માસે સારો લવાજમ આપતા હતા તે કોઈથી અજાણ્યું નથી મરતી વખતે તમને તેરાવી મગાવયા એ શુ પુરવાર કરેછ? પણ તેથીબી આગળ વધીને કહું તો બીજુ છે કોણ? કલીકટની મીલકત કાંઈ નહી તો ઓછામા ઓછી પાચ લાખની હશે ને મુબઈ, બેલગામ, પુના વગેરેમા એવણના દશ બાર એસ્ટેટો છે મી૰ શાવક

હું તમને મુબારકબાદી આપુ છ તમે બેફીકર રહો—આજે તમે વીસ લાખના ધણી છેઓ.”

શાવકે મુબારકબાદી કબુલ રાખી અને ઉપકાર માન્યો પણ તેના પેટમા એક જાતની અકડાતફડી થતી હતી તે તે અટકાવો શકયો નહીં લાખોની દોલત મળવા છતા તેનાં મોહ ઉપર કાઈબી ખુશીની નીશાન પ્રગટી નીકળી નહીં બલકે તેથી ઉલટું તે બેચન દીસવા લાગ્યો તે જરા જરામા ઉડા વીચારમાં પડી જતો અને અવારનવાર મરનારનો ચેહેરો પોતાની ઉંચકેલી આંગળી સાથે તેની સામે આવીને ઉભો રહેતો.

વાંચનાર કદાચ જાણવાને આતુર હશે કે ત્યારે પેલો બીજો ફોટોગ્રાફ જે મરનારે પોતાના હાથમા મજબુત પકડી રાખ્યો હતો તે કોણનો હતો તે તે એક એક ખીલતી રૂપસુંદરી જવાન બાનુનો હતો તે અસલ ઢપે પડેલો હતો આંગમા મોટી ત્રણ તસુની કોરની સાડી હતી અને ઓઢ્ડ ફાસીનનો સંધળો મામલો છતા તે એક દેવી સમાન દીસ્તી હતી આ ફોટોગ્રાફ ઉપર ત્રીસ વરસ અગાઉની તારીખ માંડેલી હતી

આ કોણનુ પીકચર હશે? વકીલ ખેમરાજે તથા ઘરનાં પુરાણાં માણસોએ તે ઉપર તરેહવાર અટકળ કરી પણ છેવટ એજ આવ્યુ કે શેઠના બેન તરફના કોઇ સગાનુ હશે ઘરના સરવે તો આ ખુલાસાથી રાજી થયા પણ શાવકનાં મનનુ સમાધાન થયુ નહીં અગર

તેમજ હોય તો મરનાર આ પુરાણા ફોટોગ્રાફોને આમ સાચવી રાખે શું કામ? મરતી વખતે તે ખાસ પકડી રાખે શું કામ? તેમાનો એકજ ફોટો તેને અગાત કરીને સોપે શું કામ?

વળી શાવકના હાથમા કાકાજીએ મુકેલા ફોટોગ્રાફનું હીના સાથ અજાયબ જેવું મળતાપણુ તેનો અર્થ શો? કાકાજીએ પ્રાણ મેલતી વખતે આ ફોટોગ્રાફ ખાસ ખાણામાંથી કહાડી મગાવી શાવકને તાકીદ કીધી તેનુ કાંઈ કારણ? શાવકને લાગ્યું કે જયા સુધી આ સઘળા ગુચવાડાની તેહેકીક થાય નહીં ત્યા સુધી તેને ચેન પડવાનુ નથી

બે ત્રણ દહાડા પછી વકીલ ખેમરાજ વળી પાછો મલવા આવનાર હતો તેની આગળ સઘળો ખુલાસો કરી દઈને તેની મદદ માગવાનો શાવકનો વીચાર હતો પણ તેટલા ચાંદન તરફથી અરજંટ તાર આવ્યો કે.—

"કાકાજીના મરણ સારૂ ઘણાજ દલગીર છેએ તુંને મળવાને દીલાસો દેવા કલીકટ આવ્યેછ બુધવારે સવારના સ્ટેશન ઉપર મળજે."

આ તારથી શાવકના બદનમાં સઘળા તાતે તાત તાણી મુકયા. ચાંદન, વહાલી ચાદન કલીકટ આવે! વળી તેને દીલાસો દેવા! આહ! તેના હાથ સાથ હાથ મેળવવા તેની આખ સાથ આખ મેળવવાની મોજ! હવે એ

બેને છુટાં રાખવાની કોણની મગદુર? હવે પૈસાને માટે મુઝવણ શાની? કાકાજીની છમસી ગઈ કે ચાંદન તેની પોતાનીજ છે.

આહ; પણ સબર. શાવકના પેટમાં વળી શાની ફાળ પડી તેના મનમાં એક સફીલો જાલમ દેવ જાગ્યો હતો તે પાછો ઉભો થયો. તેને બસ એમજ લાગતું હતું કે તેના અને વીસ લાખના વારસા વચ્ચે કાંઈ ન ધારેલી ફાચડ પડવાની છે અરે, પેલો ફોટોઆફ તો આ ફાચડ નહીં હોય!

શાવકના મનમા એક વખત આવ્યું કે આ ફોટો-આફની વાત કોઈ જાણતુ નથી, કાકાજીની મરતી વખતની ઇંતેજારી તેના પોતાના સીવાય બીજા કોઇને કહી નથી તો પછી નકામી શા સારૂ ફીકર કરવી ફોટો-આફ ફાડી નાખ્યા એટલે નીકાળ છુટયો. તેમ કરવાની તેને લાલચ ઘણી થઇ અને એવાજ વીચારથી તે ખેમરાજ વકીલ આગળ તે સબંધી વાત કરવાના અખાડા કરી ગયો. તેણે ગમે એટલીબી પોતાના મન સાથ તકરાર કીધી કે હું જે કરૂ છું તે વાજબી છે તોબી તેનું હૈડું તેને માહેથી કરડતું હતું અને ઉંઘ અને ભુખ તેના વેરી થઇ પડયા હતા.

દસમાને દહાડે વકીલ આવ્યા અને આંખે ચશ્મો ચહડાવીને કલીકટના એસ્ટેટને લગતાં ખત–પતરો પાંથરીને સાવકને આર્જ આપવા માડયો.

"મી૦ સાવક, પ્રોબેટને માટે મેં અરજી કીધી છે જમીન અને ગામો તો તમારા નામ ઉપર ચહડતાં વાર લાગશે પણ રોકડ નાણું તમારે સ્વાધીન લેવાની કાંઈ અડચણ નથી તેટલા તમુને કાઇ વીસ પચીસ હજાર રૂપીઆની રકમ તુરત ખરચને સારૂં જોઈતી હોય તો સેવક હાજર કરશે"

તુરત વેળા તો કાંઈ પૈસાની જરૂર નથી, એમ કહી સાવકે વકીલ ખેમરાજને વીદાય કર્યો બીજે દીને સવારના દસ વાગે ચાદન અને તેની માને લઈને ત્રેન કલીકટના સ્ટેશન ઉપર આવી પુગનાર હતી તે એક કલાક અગાઉથી સ્ટેશન ઉપર જઈ ફરયા કીધો અને જેવી ગાડી આવી કે જોયછ તો ચાદન ડોકાવી ડોકાવીને જોતી હતી.

જેવી ત્રેન ઉભી કે ચળકતી કુદી પડી અને સર્વેના દેખતાં સાવકની છાતીપર માથુ નાખીને જુઠું જુઠુ રડી

"મારા સાવીઆ. મારો જીવ કેવો બળીને ખાક થઈ ગીઓ જેવા અમે સમાચાર સાભળ્યા કે મેં માએજીને કહ્યું કે હું તો મારા સાત્રીઆ આગળ જવાની ને ફુર જવાની પહેલાં તો માએજીએ ના કહી પણ જયારે હુ એકલી જવા નીકળી તારે તેવણઅી આયા. લેઓ માએજીજ આયા"

બાઈ પીરોજા ઇરાનીએ જમાઇ થતાને ઓવારણા લીધા. તેવણ પચાસેક વર્ષના હશે પણ પોતાની ગયલી

જુવાનીની યાદદાસ્તને વળગી રહી બાવીસ વરસના બુચી દેખાવાના ફીકરનાં ફાંફા મારતા હતા ખરી વાત કહીયે તો "સાસુજી"ની ગંધ સાવકને બીલકુલ પસંદ ન હતી તેવણુ ભવાં કાળા કરવા કાજલ અને ગાલ લાલ કરવા કોસમેટીક લગાડતાં તે જોઈ આ છોકરાનું દીલ કમકમતું હતું. તે ઘડી ઘડી વીચાર કરતો કે આવી કડકણી, ખોટા દાંતવાળી દહાને પેટ ચાંદન જેવી અપસરા કોણ જાણે કેમ પેદા પડી હશે.

પીરોજ ઈરાની દેખઇતાજ કાહેલી જણાતાં હતાં, તેવણે પાઉડરનો લેપડો કીધો હતો ખરો પણ ટ્રેનમાં પરસેવાથી લેપડો તવાઇને ગાલ ઉપર સરેટા પડયા હતા ભવાં ઉપર લગાડેલો કાજલ કોઈ અકસમાતથી નાક ખરડીને ઠગાઇની ગુવાહી પુરતી હતી.

સાવકના પેટમા ધાસ્તી પડી કે રખે આ મંગળ મુરતી તેના બંગલામા આવીને ઉતારો કરવાની વાત કરે, પણ તેટલા ચાદનજ બોલી ઉઠી.

"અમે તો અમારા એક દોસ્ત માણેકજી દામલાને તાંહા આઠ દહાડા રહેવાના છીયે. તેવણ તેમના પોતાનાં કુટુંબને લઈને ત્રીચુર ગયલા છે તેટલાં બંગલો અમારેજ હસ્તક છે. સાવક અમે એકલાજ છીયે તેથી તું રાત રાતના જમવા આવશે કેની?"

અલબતા સાવક શું કરવા ના પાડે? ના પાડવા જેટલી તેનામા તાકાત હતીજ નહીં કારણ કે ચાંદનના જાદુઇ ડોળાએ ગોયા તેને વશ કરી જાનવર જેવો કરી મુકયો હતો.

પ્રકરણ—૭ મું.

ન ધારેલો ભડકો—જશ થાભ.

પોતાની પ્રીયા જમવાનું તેડુ કરે તે સાવક શા સારૂં ના પાડે? તે પાંચ વાગ્યાથી ત્યાં ગયો અને કલીફટ આગે પોતાના કાકાની બીમારી, મરણ તથા બીજી હકીકતો માંડીને કહી. અલબત્તા મા દીકરી બન્ને સઘળું ઘણીજ ઉલટથી સાંભળતા હતાં, પણ સાવકે જોયું કે પીરોજા છશાની સઘળો વાર ઘણાંજ ચીંતામાં અને અકુળાયલા દીસતાં હતાં.

વધુ સાભળી લઈ તેવણે આખરે પુછ્યુ, "તારે બધો વારસો, જાગીર તમે તમારે સ્વાધીન લીધો કે? હવે કાંઈ વરવાંધો તો નથી?"

આ પ્રમાણે પુછતી વાર તેવણ એટલા તો ગુચવાઈ ગયાં અને એકાદ બે વાર હાસાની ગુંચમા ગભરાઇ ગયા હતાં કે ચાંદન વટીક વીચારમાં પડી. પોતાની થનાર સાસુ પૈસા ટકાને માટે આટલી બધી ઈંતેજારી બતાવે તે સાવકને ગમ્યું નહીં. તેનાં મોં ઉપરની નાખુશી પામી જઈ ચાંદન બોલી.

"માએજી, તમે ઘણાં થાકી ગીયાછ, હવે જઇને જરા આરામ લેઓ તો સારૂં"

પોતાની બેટીની મતલબ પામી જઇ પીરોજબાઈ ઉઠયાં અને ઓરડામાં સાવક અને ચાંદન એકલાં રહી ગયા.

"બેટા ચાંદન, કેમ હવે તારો શું વીચાર? બધું હવે રસ્તે ઉતરી ગીયુંછ. હવે લગનનો દહાડો કે દહાડે ઠેરવ્યો? હવે તો તું મને તવલાવશે નહી કેની?"

ચાદન વ્હાલનું ડોળ કરી બોલી "હુ ટવલાઉં? એક એક દહાડો જાયછ તે મારે મનથી પહાડ જેવો છે, માએજ તો હમણા એવા અકચ થઇ ગીયાછ કે કંટાલો હાલ આપેછ મને લાગેછ કે એવણ પૈસાને સારૂ અવકરા ભોગાવેછ. આપરા લગન પછી એવણને મહીને દહાડે કાઇ આપતુ કરશું તો મુગા મુગાં જઇને મુંબઈ કે પુને પડી રહેશે. આપરા ઘેરમાં એવણનું કામ નથી."

આપણે અગાઉ કહી ગયા છીયે કે પીરોજબાઈ દરાની સાવકને ગમતા ન હતા તેના દીલમા પહેલાંથીજ ફીકર હતી કે રખે એ વેહાનુ નારીયલ સદાનું માથે પડે. ચાંદનને રાજી રાખવા ખાતર કહાચ તેની માતા-નેબી વેઠવી પડતે પણ આતો આલી ચલાવીને તેવણને ખેરવવાની વાત કહાડી એટલે જમાઈજી રાજી થઇ ગયા. એક બીજા સાથ ઓગલ સોગતની મીઠી મીઠી વાતો કરી તેઓ છુટા પડયાં ચાંદન લાગલી પોતાની માતાના ઓરડામા દોડી અને જોયછ તો તેવણ માથે હાથ દઇને મોટા અદેશામાં બેઠા હતાં.

"શું છે, માએજી? આજે તમારૂં ઠેકાણુ નથી. શાવકના દેખતાંબી તમે આજે કાંઈ એવુ ઘેલું આડું

બકતા હતા કે મને નીચુ જોવુ પડયુ. જે હોય તે ખરી ખખારીને કહોની."

માતાને પણ એવીજ તક જોઇતી હતી, તેવણે દીકરીને પોતાની પાસે બેસાડી અને અરધુ રડતા અરધું ધુજતા ભેદભરમની ચોકસ હકીકત બંધબારણે ચાંદનને કહી સંભળાવી જયારે વાત ખલાસ થઈ ત્યારે ચાંદન પોતાની માને સામે ખરી ઉભી તે બહુ ગભરાયલી, વધુ ખફા થયલી અને ગુંચવાયલી દીસ્તી હતી.

"માયજી, એ આએ તમે બધુ કહેછ તે ખરૂ?"

"ખરૂં! હજારવાર ખરૂં, તું શું એમ સમજેછ કે આપણુને નુકસાન કરે એવી વાત હું શું તને ફોકટમા પજવવાને સારૂ શોધી કહાડું? ચાંદન, ચાંદન, હવે તુ કેમ કરશે? મને કાંઇ સમજ પડતી નથી. એની સાથનો બધો સંબંધ છોડી દેવો પડશે."

"કબુ નહીં. સાવકને જતો મુકુ તો પછી શું જીંદગીના છેડા સુધી ભીખ માગુ? તમે તો આવાં અથાતથા થઈ રહ્યાછ ને જેમ તેમ કકડો બુકલો ખાઈને મારગ લાગશો પણ પછી મારો શું રસ્તો? નહીં, મે જે ઠરાવ કીધોછ તે પ્રમાણેજ બધું થશે ને થશે. વચમા કાંઇબી નડતર નડી તો તેનો રસ્તો કરી નાખવાને હું બહાદુર છુ."

* * * *

મુકતાદમા શાદીનો દીવસ નક્કી કરવામા આવ્યો કારણ કે કાકાજીના ગુજરવાને ઓછામા ઓછા છ માસ

થવા જોઈએ. સપટેમબર મહીનાની અઠાવીસમી તારીખે સાવક પટેલ કલીકટ મધેના પોતાના મોટા બગલામા બેસી કાંઈ હીસાબના ચોપડા તપાસતો હતો અલબતે કહેવાની કાંઈ જરૂર નથી કે સઘળી અસકયામત, માલ મીલકત, શેર ઓચરયા અને રોકડ તેના સ્વાધીનમા આવ્યુ હતું બહાર પવનના ઝપાટા ફુકતા હતા અને બારીઓ થડાથડ અફળાતી હતી. જરા વારે એક જબરો સપાટો ઓરડામા દાખલ થયો અને તે સમેત તેની પીઠ પાછળ 'બ્રાકેટ' ઉપર મુકેલું એક સગેમરમરનું વાઝ ભોય ઉપર પડયું તે ગડપમા ઉઠયો અને વાઝ ભાગું છે કે નહીં તે તપાસવા માટે હાથમાં ઉપાડી જોયછ તો તેના તળીઆમા એક ચાંદીની પ્લેટ જડેલી હુતી અને તે ઉપર નીચલા શબ્દો કોરેલા હતા.

કલીકટ પાંચમી આગસ્ટ ૧૮૬૭.

આ ચાંદીની તખ્તી તેણે ફરી ફરીને વાંચી ૧૮૬૭? એટલે ચોત્રીસ વરસની વાત ઉપર? આ પ્લેટ બે ઝીણા ઇસ્કોરૂથી જડેલી હતી જે ઈસ્કોરૂ વાઝના પડવા સાથ ઢીલા પડી ગયલા જણાયા. સાવકે તુરત ટેબલપરથી એક નાહની ડીસપીસ ઉગાડીને ઈસ્કોરૂ ઉખેર્યા કે પ્લેટ તુરત ભોય ઉપર સરી પડી જોયછ તો વાઝના તળીઆમા એક પોકળ જગા હતી અને તેમાં છેક અંદર વેર કાંઈ ખોસેલું જણાયું તે વીચારમા પડયો કે એ શું હશે, એક ચીપ્યાથી તેણે તે ચીજ બેચી કહાડી ને જોયછ

નો એક જાડા એનવીલોપમા કાંઇ બીડેલું હતું. આ એનવીલોપને સીલ કીધેલું હતું અને ઉપર લખ્યું હતું કે **ખાનગી પેપરો મારા વારસની જાણ માટે.** આ શબ્દો વાંચતાજ સાવકના પેટમા ધ્રુજરા છુટા. આજનું તોફાન, આ વાગનું પડી જવુ, ચાહીની પ્લેટ, આ મોહુરબંધ કાગજ એ સઘળું સામટું એકી વારે તેની નજર આગળ આવી ઉભુ. એ ગેબી બસારત નહીં તો શું હશે કે કાકાજીએ આ મોહુરબંધ કાગજ સારી કુન્યાથી છુપાવવાને આટલી બધી તકલીફ લીધી હશે? મરતી વખત તેવણ ગુચવાયા કીધા તેનો ભરમ આમાજ હશે કે? અરે ખોદા અત્યાર લગણ સાવકના માર્ગમાં જે સઘળુ ચળકતું હતું તેમા શીહા વાદળ આડે આવવાની આ શરૂઆત હતી કે શુ? તેના પગ શા સારૂં ધ્રુજતા હતા, તેની આખે અંધારા આવવાં માંડ્યાં હતા તેનો સબબ શું?

પાચેક મીનીટ સુધી તે કાગળ એમનુ એમ હાથમાં પકડી ઉભો રહ્યો એક વીજળીના ચમકારાની પેઠે તેના મગજમા વીચાર આવ્યો કે આ કાગલ એમનું એમ વાંચવા વગર બાળી નાખ્યું હોય તો કેમ? એવી લાલચ કાંઈ જેવી તેવી ન હતી. તે ટેબલ આગળ આવ્યો. મેચીસ શોધી કહાડીને મીણબતી સળગાવી એક કે બીજી પળમાં આ કાગળ બળીને રાખ થઇ જવાની અણી ઉપર હતું. એ કાગળમા કાંઇબી મોંહકાણના સમાચાર છે એવી તેની આગાહીજ થઈ હતી. કાકાજી વીલ

કરી ગયા નહી, ને વળી સાથે મરતી વાર પેલો ફોટો-ગ્રાફ તેના હાથમાં મુકી તાકીદ કરી ગયા એટલે તેમાં સાવક ઉપરાંત કોઇ બીજાનો લાભ સમાયલો હોય, કાંઈ બીજું ગુચવાળુ વળુ હસ્તી ધરાવતુ હોય એમાં કશો શક સુલેહ રહ્યો નહીં વાચનાર, તું વીચાર કર કે આવી વેળાએ લોભ લાલચની સામે ટકી કેટલા જણ શકે? પણ નહીં, આ વાર સાવકને પેલી ભોળી ગામડીયન દીનાના સાદા સખુનો યાદ આવ્યા તે બોલી હતી, કે અમે અમારી ગરીબીમા સુખી છીયે, અમે ખોટું કરતાં નથી અને ખોદા અમારો નેગેબાન છે."

આ શબ્દો તેને યાદ આવતાંજ આ ભલો છોકરો પોતે કરવા ધારેલા પાપ માટે ગભરાયો. અરે! આ કાગલ એમ બાળી નાખીશ તો કોઇ જોનાર નથી. પણ ખોદા તો જોયછ. એમા શું છે. હુ કોણુને ગેર-ઇન્સાફ કરૂંછ તે જાણ્યા વગર જો હું આ ઓચરીઉ તારાજ કરૂ તો પછી મને રાતના ઉંઘજ કેમ આવે? ફેર જો પેલી જહાનમા મરનારના રૂહ ખરેખર જતાંજ હોય તો બેહેસ્તી કાકાજી હમણા મારી મુજવણ તરફ કેવી ધંતેજારીથી જોતા હશે. નહીં, કાંઇબી કરૂં તે અગાઉ એ શું છે તે મારે જાણવું જોઇયે. કદાચ હું ડરૂંછ એટલી ખરાબી એમાં નહીંબી હોય. કદાચ થોડી ઘણી છુટછાટ મુકવાથી ઓરબી મારો રસ્તો ખુલ્લો થાય.

આવો મક્કમ ઠરાવ કરી સાવક ખુરસી ઉપર બેસી ગયો અને દાત પીસીને પેલુ કાગલ ઉખેડયું. માંહેથી

એક બ્લુ રંગનું ફુલીસકેપ નીકળી આવ્યુ જે જોતા જણાયુ કે તે કાકાજીના લગનની અસલ સરટીફીકેટ હતી. ધનજીભાઈ એદલજી પટેલ, રહેવાસી મોરા સુમારીના તે ખરશેદબાઇ મેરવાનજી તવરયા સાથે, શાદી કરનાર મોબેદો મનચેરજી નવરોજજી રાણા અને તેમુલજી રૂસ્તમજી ચાદજી, સુરતના ગોદાવરા મોબેદો.

સાવકના હાથમાંથી કાગલ ભોયપર પડી ગયું. તેની આખે અંધારા આવી ગયા કાકા પરણેલા, અને તેબી વળી ચોતરીસ વરસની વાતપર! આટલા આટલાં વરસ થયા તેવણ કલીકટ, કાનાનોર, માલેગામ, વગેરે તરફ વસેલા, વધેલા, અને વપરાયલા તે છતાં તેવણની ધાણીઆણી હતી એવી કોઇનેજ ખબર નહીં!

પણ આ એનવીલોપમા બીજુંજ એક કાગળ છે તે શુ? હવે તો નવવાનું ત્યા ભરયા સો. સાવકે તે કાગલ તાણી કહાડયુ અને જોયછ તો એક ઓરતના અસુધ અક્ષરે પેનસીલે લખેલી ચીઠી હતી. આ ચીઠી એમની એમ રજુ કર્યે છીયે.

"તમારે ગમે તે કરો, આજસુધી તમે મને હેરાન કરવામા કાઇ બાકી રાખ્યુ નથી, મારી પાસે પૈસાબી નથી કે તમારી સામે લડવા જાઉ ને તેમ કરવાની મને ગરજબી નથી. આસેપાસેનાઓએ તમારા કાન ભર્યા ને તેપરથી તમે આ રસ્તો પકડયોછ તો તે તમને મુબારક છે તમારો સ્વભાવ હુ જાણુ છ તમારી સાથ માથું ઝીકવામા કાઇ સાર નથી ને મારી ખુશીબી

નથી, તમે મને કહેવાડયું કે તારૂં મોનુ કાઉ કર તો ઠીક છે તેમજ કરશું ફરીથી તમારા રસ્તાની આરે આઉં તો મારી ઉપર થુકજો ખોદાના બાર બધાયલા જોરાં કોઈ કાળે તુટતા નથી તેથી હુ નાચાર છેઉ, પણ આએ ધરતીમાતો તમે તમારે રસ્તે ને હુ મારે રસ્તે

લા૦ ખરશેદબાઈ તે મેરવાનજી નાનાભાઇ તવરીયાના બેટી.

સાવકની છાતીમાં હમણાં શુ થતું હતુ ? પહેલાંથીજ તેને લાગતું હતું કે તેની આસપાસ મુશ્કેલીની એક જંજીર વીટળાતી જાય છે પણ હવે તો આ સાંકળ ગોયા ખેંચાઇને ટાઈટ થવા માડી હતી તેની ઇંતેજારી હવે બહુજ ઉશ્કેરાઈ હતી ખરશેદબાઈ લખતી હતી કે 'બીજાઓનું સાંભળી તમે મારી ઉપર વહેમાયાછ' તેનો અર્થ શો ? બેધ્યાનથી તેણે બાહારનું એનવેલોપ પાછું ઉપાડીને જોયું તો વળી એક ત્રીજુ કાગજબી ભરાઈ બેઠેલું જણાયું તોબાહ, તોબાહ વળી આ કાગલમા બીજી શું મોહોકાણુ હશે વાચ, જીવ વાચ, જેટલું જાહેર થયું છે તેથી વધારે ભયકર તે હવે શુ નીકળનાર છે? પોતાનો જીવ ઠેરવી સાવકે આ ત્રીજુ કાગલબી ખેંચી કહાડયું. નીચે સહી ધનજીભાઇ પટેલની હતી તે અસલ કાગલ નહી પણ પોતાની ધણીઆણીપર મોકલેલા કાગલની નકલ હતી આ કાગલની ભાશા ઉશ્કેરાયલી અને ઢગધડા વગરની હતી, તેમાંનો એકજ ફકરો આપણા કામ સાથ નીસબત ધરાવે છે.

"બસ, તારૂ મોહડું કારૂ કર, તેં તારી ચાલથી મારાં સુખનુ સત્યાનાશ વાળ્યુ છે, તુને તારો વર ગમતોતો નહીં, તો પરણી શું કરવા આવી, તુને તે ગમતોતો તો તાંહજ કાંય નહીં ગગડી રહી. તેને કહેજે કે જો કોઈ દહાડેબી મારા રસ્તાની વચમા આયોછ તો છરી મારશ, જાઓ, તમે બેઉ જણુ જઇને ભીખ માંગો. અત્યાર સુધી મારા દીલમા વેહેમ ઉતોજ પણુ પછ્વાડેથી મને જે પુરાવા મલ્યા તે બસ છે મને હવે બીજુ કાગલ લખતી ના, આજથી હું મારે મનથી મુ· ”

આએ બધો બાત શું ? એકગમથી ધનજી કાકા પોતાની ઓરત ઉપર ચોક્સ અન્યાય મુકતા જણાય છે અને કોઇ બીજા ધણી વીશે ભરમમાં ઈસારો કરે છે જો કે તેનુ નામ લખતા નથી બીજી ગમથી તેમની ઓરત તેના ઉતરમા આ આરોપનો સાફ ઈનકાર કરી પોતે ગરીબીમાં છુટી રહેવા માગે છે. એ બધુ શુ ? ગમે ને હોય પણુ ધનજી કાકા પરણેલા તો ખરા અને તેમ હોય તો તેમને પેટે કાંઇ ફરજંદ હોવા જોઈએ, કદાચ એમ કાય નહીં હોય કે એવાં ફરજદ હૈયાતી વીશે કાકાને પોતાનેબી ખબર નહી હોય.

પણુ આહ, સબર. કાકાજીએ મરતીવાર પેલી નાની છોકરીનો ફોટોગ્રાફ જે રંગરૂપે દીનાને મળતો આવતો હતો તેની યાદ એકાએક સાવકના માથામાં ઉભરી આવી. એ બચ્ચું કોણુ ? અને તે ફોટોગ્રાફ એમના હાથમા કાહથી આવ્યો ?

સાવક ઝબકીને ઉઠયો, આ સઘળા મામલામા તેની પોતાની ચહડતી પડતીનો અંગત સવાલ હતો. કાકાજીની શાદી તો થયલી એ તો નક્કી અને તેમ હોય તો શાવકનું પોતાનુ પોઝીશન અને મીલકત ઉપરનો હક ઘણો શક ભરેલો. ખેમરાજ વકીલને જો આ કાગલ આપે તો અલબત શોધાશોધ અને પુછપરછ કરવી પડે અને ખરૂં પરીણામ જણાય ત્યા સુધી સાવકની હાલત શુ ? મીલકતમાથી એક પઈબી તેનાથી ખરચાય કેમ? અગર એમજ સમજો કે જુસતેજો ચલાવતાં ખરશેદબાઈને પેટનું કોઈ ફરજંદ જણાઈ આવ્યુ તો, તો શું ? સત્યાનાશ, માન અકરામ, પૈસો ટકો, આદન ચીત સઘળું હવામાં.

કાગલો ફાડી નાખે તો અથવા પેલા વાઝમાં પાછાં ખોસી મુકે તો.

લાલચ ભારી હતી સાવકનું ગળુ ગુંચવાડાથી ચીપલાવા લાગ્યુ પણ તે બહાદુર જુવાનની સારી મતો આડે આવી.

નહી હજાર વખત નહીં આવું હ્યાનતી કામ કરૂં તે કરતાં ભીખ માગવી બેહેતર છે, સઘળાં કાગલો ખીસામા દાબી તે ખેમરાજ વકીલની આફીસમાં દોડયો. એ વકીલની અત્યત અજાયબી વચ્ચે ઉપલાં સઘળા કાગલ્યાં તેની આગળ ફેંકયા.

વકીલ ખેમરાજના ભગરાટનું વર્ણન કરવુ મહાલ છે, તેવણ સાઠ વરસની પાકી ઉમરના હતા તે છતાં

આવો ગડબડગોટો કોઈ દહાડેબી પોતાના જનમમા જોયો ન હતો

સાવકશા શેઠ, તમારી ખુશી મુજબ મારે આ વાતની જોસતેજો કરવીજ પડશે તેમ કરવાની મારી ફરજ છે પણ—પણ હુ ઇચ્છુંછ કે આવુ સંકટ ઉભુ થયું નહીં હતે. કેમ કહેવાય, વખતે બધું સમાધાન ઉતરીબી જાય. આ શાદી પછીથી કાંઇબી ફરજંદ થયું હોય એવી આપણી પાસે એક રતીભારબી જબાની નથી. ને જો તેમજ પુરવાર થયું તો પછી તમારા હકને કશી અલ-વલ પહોંચવાની નથી. તોબી—તોબી—સાહેબ—એઅ-હબી માફ છે. પણ હું જરા ગભરાઇ ગયોછ."

સાવકે પોતાના ખીસામાંથી કહાડીને પેલા બેઉ ફોટોગ્રાફો વકીલની આગળ મુકયા.

"મી૦ ખેમરાજ, આએ ફોટોગ્રાફ માહેની આબેહુબ નકલનો એક છોકરો મે નજરે નજર જોયલો છે. મારી ખાત્રી છે કે એમાંથી આપણને કાંઇબી જડશે."

"શાબાશ, સાવક શેઠ. એ પ્રમાણે પોતાની ચઢતી ઉપર લાત મેલીને ખરો ઇન્સાફ કરનારા તમારા જેવા ગ્રહસ્થો થોડાજ મળી આવશે તમારે બદલે બીજો કોઇ હતે તો મુગો મુગો બેસી રેહતે—હું ફરીથી કહુંછ કે તમારી સાચવટને શાબાશ છે "

"એમા શું મોટી વાત કઇ જીદગીને વાસ્તે હું હોજખમાં જાઉં. બે પૈસા વધતાને ઓછા તેમાં શું

મોટો ફેર પડવાનો છે. ચાલો સાહેબ મેહેરબાન મી૦ ખેમરાજ. હું પહેલાં બાઇ ચાંદનને મળું ને પછી આએ ફોટોગ્રાફ કોણુનો છે તેને જીવતું જાગતુ શોધી કહાડું તોજ હું મારા બાપનો બેટો."

પ્રકરણ—૮ મુ.

શાવકે તો પોતાના મન સાથ શુભ ઠરાવ કીધો પણ ચાંદન ચલકતીનું કેમ ? તેણીએ જયારે પોતાના થવા ઇચ્છતા પતીને મોહેડે સઘળી કેફીયત સાંભળી ત્યારે તેનાં પેટમાં ફાળ પડી. તેનો રૂપાળો ચેહેરો કુમળાઇ ગયો.

"વહાલા, તું જે ખબર લાવ્યો છે તે ઘણીજ દીલ રંજીદા કરનારી છે પણુ ફકર ના કર. મને લાગેછ કે બધું ઠીકાઠીક થશે. તારા કાકાજી પરણ્યા હાયબી પણ જો તેવાણને પેટે ફરજંદ થયું નહીં હોય તો પછી તારા હકને કશી અલવલ આવવાનીંનથી. કોણુ જાણે એ કુટુંબ તો કઇ વરસ થયાં કાંહાનુ કાહા અટવાઇ ગયું હોશે."

"તે ખરૂ દીલદાર, પણુ જયાં સુધી તે બધું નક્કી પુરવાર થાય નહીં તાહાં સુધી કાકાજીની દોલતમાનું એક દોઢીઉં ખરચવાની મને સત્તા નથી. આટલી લાબી મુદત સુધી તુને ટીંગાવ્યા કરૂ તે કરતાં તો તુને તારી ખુશીનું બીજું સાસરૂં કરવાની રજા આપું તો બેહેતર."

ચાદન લોહીનો ગોટ ગળી જઇ બોલી "નહી–નહી, શું કરવા. મને શુ એટલી બધી દોડાદોડી છે. બે દહાડા વધતા ને ઓછા સાવીઆ, મને લાગેછ કે આ બધી વાતનો મનમાનતો ખુલાસો જલદીથી થઈ જશે ને વખત લાગશે તોબી હું ડરતી નથી. હું શુ કાંઈ એવી રનાળી પનાળી છેઉં કે થોડા દહાડાના વીલંબને ખાતર બધુ તોડી ફોડી નાખું."

શાવકશાહ ગડગડી ગયા તેવણે આંખમાં આસુ લાવી ચાંદનને પોતાના પાસામાં લીધી અને તેના બાલ પસવારી બોલ્યા "નહી રે મારા જાન–હું તે બધુ સારી પખે સમજુ છ પણ હવે મારે આ કાકાજીના કુટુંબની શોધ સારૂ જલદીથી જવું જોઈયે"

તેઓ મળી ભેટીને છુટાં પડયાં પણ જેવો શાવક ત્રેનમાં બેઠો કે તેના માથાંમાંથી ચાંદન તો તુરત ભુલાઈ ગઈ. ઉઠતાંને બેસતાં પેલાં બે રખડતા બચ્ચાં દીના અને નર્ગમાન તેની નજર આગળ આવીને ઉભાં રહ્યાં કીધાં. તે તારાપોર જઈ પહોંચ્યો અને તેમની ખબર કહાડી પણ કશી ભાળ મળી નહીં. એટલી ખબર મળી કે આ છોકરાની એક માસી વલસાડમાં પરણેલી છે અને તેને તાંહા તે લોક અવાર નવાર જઇને રહે છે.

તારાપોરથી શાવક વલસાડ દોડયો. આ માસી જેવણુનું નામ સુનાઈજી કરી હતું તેણીએ ખબર આપી

કે છોકરાંઓ તરફથી પાચ છ મહીના થયા કશું કાગળ આવ્યુ નથી

"પણ બાઇ, એ લોક વીશે તમુને જે ખબર હોય તે તો મને કહો. મને એ લોકનુ ઘણું લાગેછ ને મારેથી બનતુ કરવા સારૂ મારો જીવ તલપી રહ્યો છે"

સુનાબાઇજી હાવકા હતા તેવણે જરા વાર વીચાર કરી જવાબ દીધો કે "જુઓની બાવા, હું કંઈ એ છોકરાઓની ખરેખરી માસી નથી પણ જયારે એ લોક નાના ભુલકીઆ હતા તારે મારા ઘેરની સામે રહેતા હતા અને આખો દહાડો મારેજ તાહાં રમે ખાય એટલે મને માસી માસી કરી બોલાવે એ લોકનો બપાવો સાથે રહેતો તો તે મુઓ આખો દહાડો દારૂ પીઆ કરેને જારે છાકટો થાય તારે પોએરાઓને મારે ઝીકે"

"એ બપાવનુ નામ શુ?"

"શાપુર સુબેદાર કરી લોક કહેતા'તા. બચારી દીના તે વાર બાર તેર વરસની હતી તે બધુ ઘેર સભાળે ને સીવી સાંધીને પોતાના નાના ભઇનુ પુરૂ કરે બહુ મજાની છોકરી"

"પછી? કાઇ બીજી ખબર હોય તે કહોની"

"બીજું શુ કેહું મુવો શાપુર ડાગ લઇને છોકરાંનો આટો લસન કરે તારે દીના વચ્ચે પડીને માર પોતાના બરડાપર ઝીલી લીએ એકવાર શાપુર કેહજે તુને

વાસણુ ઉજારવા ચાકરીએ રખાઉં ને નરીમાનને મુંબઈ લઈ જાઉં. દીનાએ ધસીને ના કહી તેમાંથી બેહુ જન વઢી પરેઆ ને રાતના કતલેહામ થયાં. સહવારના ઉઠીને જોઉં તો બપાવો થતો મુઓ ગામ છોડીને જતો રહેલો. મને છોકરાંની દયા આવી એટલે મારા ઘરમાં લાવીને રાખિઆં. એટલામાં એના કોઇ ઓળખીતાં તારાપોરમાં છે તાંહાંથી કાગલ આવેઉં ને તાંહાં ગીઆ. બીચારી દળી સીવીને જેમ તેમ દાહારો પુરો કરે."

"એ શાપુર સુબેદાર વલસાડથી છેલ્લો ગેબ થઇ ગીઓ તેને કેટલી મુદત થઇ?"

"બે વરસ. તાર પછીથી એનુ કાળુ મોહોડું અમે જોયુંજ નથી. વરસમા એક વાર છોકરાંઓ મારી આગળ આવે જાય ને તે ડોકેબી ઘરડાને જોગો નથી."

માસી સુનાઈજીએ આ થોડી ખબર આપી પણ શાવકને મનથી તે ઘણી કીમતી હતી. કાંઈબી કરીને આ શાપુરને શોધી કહાડવો જોઇયે. તે પાછો ધકેલા ખાતો કલીકટ દોડયો અને ખેમરાજ વકીલ સાથ મસલહત ચલાવી. વર્તમાનપત્રોમા જાહેરખબર આપવી અને શાપુરને ઇનામની લાલચે બહાર આવવા સમજાવવો.

ખેમરાજે આ મુજબ, મુંબઈ, સુરત, પુના, બેલગામ, ભરૂચ, વગેરેના પત્રોમાં ખબર આપી અને છોકરાંઓની પણ ભાળ કહાડી પણ કાંઇ પતો હાથ લાગો નહી જયા સુધી શાવક કલીકટમાં

હો ત્યા સુધી પોતાના ભાડેના મકાનમાં વસ્તો. કાકા-જીના બંગલામા તે રહ્યો નહીં કારણ કે તેમ કરવાનો તેને હજુ હક નથી એવુ તે સમજતો હતો.

એણુ મેર પીરોજ ઈરાની અને તેની બેટી ચાંદન ફરી હરીને મુંબઈ આવીને ગ્રાંટરોડના એક માળામાં વસ્યાં હતાં

જાહેર ખબરની બાબદમાં પોતાથી બને એટલું કરીને સાવકબી મુંબઈજ આવ્યો હતો તે અવારનવાર ચાંદનને મળવા જતો પણ ઘણું અજબ જેવું કે તે વાર પીરોજ પોને હાજર રહેતા ન હતા એકજવાર તે લોક સામાસામી થઇ ગયા ત્યારે સાવકે જોયું કે તેવણ જલોળાઇને ઘરડાં ડોસા જેવા થઈ ગયાં હતા તેવણના પટા પટી અને સેંટા પાટલી બધા ગેબ થઇ ગયાં હતા અને ડાચા બેસી જઇને છેક ઘડી પળ જેવાં થઈ ગયલા જણાતાં હતા. જરાથી બારણું અફળાય કે રસ્તામાં કજીયો થાય કે તેવણ ચમકીને ખડાં બેસ્તાં અને જાણે કોઇ ખાવા કરડવા આવતું હોય તેમ સદા બીધેલા જણાતાં હતાં

આ ફેરફારનું કારણ સાવકે પોતાની પ્રીયાથી પુછ્યું. પણ પ્રીયા જવાબ શું આપે.

"કોણ જાણે શું છે. આજે પાંચ છ મહીના થયા એમજ કરેછ. મેં ડાકટરને બોલાવવા કીધો પણ ડાક્ટરનું નામ સાંભળતાં મને તો હવાયીજ ખાયછ."

સાવક ચતુર હતો એટલે તુરત સમજી ગયો કે પિરોજ ઈરાનીની બીમારી બદનની નહી પણ મગજની હતી, પણ તે કાંઈ બોલ્યો નહી

એક દહાડે સાવક અને વીકાજી સાવકને તાંહાં સાંજના બેઠા છે એટલામા ટપાલનો સીપાઈ એક કાગજ આપી ગયો સરનામુ સાવકને નામનું હતુ પણ અક્ષર ઓળખીતા ન હત પોસ્ટના છાપ ઉપરથી જાણુતુ કે તે જાહામોરડીથી ન બેલુ હતુ આ કાગળ ઉઘેડીને આપણે વાચ્યે

"મેહેરબાન શેઠજી સાહેબ સાવકશા. લખીતગ તમારા હુકમા નેક દુવાની માગનારી દીના શાપુરજી સુબેદારની ઘણી કરી દુવા વાચજોજી લખવા મકસદ એટલીજ કે તમે અગાઉ કેહી સીખાવીઆના કે મારૂ કાઇ કામ પરે તો મને જરૂર ચેતાવજો તે પરથી લખુંછ કે હમણા તમારૂં કામ પરીયુ છે તે અત્રે લખી શકતી નથીજી અમે હમણા જાહાબોરડી છઇએ નરીમાને તાપ આવતીથી તે સારૂ અહી રોકઈ પરીઆ છીયે અમે તારાપોરથી નીકરીઆ ત ક્હારેથી કોઈ અમારી પુઠેપુઠ ફરીઆ કરેછ ને અમે જા‥ા જઇએછ તાહા દેખાયછ તેથી અમુને બીક લાગેછ કે રખેને વરી કાઈ આપદામા આવી પરીએ તે સારૂ તમુને લખીને તસદીર આપીછ તે માફ કરજો મને મ‥ સારૂ તો ધાસ્તી નથી પણ મને કઈ થાય તો મારે નરીમાન શુ કરે તે ધાસ્તીથી મને રાતના ઉઘ આવતી નથી. તમે કેહેશો

મને કતારો આપેછ પણુ તમે મારે માથેવાસે થવા કબુ-લીકર્તુ તેથી આએ કાગજ લખ્યુ છે મેં મારા માસીનેબી વલતાર લખેલુ છે પણુ તેવાણુ બાઈ માણુસ બચારાં શુ કરે અમારૂ ટાઈવાડની ધરશાળમા જાહામોરડી તમરી તાબેદાર બેટી દીનની દુવા વાચજોજી ”

આ કાગળ વાચી સાવકના બકઆલ ઉભા થયા એનો અર્થ શો। નાદીશ છોકરાઓની પાછળ પાછળ ફરીને તેઓને કોણુ અને શા સારૂ બીહુવાડતુ હશે? એમા કાંઈ અગાતનો ભેદનો સમાયલો ન હોય? આ છોકરાંઓની હસ્તી કોઈ બીજાને તો નડતી ન હોય?

વકીલને પુછવા કે બીજી સલાહ લેવાની સાવકે દર-કાર કીધી નહીં તે પોતેજ જાહુબોરડી જવા તૈયાર થયો આ છોકરાઓને પોતે જઈ મળે તો ઘણી શક-ભરેલી વાતનો નીકાલ આવી જાય.

પોર્ટમેટો બાધી લઈ રાતના મેલ ટ્રેન—બે કલાકમા તો ગોળવડનું સ્ટેશન અને જાંહાબોરડી પાછલી રાત હતી નોબી ગાડુ કરીને તે ટાઈવાડની ધરમશાળા તરફ ધસ્યો અને બારણા ખખડાવી સર્વેને જગાડયાં.

“જી, પેલી પારસણુની છોકરી અને તેના ભાઈને વરે પુછોછ કે? હા, તે લોક અહી આઠ દહાડા રહાતાં પણ ચાર દહાડા થયા ગીઆ ”

“ગીઆ?” સાવકનું મોહ ઉતરી ગયું. બધી તેની ગણુત્રી ઉધી વળી ગઈ.

"ગીઆં? કાહા ગીઆં?"

"તે તો અમને માલમ નથીજી. ચાર દહાડાની વાત પર એક કાગળ આયુ તે વાચીને પોરી ખુશી ખુશી થઈ ગેઈ ને દોરાદોરી કરીને પોટલું બાંધી લીધું ને ભાઈને નવાડી ધોવાડીને દાઈ ચાલી નરીમાનને તે વત કરતાં મેં સાંભળ્યાં કોઈ સગાએ તે લોકને બોલાવ્યાં હોય એમ જણાતું હતું "

સાવકના તો હોશ પેશ ઉડી ગયા રખે કોઇએ બચારાં આ બચ્ચાંને ઠગીને ફસાવ્યા હોય, રખે કોઈએ સાવકનું નામ અડાવી તે લોકને જાહાંગીરડીથી દુર કરવાની યુકતી રચી હોય. અને તેમ હોય તો તેના કાઈં મુસ્તકીમ કારણ હોવાં જોઇએ. તેણીના નીર્દોશ પગલાંને કોઈ જાળમા સપડાવવાનો રખે કાંઇ આ ફાંદો હોય.

સાવક તેને તેજ ઘડી પાછો મુંબઇ ગમ વળ્યો અને પોતાના મીત્ર વીકાજીની હાફીસમાં દોડયો. સઘળી વાત સાંભળી લઇને વીકાજીએ મત આપ્યું.

"હા—આએ શાપુર સુબેદારના સંબંધમા કાંઈ પેચવણુ ભરમ છે ખરો પણ તેને તારા કાકાજીની અંગ્રેજી તવારીખ સાથ અથવા તારા હક વારસા સાથ કાંઈ નીસબત હોય એમ માનવાનું આપણી પાસે કશુ કારણ નથી, છોકરાનુ મોહ જરા તારા પેલા ફોટોગ્રાફ સાથ મળતુ આવેછ એવો ધખારો તારાં ભેજાંમા બેસી ગયલો છે, તે સીવાય બીજું કશું આ

મામલામા નથી. ને તું ફોકટમા તારો જીવ પછાડેછ. પણ એકબારગી તકરારને ખાતર આપણે કબુલ કરીએ કે આ છોકરાઓને તારા કાકાજી સાથ કશી સગાઇ હોયબી, તો કોઇને શું ગરજ પડીછ કે તે લોકને શોધી કહાડે અથવા હેરાન કરે જો કોઈબી એ છોકરાઓને દાબી રાખવાથી ફાયદો પામે તો તે તું છે"

"હા–તું કહેછ તેબી ખરૂ વીકા."

"પણ સાવક એક વાત તુને પુછું આએ છોકરાનો ફોટોગ્રાફ તે તારા વકીલ ઉપરાત બીજા કોઇને દેખાડયો હતો?"

"નહી, મને તો યાદ નથી"

"કદાચ ચાંદનને બતાવ્યો હોય?"

આહ! સાવકની છાતીમાં એકાએક તીર શાનો વાગ્યો. તે અંદરથી ધુજેછ શું કામ.

"પણ વીકા, તે સવાલ પુછવાનું કંઈ કારણ?"

"કંઈબી નહીં—અમથું સેહેજ પુછ્યું. હુ આએ બાબદ ઉપર વીચાર કરીને મરૂં મત આપીશ."

શાવક જવા પછી વીકાજી બરીએ વીચારમા ડુબો.

"બચ્ચા વીકા, બહુ હુશીઆરીથી કામ લેજે તારો દોસ્તતો ચાંદનના પ્યારમા ભેજા વગરનો થઇ ગયો છે. એ ચાંદન ચળકતી બડી ઉસ્તાદ છે ને પૈસા વગર હેરાન છે. પણ એમા ચાંદનને લાગે વળગે શું? કાઇ સમજ પડતી નથી."

એણીગમ સાવક રસ્ને જતા વીચાર કરેછ કે.—

"એ બધો ગડબડ ગોટો છે શું ? મેં ચીકાને તો ઉડાવ્યો પણ મેં આ છોકરા બાએ ચાદન સાથ વાત કરી હતી ખરી મને કાંઇ સમજ પડતી નથી"

આ પ્રમાણે અનધન હાલતમા બીજા ત્રણ મહીના નીકળી ગયા ખેમરાજ વકીલે પોતાથી બનતી તજવીજ ને શોધખોળ કીધી પણ કશો પતો કે સાર મળ્યો નહીં. લગાનની સરટીફીકેટ ઉપર પરણનાર કન્યાનુ નામ ખરશેદબાઈ મેરવાનજી તવરીઆ કરી હતુ તે બાઇ ખરશેદબાઈના સગાવહાલા કોણ હતા તે માટે તવડી વગેરે ગામોમાં ખબર કહાડી પણ આપણે જાણ્યે છીયે તો ખરા કે તવડી ગામમાં જેટલા રહે એટલા બધા તવડીઆ. આ ખરશેદબાઇના બાપ કોણ હતા તે બરાબર જણાય નહીં પણ અનુમાન થઇ શકતું હતુ. તે પચાસ વરસની વાત ઉપર મેરવાનજી મેવાવાળા કરી એક હતા તેવણની બે ઘણીજ ખુબસુરત છોકરીઓ હતી તેજ મેરવાનજી તવડીઆ એ હશે. આસીરવાદ સારનાર મોબેદોના નામ હતા પણ તે લોકને તારના કાગડાબી મરી ગયા હતા. આ ઉપરાંત જાહેર ખબરોથી બીજો કશો સાર મળ્યો ન હતો. સાવકે અકળાઇને વળી પાછું સુનાજીને વલસાડ કાગલ લખ્યું પણ એકનો એરજ જવાબ મળ્યા કીધો કે છોકરાંઓ અહીં આવ્યા નથી.

સાવકના દીવસ અંદેસાને મારે જતા જાય નહીં તે છતાં તે ચાર દહાડે પાચ દહાડે ચાદનની ખબર લેવા જતો હતો એક દહાડે એપ્રેલ મહીનાની સેવટે તે આટરોડ ગયો અને ચાદન માળપર કપડા કરતી હતી તેટલાં દીવાનખાનામાં વીચાર કરતો બેઠો. એકવાર ફરીથી ઘણા જોસ સાથે તેને લાગુ કે અગાઉના જેવા છીપલા ચાદનને માટે મારવા તે તૈયાર ન હતો તેને લાગુ કે તેનુ હેત જરા જરા કડું પડવા માડયું હતુ.

ખરી વાત એ હતી કે તેની આખના પડદા ખુલવા માંડયા હતા અને હવે તેને પોતાના જાની મીત્ર વીકાની શીખામણ યાદ આવી કે "સાવક સમાલજે, આએ ચાદન મતલબી છે. તે તુને ઉચી પાયરીએ ચહડાવવાને બદલે પોતાની નીચાઈપર ઉતારી પાડશે"

પણ સાવક જાતે સાચો ગ્રહસ્થ હતો એટલે એક વાર પોતાનું વચન આપેલુ તે મરે તોબી ફેરવે તેવો ન હતો.

જરા વારે ચાદન ચળકતી બની ને આવી પુગી. સરેસતાની રીતે મળયાં ભેટયા ત્યારપછી ધારી ધારીને જોતા સાવકને લાગુ કે ચાદનના ચેહેરામા અજબ ફેર-ફાર થઈ ગયો હતો તે અગાઉની પેઠેજ હસવાના અને વહાલ કરવાના ચાળા કરતી હતી પણ તેણીના કપાળ ઉપર ઇતેજારીના ચીન્હો સાફ દીસ્તા હતા

"કેમ શાવકશાજી, હજુ ખાધ પરનુ ઉતરયું નથી કે? હજુર કલીકટના બંગલામાંનો ભુત ગીઓ નથી કે?

કાકાજીને ગુજરવાને છ મહીના થઈ ગીઆ ને તોબી હજુર તમારાં બેજામાંનો વારસ તો કોઈ મુઓ જીવતો મલીઓ નહી તારે હવે ખાલી પીલી માથુ ઝીકીને શું કરોછ એમબી ને એમબી બગલાને ભંજાવીજ કાંય નહીં નાખતા? તમે થોભ થોભ કરીઆ કરોછ, તે શું ઘરડાં થઇને ઘોરમા જતી વખત પરણશુ કે? કોઈ આગલાં પાછલાં સગા વ્હાલા હોતે તો આટલીબધી જાહેર ખબરો છપાવી તોબી ટોપલા તળે ઢંકાઈને બેસી રહેતે કે? મારા વહાલા સાવીઆ, એ તારા ભેજાની બીમારી છે. તું ભુલી જાયછ કે તું પોતાને દુ:ખી કરેછ તે સાથે મનેબી ગેરઈનસાફ કરેછ."

"હું તે સારીકાંની સમજુંછ ચાદન, પણ હું શું કરૂ. હું તુંને બધું સમજાવીને કહી ગયલો છેઉં કે પેલા બે છોકરાઓ જે મને મલીઆ હતા, તે કોઈબી રીતે કાકાજીના સગપણના છે એવો ખ્યાલ હું મારા મગજમાથી દુર કરી શકતો નથી તે લોક મારે હાથ લાગે નહીં અને તે લોક કોણના બચ્ચાં છે તેનો ખુલાસો થાય નહીં તાહા સુધી કાકાજીની મીલકતનો ધણી થઈ બેસવાને મારૂં દોલ ચાલતુ નથી જો હું હમણા ધણી થઈ બેસુ ને પછી કોઈ નીકળી આવે તો મારો ફેસ્તો થાય"

હાંસવાને મસે ચાદન બારી ગમ ફરી પણ તેનો ચહેરો જોવા સાવક પામ્યો નહીં. તે હસ્તી હસ્તી પાછી ફરી.

"વહાલા સાવક—તુ તો ઘેલો થઈ ગીઓછ. એક ઘંટી દળનાર છોકરીને જોઈ તેના ચેહેરાના મળતાપણા ઉપરથી તુ તરેહવાર ખ્યાલ કરેછ. છોકરી તો કોણ જાણે કાહાં અટવાઈ ગઈ હશે ને તુ કાચ નકામો તારા સીનાં સેરવેછ. એક ગામડેની પોરીને ખાતર તું તારી ને મારી જીદગીની ધુળધાણી કરી નાખવા માગેછ? શું તારે મારો રસ્તોજ નહી ? મારી જુવાની અને મોહોબતની તુને દરકારજ નહી શુ હુ પચાસ વરસની થાઉ તાહા સુધી એવી ને એવી રહેવાની છેઉં ? ગુસ્સો ના કરતો, પણ જો તું આવાજ કારણને લીધે ઢીલ કરતો હોય તો તારો મારા ઉપરનો ખ્યાર કાંઈ ઘણો મજબુત નહીં કહેવાય !"

સાવકને લાગ્યું કે ચાદનની તકરાર વાજબી હતી. તેણે શું જવાબ આપ્યો તે આપણે આવતા અકમા જોઈશું.

પ્રકરણ ૯ મું.

પાપનો ઘડો.

સાવકની હાલત ઘણી દયા આણવા જોગ હતી. એક ગમથી ચાંદન ઉપરથી તેનો મન ઉતારો થવા માડયો હતો અને બીજી ગમથી તે વચનનો સાચ્ચો હતો. જ્યારે ચાંદને તેને મોહોબતની ચાલેંજ નાખી ત્યારે તે પહેલા તો અકળાયો પણ પછી હીંમતથી બોલ્યો:—

"ચાંદન, તું જાણેછ તેમ મારી પોતાની દોલત કાંઈ નથી પણ મારા ધંધામાંથી દર માસે રૂપીઆ બસોની આવક છે હું જો ધ્યાન ઠેકાણે રાખી મારા કામ ઉપર વળગુ તો ચાલતે દહાડે વધારે કમાઉ એવી આશા છે. જો તું ખરેખર મને ચાહતી હોય ને એટલી આવકમાં મારી સાથ તારૂં નસીબ જોડવાને રાજી હોય તો હુબી તૈયાર છેઉં હુ ગરીબ છેઉં પણ સાચ્ચો છેઉ. મારે કબુલ કરવું જોઈયે કે કાકાજીના કાગળો બાજુએ રાખીને ગુપચુપ બધું હજમ કરી જવાની લાલચ મોટી હતી અને એક વખત તે પાપી લાલચને શરણ થવાની અણી ઉપર હુ હતો પણ ખોદાએ મારી ગમ જોયું છે વાસ્તે હું માગી લેઉ છ; ચાંદન, કે તારે ફરીથી મને ઉશ્કેરીને લાલચમા નાખવો નહી મારૂં હાલ જે છે ને હું તારા પગ આગળ મુકુંછ મારેથી કાંઈ વધારેની આશા રાખતી ના"

જરા વાર વીચાર કરી ચાંદને સાવકનો હાથ પકડયો.

"કબુલ છે તારી આ માંગણી મારે કબુલ છે"

કોઇ ધારશે કે આ જવાબથી સાવક કોણ જાણે કેવો ખુશાલીમાં આવી ગયો હશે, પણ તેથી ઉલટું તે ગભરાઈ ગયો. તોબી હીંમત રાખી તેણે ચાંદનનો હાથ પોતાની આખમાં ચાપ્યો એવામા બારણાની બહાર કાંઈ ખટપટ ચાલતી સભળાઈ જાણે હળવે સાદે કોઈ ખેંચાખેચ કરતું હોય તેવુ બને જનના કાનપર આવ્યું

"નહી અંદર નહીં જવાય ચાંદનબાઈ રોકાયલા છે, કોઇ બહારનું આવેનુ છે તમે ઓટલાપર બેશો, નહી તો હું પોલીસના સીપાઈને બોલાવશ."

"અરે જારે તારા સીપાઇને શુ કેહુ ને તુને સાથે" આમ ઘાડા સાદે બોલીને કોઇએ બારણું ખખડાવ્યું. ચાંદન ઉજળી વાખ જવી થઇને ઉઠી ને તગર તગર બારણાગમ જોવા લાગી તેણીની મતલબ અંદરથી બારણું બંધ કરવાની હતો પણ તેમ કરે તે અગાઉ તો બારણું ઉઘડયું અને એક ઉંચો, મેલો, મોટી દાઢીવાળો પારસી સામે આવીને ઉભો તેની ડગલીના કસ છુટા હતા અને મોહોડામાથી બેવડા દારૂની વાસ આવતી હતી.

સાવક તો એવો જાનવર જેવો થઈ ગયો કે તે ઉઠીને ઉભો થયો ખરો પણ એક શબ્દ બોલી શકયો નહીં. આ નવો આવનાર સુમારે સાઠેક વરસનો હશે અને નરો સોનેરી ટાળીનો શાગેરદ હોય તેવો જણાતો હતો

દાખલ થતાંજ તે બોલ્યો "એ તે શુ વાત છે. તમારા લોકનાં માણસો મને ઘેરમા આવવા દે નહીં ને પોલીસને બોલાવવાની ધમકી આપે! વારૂં! કોની માએ સુંઠ ખાધીછ જે મને એમ બોલે મને જો છેરીઓ કેની તો એક મીનીટમા બધાનો ધડો લાવડો કરી નાખું. ચાંદનબાઈ તમે હમણા નાકપર માખ

નહીં બેસવા દેતાં પણ હવે વધુ બાજી મારી સાથે ચાલશે નહીં પોરીયાઓનું હવે જે તે નક્કી કરી મને આ જંજાળમાંથી છોડવો તમારે સારું શું હું જેલમાં જાઉં કે? તમારા કહ્યા પ્રમાણે નાચતા કાંઈ જમાના નીકળી ગીયા ને કાંઈ ઠેકાણું નહીં મળે હવે તો તરને ફ્રર કરી નાખવું પડશે."

આટલું બોલતામાં પહેલીજવાર આ નવા આવનારની નજર સાવક ઉપર પડી જેવું તેણે જોયું કે ઓરડામાં ચાંદન ઉપરાંત બીજું બી કોઈ છે કે તે બોલતો અટકી પડયો. ચાંદને તેને બોલતો અટકાવવા પહેલાંથીજ ઈશારતો કરી હતી પણ તે કાંઇ સમજ્યો નહીં. હવે ચાંદન તેની આગળ ગઈ અને હળવે સાદે કાંઈ થોડા શબ્દો તેને કહ્યા.

સાવકે આ શબ્દો સાંભળ્યા પણ તે તો લાકડા જેવો થઇને ઉભો રહ્યો હતો. તેના મનમાં શક પેદા થવા માંડયો હતો અને તેના અંગમાંનું લોહી થંભ થઇને ઝેરી બનવા માંડયું હતું.

ચાંદને પેલાને કોણ જાણે શું કહ્યું તે સાંભળી તે હળવે સાદે બોલ્યો:—

"ઠીક છે તારે, તારી મા કાહાં છે? તેનાંનને હમણાંને હમણાંજ મળવાની જરૂર છે. શાપુર સુબેદારને તમે રાંડીઆઓ એમ વાહી પટાવીને ઠગી શકવાનાં નથી. હું શાપુર બચ્ચો કંઇ નાદાન પોરેઓ નથી—સમજીઆં?"

શાપુર સુબેદાર !

નામ બહાર પડતાંજ ચાંદન તો અકળાઇને સોફા કોચ ઉપર બેસી ગઇ અને બેઉ હાથોએ પોતાની આંખ ઢાંકીને કાસવા લાગી પણ તેની દરકાર કરવા વગર સાવક પેલાના આગાપર ધસ્યો અને તેનો હાથ એવો મજબુત પકડયો કે તેબી જરા ગભરાયો.

"શાપુર સુબેદાર ? તારૂં નામ શાપુર સુબેદાર ? ઓ ખોદા, હું ૭ ૭ મહીના થયા તારી શોધમા છેઉં—એ શું સેહતાનીઅતના કામોમા તમે લોક ફરોછ ? ગમે તે હોય પણ બધી ખરી વાત મને અબઘડી કહેવા વગર હું તુંને અહીંથી ખસવા દેનાર નથી શાપુર સુબેદાર, દીના અને નરીમાન નામના બે બચ્ચાં જે તારા સ્વાધીનમા હતાં અને જેનો તું બપાવો થઈ નીકળ્યો હતો તે લોક કાહાં છે બોલ અબ ગડી નહીં તો ગલચી બચડી નાખશ."

અલબત્તા સાવકને કાઇજ પાક્કી બાતમી મળી ન હતી પણ તેને તુરતજ લાગું કે આ કાઇ બધો પ્રપંચ છે અને આ શાપુર કોઈ મોટો ઠગારો છે, એટલે તેણે યા તોકલ ઓર ગો ફેંકી જોયો.

"લાવ, પેલા છોકરા કહા છે, નહી તો કનસ્ટેબલને બોળાઉંછ."

પણ આ પ્રમાણે વાત વધેલી જોઇને ચાદન આગળ આવી અને સાવકના ખભા ઉપર હાથ મુકી બોલી:—

"વાહાલા, એમ દેવાનાની કાની શું કરેછ. એ તો મારા બાવાજીના વખતનો જુનો નોકર છે. છોકરાં શું ને વાત શુ એ બચારો શું જાણે, ચાલ ચાલ જરા બેસ, આપરે બધી ખોલાસાથી વાત કરીએ. એને જવા દે એણે દારૂ પીધેલો છે"

પણ સાવકે ફફડીને ચાંદનનો હાથ છટકાવી નાખ્યો અને શાપુરની ગળચી પકડી આ વાર સાવકનો ચેહેરો ગુસ્સાથી મરડાઇ મચડાઈ ભયંકર બની રહ્યો હતો

"ચાંદન તુ મને હમણા છેડતી ના તું અહીંથી જા. હમણા તારૂં કામ નથી–જા–બસ જા–"

ચાંદન મોહત ચેતીને ઉઠીને હળવેથી ચાલી ગઇ સાવકે શાપુરની ગળચી પકડી રાખી હતી. તે તુરત પામી ગયો હતો કે તેણે જે આબાદ નેમ ફેકી હતી તે ખરી હતી કારણ કે શાપુર હવે બીકને મારે ઢગલા જેવો થઇ ગયો હતો

"બોલ હવે, શાપુર સુબેદાર. તુ શુ કેહેછ? જો સાભળી લે હુ કાંઈ ચીતલ પેહેરનારો બાયલો નથી. તુ જો જરાબી અહીથી છટકવાની તજવીજ કરશે તો આએ દોરડાથી તુને જકડીને તુરગમા મોકલાવશ તેં પારકાં છોકરાઓને છુપાવવાનો અજીમ ગુનાહ કીધોછ. પીનલકોડમાં તેની સાત વરસની સજા છે. જો તું સીધો સીધો મારી સાથે નથી ઉતર્યોછ તો હુ મારા મુવા બાપના કસમ ખાઇને કેહુંછ કે હું તુને ખુહાર કરશ

પણ જો મને ખરેખરૂ બધું કહી દેશે ને પેલા છોકરાઓનો પતો મેળવી આપશે તો તારા એક બાલને ઇજા નહીં કરવાનું હું તુને વચન આપુંછ બોલ સાચ્ચું."

સાવકે જોઈ લીધું કે શાપુર છાકટ અને મોટો ગરાર જેવો હતો પણ બાતેનમાં હીચકારો હતો. તેનો દારૂ બારૂ બધો ઉડી ગયો અને નરમ પડી જઈ બોલ્યો:-

"પણ મારૂ ગળું મુક હું કાહા જવાનો છેઉં બારણુ બંધ કર. તુ છે કોણ? ને આએ બધી મારી વાત તેં કેમ જાણી?"

"ગમે તેમ જાણી. મારૂ નામ સાવક સોરાબજી પટેલ. હું ધનજી પટેલના ભાઇનો દીકરો ને વારસ થાઉં. હું સારી પેઠે જાણુંછ કે જે બે છોકરાઓને તું આજ સુધી તારા કરીને પચાવી બેઠો હતો તે ધનજી કાકાની ઓલાદના છે. વખત આવશે તારે તે પુરવારની મારી પાસ સાબેતીઓ છે. તારા દાવપેચ હવે ચાલવાના નથી તું ના કહે અને હમણા કાનસ્ટેબલને બોલાઉંછ પણ સીધો ઉતર્યોછ તો પાચ પૈસાનું મોહોણું જોશે"

"પણ-પણ-ધીરો થા ભાઈ-તુ મને પોલીસમા મોકલશે પણ સાથે સાથે તારી ધણીઆણી થતી-નાબી ખુરદો થશે તેનો કાઇ વીચાર કીધો? ચાદન તો છટકીબી જશે પણ એની મા પેલી પીરોજ તો ફસકુનમ ગુનેહગાર છે તે તેને તો ફાસીજ લટકાવશે,

ભાઈ મારો ઘણો વાક નથી આએ માએ છોકરીએ મને ફસાવ્યો હું તો મારે મારગે પડી રહેલો હતો તાંહાંથી નકામો મને ઘસડી આણ્યો. તું આટલું બધું જાણ્યુ એટલે હવે વધારે છુપાવવામા સાર નથી હું છોકરા તો આણી આપું પણ મને ઈનામ જોઇશે."

"તારો જીવ ખુશી થશે તેમ તુંને નેહાલ કરશ—સાચ્ચું કહી દે."

"આએ પીરોજ કોણ છે તે તું જાણે? એ તો તારી સાવકી ફુઈ થાય!"

"હં!"

"હા—તારા કાકા જારે બાવીસ પચીસ વરસના હતા તારે તારાપોરમાં રહેતા તે વાર એ પીરોજ એવ-ણની સાવકી બેહન એવણનું ઘેર ચલાવતી એ પછી ધનજી પટેલ વેપાર કરવા કલીકટ ભણી ગયા ત્યા કોઈ લવડી ગામની છોકરી સાથ મન લાગ્યુ ને તેની સાથ પરણ્યા. તારાપોરમાં તો કોઇએ આ વાત જાણી નહીં, કાયજે ધનજી પટેલના બાપ હનાની, તારા બપાવા, તે મીજાજના ઘણા ખાધેલા હતા ને જો લગનની વાત જાગે તો કાનનો દુકાળ આજે પડે વળી તમારા મ મ્ થતી પીરોજ તે વાગ ઘરમા પરેલી પાથરેલી નેબી જો આ લગનની વાત જાણે તો જીવ પછાડી નાખે. તમુને સમજ પડેછ કેની?"

"હા—બરાબર—આગળ ચલાવો—પછી?"

"હવે એક્રુ વરસ નીકરી ગીઉં કે ધનજી કાકાના બાપ ગુજરી ગીઆ ને બધી દોલત ધનજીને મળી. તેવણ તારાપોર આવીઆ હતા તેટલે એક દહાડે પીરોજ બેહન આગળ ભાગરો વાટી દીધો કે મારી તો પરણેતર બઈરી છે ને તેને લાવીને ઘેરમાં રાખવાનો છું. પીરોજ બેહનના તો બાર વાગી ગીઆ કે આએ તો સોરમા સાંસરૂ આવીઉ તેવણ કાંઇ બોલેઆ નહીં પણ એ વખતે હું ધનજી કાકાના ઘેરમા કારભારી ઉનો તે મને પીરોજ બેહને પટાવી રમારી લીધો. બચારી રાક, ખરશેદબાઈ. તમારી કાકી તારાપોર આવીઆ કે પીરોજબાઈએ તેનું કાટલુ કાહાડવાનો બધો ઘાટ રચ્યો મે બી તેમા મદદ કીધી ખોદા માફ કરે. અમે લોકે તાગડો રચી ખરશેદબાઈના ઓરડામા એક ભેદુને છુપાવ્યો ને પછી ધનજી પટેલને લાવી દેવાલનાં નાકામાંથી બધું બતાવી તેવણના કાન ભરી મુકયા"

આટલું સાભળતા સાવક ઉભો થયો અને શાપુરને વધુ બોલતા અટકાવ્યો

"સબર—સબર—આએ જે તુ કહેછ તે એવું ભયકર છે કે તે પીરોજબાઇની હજુરમાજ મારે સાભળવું જોઇયે. હું તેવણની પીઠ પાછળ કાંઇ માનવાનો નથી તેવણનાજ ઘેરમા બેસીને તેવણની નીંદા સાંભળવી એ નીચ માણસનુ કામ છે—"

સાવકે આયાને બોલાવી અને હુકમ કીધો કે મો બાઇને બોલાવી લાવે.

જરા વારે પીરોજ ઇરાંની ઘસડાતા પસડાતાં આવી લાગ્યા. તેવણના બાલ થોડા દહાડામાં પાકી ગયા હતા અને મોહોડાં ઉપર કરચલી આવી જાણે સીતેર વરસના લાગતાં હતાં. શાપુર અદબ વાળીને મુંગો મુંગો ઉભો રહ્યો અને સાવકબી કાંઈ બોલ્યો નહીં. આખરે પીરોજબાઇ પોતેજ બોલ્યાં

"સાવક, તમારા વચ્ચે શું વાત થઇછ તે મને કહેવાની કશી જરૂર નથી. તારા ચેહેરા ઉપરથી હું સમજી ગેઇછ કે શાપુરે તુને બધી વાત કહીછ હવે તો એ તે એજ. ધડક ધુજારામા મારી આખી જીંદગી પસાર થઈ ગઇ ને મારાં પાપે મને એવી મારીછ કે હું હવે વધારે છુપાવવા કે જીવવા માંગતી નથી જે દહાડેથી—

"પીરોજબાઈ," સાવક બોલ્યો "તમે કાઇબી વધુ કહો તે અગાઉ હું તમુને ચેતાવવા માગુંછ કે હું કાઈ એ વાત જાણુતો નથી હુ એટલુ જાણુછ કે કાંઇ અણુઘટતી ગથલ મથલ થયલી છે. કદાચ કાંઈ સંકડા-મણુના સંજોગમા તમે ભુલ કીધી હશે પણુ તેનો ઠપકો આપવાનું મારૂ કામ નથી. હવે તમારે ગમે એટલું કેહો."

"અરે હું મુઇ. તે વખતે મારી આંખે અદેખા-ઈના પડદા ફરી વળ્યા હતા મને મોટી ગોધા જેવી થવા દાને એકાએક ધનજીભાઈ પરણી આયા તેથી

મારૂં માથુ ફરી ગીયું મે મન સાથ સોગદ લીધા કે એ જોડું ભાંજુ તોજ હું ખરી ખરશેદને ફસાવવા મેં કોહતા કાવત્રા કીધા ને આખરે હું ફાવી. તે બચારીનો કંઇ વાક નહી હનો તોબી ધનજીભાઇ બેવકુફ બની મારે હાથે વેચાઈ ગીઆ ખરશેદ ગરીબ માબાપની છોકરી ઉતી પણ મીજાજની ઘણી આકરી હતી. ધનજીભાઈના ધસોરા તે સાભરે તેવી નહીં હતી. તે લોક મરાયા તેને બીજેજ દહાડે તે મુબઈ આવતી રેહી તે વખતે આએ મુવો શાપુર મુબઈ કેથે ચાકરી ઉતો તે એક વખત ખરશેદને મળી ગીઓ તેમ ખરશેદ જતી રેહી તે વખતે એને દાહાડા ઉતા ને શાપુરને મુબઇમા મળી તે વખત પાસે બે વરસનો છુચો ઉતો. પાછળથી ખરશેદ મરવા સુતી તારે પોતાના ધણીને બોલાવવાની ઘણી તજવીજ કીધી ને છોકરાનો ફોટોગ્રાફ મોકલ્યો પણ ધનજીભાઈએ કશો જવાબ વાંળીઓ નહી કાય જે તેવણનું માથું અમે ફેરવી નાંખ્યુ હતુ ખરશેદને તો ખરાબ જાતની તાપ આવી ને ગુજરી ગેઈ છોકરાનેબી તેવીજ તાપ આવી પણ તે બચ્યો તે વખતે મને ખરશેદપર ને એના છોકરા પર એવો કાર લાગતો હતો કે જો હાથમા આવે તો મારી નાખુ અમે રાત દીન બીહીતા કે રખે ધનજી-ભાઇની જાણુમા આએ છોકરો આવે ને તેને ઘેરમા લાવીને રાખે. ઘણી ગોઠવણુ કરીને મેં ને શાપુરે ઘાત ઘડયો ને ધનજીભાઈને ઠગ્યા. મુબઈમા જે ઘેરમા ખર-

શેઠ રેહતી હતી તેજ ઘેરમા એક બીજો છોકરોબી તાપથી ગુજરી ગીઓ એટલે અમે ધનજીભાઇના કાનપર વાત નાંખી કે એ તો એવણનોજ છોકરો હક થયો તેવણ તો એમજ સમજીઆ કે બઈરી ને દીકરો બેઉ મરી ગીઆ. આ બધુ ચાલેછે એવામા હું શેહરીઆર ઇરાની સાથ પરણી ગેઈ ને ઘણા વરસ સુધી લાહોર, દીલ્લી, આગ્રા વગેરે શેહેરોમાં કાહારયા. હું એક વખત જણવા મુબઈ આવી તારે મને શાપુર મલ્યો તેનાથી જાણ્યું કે ખરશેદના બુચાને તો તે પોતાને ઘેર લઈ ગયો હતો અને તેને પોતાના છોકરાના છોકરા દાખલ ઠેસવી દઈને પાળતો હતો આ છોકરો જેનુ નામ ફીરોઝશાહ કરી હતુ તે ઘણો હુશીયાર નીકલ્યો ને બાવીસ વરસનો થયો તારે એક સોવામણી છોકરી સાથ પરણ્યો. ને તેને પેટ આએ હીના ને નરીમાન પેદા થયા બચારા ફીરોઝશાહને તો તેનો ખરો બાપ કોણ છે તેની ખબરબી નહી ઉતી તેતો શાપુરનેજ પોતાનો બાપ સમજતો હતો. કમભાગ્યે ફીરોઝશાહ ચોવીસ વરસનો થઈને ગુજરી ગીયો ને આએ બે બચ્ચાઓને શાપુરે પોતાનાજ કરીને રાખ્યા. મને પોતાનેબી આએ બે મુલકાઓ વીશેની ખબર નહી. ધનજીભાઈ ગુજરેઆ તારે શાપુર અચણચ નીકળી આવ્યો ને મને ધમકી આપી કે સારી પખે પૈસા આપ નહીં તો બધો ભરમ ફાડી નાખુંછ."

"તમે આ વાત ચાદનને કહી હતી?" સાવકે પુછયું.

"હાસ તો—તેને કહેવા વગર કેમ ચાલે "

આહ ! ચાદન ચાહન, સાવક સાથ પરણુવાની ઉતાવળની તારે આએ મતલબ કે? સાવકને ટાઢના લખ લખા ભરાઈ આવ્યા હરામનો પૈસો ખાવાના મકસદથી તેણીએ શાપુરને શીખવેલો કે છોકરાઓને ચાપી રાખશે તો સાવકની ધણીઆણી થવા પછી તેને જીવે જાગે તાહા સુધી દર મહીને રૂપીઆ બસો આપગે.

સાવક પીરોજ છરાની તરફ ફરીને બોલ્યો "પીરોજબાઈ, ખોદા તમારો ગુનાહ માફ કરે. તમે આ નીરદોશ બાળકોનો ધાન કહાડવાની તજવીજ કીધી પણુ તેમા તમે ફાવ્યા નથી પણ મરનાર ખરશેદ કાકીનું રૂહ તમુને કદુવા દેતું હોશે તેની વાત તમે જાણો. શાપુર—ચાલ હવે મને આ બચ્ચાંઓ પાસે લઈ જા. જે ભયકર ગેરઈનસાફ તે લોકને થયો છે તે ખસેડવાનું મારા નસીબમા સરજેલુ છે."

પ્રકરણુ—૧૦ મું.

સાવક પટેલ અને શાપુર સુબેદાર બે જણ સમજુતી કરીને હીના અને નરીમાનની શોધમા ચાલ્યા શાપુરનો દારૂ બધો ઉતરી ગયો હતો અને તેબી હવે આ બચ્ચાંઓને ગોતી કહાડવાને ઇતેજાર જણાતો હતો. તારાપોર, ગોલવડ, વગેરે ઠેકાણે ખબર કહાડતા કહાડતા તેઓ એક સાંજે જાહાંગીરકીથી ત્રણેક મૈલ દવીઅરન નાના ગામમા આવી પહોંચ્યા

સાવકને સમજ પડે નહી કે આ છોકરાઓને અત્યાર લગણ છુપાવી રાખવાને શાપુરને શું કારણ હશે. તેઓને જાહેર પાડવામા તેને પૈસા સંબધી લાભ હતો તોબી તે આટલા વરસસુધી મુગો કાં રહ્યો? પણ માણસની છાતીમા 'હીલ' નામનં એક નાનુ યત્ર છે તેના ભેદ વીચીત્ર છે શાપુર ગમે એવો છાકટ અને બદમાશ હશે પણ તેની ઘરડી છાતીમા પોતાની આગલી શેઠાણી માટે હજી નીમકહલાલીનો એક નાનો ઝરો વહેતો હતો.

સાવક જ્યારે આ શોધમા નીકળ્યો ત્યારે પહેલાં સ્ટેશન ઉપર આવતાજ તેને એક ટપાલનુ કાગળ મળ્યુ જે ચાંદનના દસ્તખતથી લખેલુ હતુ તે ઉખેડી વાંચના તેમાં ફકત નીચલા શબ્દો લખેલા હતા.

"આપરા વચ્ચેનો બધો સબંધ ખલાસ થયો છે. તમારી કબુલાતથી હું તમને મોકળા કરૂ છુ. ફરીથી મારી મુલાકાતની વકી અથવા બીક રાખતા ના હું પાપી છેઉ પણ નાચાર છેઉ ગરીબીએ મને આંધળી કરી મુકી હતી અને મારી માએ મને લલચાવીને આ અઘોર પાપના ખાડામા ઉતારી. તમે કદાચ ઉદાર મન બતાવી હજુબી અમારી ઉપર દયા કરવા માગશો પણ હુ અગાઉથી કેહુ છું કે તમારી દયા મને જોઇતી નથી તમારા પૈસા સારૂ હુ તમારી ઉપર જીપલા મારતી હતી પણ બાતેનમા હું તમને ધીકકારતી હતી અને હજુબી ધીકકારૂ છુ.

લી૦ ચાંદન

કદાચ વાચનાર એમ ધારશે કે આ કાપલી વાથી સાવક કોણ જાણે કેવોં ખફા થયો હશે. પણ નહીં, તેથી ઉલટું તેણે આસમાન ગમ ડોળા ઉંચા કરીને પોતાના આ ગેબી છુટકારાને માટે પરવરદેગારનો પાડ માન્યો. તેની છાતી ઉપરનો એક મોટો પથર ઉથ-કાઈ ગયો અને તેનું મોઢું ખુલી ગયું પણ તેની મુશકેલીનો હજુ અંત આવ્યો ન હતો. તેઓ જાંહા-બોરડીથી થોડે આઘે એક ગાડાંમા જતા હતા એવામા અચણુચ ગામનો ગોધો શીંગડા ફડકાવતો સામે આવી ઉભો ગાડાના બલડીઆ ભડકયા અને નાહસવાનો યત્ન કરવા સમેત ગાડું ઉઠલાઈ ગયુ અને તેનું એક ચાક સાવકની જાંગ ઉપરથી પસાર થઈ ગયું. આ પછી શુ થયું તે ઉપર પડદો નાખવાની જરૂર છે

*   *   *

જ્યારે આવકે આખ ઉઘાડી ત્યારે જોય છે તો એક સ્વચ્છ ખાટલી ઉપર પડેલો હતો અને હીના વાકી વળીને તેના માથા ઉપરનું કપડુ કોલાગવાટરથી ભીંજવતી હતી તેણીની આખમા આંસુ હતા અને તે ડઘાયલી જણાતી હતી.

સાવકની આખ ઉઘડતાજ હીના તેની પાસે ફસડાઈને બેસી ગઈ અને સાવકનું માથું પોતાની ગોદમાં ચાપી બોલી “ઓ, મરૂરે, સજાગરૂ થયો કે? હું તો જાણું કે મારો દોસ્ત સદાનો ગીયો પાછો આયો તારે આવે હાલે આયો કે બાપા?”

"ઓ હીના, હુ કાંહા છેઉં ને અહીં કેમ આયો? એ બધી શુ ખરી વાત છે કે સ્વપનો?"

"બાપા, જરા ધીરો થા તું દવીયરના પટેલ સોલાકાકાના ઘેરમા છે. તારી ગાહ્લી ઉઠલાઈ પડી તારે તુંને રસ્તામા પડેલો કોઈ ડુબરાઓએ જોયો ને તે લોક તુને ઉપાડી લાવ્યા અમે સુરતથી વેદને બોલાવ્યો ને તુ ને કુર કામઠા બાધીને અહીં પોહો-રાવ્યો. તારથી હુ તારી આગળની આગળ છેઉ. બાપા, તે તો મને ધ્રુજાવીને મારી નાખીં તુંને અહીં લાયાને આજે બરાબર ચૌદ દહાડા થયા ઘડી પળ ઘડી પળ કરતા મેં બરાબર પેટ ભરીને ખાધુ બી નથી–જીવતો રહે બાપા, અમારે માથે જીવતો રહે"

"ઘણું અજબ જેવું પણ હીના મારી સાથે શા-શા–આપરે છેતે બીજો એક પારસીબી ઉતો ને એક ગાહ્લી હાકનાર ઉતો તેનુ શુ થયું?"

"તે તો કંઈ અહીં આવેઆ નહીં પણ સોલાકાકા કહતા થા કે તારી સાથે એક ઘરડો પારસી હતો તેના તો ગળા પરથી ગાહ્લી ફ્રરી ગોઈ તેથી સરગાર-દાન મારેઓ ગીઓ બચારો કોણ જાણે કોણ હોશે? સોલા કાકા તેને ઓળખતા નથી"

સાવક અદેશામા પડયો કે આ સાથેનો મુસાફર તે પેલો શાપુર સુબેદાર હતો એમ હીનાને જણાવવું કે નહીં. જરા થોભીને વધારે ખબર કાહાડવાના એરા-

હાથી તે તુરત વેળા અખાડા કરી ગયો અને વાત ફેરવી મેલી પુછયુ—

"ને નરીમાન કાહા છે?"

"અહીંજ છે—નરતો આવશે।'

"પણ તું અહીં કાહાથી આવી? આજે કેટલા કેટલા દહાડા થયા હુ તમારીજ શોધમા હતો"

"અરે શું કેહુ બાપા, અમુને તો કોઈ મુવાએ ફસાવ્યા અમને વલસાડમા કાગળ મળ્યો તેમાં તારી સહી કીધેલી હતી ને લખ્યું હતું કે અમારે દવીએર આવવુ જાહા મારા સગાવહાલાંનો પત્તો લાગેલો છે. કાગજ તારૂ જ હોશે એમ જાણીને અમે ખુશી થઇને નીકરી પરેઆ ને જોઈએછ તો કોઇ મળે નહીં અમને રડતા ટવળતા જોઈ સોલા કાકાએ પોતાને ઘેરે રાખ્યા. અમે ઘણીવાર પાછા જવાની તજવીજ કીધી પણ સોલા કાકા એકથી બે થયા નહીં બાપા, તારા કાનમા એક વાત કેહુ મને બ્રાતી છે કે અમુને અહીં લાવીને ચાપી રાખવામાં સોલા કાકાનીબી સમતી છે. કોઇ અમારી પુઠે લાગેલુ છે તેની સાથે આ સોલાકાકા મળી ગયલા જણાયછ"

"ચીંતા નહી, મારા ગુલાબ તમારા લોકના રખડ-પટાનો હવે અંત આયોછ હું તમો લોકને અહીંથી છોડવવાને લઈ જવા સારૂ ખાસ આયોછ તમે લોક ધનના ઢગલાપર બેસશો ને મને યાદબી કરશો નહીં."

"અરે બાપા એમ શુ બોલેછ. ધન બરી ગીઈ. અમને કઈ જોઇતુ નથી તું આયો એટલે મારે આપો ટાઢક વળી. લે નરીમાનબી આએવો."

આમ બોલતાજ નાનો નરીમાન કુદકા ભુસકા મારતો માહે આવી લાગ્યો અને સાવકને ઓળખીને તેને તુરત વળગી પડયો. સોલા કાકાબી આવી લાગ્યા અને તેવણુ આગાળ સાવકે કાણુ જાણે શુ ગુપ્ત વાત કહી કે તેવણુ તો મીણુ જેવા નરમ થઇ જઇને આગાતા સ્વાગતા કરવા લાગ્યા.

આહ! તે વખતની જીંદગી. રેતીના કીનારા ઉપર એક મગરમછની કાની નરીમાન રોજે અને સાવક પોતાની પાસે સાહી પણુ પરી સમાન હીનાને બેસાડીને આગત સોગતની વાત કરે. હીના એક પળબી પોતાની બ્લુ આખો સાવકના મોહ આગાળથી ખસાડે નહીં. રાતના આઠ વાગી જાય તોબી ઉઠવા ગમે નહી.

એક દહાડે સાંજના પાચ વાગે તેઓ એકદાં દરીયા કાંઠે બેઠા હતાં એવામા હીનાએ પ્યારથી પોતાનો હાથ શાવકના હાથપર મુકયો. તુરતજ સાવકના જોવામા આવ્યું કે આ હાથ ઉપર એક કાળો ડાઘ હતો, પેલી મશ્કરીમા ખોસેલી ગુપતીનો રૂજાયલો જખમ! સાવકે હાથ ઉંચકીને પોતાની આખમા ચાપ્યો.

"ઓ હીના, હું કેવો ભુડો, કેવો કમબખ્ત. આએ તારા હાથપરનો છાપ મારી બદમાશીની કાળી તીલી, હું મરવાં સુધી ભુલનાર નથી."

"જા બા, તુ ઘડી ઘડી એમ શુ બોલે? તું એમ બોલે તારે મને કાંઈ છાતીમાં દુખી આવે જો ફરીથી એ વાત કહાડી તો હું રડી પડશ "

"નહીં—હવે નહીં બોલું—પણ દીના એક બીજી ઘણી અગતની વાત તુંને કેહવાની છે."

"ઓ માઓરે, તે શું છે વરી. રખે કાંઈ મોહોકાણના સમાચાર હોય બાપા મારે કાંઈ સાભરવું નથી. તુ છે તો બસ "

"નહીં—મોહોકાણના સમાચાર નથી. સારા સમાચાર છે. જો જરા ધીઆનથી સાભળ."

આ પછી સાવકે ધીરજથી સમજ પડે એવી રીતે બધી હકીકત દીનાને કહી સંભળાવી

"દીના, હવે તુ સમજી? એ ખાતર હુ તમારા લોકની શોધમા ફરયા કરતો હતો અને એ સારૂંજ હું તમો લોકને અહીંથી લઈ જવા આવેઓ છેઉ. આપરે અહીંથી કલીકટ જઇશું ને તાહાં હું તમારા લોકનો વારસો પુરવાર કરીને બધું તમને સપોરદ કરસ. નરીમાન મોટો જાગીરદાર થશે ને તું મોટી શેઠાણી થશે. દિના હું તો તારો એક ગરીબ પીત્રાઈ થવસ "

"નહીં—નહીં—મારે પૈસા જોઈતા નથી. અમુને પચીસ પચાસ રૂપીઆ મલ્યા તો ઘણા થયા. નહીં બાપા, એ બધું તારી પાસે રાખજો. અમે તો તારાં નોકર છેઓ."

"વારૂ —વારૂં—જોઈશુ."

* * *

એક વરસ નીકળી ગયું. નરીમાન શેઠ કલીકટમા બીરાજેલા છે. તેવણુને શીખવવા માટે ખાસ માસ્તર રાખેલો છે અને સાવકની મેનીજ તળે અમન ચમનમા રહે છે. આ છોકરાઓનો હક કારટમા પુરવાર કરીને તેમની દોલત તેમને નામ ચહડાવી આપવામા સાવકે બહુ કાળજીથી મદદ કીધી હતી.

સાવક પોતે તેજ જીલ્લામાં પોતાનો બારીસ્ટરનો ધંધો ચલાવે છે. અને પાંચ પૈસા પેદા કરે છે ચાદન તો પુનાના એક સીતેર વરસના માતબર ઘરડા સાથ પરણી ગઇ છે અને તેના માએ પીરોજબાઈનું માથું ફરી જવાથી અને મારફાડ કરવા લાગ્યાથી તેમને 'મેડ હાઉસ'મા રાખવાની ફરજ પડી છે.

૭ મહીનાની ગેરહાજરી પછી એક દહાડે સાજના સાવક અચબુચ કલીકટ આવી ચહડયો અને બગલામા જતાં જોયછ તો વાડીમાં હીના એકલી બેસીને રડતી હતી તેના હાથમાં એક ચોપડી હતી તે ખોલામા પડી હતી. એક ઝાડને ઓથે જરા વાર આ તમાશો જોતો સાવક ઉભો. આ વાર હીનાની આખમાથી ટપકતું એકેક આસુ સાવકને મનથી તેના જીગરમાથી વેહતું લોહીનુ ટીપુ હતુ. જરા વાર છાતીએ હાથ દાબી રાખીને નીહાળ્યા બાદ ને આગળ ધસ્યો અને હીનાનું માથુ પોતાના પેટમાં ચાપીને બોલ્યો:—

"કાય કાય, મારા જાન, એમ કાય તારૂં લોહી પાણી બાળેછ ?"

"ઓ સાવક તુ આયો કે? કાહારે આયો ?"

"હુ પા કલાક થયો તુને જોઉંછ શું છે હીના? મારી આગળથી કાંઈબી છુપાવવાની જરૂર નથી. સાચુ કહે"

"આજે સવારના ખેમરાજ વકીલ આવી ગીઆ, તેવણે મને બધી ખરી હકીકત કેહી કે મોટા બાવા તો બધી દોલત તુને આપી ગીઆતા પણ તુને અમારો કાંઈ સસારો મળવાથી તે તે લેવા ના પાડી એ બધું સાભળ્યુ છ તારનો મારો જીવ ઘણો ગભરાએછ. ઓ સાવીઆ, મારો ભાગ તુ લે મારે સારૂ નરીમાન પાસે ઘણુ છે હું પૈસાને શુ કરવાની છેઉ ? જો મને ખુશી કરવા માગતો હોય તો એટલુ મારૂં કહ્યુ કબુલ કર"

"મારા બેટા, એમ કાઇ બને? તુ શું કાઈ મને લાલચુ સમજેછ તું ધારેછ એટલો હુ ગરીબ નથી ભલાઇનો બદલો તો દાદાર હમેશ આપેછ. મારા હાથમાં રાજા રામપ્રસાદનો મોટો કેસ હતો તે આખરે મે જીતાવી આપ્યો છે ને મારી બે વરસની મેહેનતના બદલામા રાજાએ મને એક લાખ રૂપીઆની રકમ બક્ષીશ આપી છે. વાસ્તે પ્યારી છોકરી, હું હવે પૈસાનો મોહોતાજ નથી"

"શીકરાના તે દાદાર હોરમજદના. પણ સાવક બાપા—"

"નહી–નહી–હું ચુકી તારા "પૈસા એમ જતા રેહ તે વીચારથી હુ દુખી છેઉ. મને સુખી કરવાનો કાંઇબી રસ્તો બતાવ જો હુ તારે પગે લાગું."

"બતાઉં?" દીનાનો હાથ પકડી પોતાની તરફ ખેંચીને તેના જવાન જોબનવતા હોઠ ઉપર બે ચાર ચુંબન લઈ સાવક બોલ્યો, "પૈસા પૈસા શું કરેછ? જો તુ મને ખરેખર ખુશી ને સુખી કરવા માગતી હો તો તુ પોતાને મને આપી દે તુ મારી મીલ્કત થા ને મને સદાનો તારો નીઘેબાન કર ઓ મીઠી દીના, તારા દીલની સફાઇ અને મનની તાજગી હુ કાઇ મુદત થઈ સમજી ગીઓ હતો પણ તારી નાદાનીનો લાભ લેવાનુ મારૂં દીલ ચાલ્યું નહી. મારા જાન, મારા સાચ્ચા ફરેસ્તા, તારા પૈસા મને જોઈતા નથી, મને તો તારો ખાલેસ પ્યાર જોઈએ છે"

"સાવક–સાવક–મારૂ માથુ ઘુમેછ. ઓ પૈદાના કરનાર સાહેબ, આટલા બધા હરખભરયા સુખને સારૂ તેં મને આટલી મુદત સુધી કસોટીપર અજમાવી જોઈ કે સાવક–તુ મારો • ધણી–મારો મુરબ્બી–મારો બચાવનાર–મારી બચગીનો આશક–બસ હુ હવે બીજુ કાંઈ માગતી નથી."

* * *

વી આર આલ જાલી ગુડ ફેએએલોઝ ! લેઓ સાહેબ આએ પરણતા જોડાની સલામતી-હુર્રરે-હુર્રરે-

શું છે બા શું છે, એટલી બધી ધામ ધુમ શાની છે?

આજે આપરા બારીસ્ટર સાહેબ સાવક પટેલની અને હીનામાએ પટેલની શાદી છે!

મુબારક મુબારક!!

સમાસ.

મી૦ જાહાંગીર મરઝબાનની કલમથી

રચાયલાં પુસ્તકો.

*કૌતક સંગ્રહ (ચોથી આવૃતી-૩)
ટોચકા સગ્રહ.
રમુજી ફકરા સંગ્રહ
તલેસમ (બે વાલમ)
ભલો કે બુડો
મુંબઈથી કાશમીર.
*માદીખાનાથી મારસેલસ
વેલાતી વેજા
ઓ મારી બેહન (બે વાલમ)
ગોરૂ વેલાયત
પચકથા
શીઆની શીરીન
જીલુ ગોરાણી.
ધણી કે ઢોર.
નીમક હરામ.
માફી ચવીત્રી.
ભુલ ભુલામણી
તારાબાઈ
ઘેરના ઘેલા ને બાહરના ડાહ્યા
કર ને જો.
ખુશ દરપણ
અકકલના સમુદર
આદાની સુઠ
મુશકેલ આસાન.
*પારકી આસ સદા નીરાસ
*ચોરીયા માર
*સુનામાય વદકની તથા ચંદન ચલકની.

જામે જમશેદ છાપખાનું.

* આ નીશાન વાળી કેતાબોની થોડી નકલો બાકી છે બાકી બીજી તમામ ખપી ગઈ છે, માટે હાલ પુરત કોઈએ મ ગાવવાની તસ્દી લેવી નહીં